

કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
વર્ષ ૪૮મું · અંક ૧૨મો
ડિસેમ્બર ૧૯૭૧
સળંગ અંક ૫૭૬
તંત્રી · બચુભાઈ રાવત



વૃક્ષલીલા
વૃક્ષો દ્વારા વ્યક્ત થતી પ્રકૃતિની વૈવિધ્યસમૃદ્ધિને
પ્રકટ કરતું એક ફ્રેન્ચ કલાકારનું શોભન-આલેખન



જીવનવાટ

ચિત્રકાર • ચન્દ્રશંકર રાવળ



બસંત... **બાંધણીની બે ભાત**...વીર ભેટ

જેમ પાટણનાં પટોળાંનું તેમ જામનગરની બાંધણીનું પણ આગવું ગૌરવ છે. આમ તો ભુજ અને રાજસ્થાનમાં પણ બાંધણી બને છે, પણ ભાત અને રંગના વૈવિધ્યની દૃષ્ટિએ જામનગરની બાંધણી ઘણી ચડિયાતી ગણાય છે. ભૌમિતિક અને કુદરતી આકારો પર મંડાએલી ભાતમાં ફૂલપાન, પૂતળી ને પક્ષીપ્રાણી વગેરેની અવનવી ભાતવાળી બાંધણી એકેએક અલગ અલગ જ તૈયાર થતી હોઈ તેમાં કારીગરીનું પાકું અનુભવપૂર્ણ કૌશલ અનિવાર્ય છે. બારબાગ, બાવનબાગ, વીર(ભેટ)ભાત, નારીકુંજર, આંબાડાળ, ચોકીડાળ, મોરઝાડ, કોડીદાણા, ખંડભાત, બસંત (બહાર), લહેરિયાં વગેરે સંખ્યાબંધ વિવિધ ભાત ને અનેક પ્રકારનાં રંગમિશ્રણોથી બાંધણીનું વૈવિધ્ય અતિ વિસ્તૃત છે. ભારત સરકારે વસતિગણતરીની સાથોસાથ દેશભરમાં કરેલી વિવિધ વિષયની મોજણીમાં ગુજરાતમાં અનેક ઉદ્યોગોની જેમ જામનગરના બાંધણી-ઉદ્યોગનો પણ સમાવેશ હોઈ, તેનો જે અહેવાલ પ્રકટ થયો છે તેમાંથી બાંધણીના આ બે નમૂના 'સેન્સસ ઑપરેશન્સ-ગુજરાત'ના સૌજન્યથી અહીં આપ્યા છે.

આંકણિયું

ડિસેમ્બર ૧૯૭૧ • અંક ૫૭૬

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર. અમદાવાદ
વાર્ષિક લવાજમ: રૂ. ૧૭ ૦૦, પરદેશ : રૂ ૨૮; શિ ૩૦; ડૉ. ૪. છૂટક નકલ : રૂ ૧-૭૫

વાચકો લખે છે

એક નવા ગુજરાતી કવિને

હાંફતા સૂર્યની લાળને
બાવળમાં લટકતા કરોળિયા સાથે જોડી
ઉપર વાંસનાં વન
અને નીચે લોહિયાળ સારસને લટકાવી
તમે બનાવો છો એક આકાર.
કૅલિડોસ્કોપને એક આંચકો–
અને બાવળ હાંફે, સૂર્ય ઊડે
કે વાંસ લટકે છે,
અને ગોઠવાય છે બીજો આકાર;
ત્રીજો, ચોથો, પાંચમો...
પણ જ્યારે ઊંધો લટકતો કાળ
કે બરફમાં થીજેલું મૃત્યુ
ફિક્કું હસીને તમારી સામે જોઈ કહેશે
'આ ભાઈને તો અમે ઓળખતા નથી.'
અથવા
સૂર્ય અને કરોળિયો
તમારી અંદર ડૂબકી મારીને બહાર આવી
આંધળાની જેમ એકબીજા સામે તાકતાં કહેશે
'આપણે તો અંદર નહોતા!'
ત્યારે
જિજીવિષા, કાળ અને ઑપ્ટિમિઝમ
અતીત, હોવું અને માર્ક્સ
કર્કશ ખખડાટથી હસી
ડિક્ષનેરીમાં પોતાની જગ્યાએ
પાછા ગોઠવાઈ જશે?
અને તમે
બોદલેરનો કેડો છોડશો?

(વિસનગર) —પ્રવીણસિંહ ચાવડા

હું આપના લોકપ્રિય સામયિકનો ઘણા સમયથી વાચક છું. તેનું સામાન્ય વૈવિધ્ય માન ઉપજાવે તેવું છે. તેમાં નીચેનાનો સમાવેશ થશે તો વાચકોને રસ પડશે એમ માનું છું:

શેકસપિયરનાં નાટકો શ્રેણીબદ્ધ પ્રસિદ્ધ થાય પછી હવે ગ્રીક ટ્રૅજેડીનો વારો આવ્યો છે તે ઘણું સારું છે. બેન જૉન્સનનાં નાટકો પણ આવરી લેવાય તો સારું. ગુજરાતીમાં શામળ ભટ્ટની સૂડાબહોતેરીની વાર્તા પ્રગટ કરાય તો પણ ઠીક થશે. શિવપ્રસાદ ત્રિવેદીના લેખો આગવી પુસ્તિકામાં સંગૃહીત-સંકલિત કરી ગ્રંથાલયનું પુસ્તક બને તો સારું. તે ઘણા માહિતીપ્રદ લેખો છે. આબાલવૃદ્ધ સૌને રસ પડે તેવું વિગતપ્રચુર લખાણ છે.

હમણાં હમણાં નવો શરૂ કરેલો વિભાગ આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર શ્રી નવીનભાઈ ઓઝા લખે છે તે આયુર્વેદ વિષે સારું જ્ઞાન પીરસે છે. તે માટે મારા મનમાં ઘણા સમયથી એક વિચાર ઘોળાયા કરતો હતો કે શ્રી નવીનભાઈ ઓઝા આ સીરીઝમાં થોડા વધુ વ્યાધિ—જેવા કે બાળઆંચકી, શીતળા, અનિદ્રા, અલ્પનિદ્રા, આર્તવ, અનાર્તવ, કષ્ટાર્તવ, અલ્પાર્તવ, વંધ્યત્વ, કૃશતા, મેદવૃદ્ધિ, માથું દુઃખવું, વાળ ખરવા, વાળ ધોળા થવા, ગૅસ, ખીલ, આંજણી, અવાજ બેસી જવો, ગળું-મોં આવવાં, કાકડા થવા, શરદી, સળેખમ, ઉધરસ, મોં ગંધાવું, મોં-જીભ આવવાં, દાદર, ગડ-ગૂમડ થવાં, પથરી, મસા, પેશાબની ટ્રબલ, તાવ, લૂખ લાગવી, અપચો, અજીર્ણ, શૂળ, હેડકી, ટાલ, ખરજવું, આંખો દુઃખવી, હાડ તપવું, બાળરોગ, સ્ત્રીરોગ, ધાવણના રોગ, પત્રં-માહાત્મ્ય, ઋતુનો આહારવિહાર, તેમજ સૂંઠ, એલચી, ગંઠોડા વગેરે ઔષધ-વિષયો પર કલમ ચલાવીને વિવિધ લેખોની હારમાળા ચાલુ રાખશે તો તે વાચકોને ઉપયોગી થઈ પડશે.

તેઓ આયુર્વેદના ઘરગથ્થુ સામાન્ય ઉપાયોથી રોગમુક્ત થવા માટેના ઈલાજો, રોગ થવાનાં કારણો–પ્રિવેન્ટિવ અને ક્યુરેટિવ મેઝર્સ તેમજ પથ્યાપથ્યની છણાવટ રોચક રીતે કરે છે. તેથી તે વિભાગ વિસ્તારવો જરૂરી છે.

વળી, ઘરમાં થતી જીવાત, રસોડાં, કબાટ, ખોરાક રાખવાનાં પાંજરાં, લોટના ડબા વગેરેમાં વંદા, કંસારી, કીડી, મંકોડા જેવી અનેક ઉપદ્રવકારી જીવાત થાય છે તો તેને દૂર કરવા અને નવી થતી અટકાવવા માટેના દેશી તેમજ વિલાયતી ઉપાયો પણ જો કોઈ જાણતું હોય તો પ્રગટ કરાવવા વિનંતી છે, કે જેથી જૂની જીવાત જાય અને નવી ઉત્પન્ન થાય નહિ કે આવે નહિ તે માટેના ઉપાયો પ્રગટ કરવા વિનંતી છે.

(ગાંધીનગર) —બી. એમ. શાહ

પહેલાં 'કુમાર'માં પ્રગટ થતા દરેક કાવ્યની અલ્પ સંક્ષિપ્ત મીમાંસા આપતા હતા. કાવ્યનો રસાસ્વાદ માણવામાં અને તેનું હાર્દ તથા મર્મ સમજવામાં તે ખૂબ જ મદદરૂપ બનતી હતી.

પરંતુ કોઈ વધુ પડતા વિદ્વાને (!) તેથી રસક્ષતિ થતી હોવાનું કે એવું જ કંઈક કારણ આપ્યું અને આપે તે આપવાનું બંધ કર્યું. પણ તેથી અમારા જેવાને તો ઘણી ખોટ ગઈ છે. નવી કવિતાના ઘણા ભાવ એવા સૂક્ષ્મ હોય છે કે જે

સહેલાઈથી સમજી શકાતા નથી. એટલે આપ એ પ્રથા ફરીથી ચાલુ કરશો એવી અપેક્ષા.
(ઘાટકોપર) —ભગવાનદાસ દાણી

ઑગસ્ટ અંકમાં પૃ. ૩૨૯ પર ટિળકનું અવસાન ૧૯૧૯માં થયાનું જણાવ્યું છે ત્યાં ૧૯૧૯ને બદલે ૧૯૨૦ જોઈએ.
(નવી દિલ્હી) —રમણલાલ ભટ્ટ

સપ્ટેમ્બર અંકમાંની શ્રી રતિલાલ બોરીસાગર લિખિત લઘુકથા 'સિક્કો એક : બાજુ બે' ઘણી ચોટદાર અને મર્મસ્પર્શી છે. એમાં લેખકે નિષ્પન્ન કરેલી દામ્પત્યજીવનની સાહજિક ભાવનાઓ પ્રશંસનીય છે. આવી સુંદર અને ભાવસભર લઘુકથા બદલ લેખકને ધન્યવાદ!
(અમદાવાદ) —ઈશ્વરલાલ બી. પરમાર

શરૂઆતમાં શિકાગોમાં પાંચ અઠવાડિયાં મેં અભ્યાસ કર્યો. શરૂથી જ ભારતીય કળા ઉપર મારો પ્રેમ છે જ. શિકાગોમાં પણ ભારતીય કળાનાં દર્શન મારા શિક્ષકોને કરાવ્યાં. બહુ ખુશ થયા. અને મને ગ્રેડ A આપ્યો.

હવે હું ન્યૂ યૉર્કમાં છું. અહીં કલાકારોનું સારું ક્ષેત્ર છે. ઘણા કલાકારો યુરોપથી પણ અહીં આવીને રહ્યા છે. હું અહીં પ્રાટ ઇન્સ્ટિટ્યૂટમાં માસ્ટર ઑફ ફાઈન આર્ટ્સનો અભ્યાસ કરું છું. ઈશ્વરની ઇચ્છા હશે તો બે વર્ષ પછી અને ડિગ્રી મળશે. મારી ઇચ્છા છે કે પશ્ચિમની કળા કરતાં પૂર્વની કળાને જ વધારે મજબૂત કરવી અને એક ભારતીય કલાકાર તરીકે જ બહાર આવવા કોશિશ કરવી.
(ન્યૂ યૉર્ક) —સુમતિમોહન

બહારગામથી ઘેર આવતાં 'કુમાર' અંક ૫૭૨ મળ્યો. કલાવાર્તામાં સુ. શ્રી બચુભાઈની અમેરિકા-યાત્રાની પ્રસાદી મળી.

સુ. શ્રી બચુભાઈ યાત્રામાં ઈંગ્લૅન્ડ હતા એ વખતે ભાઈ શ્રી બિહારીભાઈ ટાંકે મારા એક પત્રના જવાબમાં કુ. કાર્યાલય તરફથી જવાબ આપેલો તેમાં છેલ્લે લખ્યું હતું કે 'આપને જાણીને આનંદ થશે કે સુ. શ્રી બ. રા. પરદેશના પ્રવાસે ગયા છે. હાલ ઇંગ્લૅન્ડમાં છે અને કદાચ અમેરિકા પણ જાય.'

એ પૅરેગ્રાફ વાંચી આનંદ થયો. 'જાનૈયાને જમવાનો લાભ, વરને કન્યાનો લાભ' ન્યાયે 'કુમાર'ના વાચકોને એ પ્રવાસની પ્રસાદી મળશે. પણ લાંબો વખત એ આશા ફળી નહિ. 'કુમાર'નો દરેક નવો અંક આવતાં જ એના ખૂણાખાંચરા ફંફોળાતા હતા કે ક્યાંય પ્રસાદી પડી છે; પણ નિરાશ થવું પડતું. જ્યારે આશા છોડી દીધી ત્યારે કાંઈક આવ્યું, પણ એ તો કંઈક ઋણસ્વીકાર જેવું જ હતું. પાછા તેઓશ્રી ચૂપ. વળી અંક મળતાં ખાંખાખોળ ચાલુ અને નિરાશા. વળી લાંબે વખતે પ્રસાદી મળી એ પ્રથમના કરતાં વધારે સ્વાદિષ્ટ રહી.

મારી ફરિયાદ છે. પ્રથમ તો તેઓશ્રી ગુપચુપ ચાલ્યા જ શા માટે ગયા. પરદેશગમનના ફોટા છાપવાને નહિ પણ રોજ ને ક્યારેક તો એકથી વધારે છાપાંમાં જોવા મળે છે એમન છપાવે, પણ 'કુમાર'માં એક લીટીથી તો વાચકોને ખબર આપવા હતા. એમ ભલે ગમ્યું તેમ કર્યું, પણ પ્રવાસપ્રસાદી આપવામાં લોભ શા માટે કરે છે? 'કુમાર'ના તંત્રીને નાતે અમ વાચકોનો હક છે.
(મોરબી) —ભૂરુભા જાડેજા

[*ફરિયાદ વાંચી. જાહેરાતો કરવી એ સ્વભાવની વિરુદ્ધ, એટલે કાંઈ કરેલી નહિ. આવ્યા બાદ ઋણસ્વીકાર જરૂરી હતો. તે વેળા ગુલાબદાસ અને ચંદ્રવદન મહેતા એમ બેની પ્રવાસમાળાઓ ચાલતી હતી, તેમાં ત્રીજીનો ઉમેરો ઇષ્ટ ન હતો. વળી, હવે પાછલી વયમાં, ઘસાતી જતી શક્તિએ, કદી ઓછા ન થતા કામના બોજામાં નવો ઉમેરો પણ શક્ય ન હતો. તેથી એમ વિચાર્યું કે કોઈ પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે તેના અનુસંધાનમાં લખવું. એ રીતે બે પ્રસંગે લખાયું : એક ૧૯૭૦ના સપ્ટેમ્બર અંકમાં 'સત્તરમી સદીનું સ્વપ્ન'; અને બીજું આ 'ફિલાડેલ્ફિયાનું કલાસંગ્રહાલય.' આ વર્ષમાં ત્રીજો એક પ્રસંગ આવે છે ખરો; એ નિમિત્તે કદાચ એકાદ લખાઈ જશે. આમ પ્રસંગ મળતાં ઈશ્વર લખાવે તે ખરું. બાકી આપ લખો છો તે રીતે ઝીણીઝીણી વિગતવાર તો ઘણાએ લખ્યું છે. વાચકોને પુનરાવર્તન કરાવવું ઠીક નથી લાગતું. લાગણી માટે ધન્યવાદ.]

'કુમાર'નો 'સુવર્ણજયંતી' પ્રસંગ નજીક આવી રહ્યો છે. 'બુદ્ધિપ્રકાશ' ને 'નવચેતન' પછી આ ત્રીજું માસિક સુવર્ણજયંતી ઊજવશે. એક ગુજરાતી તરીકે સૌએ ગૌરવ લેવા જેવી વાત છે.

સૌપ્રથમ હાઈસ્કૂલની લાયબ્રેરીમાં વાંચેલું 'કુમાર' આજ સુધી એ જ ઢબનું સુરુચિપૂર્ણ વાચન—કલા અને સાહિત્ય વિષે—આપી રહ્યું છે. 'આત્મકથાનક' અને એવાં જ સંસ્મરણો 'કુમાર'માં વર્ષોથી આવે છે; હમણાં હમણાં પૂજ્ય કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજકાળનાં સંસ્મરણો આવે છે તે ખરેખર સુંદર છે. ડૉ. શિવપ્રસાદની લેખમાળા પણ. પૂ. રવિભાઈની જેમ આપ પણ તંત્રીપદેથી એકાદ લેખમાળા શરૂ કરો એવી પ્રાર્થના.

'કુમાર'ની જૂની ફાઈલો વાંચી. એથી પણ જૂની—એટલેકે શરૂથી સંગ્રહીત ફાઈલો વિતરણ

માટે હોય તો તે ક્યાં મળી શકે તે જણાવશો. 'આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન સંસ્કાર અને ચારિત્ર્ય ઘડતરનું માસિક'એ સૂત્રને યથાર્થ બનાવતા લેખો ('વાચકો લખે છે' થી 'છેલ્લું પાનું') દર મહિને નવી વાનગીઓ પીરસે છે.

'નવચેતન'ના 'સુવર્ણજયંતી અંક'થી આનંદ થયો. 'કુમાર' પણ સુવર્ણજયંતી પ્રસંગે તેમાં પ્રગટ થતા તમામ લેખો, ચરિત્રો અને કલા, સાહિત્ય, ઇતિહાસ જેવા અન્ય વિભાગો પુસ્તક રૂપે પ્રગટ કરે તો સારું. 'સર્વે ઑવ ઈંડિયા' સંસ્થામાં જોડાવા શી યોગ્યતા જોઈએ તેની કોઈને માહિતી હોય તો આપશો.

(મદ્રાસ) —મુકુન્દ ર. શાહ

∞

'કુમાર'માસિકનું કલા પરત્વે વલણ કેટલું તંદુરસ્ત છે તે બતાવવાની જરૂર નથી કેમ કે વર્ષોથી એ દિશામાં 'કુમાર' કશુંક નક્કર કરી રહ્યું છે.

મારે એક નમ્ર સૂચન એ કરવાનું છે કે ગુજરાતી, હિંદી અને અંગ્રેજી ભાષામાં ચિત્ર, શિલ્પ, સંગીત વગેરે કલા ઉપર સારાં એવાં પુસ્તકો બહાર પડતાં જ હોય છે; તો 'કુમાર' પ્રતિમાસ આવાં પુસ્તકોનો પરિચય અથવા તો આ પુસ્તક અમુક સ્થળેથી પ્રગટ થયું છે અને તેની કિંમત આટલી છે તેટલી નોંધ પણ લેતું રહે તો કલા પર જેમને પુસ્તકો વસાવવાં હોય તેઓને એ માહિતી ઉપકારક થઈ પડશે. ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીએ 'મેવાડ શૈલીનાં ચિત્રો' પુસ્તક ૧૯૭૦ના સપ્ટેમ્બરમાં બહાર પાડેલું જે મારા જેવા રસિકને છેક આજે ચડ્યું. નૅશનલ મ્યૂઝિયમ, કેન્દ્ર સરકાર સંચાલિત લલિતકલા અકાદમી તથા પ્રત્યેક રાજ્ય થોડાં થોડાં પુસ્તકો, લેખો, ચિત્રો વગેરે બહાર પાડે જ છે. સામાન્ય લોકો જો આ બધા માટે 'કુમાર' તરફ ધ્યાન રાખે તો તે સ્વાભાવિક છે. હિંદીમાં પણ ચિત્રકલાના પ્રવાહોથી માંડી જુદાંજુદાં ક્ષેત્રો, ગુફાઓનાં ચિત્રો વગેરે માટે ઘણાં પુસ્તકો બહાર પડી ચૂક્યાં છે. 'કુમાર' આટલી જવાબદારી ઉપાડશે ને?

ફિરોઝશાહ મહેતાની 'ચિત્રરસિકા' કુમાર જો ફરી છાપે તો મારું નામ અવશ્ય નોંધશો.

(વલસાડ) —નરેશ ભટ્ટ

∞

ઇન્દ્રવદન સોમાલાલ શાહની પુછાવટના જવાબમાં જણાવવાનું કે નાની ઉંમરે બાલ સફેદ થવાનું કારણ બાહ્ય લોશન કેરોસીનની બનાવટનાં માથામાં નાખવાથી હોય કે પછી અંદરખાને તજાગરમી—માથું તપવું. જે ગરમાગરમ ખોરાક તેમજ મરચાં-મસાલા ખાવાથી થવાનો સંભવ ખરો. તેનો ઉપાય: 'કુમાર' અંક ૫૩૩ જાન્યુ. '૭૦માં વાચકો લખે છે'ના કૉલમમાં શ્રી હીરજી નાનજી ટાંકનું લખાણ. વાળ સફેદમાંથી કાળા થવાની ધારણા ખરી, પણ ઉપચાર વધુ સમય સુધી જારી રાખવો પડે તો ફાયદો કરે. માથ કૂટ કોઈને કરવી નથી; સૌને ઇન્જેક્શન ટાઈપ દવા જોઈએ છે.

તેમજ 'તંદુરસ્તી' માસિક દિવાળી ૧૯૬૯ અંકના ૨૩૩-૨૩૪ (ઑક્ટો. નવે. ૧૯૬૯)માં શ્રી લાભશંકર મહેતાનો ઉપયોગી લેખ: 'ઘઉંના જવારા'ના અનુભવોમાં આઇટેમ નં. ૨માં અકાળે સફેદ થએલા બાલ ઉપર 'ઘઉંના જવારાનો રસ સારો જેવો ફાયદો કરે છે—પણ લાંબે ગાળે ફાયદો થાય.' જો ઉપચાર જારી રાખવાની ધીરજ હોય તો. ઉપરાંત ઘઉંના જવારાનો રસ તો અનેક સંજીવની રૂપ છે તેમ લેખકનું મંતવ્ય છે—નુકસાન જરા પણ નથી.

(મુંબાઈ) —મેતાજી કાન્તિલાલ શેઠ

ગામ નજીક આવતું જાય છે તેમતેમ / ઉશનસ્[૧]

· મિશ્ર ·

સામે હવે ઊડતું ઊડતું ગામ આવતું
આંધી મહીં ઘૂમરતું પીત પાંદડું થૈ,
(એનીપરે ચીટકી કોઈ ફીડી ય હું કળું)
એ આપણી સીમની પીપરથી ખરેલું
હોઈ શકે ય;

એ પાંદડું સૂંઘું છું ઉચ્છ્વસી ઉચ્ચ, તેમાં
ટહુકો રહે તરી પ્રલંબ વળાંકને લયે,
એ આપણા સીમ-તળાવ-ની કુંજડીનો
લાંબો લચાક, લચી ડોક થકી ઊઠેલો
હોઇ શકે ય;

આ ઝુંડઝુંડ તુર-ફૂલ-પતંગ સામટાં
આવ્યાં ઊડી પવનમાં પીમળંત પોપચે,
એ એટલાં નિકટનાં વરતાય છે કે-
કે આપણી પછીત કોઈક વાડ-ઝ્હોર્યાં
હોઈ શકે ય;

આ છાણમાટીતણી ગારની ગંધ આવી. લો;
ફોળી ઊઠી ટૂકડી લીંપણ ઑકળીઓ,
(રેખા ય હાથ તણી અંકિત આછી એમાં)
એ આપણા ઘરની, બાની હથેળીઓની
હોઈ શકે ય;

ઓ ફાળની ઉપર અંગુલ ઊચકાયાં,
ઓ ઓટલા ઉપર સ્હેજ વળ્યાં ય ટેરવાં,
ઓ ઊચકાય ઘર દાખવતો ગલીમાં,
'આવ'ાવ'નો અરવ શબ્દ ભીંતેભીંતેથી..
કોનો હશે? સમય પારથી વ્હાલ આટલું
ને આટલો હરખ બા વિણ અન્ય કોનો
હોઈ શકે ય?

જાગ્યા કરું / હરીન્દ્ર દવે[૨]

· ગઝલ ·

તારી યાદ આવે અને હું રાતભર જાગ્યા કરું,
કે હવા લઈ આવશે તારી ખબર, જાગ્યા કરું.

એ વિમાસણ છે કે તારી આંખ મીંચાતી હશે?
ઘેનમાં જ્યારે છે આ આખું નગર, જાગ્યા કરું.

ના મિલનનો કોલ છે કે ના વિરહની વેદના,
આ તે કેવું છે કે હું કારણ વગર જાગ્યા કરું!

'કેમ ચાલે છે?' 'બધું સારુ છે' કહી છૂટાં પડ્યાં,
આ અમસ્તી વાતની કેવી અસર, જાગ્યા કરું!

રાતના સૂરજ ઊગે તો કૈં'ક શોષાઈ શકે,
આંખ ઝાકળથી થઈ છે તરબતર, જાગ્યા કરું.

(૧) વતન તરફ જઈ રહેલા કાવ્યનાયકની વિવિધ ઈંગિતો દ્વારા સ્મૃતિમંજૂષા ખૂલે છે અને યાદ આવે છે ગામની સીમ, તેની પીપર, ત્યાંના તળાવ પરની કુંજનો ટહુકો, તરુ-ફૂલ-પતંગિયાં દ્વારા ઘરની પછીત, ઘરનું લીંપણ, તેની ઑકળીઓમાં બાની હથેલી અને બાનું વ્હાલભર્યું સ્વાગત-નિકટતાના ક્રમમાં! આંખ, કાન, નાક, સ્પર્શ જેવી બાહ્યેન્દ્રિયો દ્વારા નાયકનું ચિત્ત ભાવસભર બની રહે છે, પાંદડાના વળાંકમાં તરતો ટહુકો અને તરુ-ફૂલ-પતંગનું પોપચામાં પીમળવું જેવી કલ્પનાઓ મનોરમ છે, તો છેલ્લી કડીની શરૂની ત્રણ પંક્તિઓના 'ઓ'થી થતા ઉપાડ તેમજ ચોથી પંક્તિના 'આવ'ાવ' શબ્દમાં સ્વપ્નઘેલી માતાનું આર્દ્રકર ચિત્ર છે. (૨) કોઈના વિરહનો —સ્થૂળરીતે પ્રિયજનના અને સૂક્ષ્મરીતે પ્રભુના—ભાવભીની ગઝલ. કોઈકની થઈ ગએલી ઝાંખીની અસર, જીવનમાં જે રહી ગઈ છે તેની ઉત્કટ વિરહવેદનાને છેલ્લા શેરમાં સુઘટ્ટ રીતે રજૂ કરી છે.

અવનવ છોડ / 'સરોદ'[૩]

· પદ ·

મનસા માલણ રે અવનવ લાવી છોડ;
વારી વારી જાઉં રે એકલડે એ અજોડ.

નિધુનિકુંજથી લાવી એ માલણી,
સાંવર એનું રૂપ;
વાવ્યો એ છોડવો કે થઈ બેઠો એ
બગિયાં કેરો ભૂપ,
મનસા માલણ રે અવનવ લાવી છોડ;
વારી વારી જાઉં રે કેળવવાને કોડ.

લેહ લગનથી છોડ એ ખીલવ્યો
ભગતિ કેરે નીર;
દિ'એ વધે નહૈં એવો રાતે વધે એ
સુંદર શ્યામ શરીર;
મનસા માલણ રે અવનવ લાવી છોડ;
વારી વારી જાઉં રે સાંવરિયે એ મરોડ.

એ રે હું છોડની પૂજા કરું ને ધરું
એ રે હું છોડનું ધ્યાન;
મોર કેરું પિચ્છ એને ઊગી આવ્યું કે હવે
એને પોકારું કહી કા'ન;
મનસા માલણ રે અવનવ લાવી છોડ;
વારી વારી જાઉં રે દાસ સરોદને કોડ.

સમય / વિપિન પરીખ[૪]

· મનહર ·

કૂકડાને કંઠે બેસી પ્રભાત પુકાર કરે,
ઝાકળના બિંદુમહીં નાહી નાહી બ્હાર પડે.

શિશુતણે ઘૂંટણિયે મોટો થતો હળુહળુ,
માંદણે આળોટે સુસ્ત મહિષની બેસી પીઠે!

ભૂલકાંની સાથે દોડી નિશાળેથી પાછો ફરે,
પ્રેમીઓની હથેળીથી છૂટો પડે ભારે પગે.

ઘૂવડની આંખે જાગે અંધકારે માંડી ધૂણી,
દાદીમાની સોડમહીં પોઢી જતો કથા સુણી.

(૩) જૂના ઢાળમાં ઢાળેલી આ ભક્તિરચના નવી કલ્પનાઓ દ્વારા ભગવાન માટેના ભક્તના તલસાટની. પ્રાપ્તિ પછીની સાચવણીની અને સાચવણીમાંથી સાંપડેલી સાચી સમજણની વાત કરી જાય છે. ભક્તિરસથી ભરીભરી આ કૃતિ મનસા માલણે લાવેલા અવનવા છોડમાં કૃષ્ણના પ્રાકટ્ય અને તેને ઊગતા મોરપિચ્છના છોગાના આલેખનથી અર્ચન અને દાસ્ય ભક્તિની પદરચના બની રહે છે. (૪) અવિરત અને અનંત સમયનાં પરિવર્તનોની જુદાંજુદાં પ્રતિરૂપો દ્વારા પ્રતીતિ કરાવતું આ કાવ્ય કૂકડાની કૂકથી તે ઘૂવડની ઘૂક સુધીમાં સફર કરતા દિવસની રમ્ય કલ્પનાઓ દ્વારા અનુભૂતિ કરાવે છે. ઝાકળમાં સવારની પ્રસન્નતાનું, શિશુમાં પ્રભાતની રસળતી કોમળતાનું, મહિષમાં બપોરની સુસ્તીનું, નિશાળેથી પાછાં ફરતાં ભૂલકાં દ્વારા સાંજની રમણીયતાનું, ઘૂવડની આંખમાં રાતની સુઘટ્ટતાનું અને દાદીમાની વાત સાંભળતાં પોઢી જતા બાળકમાં જંગેલી રાતની શાંતિનું ભાવવ્યંજક ચિત્ર સજીવનાં રૂપકોથી સચેત બન્યું છે.

ભારત અને પાકિસ્તાનનું સંરક્ષણબળ

ભારત		પાકિસ્તાન
૫૫,૦૦,૦૦,૦૦૦	-વસતિ-	૧૨,૮૪,૦૦,૫૦૦
ત્રણે દળનું મળી કુલ સૈન્ય ૯,૩૦,૦૦૦		ત્રણે દળનું મળી કુલ સૈન્ય ૩,૨૪,૫૦૦
૧૧૦·૧૧ કરોડ રૂ.	ઈ.૧૯૭૦-'૭૧નું અંદાજેલું સંરક્ષણ ખર્ચ	૫૩·૧૫ કરોડ રૂ.





ખુશ્કીદળ



૮,૦૦,૦૦૦ સૈનિકો



૩૦૦૦ તોપો
બ્રિટિશ ૨૫ રતલી,
૧૦૦ અને ૧૩૦ મિમી.રશિયન,
વિમાન-વિરોધક તોપદળનાં
૨૦ એકમો



૧૩૨૦ ટેંકો
ટી-૫૪ અને ટી-૫૫ (૪૫૦),
પીટી-૭૬ એમ્ફીબીઅન (૧૫૦),
શેરમાન (૨૫૦), સ્ટુઅર્ટ (૫૦),
સેંચુરીઅન (૨૦૦), વિજયંત
(૧૫૦), એએમએક્સ-૧૩ (૧૪૦)



૩,૦૦,૦૦૦ સૈનિકો



૧૪૩૯ ટેંકો
પૅટન (૩૫૫), શેરમાન (૩૯૦)
ચેંફી (૨૦૦), ટી-૫૪ (૮૦),
ટી-૫૫ (૧૫૦), ટી-૫૯ (૨૫૦)
અને એએમએક્સ ('૬૫માં
ભારતની પકડેલી–૧૪)



૯૦૦ તોપો
૨૫ રતલી, ૧૦૫ અને ૧૫૫
મિમી. હૉવિટ્ઝર, ટેંક-
વિરોધક 'કૉબ્રા' મિસાઈલ્સ,
૬૦ હેલિકૉપ્ટર્સ

નૌકાદળ

૪૦,૦૦૦ માણસો



૧૬,૦૦૦ ટનનું વિમાનવાહક, ૪ સબમરીન, ૨ ક્રુઝર, ૧૧ ડિસ્ટ્રોયર્સ ને સહાયક જહાજો, ૩ વિમાન-વિરોધક ફ્રિગેટ, ૫ એન્ટી-સબમરીન ફ્રિગેટ, ૩ અન્ય સહાય જહાજો, ૪ કંઠારનાં માઈનસ્વીપર્સ, ૪ મોજણી જહાજો, ૨ ઇનશોર માઈન-સ્વીપર્સ, ૧ લૅન્ડિંગ શિપ, ૩ લૅન્ડિંગ ક્રાફ્ટ, ૧૦ ચોકિયાત જહાજો અને ૯ સંરક્ષક બોટ્સ ઉપરાંત નૌકાદળનાં 'સી હૉક' વિમાનો ને હેલિકૉપ્ટર્સ

૯૫૦૦ માણસો



૪ સબમરીન, ૧ ક્રુઝર, ૨ ડિસ્ટ્રોયર્સ ને ૩ સહાયક જહાજો
૨ એન્ટી-સબમરીન ફ્રિગેટ, ૮ માઈનસ્વીપર્સ,
૬ ચોકિયાત જહાજો ઉપરાંત નૌકાદળનાં હેલિકૉપ્ટર્સ

હવાઈદળ

૯૦૦૦૦ માણસો



લડાયક વિમાનો ૬૨૫
જેમાં કૅનબેરા બી-૧ અને પીઆર-૫૭, મિગ-૨૧, નૅટ, એફ-૫૬, એચએફ-૨૪ મરુત, મિસ્ટેર-૪, લૉકહેડ એલ-૧૦૪૯ સુપર કૉન્સ્ટેલેશન, વૅમ્પાયર અને વાહક વિમાનો છે. આ ઉપરાંત ૨૨૧ હેલિકૉપ્ટર્સ, મિસાઈલ્સ છોડનારાં ગાઈડલાઈન-૨, તાલિમી વિમાનો, રશિયન એસયુ-૭બી ફાઈટર-બૉમ્બરો

૧૫,૦૦૦ માણસો



લડાયક વિમાનો ૨૭૦
કૅનબેરા બી-૧ અને બી-૫૭બી, આરટી-૩૩એ, આરબી-૫૭, માઈરેજ, મિગ-૧૯, એફ-૧૦૪એ, એફ-૮૬ તથા વાહક વિમાનો ઉપરાંત ૨૫ હેલિકૉપ્ટર્સ અને તાલિમી વિમાનો

'ઇન્સ્ટિટ્યૂટ ઑવ સ્ટ્રૅટેજિક સ્ટડીઝ–લંડન' અને 'મિલિટરી બૅલેન્સ'ના આંકડાઓ પર આધારિત આ તુલના પ્રકટ થાય તે દરમિયાન તો બંને દેશો વચ્ચેની પરિસ્થિતિને પાકિસ્તાને એકાએક પલટો આપ્યો અને ભારતે જે ઝડપથી એના જવાબ વાળવા માંડ્યા તે પછી હવે તો આમાંથી સરવાળા-બાદબાકી જ કરવાના રહ્યા છે. અલબત્ત, યુદ્ધક્ષેત્રે સાધનોના પ્રકાર અને પુરવઠા ઉપરાંત એને વાપરનારનાં શૌર્ય અને કૌશલનું પણ અત્યંત મહત્ત્વ છે. રોજિંદા સમાચારોથી કોણ કેટલામાં છે એનો કંઈક અંદાજ આપણે બાંધી શકીએ છીએ. અને અગાઉના અનુભવો પણ આપણા ખયાલમાં તો છે જ.

વિચાર
વિશેષ

યુદ્ધનો પડકાર

ભારત-પાક યુદ્ધ શરૂ થઈ ચૂક્યું છે. પાકિસ્તાન જાણે છે કે યુદ્ધ તેના માટે સર્વનાશ આણે તેમ છે, છતાં તે યુદ્ધમાં ઊતરી પડ્યું છે તેનું કારણ એ છે કે તે ભારતના અર્થતંત્રને ખોરવી નાખવા માગે છે. પૂર્વ બંગાળના નિર્વાસિતોને લીધે ભારતના અર્થતંત્ર પર વિવિધ દબાણો ઊભાં થયાં છે. ભારતમાં અનાજના મબલખ ઉત્પાદન છતાં અત્યારે અનાજના પૂરવઠાની બાબતમાં ભારત જોઈએ તેટલી સુગમ પરિસ્થિતિમાં નથી. રૂની તંગી છે અને તેની પ્રતિકૂળ અસર કાપડ-ઉદ્યોગ પર પડી જ છે. વળી ભારતના આર્થિક ઇતિહાસની આવી પળે ભારતના શિરે એક કરોડ નિર્વાસિતોને અન્ન-વસ્ત્ર આપવાની કપરી જવાબદારી આવી પડી છે. આ વર્ષે ભારતમાં કુદરતી આપત્તિઓને કારણે જે હાનિ થઈ છે તેમજ નિર્વાસિતોનો બોજો પડ્યો છે તેથી ભારતની નાણાંકીય સ્થિતિ વણસી છે. ભારત ઉપર આ બધાંને લીધે કમ્મરતોડ બોજો ઊભો થયો છે. વળી યુદ્ધને ફુગાવાની જનેતા ગણવામાં આવે છે, એટલે યુદ્ધ આવી પડે તો ભારતમાં ફુગાવાજનક વલણો ખૂબ વધી પડે અને ભાવો ખૂબ ઊંચા જાય. આથી નાણાંકીય સાધનો નવા કરવેરા દ્વારા ઊભા કરવાનો પ્રયાસ થાય, ને નવા કરવેરાને પરિણામે પાછો ફુગાવામાં વધારો જ થાય, સામાન્ય નાગરિક ખરીદશક્તિમાં વધુ ને વધુ ધોવાઈ જાય ને આથી તે તરેહતરેહની હાડમારીઓનો ભોગ બને. પાકિસ્તાન આ બધું સારી પેઠે જાણે છે, તેથી આ ક્ષણે ભારત પર હુમલો કરવાથી ભારતને તોડી શકાશે તેવી માન્યતા તેના મનમાં વસી ગઈ છે.

આવા કપરા સંજોગોમાં આપણે કઈ રીતે વર્તીશું? રાષ્ટ્રીય કટોકટીના સંજોગોમાં મજૂર મંડળો પોતાના રાજકીય મતભેદો ભૂલી એકતાની ભાવનાથી વર્તે અને રાષ્ટ્રીય હિતને બાધક હોય તેવું કશું કામદારો ન કરે. સામાન્ય નાગરિકે પણ તમામ હાડમારીઓ અને તંગીઓ હસતા મોઢે સહન કરવી જોઈએ, ને ભાવોમાં ઉછાળો ન આવે તે માટે વપરાશ પર અંકુશ મૂકવો જોઇએ તેમજ સંગ્રહખોરીથી દૂર રહેવું જોઇએ. કિસાનોએ અનાજ અને બીજા ખેતીવિષયક ઉત્પાદનમાં શક્ય તેટલો વધારો કરવા અથાગ પરિશ્રમ ઉઠાવવો જોઇએ. સાથોસાથ સરકારે ભાવ-અંકુશની અસરકારક નીતિનો અમલ કરવો જ જોઇએ અને પ્રાપ્ત ચીજવસ્તુઓની ન્યાયી અને સમાન વહેંચણી થાય તે ખાસ જોવું જોઇએ. તેણે સંગ્રહખોરો અને કાળાબજારિયાઓ સામે કડક હાથે કામ લેવું જોઇએ. યુદ્ધ માત્ર સરહદો પર જ લડવાનું હોતું નથી. તે દેશની અંદર જે નકારાત્મક પ્રવાહો સંરક્ષણપ્રયાસને હાનિ કરી રહ્યા હોય તેનો મુકાબલો કરીને પણ લડવાનું હોય છે. સરકાર અને પ્રજાના સક્રિય સહયોગથી જ આ બધાં અનિષ્ટ વલણોનો મુકાબલો શક્ય બને.

ઈ. સ. ૧૯૬૫ના પાકિસ્તાન સાથેના યુદ્ધની અસરોમાંથી હજી પણ આપણું અર્થતંત્ર મુક્ત થયું નથી. કરવેરા વધ્યા છે ને ભાવોમાં લગભગ ૭૫ ટકા જેવો વધારો થયો છે. ઈ. સ. ૧૯૬૫ કરતાં આ વખતનું યુદ્ધ વધુ આકરું હશે. ભારતીય ઉપખંડમાં પોતપોતાનાં કારણોસર ચાર મહાસત્તાઓને વિશેષ રસ છે: અમેરિકા, રશિયા, ચીન અને બ્રિટન. છેલ્લી પરિસ્થિતિમાં અમેરિકા, ચીન અને કાંઈક બ્રિટન પાકિસ્તાનની તરફેણમાં છે, જ્યારે માત્ર રશિયા જ આપણા પક્ષે છે. પાકિસ્તાનને આર્થિક રીતે ટકાવવાનું કામ આ મહાસત્તાઓ કરતી જ રહી છે.

એટલે આ વખતનું યુદ્ધ માત્ર બંગલા દેશનું કે પાકિસ્તાનનું જ નહિ, ભારતનું ભાવિ પણ નક્કી કરી નાખનારું બની રહેશે. જે ચિત્ર અત્યારે ઊપસી રહ્યું છે તેમાં એવું સ્પષ્ટ દેખાય છે કે શરૂઆતમાં ભારતના સંયમની પ્રશંસા કરનારાં પશ્ચિમી રાષ્ટ્રો હવે પૂર્વ બંગાળમાં ભારતે લશ્કર મોકલ્યું છે એ બહાના તળે તેમણે પોતાની તમામ સહાનુભૂતિ પાકિસ્તાનના પલ્લામાં ઢાલવી છે. અમેરિકા ભારતને જે કાંઈ આર્થિક અને લશ્કરી સહાય કરે છે તે બંધ કરી દેશે. પાકિસ્તાન દિવસોથી ભારતની સરહદોનું ઉલ્લંઘન કરી રહ્યું છે, હવાઈસીમાનો ભંગ કરી રહ્યું છે, ભારતનાં નિર્દોષ નાગરિકો પર ગોળીબારો કરી રહ્યું છે, સ્ત્રી-પુરુષોનાં અપહરણ કરી રહ્યું છે, તે કશું તેની નજરમાં આવ્યું નહિ; ત્યારે તેમને પાકિસ્તાન પર દબાણ લાવવાનું સૂઝ્યું નહિ; પણ પાકિસ્તાનના સતત તોપમારાથી પરેશાન બનેલા ભારતીય સૈનિકો પૂર્વ બંગાળમાં હિલ્લી સ્ટેશનના વિસ્તારમાં દાખલ થયા ત્યાં તો અમેરિકાની સરકારે તત્કાળ ભારતને શસ્ત્રોની રવાનગીના પરવાના સ્થગિત કરી દીધા! બીજું પગલું આર્થિક સહાયને બંધ કરવાનું જ હશે.

આમ ભારતના લોકો અને સરકાર માટે આ વખતના પડકારને ઝીલવાનું કામ ઓછું કપરું નથી. દેશના લોકો સંગઠિત બનીને, તમામ પ્રકારનાં બલિદાનો આપવા તત્પર બનીને અને ઉત્પાદનના તમામ મોરચા પર વધુ પુરુષાર્થ કરીને જ આ પડકારને ઝીલી લઈ શકે. એક રાષ્ટ્ર તરીકેની આપણી તાકાતની આ કસોટી છે. આજના યુગમાં યુદ્ધ માત્ર સરહદો પર સૈનિકો જ લડતા નથી હોતા. યુદ્ધ ચલાવવા માટે સૈનિકોને તાકાત આપનારી જાગૃત પ્રજાશક્તિ વિના સાચા અર્થમાં દેશનું સંરક્ષણ થઈ ન શકે. સરહદ પર એક સૈનિકને લડતો રાખવા માટે દસ માણસોએ કામ કરવું પડતું હોય છે. સરહદનો અગ્રિમ મોરચો તો બહાદુર જવાનો જ સંભાળે, પણ તે પછીની અનેક હરોળો પ્રજાજનોએ પોતે સંભાળવી પડતી હોય છે. વિકટ પરિસ્થિતિ અને અનેક આપત્તિઓ વચ્ચે દુનિયાનાં અન્ય રાષ્ટ્રો ભૂતકાળમાં આવી જ રીતે યુદ્ધો જીત્યાં છે. બીજા વિશ્વયુદ્ધમાં બ્રિટન અને રશિયાનો વિજય આનાં ઉત્તમ દ્રષ્ટાંતો છે. ભારત એ દ્રષ્ટાંતોની હરોળમાં પોતાનું નામ નોંધાવે. (સંદેશ)


ફરજ અને હક

એક વાર એક સભામાં શ્રી બાબુભાઈ જશભાઈ પટેલને પ્રશ્ન પૂછવામાં આવ્યો: 'બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન જર્મની તારાજ થઈ ગયું છતાં આજે એ દેશ ફરીને આબાદ થયો અને તેની જાહોજલાલી વધતી જાય છે, જ્યારે આપણા દેશને પણ આઝાદ થયે લગભગ તેટલો જ સમય થયો છે છતાં આપણું બરાબર ઠેકાણું પડતું નથી તેનું કારણ શું?'

બાબુભાઈએ કહ્યું: 'એનો જવાબ બંને દેશો માટે એક એક શબ્દમાં આવી જાય છે: 'ફરજો' અને 'હક્કો'. જર્મનીમાં દીવાલે દીવાલે લખેલું છે 'ફરજો'; અને ભારતમાં ઠેરઠેર લખેલું છે 'હક્કો'! બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તે પ્રજાએ જે ભારે કષ્ટો સહન કર્યાં તેથી તે પ્રજા મજબૂત બની અને હાર્યા પછી ફરીને આબાદ થવા કૃતનિશ્ચયી બની. ત્યાંના બધા લોકોએ તેમના હક્કો જતા કર્યા અને ભારે પરિશ્રમ કરી દેશને ફરીને આબાદ કર્યો. જ્યારે આપણે ત્યાં બધા પોતાના હક્કો માટે લડે છે, પણ સાથે સાથે તેમની કાંઈ ફરજો પણ છે તે વાત તેઓ સ્વીકારતા નથી. કામદાર હોય કે કારકુન, અધ્યાપક હોય કે અમલદાર, સૌ એક જ વાત કરે છે: પગાર વધારો; કામના કલાક ઘટાડો; મોઘવારી ભથ્થું, બોનસ, પ્રોવિડંટ ફંડ, ગ્રૅચ્યુઇટી બધું આપો; માંદગીની રજા, આકસ્મિક રજા, હક્ક રજા વધારો; કામના કલાકો, કામના દિવસો, કામનો જથ્થો ઘટાડો! આમ આપણે ત્યાં હક્કો અને ફરજો બંને જુદીજુદી દિશામાં જાય છે.


હરિ: ૐ આશ્રમ તરફનું
નવેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'સર સી. પી. રામસ્વામી આયર'ના લેખક
શ્રી ધીરુભાઈ પરીખને આપવામાં આવ્યું છે

ગર્ભાધાન




રજોદર્શનના પહેલા દિવસથી ચૌદમા દિવસે સ્ત્રીના બીજાશયમાંથી એક બીજ છૂટું પડી બીજ-વાહક નલિકામાં પ્રવેશી ગર્ભાશય ભણી જાય છે. એ ત્યાં પહોંચે તે પહેલાં જ જો પુરુષનો શુક્રજંતુ તેને ફલિત કરે તો તે ગર્ભાશયમાં સ્થિર થઇ તેનો વિકાસ થતાં એક નવા માનવદેહનું ઘડતર થાય છે. નીચે આ સ્ત્રીબીજ અતિ વિપુલ કરી દર્શાવ્યું છે.

પુરુષના શુક્રજંતુનું કદ એક ઇંચના પાંચસોમા ભાગજેટલું સૂક્ષ્મ હોય છે. એક જ વેળાના વીર્યસ્રાવમાં લગભગ ત્રણકરોડ શુક્રજંતુઓ હોય છે, જેમાંનો કોઇ પણ એક સ્ત્રીબીજને ફલિત કરે છે. પોતાની લાંબી પૂછડીના હલનચલનથી એ ગતિ કરે છે.



સ્ત્રી-બીજ (અતિ મોટા કદમાં)



શુક્રજંતુ
(અતિ મોટા કદમાં)

શુક્રજંતુ વડે ફલિત થતું બીજ



બીજના બાહ્યાવરણનું ભેદન, શુક્રજંતુનો બીજમાં પ્રવેશ અને ફલિત બીજ

વીર, શાન્ત, કરુણ અને અદ્ભુત રસના અનેક પ્રસંગોથી સભર, શૌર્યપૂર્ણ જીવન જીવનાર, સ્વભાવે શબ્દના સાધક અને અંતરથી વિરક્ત, છેલ્લા શીખ ગુરુ

ગુરુ ગોવિંદસિંહ

(જેમની ૩૦૫મી જયંતી આ માસમાં આવે છે)

લેખક • કનુભાઈ જાની



▷ ગુરુ ગોવિંદસિંહ મુગલ કલમના એક પ્રાચીન ચિત્ર પરથી

ઢગલો થઈને એ ત્યાં ફસડાઈ પડચો! અને જ્યારે મામા કૃપાલે એને વાંસે હાથ ફેરવતાં પૂછ્યું: ‘જૈતું! શું છે ભાઈ? શા ખબર છે?’ ત્યારે, ખોળામાંનું પોટકું બાજુના બાજઠ પર મૂકીને, એ રંગારો એમનાં ચરણ પકડીને ધ્રુસકે ચડચો! માતા ગુજરીજી અને દાદી નાનકીજી અંદરથી બહાર આવ્યાં. ફાળ પડી.

‘ક્યાંથી આવ્યો ભાઈ, જૈત?’ દાદીએ પૂછ્યું. પણ જવાબ આપવાની સોં જ ક્યાં હતી! ઊલટું માતાને જોઈને એ વધુ ધ્રુસકે ચડચો. ને દસ વર્ષના કિશોર ગોવિંદને જોતાં એનાં ચરણો પકડી લીધાં.

એણે બાજઠ પર મૂકેલું પોટલું કૃપાલે છોડચું કે એમના મુખમાંથી ચીસ નીકળી ગઈ. માતા ગુજરીજી ને દાદી નાનકીજી બેભાન થઈ પડચાં.

એ હતું પિતા તેગબહાદુરનું મસ્તક! કૃપાલે રુદન રોકચું. કિશોર ગોવિંદદાસ અપૂર્વ ધૈર્યથી જૈતને ભેટી રહ્યા હતા: ‘રંગરેજ, ભાઈ મારો! બલિદાન પર આંસુ ન હોય.’ કૃપાલે ભક્તિપૂર્ણ નેત્રે આ કિશોર સામે જોયું. પોતાની ને ગુરુ તેગની તાલીમ ઊગી નીકળી હતી; ‘હા ભાઈ, હવે નબળાઈ ખંખેરો. હવે તો તેગ એ જ ધર્મ.’

‘નબળાઈ હોત તો રાજધાનીમાંથી શાહી વેરીનું મસ્તક ઉપાડીને એના જ મુલકને વીંધીને ભાઈ જૈતુ એ છેક અહીં લાવી શકચો હોત કે?’ કિશોરે પૂછ્યું, ને ઉમેર્યું:

‘धार्त्रराष्ट्रेषु लुब्धेषु सततं चापकारिषु।
न हि कश्चित् क्षमाकालो विद्यतेऽथ कुरून् प्रति।।’
‘ઉપાયો સૌ ખૂટે ત્યારે અસિ છેલ્લો ઉગારો છે.’

કિશોરને ફારસી ને સંસ્કૃતની, શસ્ત્રની ને શાસ્ત્રની તાલીમ આપવામાં રસ લેનાર મામા કૃપાલને કિશોરનાં આ વેણથી એ તાલીમ ઊગી નીકળેલી લાગી. આટલો નાનો છોકરો આસમાન જેવડી આપત્તિની સામે અડગ ઊભો હતો! એના પિતાનું વચન એને યાદ હતું:

ભય ન પમાડે કોઈને, ભયની ન માને આણ,
કહે નાનક આ જગતમાં જ્ઞાની તેને જાણ.

એનો ઉછેર જ અજબ હતો. ઈ. ૧૬૬૬ના ડિસેમ્બરની ૨૬મીએ એ પટણામાં જન્મ્યો ત્યારે પિતા તો દૂર હતા, ઢાકા તરફ. ચાર-પાંચ વરસે એ આવ્યા, એવા જ પંજાબ ઊપડચા. ને આનંદપુરમાં વસ્યા. સાડાપાંચ વરસ એ પટણા રહ્યો. દાદી નાનકીજી એને પૂર્વજોનાં પરાક્રમોની વાતો કરતાં. પાંચમા ગુરુ અર્જુનદેવે જહાંગીરના દમન સામે બલિદાન આપેલું એ કથા, ને દાદા હરગોવિંદે અપનાવેલી ‘પીરી’ ને ‘મીરી’ એ બે તલવારોની વાત હજી એને યાદ હતી. એમની ઘોડારમાં સાતસો ઘોડા, ને તહેનાતમાં ત્રણસો સવાર રહેતા એ ય યાદ હતું; ને એ પણ યાદ હતું કે ચારચાર વાર મોગલોને એમણે હરાવેલા. માતા ગુજરીજી પૂર્વે થએલા ગુરુઓની વાત કરતાં. પિતા તેગબહાદુરના શિષ્ય પંડિત કૃપાલ શસ્ત્ર-શાસ્ત્ર શીખવતા. સંસ્કૃત, હિંદી ને વ્રજ ઉપરાંત મૌલવી ફારસી શીખવતા. મુસ્લિમ સંત ભીખનશાહ એને ખોળે રમાડતા ને ધર્મરહસ્ય સમજાવતા.

આનંદપુરમાં એ સાડા પાંચની વયે પહોંચ્યો ત્યારે પિતાએ જાતે એના ઘડતરની કાળજી લેવા માંડી. પીરમહમ્મદે ફારસી શીખવ્યું, સાહિબચંદે ગુરુમુખી. શસ્ત્રો ને શાસ્ત્રોની તાલીમ ઉપરાંત દરબારના વિદ્વાનોની યે અસર એના પર હતી. હજી એના ચિત્તમાં પિતાના ગુરુપદની પેલી વાત રમતી હતી. એ ગુરુ બન્યા ત્યારે બાર જ વર્ષના હતા! આઠમા ગુરુ હરગોવિંદે તો એટલું જ કહેલું: ‘ગુરુ બકાલામાં મળશે.’ પછી એ બકાલા શહેરમાં તો બાવીસ ગુરુપદવાંછુઓ નીકળેલા. એ તો સોદાગર મખ્ખનશાહે પરીક્ષા કરી ને બાર વર્ષના બાળકને–તેગબહાદુરને શોધી કાઢચા.

ઈ. ૧૬૬૫માં તેગબહાદુરે આનંદપુર સ્થાપ્યું. પોતે તો છ વર્ષની ઉંમરે ત્યાં જઈ શકચો. પરોઢિયે એ ઊઠતો, ‘જપજી’નો પાઠ કરી, ગુરુદ્વારા પર જઈ સ્મરણધ્યાન કરતો ને ‘ગ્રન્થસાહેબ’નો પાઠ કરતો. ક્યારેક ભાઈ મણિસિંહ ને ગુલાબરાય, શામદાસ ને નંદચંદ વગેરે ગોઠિયાઓ સાથે શિકારે પણ જતો. દસની ઉંમરે તો એણે સારી પેઠે ગજું કાઢચું હતું—બૌદ્ધિક ને શારીરિક બન્ને.

એનો પરચો તો થોડા વખત પહેલાં જ થએલો—પેલા કાશ્મીરના ત્રસ્ત પંડિતો ધા નાખતા આવેલા ત્યારે. બધા ધર્મો–ખાસ કરીને હિન્દુ ધર્મ ભયમાં હતો. ઔરંગઝેબની પાશવતાનો પાર નહોતો. શું કરવું તે સૌ વડીલો વિચારતા હતા. પિતા બોલ્યા: ‘કોઈ પ્રચંડ શક્તિ જ આ આતંકને રોકી શકે.’ ત્યારે વચમાં જ એ બોલ્યો: ‘બાપુ, તમે નહિ?’ તે પછી તરત જ પિતાએ નિર્ણય લીધો: ‘જાઓ, બાદશાહને કહો કે ગુરુ તેગબહાદુર અમારા આગેવાન છે. એ ધર્માંતર કરે તો અમારે સૌને તે મંજૂર છે.’ ને પિતાએ બાદશાહને મળવા પ્રયાણ કર્યું. ને...આખરે, પિતાને બદલે પાછું આવ્યું એમનું આ મસ્તક જ! ધડ ક્યાં?

જૈતુએ આખી વાત કહી: ઔરંગઝેબ આગરામાં હશે માનીને ગુરુ ત્યાં પહોંચ્યા. સીમ બહાર એક બાગમાં પડાવ નાખ્યો. એક ગોવાળનો છોકરો ઘેટાં ચારતો હતો એને બોલાવ્યો. સુવર્ણ મુદ્રા આપીને કહે: ‘ગામમાંથી મીઠાઈ લઈ આવ તો!’ ‘પણ લાવું શેમાં?’ પેલાએ પ્રશ્ન કર્યો એટલે પોતે ઓઢેલી કિંમતી શાલ આપતાં કહે: ‘આમાં.’

મુદ્રા ને શાલ જોઇને કંદોઇને ચોરીનો વહેમ ગયો. તે છોકરાને પકડી

ગયો કોટવાળ પાસે. ને એની વાત સાંભળી આખું રાવણું આવ્યું બાગમાં દેખે ત્યાંથી ગુરુને પકડી લેવાનું શાહી ફરમાન હતું. પકડીને લઈ ગયા દિલ્હી.

હુસેન અબ્દલ પાસે અફઘાનો સામેના યુદ્ધમાં સવા બે વર્ષ નિષ્ફળ રીતે ગાળ્યા પછી ઔરંગઝેબ દિલ્હી પાછો ફર્યો હતો. ત્યાં ગુરુ, મતિદાસ, દયાલદાસ, સતીદાસ ને ભાઈ દિત્તને હાજર કરવામાં આવ્યા.

‘આવો, તેગબહાદુર! તમારા નામમાં જે તલવાર છે (તેગ=તલવાર) એને ક્યારે ને ક્યાં વાપરી છે, કહેશો?’

‘એ તલવારનું પાણી તો છેક અહીં સુધી આવ્યું છે, જો!’ એમણે જવાબ દીધો. પછી તીખી ને ગંભીર ચર્ચાઓ ચાલી. બાદશાહને આશ્ચર્ય એ વાતનું હતું: જે નથી મૂર્તિપૂજામાં માનતા, નથી જનોઈમાં માનતા, નથી કર્મકાંડમાં માનતા, એણે બ્રાહ્મણોની વકાલત કરવા અહીં સુધી શા માટે આવવું જોઈએ? પારકાના ધર્મને ખાતર કોઇએ શા માટે જાન હોડમાં મૂકવી જોઇએ? પરધર્મીને મદદ શી?

ગુરુને મન હિન્દુ કે ઈસ્લામ જ નહિ, સૌ ધર્મો સમાન હતા. સૌને પોતાને રાહે જવાની છૂટ હોવી ઘટે. ધર્મને નામે કોઈ જુલ્મ ન કરાય. કોઈ કાફર નથી, નથી કોઈ મ્લેચ્છ. પ્રભુનો રચાએલો કોઈ ધર્મ ધિક્કારને સાધન તરીકે લઇને ફેલાઈ શકે નહિ. એમાં પ્રભુદ્રોહ હતો. ગુરુએ ઔરંગઝેબને ઈસ્લામનું રહસ્ય સમજાવ્યું. એ દરમિયાન ગુરુએ બાળક ગોવિંદ ઉપર એક પત્ર લખીને ગુરુદિત્તને મોકલેલો. જૈતે કહ્યું.

‘હા, એ પત્ર મને મળેલો. એનો ઉત્તર પણ મેં મોકલ્યો છે.’ ગોવિંદદાસે જૈતને ખબર આપી.

‘પણ એમાં તો એક શ્લોક જ હતો; ને એનો ઉત્તર પણ ગોવિંદદાસે આપેલો.’ કહીને કૃપાલે તેગબહાદુરનો એ શ્લોક કાઢી બતાવ્યો:

હાથ બધા હેઠે પડ્યા, માનવ કેરા નાથ!
ગજને જેમ ઉગારિયો તારો મુજને નાથ!

ગોવિંદદાસનો ઉત્તર હતો:

તારે હાથ બધું પ્રભુ, તું જો થાય સહાય;
બલ પ્રગટે બંધન છૂટે, સર્વે મળે ઉપાય.






ગુરુ તેગબહાદુર (ઈ. ૧૬૨૧ થી ૧૬૭૫): છઠ્ઠા ગુરુ હરગોવિંદના મોટા ભાઈ. ૭મા ગુરુ હરરાય અને ૮મા ગુરુ હરિકૃષ્ણના સમયમાં શીખ-સમાજમાં વધતા વર્ચસ્‌ને કારણે મસનદોમાં પ્રવેશેલી ગેરરીતિઓને સુધારવા ચુસ્ત અને ઉગ્ર જુસ્સાવાળા તેગબહાદુરને ૯મા ગુરુ સ્થાપવામાં આવ્યા. પૂર્વમાં છેક સિલ્હટ અને ચિતાગૅાગ સુધી પ્રવાસ ખેડી એમણે ત્યાં ગુરુ નાનકનો સંદેશ પહોંચાડ્યો હતો. રાજકીય જુલ્મો સામેના એમના અડગ વલણથી ક્રુદ્ધ ઔરંગઝેબે એમને કેદ કરી, કાઝીઓ સમક્ષ મુકદ્દમો ચલાવડાવી, દિલ્હીના ચાંદની ચૅાકમાં એમનો શિરચ્છેદ કરાવ્યો. નીચે એમના વધસ્થાનનો એ વિસ્તાર એ સમયમાં કેવો હતો તેનું ચિત્ર આપ્યું છે. ડાબી બાજુએ: વધસ્થાને રચાએલું આજનું ‘ગુરુદ્વારા શિશગંજ’. (ત્રણે ચિત્રો ગુરુચરનસિંહના પુસ્તક ‘ગુરુ તેગબહાદુર’માંથી સાભાર.)


‘ને પછી તો દિત્તુ સાથે ગુરુપદના અધિકારના પ્રતીકરૂપ શ્રીફળ વગેરે પણ મળ્યાં છે.’

‘ગુરુદિત્ત એ સંદેશો લઇને આ તરફ આવ્યો, એમાં તો એ લોકોએ માન્યું કે એક કેદી ભાગી ગયો!’ કહીને જૈતે વાત આગળ ચલાવી:

ત્રણ દિવસ સુધી બાદશાહે મતિદાસ વગેરેને ઈસ્લામ સ્વીકારવા સમજાવ્યા. ગુરુ તેગબહાદુરને ચમત્કાર દર્શાવવા કે ધર્માંતર કરવા સમજાવ્યા. તંગ કર્યા. આખરે ગુરુની નજર સામે શિષ્યોને ક્રૂર રીતે મારી નાખવામાં આવ્યા.

બીજે દિવસે સવારમાં દિલ્હીના ચાંદની ચૅાકમાં ગુરુનો ય શિરચ્છેદ કર્યો ને શિર ને કબંધ ત્યાં જ પડ્યાં રહેવા દીધાં. પણ કોણ જાણે શું થયું! એકાએક આંધી ઊઠી. એમાં વળી લખીશાહની વણઝાર બળદગાડાં, ને ઊંટ, ને ઘોડા સાથે, મારમાર કરતી નીકળી, એના આઠ પુત્રો સાથે. તે ક્યાંય સુધી ધૂળ આડે કોઈને કાંઈ ભળાયું જ નહિ. ધૂળ







ગુરુ ગોવિંદસિંહ–કિશોરવયે (શ્રી ગુરુચરનસિંહના સંગ્રહમાંથી) અને ગુરુ ગોવિંદસિંહ–પુખ્તવયે (૧૮મી સદીના કાંગડા શૈલીના એક ચિત્રમાં)
નીચે : બિહારમાં પટણા મુકામે 'તખ્ત હરમંદિર'—ગુરુ ગોવિંદસિંહનું જન્મસ્થાન

બેઠી હશે ને જોયું હશે ત્યારે નહિ દેખાયું હોય ધડ કે નહિ દેખાયું હોય મસ્તક! ઔરંગઝેબને ચમત્કાર જોવો'તો ને, તે જોવા મળ્યો!

'પણ ધડનું શું થયું?' કૃપાલે પૂછ્યું.

'મેં રસ્તામાં સાંભળ્યું કે લખીશાહના ગામડે—રાયસણામાં—એના ઘરને ભયંકર આગ લાગી!'

'સમજ્યો! ગુરુના કબંધને અગ્નિસંસ્કાર આપવા શિષ્યે ઘર જલાવ્યું! વાહ ત્યાગ!' ગોવિંદે કહ્યું.

પછી તો કૃપાલે ગુરુ ગોવિંદના વિકાસને અકલ્પ્ય વેગ મળે એમ કરવા માંડયું. ગુરુ માટે ભેટ વગેરે લેનાર મસન્ડો પોતે જોરાવર બની બેઠા હતા તે પ્રથા ટાળી. ભેટ તરીકે શસ્ત્રો, તંબૂઓ, ઘોડા, હાથી વગેરે આવવા માંડયું. પરિગ્રહ ન થાય, ત્યાગ કેળવાય, શાસ્ત્રની સાથે શસ્ત્ર ને ભૌતિક સંપત્તિની સાથે આંતરિક સંપ્રાપ્તિ પણ થતી રહે, બધી યે પ્રાપ્તિ સૌની સહિયારી બને, સૌ સમાન બને એવું એક જબ્બર સંગઠન ગુરુએ કરવા માંડયું. જોતજોતાંમાં એમનું નગર યોદ્ધાઓના પડાવ જેવું થઈ ગયું. આનંદપુર સિવાય પણ જ્યાં જ્યાં શીખ હોય ત્યાં ત્યાં મનથી અને તનથી એ સબળ-સ્વમાની બને એમ એણે સમગ્ર ધર્મની પુનર્વ્યવસ્થા કરી. સ્થળે સ્થળે સંગઠનો ઊભાં કર્યાં. લંગરો (સમૂહ રસોડાં ને ભોજનગૃહો) ઊભાં કર્યાં. એક મોટું નગારું બનાવડાવ્યું. તે સવારસાંજ વાગતું ત્યારે આસપાસનાં ગામો ગાજી ઊઠતાં. સરહદ પરનાં રાજ્યો એથી ડર્યાં—ખાસ કરીને રાજા ભીમચંદ.

એ જ વખતે આસામના રાજપુત્રે કીમતી વસ્ત્રો, અશ્વો, સિંહાસન ને ગજ ભેટ ધર્યાં. રાજા ભીમચંદના પુત્રની ત્યારે શ્રીનગરના રાજા ફતેહચંદની પુત્રી સાથે સગાઈ થવાની હતી. ભીમચંદે પેલી ભેટો આ અવસરે પોતાને ઉછીની આપવા ગુરુને સંદેશો મોકલ્યો. ગુરુએ એને દાદ ન દીધી. ભીમચંદે કહેવડાવ્યું: તો યુદ્ધ માટે તૈયાર રહેજો.'

તે દિવસોમાં સોળ-સત્તર વર્ષની ઉંમરના ગુરુ વીર વિક્રમની માફક રાત્રે લંગરની મુલાકાતો લઈ, બીજે દિવસે સવારની સભામાં એનું બયાન આપી, સૌને વિનોદ આપતા. સોનામહોર સંતાડતા સંન્યાસીને ઠપકો આપતા. બંને હાથે તીર ચલાવતા. સારા શસ્ત્રવીર બન્યા. 'જાતિભેદ ટાળો' એવો ઉપદેશ આપવાને બદલે કોઈ કલાલની પાસે જમવા બેસી જઈ, 'કલાલ ગુરુ કે લાલ' બોલીને હસતા અને સૌને પાણી આપવાનું કામ એને સોંપતા. ઈ. ૧૬૮૨ સુધીમાં તો એમણે અકલ્પ્ય માનસિક વિકાસ સાધ્યો હશે એમ ત્યાં સુધીની એમની કાવ્યરચનાઓ પરથી લાગે છે. સારા શાસ્ત્રપ્રવીણ પણ હતા. ફિરદૌસીના 'શાહનામા'ને આપણા મહાકાવ્ય-પુરાણોનો સારો અભ્યાસ કર્યો હતો. વીસની વય પહેલાં 'ચંડીચરિત્ર' અને 'કૃષ્ણઅવતાર' જેવી પકવ કૃતિઓ એમણે રચી હતી.





ફતેહગઢ-અંબાલા, જ્યાં ગુરુ ગોવિંદસિંહના બે નાના પુત્રોને જીવતા ચણી લેવામાં આવ્યા હતા, એ સ્થાન પરનું ગુરુદ્વારા.

આરંભની રચનાઓ 'જપ', તથા 'અકાલ ઉસ્તાત' તો ૧૬–૧૭ની ઉમરે કરેલી છે. 'આદિગ્રંથ' એમને કંઠસ્થ હતો. પિતાના કવિ-દરબારની પરંપરા એમણે જાળવી હતી. લગ્ન પણ કર્યાં હતાં.

આઢારેકની ઉમર હશે. દૂનઘાટીના રાજા મેદિનીપ્રકાશે એમને પોતાના પ્રદેશમાં નિમંત્ર્યા. ગુરુ ગયા. ત્યાંનાં જંગલોમાં એકલે હાથે, માત્ર તલવારને સહારે, શિકારો ખેલ્યા. ત્યાંની અનુપમ પ્રકૃતિથી આનંદ-વિભોર બની કલાકોના કલાકો ધ્યાનમાં ગાળતા. અધ્યયન માટે પણ એ સ્થળ ઉત્તમ લાગ્યું. રાજાની અનુમતિથી ત્યાં પાંવટા નગરની સ્થાપના (ઈ. સ. ૧૬૮૫માં) કરી. મજબૂત કિલ્લો બાંધ્યો. ત્રણ વર્ષ ત્યાં રહ્યા. પરસ્પરના વેરી એવા ગઢવાલ અને નહાનના રાજાને નજીક લાવ્યા. અન્ય કેટલાંક રાજ્યો ગુરુની વધતી જતી સૈન્યશક્તિથી ડરવા લાગ્યા. મુસ્લિમ સંતમિત્ર બુધુશાહે મોકલેલા અને મોગલ સમ્રાટની ખફગીનો ભોગ બનેલા પાંચસો પઠાણોને ય ગુરુએ આશરો આપ્યો. 'દશમગ્રન્થ'માંની ઘણીખરી કૃતિઓ, પોતે બોલે અને ભાઈ મણિસિંહ લખી લે એ રીતે, રચાઈ-લખાઈ. એમાં 'શસ્ત્રનામમાલા' 'વર શ્રી ભગવતીજી કી' (પંજાબી બ્લૅંક વર્સના પ્રથમ પ્રયોગ અને 'વર' સ્વરૂપની આદિરચના તરીકે), 'કૃષ્ણઅવતાર', 'ચંડીચરિત્ર' વગેરે નોંધપાત્ર છે.

કોઈ પણ કોમ માટે શાસ્ત્રો અને સંસ્કૃત ભાષાનાં દ્વાર ખુલ્લાં હોવાં જોઈએ એ આગ્રહથી ગુરુએ કહેવાતી નિમ્ન જાતિના પાંચ શીખોને કાશી મોકલી પંડિત કર્યા. પછી એ દરેકે પાંચપાંચ શિષ્યો તૈયાર કરી કાશી મોકલવા માંડ્યા.

પાંવટામાં હતા તે દરમિયાન એક શિષ્યની સહાયે ગુરુને દહેરાદૂન જવું પડ્યું ત્યાંથી પાછા ફર્યા કે તરત જ પહાડી રાજાઓએ હલ્લો કર્યો. દુશ્મન સૈન્ય પાંવટા પહોંચે તે પહેલાં જ ગુરુ સૈન્યે એને છ માઈલ દૂર ભંગાની આગળ આંતરવા ધાર્યું. પેલા પઠાણોએ દગો દીધો. એ દુશ્મન સૈન્યમાં જઈને ભળ્યા. એ સાંભળતાં જ બુધુશાહ પોતાના ચાર પુત્રો, એક ભાઈ અને સાતસો સૈનિકો સાથે આવીને ગુરુપક્ષે ભળ્યા. ગુરુના જ શિષ્યોમાંથી ૪૦ ઉદાસીઓ ડરીને નાસી ગયા! ઘોર યુદ્ધ મચ્યું. ગુરુ જીત્યા. ત્યારે ય એમના ઉદ્‌ગારો તો આ હતા:

> એના પ્રસાદે યુદ્ધમાં જીત્યા અને
> એના પ્રસાદે દાન પણ કરતા અમે;
> એના પ્રસાદે ઊણું કંઈ યે ના રહે,
> એની કૃપાથી આ છલોછલ ધામ છે.
> એના પ્રસાદે પામતા વિદ્યા અને
> એની કૃપાથી શત્રુઓ સઘળા ટળે;
> મહેર એની છે કે સજ્જ અમે છીએ,
> નહિ તો દીન કરોડ મુજસમ કૈં પડ્યા!

પાંવટાથી એ પાછા આનંદપુર આવ્યા. ત્યાં નવેસરથી કિલ્લો બંધાવ્યો. ગુરુની વધેલી તાકાતથી ડરીને ભીમચંદે સુલેહ કરી; તો, એની ખાતર ઔરંગઝેબના સૈન્ય સાથે લડવા ગયા અને જીત્યા.

પણ હવે શાન્તિથી બેસાય એવું નહોતું. પંજાબના શાસક દિલાવર-ખાંએ ગુરુ પાસેથી અને સરહદના સૌ રાજાઓ પાસેથી કર ઉઘરાવવા પોતાના પુત્રને મોકલ્યો. સાથે અગિયાર હજારનું સૈન્ય હતું. રાજાઓએ તો કર ભરી દીધો. ગુરુએ સતલજને કાંઠે મોગલ સેનાનો મુકાબલો કર્યો, ને એને નામોશીભરી હાર આપી.

એટલે ગુલામહુસેનની સરદારી નીચે બીજું મોગલ કટક ઊમટ્યું. ભીમચંદ ને અન્ય રાજાઓ ડરી ગયા, ને હુસેનને પક્ષે જઈ નજરાણું ભરી દીધું! એકમાત્ર ગુલેરના શાસક ગોપાળસિંહે ન ભર્યું. એણે ગુરુની મદદ માગી. વળી યુદ્ધ; વળી વિજય.

ગુરુ-પરિવાર હવે વધ્યો હતો. ગુરુપત્ની સુંદરીજીથી અજિતસિંહ (૧૬૮૬) અને બીજી પત્ની જીતોજીથી જૂઝારસિંહ (૧૬૯૦), જોરાવર-સિંહ (૧૬૯૬) અને ફતેહસિંહ (૧૬૯૯) એમ ચાર પુત્રો હતા. (નામ પાછળ 'દાસ' અને 'રાય'ને બદલે 'સિંહ' લગાડવાની પ્રથા પણ ગુરુએ જ શરૂ કરી હતી. એટલે જ પોતાનું નામ ગોવિંદદાસ કે ગોવિંદરાય હતું તે ગોવિંદસિંહ કર્યું હતું.) જીતોજીના અવસાન પછી શિષ્યોના ને માતાના આગ્રહે એમણે સાહેબકૌર સાથે લગ્ન કર્યાં ત્યારે વિરક્તાવસ્થા બન્નેએ સ્વીકારેલી હતી. તેઓ 'ખાલસાની માતા' કહેવાયાં. (અનુ. પૃ. ૫૨૧)



'હજુર સાહેબ'—નાંદેડ, જ્યાં ગુરુ ગોવિંદસિંહનો (મહારાષ્ટ્ર) ઈ. સ. ૧૭૦૮ની ૭મી ઑક્ટોબરે વધ થયો હતો, એ સ્થાન પરનું ગુરુદ્વારા.

પુલિન નામે છોકરો

અશ્વિન દેસાઈની વાર્તા

એનું દર્શન...એનો પરિચય...અને...

આમ તો અમારી ચાલમાં બધા જૂના જ ભાડૂતો છે. ભાડું ઓછું અને સ્ટેશનથી નજીક એટલે ખાસ કોઈ છોડીને જવા તૈયાર ન થાય. પણ નવનીતલાલને મ્યુનિસિપાલિટી તરફથી નહિ જેવા ભાડામાં આલીશાન બ્લૉક મળેલો એટલે એઓ અમારી પાસેવાળી એમની રૂમ ખાલી કરી ગએલા.

મકાનમાલિક બ્રાહ્મણ છે, અને પાછો રૂઢિચુસ્ત, એટલે 'પરમાટી' ખાવાવાળો ભાડૂત તો ન જ ચાલે. ઉપરાંત ભાડૂત પરણેલો હોવો જોઇએ એ એમની પહેલી શરત! એટલે પુલિન લોખંડવાળા કરીને કોઈ 'છોકરો' બાજુમાં રહેવા આવે છે એમ સાંભળેલું ત્યારે હું નવાઈ પામેલી.

યાદ છે ત્યાં સુધી તો બાપા જ ખબર લાવેલા કે પુલિન લોખંડવાલા કરીને કોઈ છોકરો......

બા થાળીમાં ચોખા વીણતી હતી તે એકદમ થંભી ગએલી. 'પરણેલો છે કે કુંવારો?' તેણે સહેજ ચિંતાથી પૂછેલું. 'ભગતરામ એકલો જ છે!' બાપા નફિકરું હસેલા. બા ફરીથી નીચું જોઇને ચોખા વીણવા માંડેલી.

વાત આવ્યા પછી તો ઘણા દિવસ સુધી પુલિન દેખાએલો નહિ. અમને થયું કે ઘરમાલિક સાથે કંઈ વાંધો પડ્યો હશે, અથવા એને પાછળથી રૂમ માફક આવે એવું લાગ્યું નહિ હોય.

પણ પછી એક દિવસ ખરેખર નવનીતલાલ અને ઘરમાલિકની સાથે એક છોકરો આવતો દેખાએલો. એને જોતાંની સાથે જ મને ખાતરી થઈ ગએલી કે એ જ પુલિન લોખંડવાલા.

નવનીતલાલે તાળામાં ચાવી ભરાવેલી અને પુલિન ચાલમાં આજુ-બાજુ નજર કરતો ઊભો રહેલો. દરમિયાન ઘરમાલિકે ધીમેધીમે એની સાથે કંઈક વાત કર્યા કરેલી. બારણું ઉઘાડીને ત્રણે જણ રૂમમાં ગયા અને હું વાંચવામાં પડી ગઈ. થોડી વારે ત્રણે જણા વાતો કરતાકરતા રૂમની બહાર નીકળ્યા. નવનીતલાલે જ તાળું મારેલું અને બધાની પીઠ દેખાતી ત્યારે મેં ધારીને પુલિન લોખંડવાલાને જોઈ લીધેલો.

હવે તો પુલિન સાથે સારી એવી ઓળખાણ થઈ ગઈ છે. કોઈ વાર તે ઊઠવામાં મોડો પડી જાય ત્યારે પાણીની ખાલી ડોલ લઈને અમારે ત્યાં આવે.

'એય, ભાઈસાબ! પાણી કંઈ મફતમાં નથી આવતું! ઉજાગરા કરવા પડે છે!' બા પાછળ હોય એટલે હું પુલિનને કહી દઉં.

'મને ખબર છે, હં!' કહીને પુલિન મલકાતોમલકાતો પાછળ જવા માંડે.

'તો પછી જલદી ઊઠતાં શું થાય છે?'

'તમે લોકો તો જલદી ઊઠો છો, પછી બધાંએ જલદી ઊઠી પડવાની શી જરૂર?' પુલિન મને ગરમ કરવા પ્રયત્ન કરે.

'તે તમે નાહો છો તે અમારે માટે નાહો છો?'

'હા, વળી! હું ન નાહું ને રોગચાળો ફેલાય તો સૌને જ લાગે ને?'

એટલામાં બા આવી ચડે: 'શું છે, પુલિનભાઈ?'

'બા, એમને રોજ રોજ પાણીની ટેવ નથી પાડવાની!' હું જોરથી બાનો ખભો હલાવું. પુલિન નાક ઉપર આંગળી મૂકીને આંખો કાઢે. બા હસવા માંડે અને પુલિન પાણીની ડોલ ભરીને ચાલતો થાય.

કોઈ વાર પુલિન બહાર જવાનો હોય ત્યારે દૂધની તપેલી અમારે ત્યાં આપવા આવે. હું હાજર હોઉં તો અચૂક જીભાજોડી થાય: 'તમારે બહાર ફરવા જવાનું, ને અમારે અહીં તમારે માટે દૂધ લેવાનું, એમ ને?'

'તમને કોણ ના પાડે છે? તમે પણ ફરો ને!' પુલિનના ચહેરા ઉપર હમેશનું સ્મિત હોય. 'પછી તમારી આ સેવા કોણ કરશે?'

'અમારે તો ઘણા! સામે ચાલીને ય અમારું કામ માગે!'

'આ—હા, હા, હા! તો પછી અહીં શું કામ ગાળો ખાવા આવો છો?'

'પાડોશી છે પછી બીજાને શું કામ તસ્દી આપવી?'

'પાડોશી થયા તે ગુનો કર્યો?'

'ચોક્સ! કામ ન થતું હોય તો ઘર ખાલી કરી જાઓ!'

'બીજા કોઈ સારા ભાડૂત આવશે તો જરા સારું પડશે!'

પુલિન ચાલ્યો જાય એટલે હું એની પાછળ દાંત કચકચાવું.

પુલિન ફુરસદના સમયે ઘણી વાર બાપા પાસે આવીને બેસે અને રાજકારણની ચર્ચા ખૂબ રસપૂર્વક કરે. હું સાંભળ્યા જ કરું. એ વખતે એનામાં રહેલા ગંભીર પુલિનનાં દર્શન થાય. ત્યારે એ યુવાન છોકરો લાગવાને બદલે કોઈ ઘડાએલો પુરુષ લાગે.

પુલિન પોતે બી.એ. થએલો છે. કોઈ છાપામાં નોકરી કરે છે એટલે એના જવા-આવવાના ટાઈમનાં કોઇ ઠેકાણાં નહિ. છતાં કોઈ વાર ફુરસદના સમયે ઘેર આવ્યો હોય તો, એ બી.એ.ના વિષયોમાં મને માર્ગદર્શન આપે.

એક વાર કૉલેજની ઑફિસમાં પુલિનને જોઈ પાડેલો ત્યારે નવાઈ પામીને મેં પૂછેલું: 'તમે અહીં ક્યાંથી?'

'કેમ? આ જગ્યા મારે માટે નથી? તમારો જ ઈજારો છે?'

જવાબમાં હું હસી પડેલી: 'ના, ના. પણ બોલો તો ખરા! અમારે ત્યાં જ્યારે બહારના છોકરાઓ કૉલેજમાં દેખાય ત્યારે અમે સમજી જઇએ કે એઓ શાને માટે આવ્યા છે!'

મેં સહેજ મર્મવાળું સ્મિત કરેલું એટલે પુલિન હસેલો.

'ન તો હું બહારનો માણસ છું, કે ન તો કોઈ એવા કામ માટે આવ્યો છું. હું તો આ કૉલેજમાં એમ.એ. કરું છું!'

'એમ? ક્યારથી? મને તો ખબર પણ નહિ!'

'ખબર ક્યાંથી પડે? આજે પહેલી જ વાર કૉલેજમાં આવ્યો! તે પણ બીજી ટર્મની ફી ભરવાની છે એટલે!'

'કૉલેજ ઍટેન્ડ નથી કરતા?'

'કરવાની ઇચ્છા તો છે, પણ ટાઈમ જ ક્યાં મળે છે?' કહી ઝડપથી આડીઅવળી વાતો પતાવી ચાલ્યો ગએલો. હાથમાં લંચ-બૉક્સ હતું.

મને ખયાલ છે ત્યાં સુધી પુલિન કોઈ લૉજમાં જમવા જાય છે. અને રાતના ઘણી વાર ખૂબ મોડો આવે છે. સવારે પણ ચાર વાગ્યાથી જ એના રૂમની લાઈટ બળતી દેખાય. એક વાર મેં પૂછેલું કે તમે વાંચો છો ક્યારે? ત્યારે એણે જવાબ આપેલો કે રાત કોના બાપની છે?

કોઈ વાર પુલિનના હાથમાં બ્રેડનું પૅકેટ દેખાય ત્યારે હું જાણી જાઉં કે આજે જમવા ગયો હશે ત્યારે લૉજ બંધ થઈ ગઈ હશે.

પુલિનનો સ્વભાવ મળતાવડો છે એટલે ચાલીમાં સૌ સાથે ભળી ગયો છે. પણ આમ એનું બોલવાનું ખૂબ ઓછું. બનતાં સુધી કામ પૂરતી જ વાત કરે. એની રૂમમાં પણ એને કોઈ દિવસ ગાયન ગાતો સાંભળ્યો નથી!

રવિવારે અમારી રૂમમાં છાપાં જોવા પુલિન આવે ત્યારે કોઈ વાર બા ધીમેથી પૂછે: 'પુલિનભાઈ, લગન કેમ કરી નથી લેતા?'

પુલિન છાપામાંથી બહાર નજર કાઢે એટલે હું ને બા જવાબની આશામાં એની સામે જોઈએ.

પુલિન થોડી વાર કંઈક વિચાર કરતોકરતો બાની સામે જોઈ રહે અને ફરીથી છાપું વાંચવા મંડી જાય.

બા ફરીથી મક્કમ રીતે પૂછે: 'હેં પુલિનભાઈ?'

પુલિન વાંચતાવાંચતાં જ જવાબ આપે : 'જવા દો ને વાત! લગન કરવાથી પણ શો ફાયદો?'

બા ડાહી શિખામણ આપે; 'ભાઈ, હમણાં ખબર નહિ પડે. જુવાનીના દહાડા તો નીકળી જાય; પણ ઘડપણમાં સથવારાની જરૂર પડે!'

'સથવારો તો નભે ત્યારે સથવારો બને; બા!' પુલિન છાપું બંધ કરીને એકદમ બોલી પડે એટલે અમે ચોંકી જઈએ. પુલિન કંઈક વધારે બોલવા પ્રયત્ન કરે. પછી કંઈ જ બોલી ન શકે એટલે ફરીથી છાપામાં માથું નાખી દે. મારા મનમાં વિચારો મૂકીને પુલિન ચાલ્યો જાય.

પછી દિવસો સુધી મને પુલિનની આંખનો પેલો ભીનો ખૂણો દેખાયા કરે! અને પુલિનના પેલા શબ્દો ઘડિયાળની ટકટકની માફક તાલબદ્ધ...સથવારો તો...સથવારો તો...

બળેવના દિવસની વાત છે. પુલિનને પણ રજા હતી એટલે ઘેર જ હતો. આખી ચાલીમાં આનંદનું વાતાવરણ હતું. નવી સાડીઓ ને નવો ઉત્સાહ લઈને બહેનો ફરતી હતી. હું સવારે મારા ભાઈને ત્યાં રાખડી બાંધવા જતી હતી ત્યારે પુલિનના ઘરમાં સહેજ ડોકિયું કરેલું. પુલિન ખાટલામાં પડ્યો પડ્યો કંઈક વાંચતો હતો.

રસ્તે મને એના જ વિચારો આવ્યા. શું એને કોઈ બહેન પણ...

પણ હું સાંજના પાછી ફરી ત્યારે એક છોકરીને મેં પુલિનના ઘરમાં જતી જોઈ. સરસ કપડાં હતાં અને ચહેરા ઉપર આનંદ પણ હતો એટલે મારા મનમાં શાંતિ થઈ. આખરે પુલિનને રાખડી બાંધવાવાળી કોઈ બહેન તો છે! હું ઝડપથી કપડાં બદલીને પુલિનની બહેનને જોવા માટે ઓટલા ઉપર ઊભી રહી. થોડી વારે છોકરી હસતીહસતી બહાર આવી. પુલિનના જેવો જ ગોળમટોળ ચહેરો! મને ખૂબ આનંદ થયો. પુલિન પણ પાછળ આવ્યો અને ઉંબરા ઉપર ઊભો રહ્યો. છોકરીએ પોતાનો હાથ ઊંચો કરીને, હસીને 'આવજે' કહ્યું. જવાબમાં પુલિનનો હાથ પણ ઊંચો થયો...અને ધીમે ધીમે નીચે બેસી ગયો.

મેં પુલિનના હાથમાં ધારીને જોયું તો રાખડી નહોતી! કંઈ પૂછું એ પહેલાં તો પુલિન પાછો પોતાની રૂમમાં ચાલ્યો ગયો.

હું ખૂબ જ વિચારમાં પડી ગઈ. શું એ પુલિનની બહેન નહિ હોય? પણ ચહેરે-મહોરે તો બરાબર પુલિન જેવી જ હતી! હા, પણ કદાચ મને એવો ભ્રમ પણ હોય! એ છોકરી કદાચ...

વિચારોને અંતે હું ઘરમાં ગઈ. ભાઈને ત્યાં લઈ ગએલી તે થેલીમાંથી એક રાખડી કાઢી. અચકાતે પગલે હું પુલિનની રૂમ તરફ ગઈ.

બારીમાંથી જોયું તો પુલિન ટેબલ પરની ચોપડીઓ ગોઠવતો હતો. મેં બારણા પાસે જઈને ધીમેથી કહ્યું: 'અંદર આવું કે?'

'હા, હા. આવો ને!' પુલિન એકદમ ચોંક્યો. 'આ તો જરા...'

'મને થયું, આજે બળેવ છે તો પુલિનભાઈની રૂમની મુલાકાત તો લઈએ!' હું હસતાંહસતાં અંદર ગઈ.

'બહુ સારું કર્યું! એ બહાને તો તમને મારી રૂમ જોવા મળી! નહિ તો તમે ક્યાં આવો છો?' પુલિન સહેજ હસીને બોલ્યો. પણ એના ચહેરા ઉપર રોજના જેવો ઉમંગ નહોતો દેખાતો.

'આજે પણ ન વાંચો તો ન ચાલે?' મેં એનાં ચોપડાં જોઈને પૂછ્યું.

'ના. વાંચતો નહોતો! આ તો જરા ઠીક છે, ટાઇમ પાસ કરવા માટે... એક મિનિટ; હું પાણી લઈ આવું.' પુલિન ઝડપથી પાછળ ગયો.

મેં એના રૂમમાં નજર ફેરવી. એક ખાટલો, એક ટેબલ, એક ખુરશી, ચોપડીઓ, ઘડિયાળ ને ટેબલ પરની ફ્રેઈમમાં ગોઠવેલો કોઇ છોકરીનો ફોટો. મેં ધારીને જોયું. એ છોકરી થોડી વાર પહેલાં જોઈ તે જ કે બીજી કોઈ, તે બરાબર પારખી શકાયું નહિ. પુલિન પાણી લઇને આવ્યો.

'આવી ફૉર્માલિટી ન કરો તો ન ચાલે?' મેં હસીને પૂછ્યું.

'એમ કંઈ ચાલે કે? આજે બળેવના દિવસે તો તમારે મારા હાથની ચા પણ પીવી પડશે!' પુલિન ફિક્કું હસ્યો.

'હું તમને રાખડી બાંધવા આવી છું!' મેં પાણી પીને ગ્લાસ બાજુ પર મૂક્યો.

'રાખડી ને?' પુલિન ધીમેથી ખુરસી પર બેઠો ને માંદલું સ્મિત કર્યું. 'વીરપસલી નહિ આપો તો ચાલશે; પણ રાખડી...'

'બહેન, રાખડી મારાથી બાંધી શકાય એમ નથી!' પુલિન ઝંખવાણો પડી ગયો. એના અવાજમાં ડૂમો ભરાઈ આવ્યો.

'કેમ?' મેં આશ્ચર્યથી પૂછ્યું.

'હમણાં જ, તમે કદાચ જોઇ પણ હશે, મારી બહેન પણ આવી ગઈ!' પુલિને ધીમેથી કહ્યું: 'પણ આ ફોટો જોયો?' પુલિને ટેબલ પર આંગળી ચીંધી.

'હા, એ કોનો છે?' મેં સહેજ ચિંતાથી પૂછ્યું.

'એ મારી પત્નીનો છે! લગનના છ મહિના પછી ગયા વર્ષે ટાઈફૉઈડમાં...' પુલિન ધીમો પડી ગયો ને વધારે કંઈ જ બોલી શક્યો નહિ.*

હું એની આંખના ખૂણામાં ચમકતી ભીનાશને જોઈ રહી. □

* દક્ષિણ ગુજરાતમાં એક જૂની માન્યતા છે કે વિધુર પુરુષ બળેવના દિવસે હાથ પર રાખડી બંધાવી શકે નહિ.

જીવનવૃક્ષ : જુઓ 'પચ્ચીસ વર્ષ પહેલાં'ની ચિત્રજ્ઞાનની તકતી

અબજો વર્ષ પહેલાં આ પૃથ્વી એક સળગતો તારો હતી. તે ઠરીને ધીમે ધીમે તેનું બંધારણ ઘટ્ટ થતું ગયું અને તે પછી તેના પર વાતાવરણ સરજાવા માંડ્યું. એ વાતાવરણની વરાળ ઠરતાં તે પર પાણી ઉત્પન્ન થયું, ને પછી એ પાણીમાં પહેલવહેલી જીવસૃષ્ટિ આજથી આશરે ત્રણેક કરોડ વર્ષ પર અસ્તિત્વમાં આવી. એનો ધીમે ધીમે જે ક્રમવિકાસ થતો ગયો તેના, એ જીવસૃષ્ટિના પ્રકાર ઉપરથી, વૈજ્ઞાનિકોએ જુદા જુદા યુગ પાડ્યા છે. એ જીવસૃષ્ટિ સૌપ્રથમ છીછરા પાણીમાં એક કોષવાળા છોડ ને જલ-જીવ રૂપે પ્રકટી. વખત વીતતો ગયો તેમ વાદળી બનાવનારાં જીવડાં, જેલી-ફિશ નામની પોચી માછલી, પરવાળાંનાં જીવડાં અને ટ્રાઇલોબાઇટ તથા ગૅસ્ટ્રોપૉડ નામના, શરીર બહાર હાડકાનાં કઠણ કોટલાંવાળા જીવ તેમાં સરજાયા. આ જીવ-સૃષ્ટિની સાથે વનસ્પતિ-સૃષ્ટિ પણ પાંગરી. દરિયાઈ ઘાસ, ઠેયા વગેરે પાણીમાં થયાં અને ઘોડાપુચ્છ જેવી વનસ્પતિ તથા શેવાળ વગેરે જમીન-કિનારા આગળ પ્રગટવા લાગ્યાં. ધીમે ધીમે મોટી માછલીઓ, કરોડવાળાં પ્રાણીઓ, ગરોળીઓ જેવા જીવ, મોટા મગરો અને તે વધીને પેટે ચાલતાં મહાકાય રાક્ષસી પ્રાણીઓ વિકસતાં ગયાં. તેમાંથી ટૂંકી સૂંઢના હાથી, કૂતરા જેવો ઘોડો, ડુક્કર–વાઘ–વાનર–હરણ આદિના મિશ્રણવાળાં પ્રાણીઓ, એવા, આજનાં પ્રાણીઓના ચિત્રવિચિત્ર વડવા ઉત્પન્ન થયા.

તે પછી ક્રમેક્રમે એ વડવાઓનાં દેહબંધારણ આ પૃથ્વીના વાતાવરણ પ્રમાણે પલટાતાં ગયાં અને આજનું સ્વરૂપ લેતાં ગયાં; અને એ બધાંની વચ્ચેથી વાનર અને નરવાનરની શાખામાંથી જંગલી માનવ પ્રકટ્યો, જે જ્ઞાન અને વિજ્ઞાનની સહાયે ધીમે ધીમે સુસંસ્કૃત થઈ આજે જીવસૃષ્ટિના કિરીટ રૂપ સોહે છે.

ગ્રીક કવિ
એસ્કિલસ કૃત
વિખ્યાત નાટક

ઍગામેમ્નૉન

કથારૂપ
કનુભાઈ જાની



વ 'ઑરેસ્ટિયા' એ એકમાત્ર બચેલી ત્રણ પેઢીની ગ્રીક નાટ્યત્રયી છે. એનું નામ પડ્યું છે રાજા ઍટ્રિયસના દીકરા ઍગામેમ્નૉનના પુત્ર ઑરેસ્ટસ પરથી. પેઢીઉતાર ચાલી આવતી વેર અને હત્યાની પરંપરાના એ વસ્તુ ઉપર, પરસ્પર સંબદ્ધ, છતાં પ્રત્યેક સ્વતંત્ર રચના બને એવાં, ત્રણ નાટકો એસ્કિલસે લખ્યાં છે: 'ઍગામેમ્નૉન', 'લાયબેશનબેરર્સ' અથવા 'કોએફોરી' અને 'યૂમેનાઇડ્ઝ'. એમાં 'ઍગામેમ્નૉન' એક કલાકૃતિ તરીકે વિશ્વવિખ્યાત છે.

છાપરેથી નાટકનો આરંભ–પ્રકાશની પ્રતીક્ષાથી, એક સામાન્ય માનવીની રોજિંદી યાતનાઓના ઉલ્લેખથી; જગતની ખલનાયિકાઓની દાદીમા ઠરે એવું ક્લાઇટેમ્નેસ્ટ્રાનું આલેખન; કાસાન્ડ્રાની અતિજ્ઞાનની વેદનાનું આલેખન; નિયતિનો સહજ શિકાર બનતા ઍગામેમ્નૉનનું આલેખન; શાન્તિનો જ સૂર પ્રધાન બને એ રીતે યુદ્ધ ને ખૂનનાં આલેખનો; કલ્પનાપ્રચુર ભાષાપ્રયોગો; ડ્રામૅટિક આયરનીઝ તો સ્થળે સ્થળે; લોકમાનસનું આબેહૂબ ચિત્રણ; લોહિતવર્ણી જાજમ અને જામાનો પ્રતીકાત્મક ઉપયોગ—આવાં અનેક તત્ત્વોથી 'ઍગામેમ્નૉન' જગતનાં સર્વોત્તમ નાટકોમાંનું એક ગણાય છે.

'**ઓ**...હ! હાડ આખું કળે છે' કહેતો, આર્ગોસના રાજમહેલના ઊંચેરા બુરજ પર એ બેઠો હતો ત્યાંથી ઊઠ્યો. ચટાઈ ઝાપટી. ઝાકળનાં ફોરાં ઊડ્યાં. એક લૂગડું લઈ હાથ-મોં લૂછ્યાં. પાછો, હથેળી પર મોં અને ઢીંચણે કોણી ટેકવી ઉભડક પગે ક્ષિતિજ પર નજર માંડતો ચટાઈ પર બેઠો.

ઉપર ઉઘાડું આભ હતું. હજી મોંસૂઝણું થયું નહોતું. તારકમંડળો મૂક ગોષ્ઠિમાં મસ્ત હતાં. ચારે પા'ની ક્ષિતિજે ઘૂઘવતો સાગરે ય જાણે પરોઢનાં ના'કોડાં તાણતો હતો. એની ઘેરેરાટી શાન્તિને ઘૂંટતી હતી. નીચે નજર કરતાં આખું આર્ગોસ નગર સૂતેલું લાગતું હતું. અસંખ્ય છાપરાંની સોડ તાણીને શેરી-મારગ પણ જાણે સૂતાં હતાં. અરે, મહેલના પટાંગણમાંની પેલી, કાયમ ઊભી રહેતી, પ્રતિમાઓ—ઝ્યૂસ, ઍપૉલો ને હર્મિસ—પણ અત્યારે તો જાણે નિદ્રાસ્તબ્ધ હતી. એમની આગળની વેદીઓ ય શાન્ત હતી.

'એક મારે જ ઊંઘ નહિ!' કહીને એણે ફરીથી એક મણનો નિ:સાસો નાખ્યો ને દૂર નજર માંડી. 'કશું યે નથી! ઓ ભગવાન!' કહીને એ મૂંગો થયો ને આંખો ચોળી. આજ એક વરસથી એ અહીં છાપરે છે! ટાઢ, તડકો, વરસાદ, પવન, રાત, દા'ડો–બધું વેઠતો બેઠો છે! અવકાશવાસીઓનાં પરિભ્રમણ એણે પારખ્યાં છે.

ગ્રહોના સંકેતે ભ્રમણ કરતી ચક્રગતિમાં ઋતુઓ યે જોઈ!
અને વેઠી વર્ષા, થીજવતી વળી શી શીતળતા!
અને ઊના વાયુ મહીં વળી ભૂંજાયો ય અહીં એ!
ન તો યે દેખાતો ક્ષિતિજ પરનો કોઈ અનલ!

એને રાણીનું ફરમાન છે: 'જોજે, આંખો બરાબર માંડીને ખબરદારીથી જોજે. ટ્રૉય પડશે કે તરત ત્યાંના પર્વતશિખરે અગ્નિ પેટાવાશે; અને વચમાંના ટાપુઓના ડુંગરો પરથી એના સંકેતમાં એક પછી એક અગ્નિસંકેત થયે જશે; એમ આપણી ક્ષિતિજ પરના પેલા ડુંગરે પણ જેવો અગ્નિ દેખાય કે તરત તારે મને ખબર આપવાની છે. જોજે, સૂવાનું નથી! ઝોકું આવ્યું કે તારું ડોકું સલામત નહિ રહે.'

આમ તો રાજા ઍગામેમ્નૉનને ટ્રૉય જીતવા ગયે દસકો થવા આવ્યો. છેલ્લા એક વરસથી તો એ પોતે અહીં અડીખમ મીટ માંડીને કૂતરાની જેમ ચૉકી કરતો બેઠો છે. રાણીની ફડક એવી છે કે મટકું ય મરાતું નથી. પાંપણ વચાળે જાણે ભય ઊભોઊભો પહેરો ભરે છે! અરે, મન જરાક કોઈ ગીત ગણગણવા જાય છે કે એનો મરશિયો થઈ જાય એવી સ્થિતિ છે!

'કેવો ભદ્રિક રાજા! ને હવે કેવું થઈ ગયું છે એનું જ આ ઘર...! બાપ રે! આ બાઈ! અનેક મરદોને ભાંગીને એક સરજી હોય એવી! એને હજી આશા છે કે ટ્રૉય પડશે ને તાપણું ઝગશે! છતાં નથી પેટાવાતો વિજયનો એ સંકેત,—રાણી માટે તો મહાસંદેશ.' આ એના રોજના વિચારો આજે પણ સંત્રીને આવતા હતા. ત્યાં એની આંખો ચમકી! મોં ફાટ્યું! 'હેં...! ...હા...! તાપણું!' ને સંત્રીથી ચીસ પડાઈ ગઈ: 'તા...પ...ણું...! તાપણું!...જાગજો...! જાગજો! તાપણું થયું!'

પ્હો ફાટતો હતો. નીચે પહેરેગીરોનો થોડોક સળવળાટ શરૂ થયો હતો. સંત્રીએ બૂમ પાડી: 'એ...ભાઈ! એ...! ભઈલા! જરા મહેલમાં ખબર આપો.' 'શું?' નીચેવાળાએ પૂછ્યું.

'મહેલમાં ખબર દ્યો...ટ્રૉય પડ્યું...તાપણું પ્રગટ્યું છે...તાપણું.' એણે હતા એટલા જોરથી સંભળાવ્યું.

'હેં! આપણે જીત્યા? ખરેખર?' પેલો હજી આશ્ચર્યમૂઢ બની પૂછતો હતો.

'હા ભઈ, હા. આપણા રાજા જીત્યા!' સંત્રીએ કહ્યું.

'ત્યારે તો હવે બધા આવશે?' પેલાએ પૂછ્યું.

'આવશેસ્તો... જાવ, રાણીને કહો.' 'બીજું?'

'બીજું તો ભઈ, આપણી જીભ નથી ચાલતી, હા! આ ભીંતોને ય કાન છે... રાજા ઍગામેમ્નૉનનો...જ...ય!' કહેતો એ કૂદતો, ઠેકતો, સિસોટી વગાડતો દાદર ભણી દોડ્યો–બબડતો બબડતો: 'છૂટ્યો રે...! છૂટ્યો!... ટ્રૉય પડ્યું. આપણે જીત્યા. ને હું છૂટ્યો...!' બબ્બે-ચચ્ચાર પગથિયાં કૂદતો એ મહેલમાં અદૃશ્ય થઈ ગયો.

અને મહેલમાં પણ હલચલ મચી. દીવાઓ પેટાવાતા હતા. ધૂપ થતો હતો. રાણી ક્લાઇટેમ્નેસ્ટ્રા જાતે દાસીઓ સાથે બહાર આવી. ઝ્યૂસ, ઍપોલો ને હર્મિસની પ્રતિમાઓ પાસે ધૂપ-દીપ થયા. વેદીમાં અગ્નિ

પેટાવાયો. 'અરે...એ...!' એણે એક પહેરેગીરને હાક મારી. પેલાએ સાદર માથું ઝુકાવ્યું. 'તમે અહીં કેટલા છો ?'

'આખી ટુકડી છે. રાણીજી!'

'જાવ—જુદાજુદા ભાગમાં એકસાથે—નગરજનોને જાણ કરો, આપણે જીત્યા. જાવ જલદી.' પેલો ગયો.

'અરે, અહીં તેલ પૂર...એય, જો, દીવાઓની વાટો બધી બરાબર કર. તું અત્તર બધે છાંટ.' રાણીએ એક પછી એક હુકમો છોડવા માંડયા. એનો હરખ જાણે માતો નહોતો. એણે પુરોહિતને બોલાવ્યા. દેવોને અર્ઘ્ય આપવાની તૈયારી પણ કરી. પછી મહેલ બહારના ચૉગાનમાં આવી, ઝ્યૂસની મૂર્તિ આગળ જઈ, આંખો મીંચી, નત મસ્તકે પ્રાર્થના કરવા લાગી. જેણે જોયું એને નવાઈ લાગી.

જેમજેમ ખબર ફેલાતી ગઈ તેમતેમ નગરમાંથી લોકો આવતા ગયા. જોકે નગરમાં ઝાઝા સશક્તો હતા જ ક્યાં? મોટે ભાગે તો હતાં ડોસાં-ડગરાં. ઍગામેમ્નૉન-મેનેલેઅસ સૈન્ય સાથે દસ વરસ પર નીકળેલા ત્યારે ય જે વૃદ્ધ હતા તે આજે તો કેવા હોય? ને તેમાંથી બચ્યા હોયે ય કેટલા? હા, ત્યારના છોકરડા આજે જુવાન છે, પણ એ તો આર્ગોસના રક્ષણમાં જોડાઈ ગયા છે. ત્યારની કિશોરીઓ આજની યુવતીઓ; ત્યારની યુવતીઓ આજની આધેડ; ને ત્યારની આધેડ આજની ડોસીઓ!

હા, એક જુવાન હતો: તે પછી તરત આવેલો,—મૂળ આ જ વંશનો, એટ્રિયસના ભાઈ થીસ્ટસનો પુત્ર ઈજીસ્થસ. ઍગામેમ્નૉનનો કાકાનો દીકરો-ભાઈ. એ અહીં આવીને રહ્યો છે! મનમાં વેર જ હશેને? એગામેમ્નૉનના પિતાએ એના પિતાને બાળમાંસ ખવડાવેલું, એ પિતૃ-અપમાનનું વેર વાળવાની આને જાણે તક મળી હતી. કુમળી કળી જેવી ઇફીજીનિયાનું બલિદાન ઍગામેમ્નૉને આપ્યું ત્યારથી ક્લાઇટેમ્નેસ્ટ્રાનું માતૃહૃદય પણ ઘવાયું હતું. એટલે ક્લાઇટેમ્નેસ્ટ્રાને ને ઈજીસ્થસને ગાઢ સંબંધ બંધાયો હતો. મહેલમાં જ એ પડયોપાથર્યો રહેતો. લોકોને એ ગમતું નહોતું; ખાનગીમાં સૌ એ અઘટિત સંબંધની નિંદા કરતું, પણ જાહેરમાં કોઈની જીભ ઊપડતી નહોતી. આ દસ વરસમાં ક્લાઇટેમ્નેસ્ટ્રાએ રાજ્યધુરા પોતાને હસ્તક લઈ એવી ધાક બેસાડી હતી.

'વરસને જતાં કંઈ વાર લાગે છે, હેં!' મહેલના ચૉક ભણી આવતું લોક વાત કરતું હતું.

'હા. જુઓને દસ વરસ થયાં છતાં લાગે છે જાણે ગઈ કાલે ટ્રૉયનો પૅરિસ હેલનને ઉપાડી ગયાના ખબર આવ્યા, અને બે ભાઇઓ લશ્કર લઇને ઊપડયા.' 'તમને યાદ છે?'

'અરે, નજર સામે તરે છે! જુવાનોને મોખરે આપણા રાજા એગામેમ્નૉન ને એમના લઘુ બંધુ મેનેલેઅસ હતા.'

'કોઈ પક્ષીરાજના જોડા જેવા.'

'ત્યારનો એ સૈન્યનો જુસ્સો!' 'રણનાદ!'

'અરે ઊપડયું લશ્કર દેતું હોકારા-પડકારા!'
'આભ ઊંચેરી ગિરિકરાડ પર
પંખીરાજનો એકાકી કો નીડ વીંખાતાં,
પાંખ વીંઝતું, પ્રચંડ ચીખે હવા ધ્રુજવતું,
ચક્રાતું-ઘુમરાતું જોડું પક્ષીરાજનું ધસે જેમ આકાશે!'

'તમે ખરેખર સાચું કહ્યું હો! એ તો પાકા નિર્ધાર સાથે નીકળેલું—પાઠ ભણાવવાના—એ દુરાચારીઓને, હેલનને ને પૅરિસને.'

'પણ ટ્રૉયે બન્નેને આવકાર્યાં!'

'તો એ નગરને ય એનું ફળ ભોગવવું પડયું ને?'

'નિયતિ તો, ભાઈ, કોઇને છોડતી નથી.'

'પણ આ સમાચાર સાચા છે?'

એકે રાણી પાસે જઈ, એને પૂછયું. પણ એ તો કામમાં વ્યસ્ત હતી તેથી, કે હજી નગરપ્રતિનિધિઓ નહોતા આવ્યા તેથી, કોણ જાણે, પણ એણે દાદ ન દીધી.



'તમને શું લાગે છે અદા?' ઓછું બોલતા, મનીષી જેવા લાગતા, સફેદ ઝૂલતી લાંબી મખમલી દાઢીથી શોભતા, મોટી આંખ, વિશાળ ભાલ ને ચળકતી ટાલવાળા એક વૃદ્ધને એક જણે પૂછયું.

સાચો કવિ, દેહે જર્જરિત પણ વાણી ને દર્શનથી નિત્યનૂતન રહે છે. એટલે જ કોઇએ જરાક કહ્યું: 'એમની તો હવે અવસ્થા થૈ, મનની શક્તિ યે ઘટે ને?' કે તરત આ જીવ બોલી ઊઠયો:

'અવસ્થા છોને થૈ, લગન કવિતાની પ્રભુકીધી
અથંભી આ શ્વાસે હજીય ફરકંતી પ્રબળ થૈ.'

'તો શું લાગે છે, ભા?' પેલાએ વાત વાળી લીધી.

'સાચું લાગે છે.' મનીષીએ કહ્યું ને પૂછયું: 'તે દિવસે, આ બેએ સેના સાથે પ્રયાણ કર્યું ત્યારે, યાદ છેને, બે પક્ષીરાજનાં શુભશુકન થએલાં?'

'હા, રાજમહેલે બેસી એ ગાભણી સસલીને પીંખતાં હતાં.' નગરજને જવાબ દીધો. મનીષી બોલ્યા: 'આપણા ભાવિદ્રષ્ટાએ તો તરત ભાખેલું: "આ બે પક્ષીરાજો જેમ આને પીંખે છે તેમ ટ્રૉયને પીંખશે આપણા આ બે સેનાપતિઓ."'

'પ્રભુ એમને કોઈ અનીતિ આચરતાં ને દેવી આર્ટેમીસનો કોપ વહોરતાં બચાવે! બાકી તો, એ કરુણ હશે.' નગરજન બોલ્યો.

'આપણાં તો બધાં યે છે શોકને વહતાં ગીતો!'

મનીષીએ જાણે જીવન માટે કહ્યું, ને ઉમેર્યું:

'ક્ષેમમાંગલ્યનાં અંતે, બનતાં કરુણાસ્મિતો.'

'સાચું કહ્યું, દાદા!' નગરજનો એ શ્વેત-શ્મશ્રુલ ઋષિજનને નીરખી રહ્યા. 'સૌ હેમખેમ અહીં પહોંચે, બેઉ બાંધવો, ને એમના કાફલાને કોઈ તુફાન ન નડે એ જ આપણે તો પ્રાર્થીએ.'

'હા ભઈ. પુત્રીનો બલિ દેતાં કે ટ્રૉયને ધમરોળવા જતાં જાણ્યે-અજાણ્યે આપણા રાજાથી કોઈ અપરાધ થયો હોય તો દેવ, ક્ષમા દેજે!' ને સૌએ આ પ્રાર્થનામાં સૂર પુરાવ્યા:

અમારાં સૌ ભલે હોયે શોકને વહતાં ગીતો,
ક્ષેમમાંગલ્યનાં અંતે એ થજો કરુણાસ્મિતો.
આણો, પ્રભુ, અંત જ રક્તપાતનો
ધિક્કારનો જે ચણતો મિનારો;
ભાવિ બનો નિર્ભય ભદ્ર સૌમ્ય
સૌને મળો શાન્તિ તણો કિનારો!
શોકે ભરેલા અમ સર્વ મંત્ર
શમો શુભત્વે, સહુવાંછી ભદ્ર!
પ્રબુદ્ધિની પ્રાપ્તિ પરમ દુઃખ પામ્યે પ્રગટતી;
'સહે જે તે પામે.'—તવ શિખ અમે અંતર ભરી.

પ્રાર્થનાના શાન્ત ઉદ્‌ઘોષમાં એક જણે ધીમેથી કહ્યું: 'તે દિવસે—ઑલીસ પાસે—પણ આમ જ બનેલું ને!' સૌને એ દસ વરસ પહેલાંની વાત યાદ આવી: ઍગામેમ્નૉન-મેનેલેઅસનું લશ્કર ઊપડયું. ઑલીસના બારામાંથી જેવાં વહાણો છૂટયાં કે વિપરીત વાવાઝોડું એવા જોરથી

વીંઝાવું શરૂ થયું કે વહાણુ પરસ્પર અથડાતાં, ફૂટાતાં કાંઠે ને કાંઠે ખોખરાં થઈને ભરાઈ પડયાં. મહિનાઓ વીત્યા! ખોરાક ખૂટયો. પ્રફુલ્લવદન સૈનિકો કરમાઈ ગયા! સૌ પાછા વળવા તૈયાર થયા. પણ ઍગામેમ્નૉન માને? દરિયાના તુફાન સામે ઝૂકી જવું? હાર કબૂલવી? એનું અભિમાન ઘવાતું હતું. ત્યારે પેલા ભાવિદ્રષ્ટા કેલ્કારસે ચોખ્ખું કહ્યું: 'આ તો ભા, દેવીનો કોપ, આર્ટેમીસનો.'

'પણ ઉપાય શો દાદા?' સૈનિકોએ પૂછયું.

ઉપાય જાણીને ઍગામેમ્નૉન ને મેનેલેઅસનાં મોઢાં પડી ગયાં. 'બોલો, શું કરવું છે?' સૈનિકો વારંવાર પાછળ પડયા. રાજા મૂંઝાયો: 'શું બોલું? જો ના પાડું તો ય વિપત્તિ છે; જો હા પાડું, તો શું જેને મેં આ હાથે લાડથી ઉછેરી એને આ જ હાથે મારે ક્રૂરતાથી વધેરવી? મારી જ પુત્રીના રક્તથી મારે સ્નાન કરવું? બે ય કોર ભયંકર આપત્તિ છે—તારાજી!' ને એણે દાંત ભીંસી કહી દીધું: 'જાવ! સૌ વિખરાઈ જાવ! સૌ સૌને ઘેર ચાલ્યા જાવ. લોક ભલે આપણને બાયલા કહે, રણેથી નાસી છૂટેલા કહે. જાવ, મારો હુકમ છે. આપણા કરારનો અહીં અંત આવે છે.'

'હેલનના હરણનું અપમાન ગળી જવાનું?' કોઈએ પૂછયું. રાજા ચૂપ રહ્યો. 'એ લોકો જ જો અહીં ચડી આવશે તો?' બીજાએ પૂછયું. રાજા હજી યે ચૂપ જ રહ્યો...

'ત્યારે શું કરીશું?' સેનાધ્યક્ષો તો બાઘાની માફક સાંભળી જ રહ્યા.

'પણ...પવન તો અનુકૂળ...'—ને એણે સજળ નેણે સેનાધ્યક્ષ સામે જોયું. આંખોમાંથી ડબડબ આંસુ સર્યાં. 'હં!...હા. પવન તો અનુકૂળ થવો જ જોઈએ.' ઍગામેમ્નૉન બોલ્યો.

સેનાધ્યક્ષે ધીમેથી ઉમેર્યું: 'તો પછી બલિદાન...'

રાજાએ લાચાર આંખે સેનાધ્યક્ષ સામે જોયું. જાણે અન્ય કોઈ બોલતો હોય એમ બોલ્યો: 'શું? બલિદાન જ એકમાત્ર ઉપાય છે?'

'હા. કન્યાનું રક્ત. વિફરેલી દેવીઓના ક્રોધને એ જ શમાવશે.'

'તો પછી...ભગવાન મને માફ કરે!...નિયતિને બીજી કોઈ રીતે ખાળી નહિ શકાય?' એણે પૂછયું. એ અવાજમાં વ્યથાભરી લાચારી હતી. એક તરફ દીકરીનો દ્રોહ થતો હતો—પણ એ તો ભાવિનું ફરમાન હતું—બીજી તરફ સૈન્યનો દ્રોહ થતો હતો—ન્યાયનો એ સવાલ હતો. અન્યાયને શું સહી લેવો? અન્યાયીને નસિયત ન આપવી? અધવચ્ચેથી ન્યાયને લટકતો રાખવો? 'એ ન બને.' એણે કાંઈક મક્કમતાથી કહ્યું.

'શું?' સેનાધ્યક્ષે સાશ્ચર્ય પૂછયું.

'પારોઠનાં પગલાં. હું રાજા છું.' બોલમાં ખુમારી હતી; પણ અંતર જાણતું હતું. નિયતિ આગળ એ ઝૂકી પડયો હતો!

એણે ઈફીજીનિયાને તેડાવી લીધી.—કેવી રીતે, તે પણ લોકોથી છૂપું નહોતું: રાણીને ભોળવીને, એક વીર રાજકુમારની વાગ્દત્તા બનાવવાને બહાને! જો કે આજે ય લોકમાંથી કોઈએ બોલ્યું નહિ.

'કેવી કુમળી કળીને, કેવી રીતે વધેરી!' કોક બોલ્યું.

'એનાં અશ્રુઓ, 'બાપુ, બાપુ'નું એનું ક્રંદન, એની કાચી વય—બધાં ય કરતાં એ લોકોને તો વધુ મૂલ્યવાન હતો એમનો વિજય, એમનું યુદ્ધ.' બીજાએ કહ્યું. ને એક જોનારે યાદ કર્યું: 'કોઈ વધ્ય પશુને ઊંચકે તેમ ઊંધે માથે ઊંચકી, એનાં ઝૂલતાં રેશમી કપડાં દૂર કર્યાં.' બીજાએ ઉમેર્યું: 'બાપે જ જાતે મગાવીને મોંએ ડૂચો દેવડાવ્યો! રખેને એની વેદનાભરી ચીસથી દેવ દુભાય ને વંશ પર શાપ વરસાવે!'

'એ છેલ્લી ઘડીએ એના ઘાતકો સામે આર્તિપૂર્ણ મીટ એણે માંડી. એમાં હતી અસહ્ય વેદનાની અદમ્ય, મૂક, લાચાર વાચા. પછીની વાત તો સૌ જાણે છે' કહીને એણે નિઃસાસો મૂકયો.

'હા ભઈ, કેલ્કારસનું વેણ છે: ઘાતકનો વધ થશે.'

'પ્રભુ, પ્રભુ! કાળ છે ભાઈ!'

'જે થનાર છે તે કાળ આવતાં જોઈ શકાય છે.'

'અને એમાં મીનમેખનો ફેર કોઈ કરી ના શકે!'

'ત્યારે એનું જ નામ ન્યાય ને! જે વેઠે તે પામે.'

'હવે, શું થશે—શું નહિ એની ચિંતા અત્યારથી શી?'

'હા. આ શુભ સમાચાર વખતે અશુભ શીદને સંભારવાં?'

'પણ રાણીને તો પૂછો કોઇ. એ કેમ ચૂપ છે?'

'હેં રાણીજી, આ બધાં ધૂપ-દીપ, પૂજનયજન, આ ધાંધલધમાલ શાનાં છે?' એક જણે જરા ઊંચે સાદે રાણીને પૂછયું. લોક હવે તો ઠીકઠીક ભેગું થયું હતું. કલાઈટેમ્નેસ્ટ્રાએ લોકો સામે જોઈ હરખભેર કહ્યું: 'શાનાં—તે ટ્રૉય પડયું એનાં.' 'હેં! શું? ટ્રૉય પડયું?'

'હા. ટ્રૉય આપણા કબજામાં આવ્યું.' 'એની સાબિતી શી?'

'કોઈ દેવે મશ્કરી કરી હોય તો જુદો સવાલ છે; બાકી તો આ નક્કર હકીકત છે.'

'કોઈ સ્વપ્નું તો નથી આવ્યું ને?' ટોળામાંથી કોઈકે પૂછયું.

'એવા દિવાસ્વપ્નની મને આદત નથી. એ તો તમે જાણો છો ને?'

'કોઈ નિરાધાર સમાચાર તો નથી ને?' બીજાએ શંકા કરી.

'એમ વજૂદ વિનાની વાત માની લઉં એવી કીકલી મને ધારો છો?'

'તો, કહો તો ખરાં કયારે પડયું?'

'આજ રાતે—જેણે આ સુંદર પ્રભાતને પ્રગટાવ્યું છે તે જ રાતે.'

'છેક ટ્રૉયથી અહીં—આટલે બધે આવીને તમને કોણ કહી ગયું?'

'અગ્નિદેવ.' ને એણે પોતે પેલા જ્યોતસંકેતનો યાત્રાપથ વર્ણવી બતાવ્યો. છેક ઈડાના શિખરેથી અનેક ટાપુઓને શિખરે તત્કાળ જ પેટાવાતો પેટાવાતો આ સંકેત પડોશનાઆરાક્નિયસને શિખરે પહોંચ્યો, ને ત્યાંથી રાજમહેલ પરના સંત્રીએ ઝીલ્યો. એમ ઈડાનો એ વંશજ આખરે આર્ગોસ પહોંચ્યો. 'આપણા સાગરની માછલીઓ ય જળમાં નાચવાકૂદવા માંડી—ને મહેલ પરનો પેલો સંત્રી પણ. આ રીતે આપણા સ્વામી ઍગામેમ્નૉને જાતે આ સંદેશ અહીં પહોંચાડયો છે. બીજી વધારે શી સાબિતી જોઈએ? બોલો.'

'આપણે જીત્યા! પ્રભુનો પાડ! ને મોટું આશ્ચર્ય પણ! ફરીફરીને તમારે મુખે એનું એ સાંભળવાનું મન થાય છે.' લોકોએ વિનંતી કરી.

અહીં આનંદ છે આર્ગોસમાં; પણ ત્યાં ટ્રૉયમાં શું હશે એનું તાદૃશ કલ્પનાચિત્ર રાણીએ ખડું કર્યું. 'ઉલ્લાસ ને વિલાપ. માનવતાનું ગાન એ બન્ને સૂરોને સાથે લઈને ચાલે છે. એ સૂરોનો મેળ કયાં ખાય? તેલ ને પાણી મળે—ભળે ખરાં? ટ્રૉયની શેરીઓ પરાજિતોનાં રુદન ને વિજેતાઓના જયઘોષથી ગાજતી હશે. પતિઓનાં શબો પર વિધવાઓ વલોપાત કરતી હશે. પુત્રો-પૌત્રોને સ્મરીને વૃદ્ધો રડતા હશે. બીજી તરફ રાતદિવસના સતત ઘમસાણ પછી, વિજેતા યોદ્ધાઓ જે મળે તે ઝૂંટવી લેવા, બધી જ વ્યવસ્થા—બધા જ નીતિનિયમોને નેવે પધરાવીને, ભૂખ્યા ડાંસ બનીને ટ્રૉયના ઘરેઘરને વીંખતા-પીંખતા હશે! જે મળે તે હડપ કરતા હશે! હા, કદાચ આજ રાતે, થાકયાપાકયા એ લોક સવાર સુધી ઘોરે પણ ખરા. દેવસ્થાનોને એ ન અભડાવે તો સારું. નહિ તો એમનો વિજય પરાજયનું નિમિત્ત બનશે. અતિ લોભ તે પાપનું મૂળ. મરેલાંની કદુવાથી જીતેલાઓએ બચવું જોઈએ. હજી તો એમને હેમખેમ અહીં ઘર ભેગા થવાનું છે તે એ ન ભૂલે તો સારું. પ્રભુ તેમને હેમખેમ પહોંચાડે ને આપણને એ સારા દિવસ દેખાડે. મારી તો ભાઈ, અબળાની મતિ. મને આમ લાગે છે. આ આવે છે એને ય હું તો મારે માટે મોટું વરદાન માનું છું. આનો હરખ મારે હૈયે માતો નથી.'

આ શબ્દો સાથે રાણી પાછી મહેલમાં ગઈ. એ શબ્દોમાં સુજ્ઞને જ સૂઝે તેવો વિવેક હતો. 'કેવી સાચી વાત કહી!'

'હા, ભઈ, આપણે વિજયના મદમાં છકી જવું ન જોઇએ.'

'હાસ્તો, આપણે જીત્યા એ પ્રભુનો પાડ, ને સૌ હેમખેમ આવે!'

'સાચી વાત. આપણે માટે આ પ્રાર્થનાની ઘડી છે.' ને સૌએ પ્રાર્થના માંડી :

હે દેવ! હે ઝ્યૂસ! અમારી જીત
તારી કૃપાનો જ પ્રસાદ, મીત!

હે દેવી રાત્રિ!
અમારી કીર્તિ તણી તું વિધાત્રી,
મૈત્રી તણી તારકગોત્રી શામળ,
તેં પાથરી જે વિકરાળ જાળ
બની ગઈ ટ્રૉય તણો જ કાળ!

તેં તીર તાક્યું,
ને તે ગયું તારકસૃષ્ટિમાં ના,
ના તે ચૂક્યું લક્ષ્ય
અચૂક વીંધ્યું—
જેણે કર્યો ન્યાય તણો જ દ્રોહ
તે ત્યાં પડયો પૅરિસ અંધ-મોહ.

આતિથ્ય કેરો વળી ધર્મ લોપ્યો,
તે સૌ પરે ઝ્યૂસ અચૂક કોપ્યો.
દાપું પડયું ચૂકવવું જ દર્પને!
જે જે હતા સંપદભક્ત, સત્તા
શસ્ત્રો તણી એક જ માત્ર માનતા,
ને ઠેકડી સાચ તણી ઉડાડતા,
તે સૌ ભવિતવ્ય પથે ગયા વહી!

ચિત્ત હો!
નહીં દીન, ન હો દર્પી, નહીં અસ્થિર ચિત્ત હો!
ધીર ને લક્ષ્યગામી હો, દુરિતોથી સુદૂર ને
મધ્ય માર્ગે વહેનારું, ન્યાયપ્રપૂર્ણ ચિત્ત હો!

સત્તા-મદે વેગભર્યે જનારને
પાછા જવાનો કરી બંધ માર્ગ,
ધપ્યે જવા આગળ-થઇ સ્વયં જવ-
અદષ્ટ સંહારની સાધિકા વડી
પિશાચિની, દોરી જતી વિનાશને
પંથે સ્વયં દારુણ ઘોર લાલસા.

ને લાલચુ તે
ક્થીર શો તેજવિહીન, ઠાલો
દોડયે જતો પંખી પછાડી બાળ કો'
ના ઝાલવા કો'દી બને સમર્થ!
તેની ન કો' દેવ સ્તુતિ સુણંતું
દયા ન કો' દાખવવા સમર્થ!

નત મસ્તકે પ્રાર્થના કરતું લોક પૅરિસ ને હેલનના ગુનાને યાદ કરતું હતું. મેનેલેઅસનો અતિથિ થઈ ને એ આવ્યો ને એની જ પત્નીને એ ભગાડી ગયો! ટ્રૉયે એને સત્કારી; તો હેલન એના દાયજામાં ત્યાં લઈ આવી સર્વનાશ, રક્તપાત, તારાજી! જે ઘર હતું તે ઘોર બની, જ્યાં મહેલ હતો તે પ્રેતાવાસ બન્યો. ને આર્ગોસની યે શી સ્થિતિ થઈ? આ રાજ-મહાલયની પ્રચ્છન્ન પીડાની વાત તો જુદી જ છે, પણ આર્ગોસનું સમગ્ર યૌવનધન ત્યાં ટ્રૉયમાં હોમાઈ ગયું. અહીં યે ઘેરેઘેર વિલાપ છે! દરેક ઘર અનાથ છે. પ્રત્યેક શય્યા સૂની બની છે—વિધવા. હૈયેહૈયે ઘાવ છે, વેદના છે, ભારેલો ધિક્કાર છે.

જેમને મોકલ્યા યુદ્ધે, તેઓ ના ફરી આવતા!
સત્કારવા હવે આવે, પાછી તેમની રાખ આ!
યુદ્ધ નાણાવટી લેને સોના જેવી જુવાનીને,
દે પાછા રાખના દોથા, સ્નેહીની આંખ બાળતા!
મોંએ છોને પ્રશંસાના ઉદ્‌ગારો કાઢતા સહુ :
'સામે મોંયે ઝઝૂમ્યો એ', 'મૃત્યુ વચ્ચે ય વીર શો!'
'મૃત્યુને તો ગયો તરી';
હૈયું તો જલ્પતું ધીમે:
કાજે કોઈ 'વધૂને એ વધેરાયું જ આયખું!'
હવે તો-શાસકો ને સૌ આવાં વેર-બધું શમો!

આવી જીત પણ ભાવિ શાન્તિની-સમૃદ્ધિની ધાત્રી નથી; યુદ્ધની જીત તો અશાન્તિનું શાન્ત ભારણ છે.

હજી તો આ પ્રાર્થના ને શિખામણની વાતો ચાલતી હતી ત્યાં નવા-ગંતુકોમાંથી કોકે પૂછયું : 'આ ચૉવટ કરો છો, પણ કોઇને ખાતરી છે કે આપણે જીત્યા?'

બીજાએ પણ શંકા કરી: 'અગ્નિસંકેત એ અફવા ન હોય?'

ત્રીજાએ સૂર પુરાવ્યો: 'કોઇએ બનાવટ તો નહિ કરી હોય ને?'

'આટલી અમથી વાતે આશાના મહેલ બાંધવા?'

'ઉતાવળે અનુમાનો બાંધવાની સ્ત્રીની તો આદત છે.'

'હા, ભઈ, ધીરજ રાખો. બહુ હરખ નકામો.' કહીને ધીમેધીમે સહુ લોક વિખરાયા.

તે દિવસે કોઈ સમાચાર ન આવ્યા. એમ ને એમ, જેમ દિવસો વી-તતા ગયા તેમ, લોકો પેલા અગ્નિસંકેતમાં શ્રદ્ધા ગુમાવતા ચાલ્યા. ત્યાં એક દિ' કાંઠે એક જણ ઊતર્યો. રજેભર્યો એનો દેહ ને ફાટલ-મેલાં કપડાં પરથી એ લાંબી મજલ કાપીને આવતો હોય એમ લાગતું હતું. એને માથે ઑલિવ-પર્ણોનો મુગટ હતો એ પરથી લોકો એને ઓળખી ગયાં. એ જ હોવો જોઈએ અગ્રદૂત.

એના આગમનની વાત ફેલાઈ, ને લોક પાછું રાજદ્વારે એકઠું થયું. એણે ધરતીની ધૂળને માથે ચડાવી! દસ વરસે પાછો આ ભૂમિ પર એ પગ માંડી શકયો હતો. અરે, પાછા ફરવાની તો એણે આશા જ મૂકી દીધેલી. સ્વજનો ફરી મળશે એ તો એને દિવાસ્વપ્ન લાગતું. 'આર્ગોસ પર આજે ઊતરેલી પ્રભુની કૃપા અસીમ છે' કહીને એણે આંખો મીંચી ગદ્‌ગદ્ હૈયે પ્રાર્થના કરી. ભૂમિનું ભદ્ર યાચ્યું. ઊગરેલાનાં દીર્ઘાયુ ને નિરામયતા યાચ્યાં, સૌનું ક્ષેમ-કલ્યાણ યાચ્યું. આ ભૂમિ પર એનાં ચરણ હતાં; હવે તો મરણ પણ મીઠું હશે. 'જેને ઝંખતો હતો તે મારી જનની મળી!' એની આંખે હર્ષાશ્રુની ધાર ફૂટી. અંગરખાની ચાળથી એ આંખ લૂછતો જ ગયો. એને વીંટળાઈ વળેલા આર્ગોસવાસીઓ પણ ભીંજાયાં. હૈયાંનાં સ્મરણો ય જાણે ભીનાં ભીનાં હતાં. મૃત્યુના નિરંતર આતંક વચ્ચે સ્વજનોને સતત સ્મરવાની સ્થિતિ કયાં, ને કયાં આજે અચા-નક સાંપડેલી સ્નેહની આ સન્નિધિ!

'શા ખબર છે, ભાઇ?' એક વૃદ્ધે એની ભાવસમાધિ તોડી. 'સારા તો છે ને?' બીજાએ અધીરાઈથી પૂછયું. એણે માથું હલાવી હા પાડતાં કહ્યું: 'અખંડ સુખ તો અમરોને જ હોય, ભાઈ! આપણે કાંઈ દેવો ઓછા છીએ? અમારે માથે દુઃખના તો ડુંગર ખડકાણા'તા.'

ને એણે ટ્રૉયમાંની એમની સ્થિતિનું વર્ણન કર્યું: 'ગમે ત્યાં-ધૂળ-માં, ઝાંખરાંમાં, કાંટયમાં, કાંકરામાં-તંબૂઓ ખોડીને પડવાનું. ન ખા-વાનાં, ન સૂવાનાં, ન રહેવાનાં ઠેકાણાં. ઘણી વાર દરિયે સૂસવતાં તોફાનો વચ્ચે રાતોની રાતો કાપવી પડે. રાતે ઊંઘ નહિ ને દિવસે કરાર નહિ. ત્યાં ટ્રૉયના કિલ્લા બહાર તો વળી ભીની જમીનોમાં જ પડાવ નાખવો પડેલો. જમીન ભીનીભીની ને ઉપરથી વરસે ઝાકળ! વાળ તો ગૂંચવાઇને

કોકડાં થઈ ગએલા. શિયાળામાં પંખી થીજી મરે એવી ટાઢ પડતી ને ઉનાળામાં ઝાળોમાં ભૂંજાવું પડતું. એમાં જે ગયા તે ગયા બિચારા! પણ હવે એ દુઃખનું રટણ શા કામનું? હું તો સારા સમાચાર લઈને આવ્યો છું: આપણા સૈન્યે–આર્ગોસના સૈન્યે ટ્રૉય જીતી લીધું છે. એનાં કોટ, કિલ્લા, મહાલયો, મંદિરો આપણાં વિજયસ્મારકો બન્યાં છે. આ વિજય મેળવીને આપણા રાજા પધારે છે—ઍગામેમ્નૉન. આપણે એમનું સામૈયું કરીએ. બસ આટલા જ સમાચાર મારે આપવાના છે–ખાસ તો આ રાજમહેલમાં ને તેમાં ય રાણીજીને.'

એની વાત દરમિયાન ક્લાઇટેમ્નેસ્ટ્રા ત્યાં આવી પહોંચી હતી. એણે તરત કહ્યું: 'મેં તો અગ્નિસંકેત મળતાં જ મારો હરખ પ્રગટ કર્યો હતો! પણ આ ઘૈડિયાં માને તો ને! અરે એકે તો મને મોઢામોઢ પરખાવેલું: આ તાપણું થયું તે પરથી તમે માની બેઠાં કે ટ્રૉય પડ્યું! આવું તો બાઈમાણસ જ માને! હવે તો સૌને ખાતરી થઈ ને? મારે તારે મોઢે હવે સમાચાર નથી સાંભળવા, દૂત!–મારા પતિને સ્વમુખે સાંભળવા હું અધીર છું. તું સામો જા તો એમને કહેજે. હું હવે સામૈયાની તૈયારી કરું. પતિ યુદ્ધમાંથી હેમખેમ ઘેર પાછા પધારે એથી વિશેષ આનંદનો અવસર પત્ની માટે બીજો કયો હોય? આ પણ એમને કહેજે, ભાઈ! કહેજે: જલ્દી આવો; હું અધીરી બની છું; ઝંખું છું તમને. તમે ગયા ત્યારે હતી તેવી જ છું આજે દસ વર્ષે પણ પતિનિષ્ઠ.' બોલતી બોલતી એ મહેલમાં ગઈ. એના શબ્દોમાં અગ્રદૂતને આડંબર લાગ્યો. જાહેરમાં આવું કોઈ ભદ્ર સ્ત્રી કહે? કહેવાની જરૂરે ય શી?

'એ તો ઠીક. પણ મેનેલેઅસના તેં કાંઈ સમાચાર ન આપ્યા!' એક વૃદ્ધે પૂછ્યું. સાચા સમાચાર ને સારા સમાચાર વચ્ચેની તરડ એ કળી ગયો હતો. અગ્રદૂતને આખરે વિગતે કહેવું પડ્યું: 'જીતીને સૌ પાછા ફરતા હતા–આપણાં હજારો વહાણો. ત્યારે વિધિએ આપણી જીતને જાણે હારમાં પલટી નાખવા ધાર્યું! જેને ઊભે ય ન બને એ બે જુગજૂનાં વેરીઓ–આગ ને પાણી, સંતલસ કરીને એક થઈ આપણી પર તૂટી પડયાં! દરિયાના પેટાળમાંથી દાવાનળ ઊઠયો. આકાશનાં ઊંડાણમાંથી હતા તેટલા બધા વાયુ એક સામટા ફૂંકાવા લાગ્યા. આકાશનો ગોવાળ ગાંડો બનીને પોતાના જ ધણ પર તૂટી પડી એને તિતર-બિતર કરી નાખતો હતો. વહાણો એકબીજાની સામે ઢીંક લેતાં અથડાઈ મૂઆં! ઉપરથી વરસાદ પણ મુશળો ઝીંકતો હતો. પર્વતો જેવડાં મોજાં ચડીચડીને હડેડાટી સાથે પડતાં સૌને ધરબી દેતાં હતાં. આખી રાત આમ ચાલ્યું. પ્રભાત ઊગ્યું ને જોયું તો સાગરનું આખું યે વિરાટ ક્ષેત્ર મોતનાં ફૂલોથી ઊભરાતું હતું. વહાણોને તો ખડકોનાં જડબાં ચાવી ગયાં હતાં; વેરવિખેર સાલપાંખડાં–કુચ્ચા પડયા હતા. આર્ગોસના વીરોનાં શબ તો હજારોની સંખ્યામાં. નજર કરો ત્યાં મોત જ મોત! અમારા વહાણને કાંઇક દૈવી ચમત્કારિક પવન તોફાનની આરપાર દોરી ગયો હતો. આમાંથી આપણે ઇચ્છીએ કે ક્યાંક મેનેલેઅસ પણ ઊગર્યા હોય ને એક દિ' પાછા આવે.' એણે વાત પૂરી કરી. એક ગંભીર શાન્તિ પથરાઇ ગઇ। અગ્રદૂતને પાછા જવાનું હતું રાજા સામે. એ ગયો.

'સૌને 'હેલ'ને ઘાટ–નર્કવાસમાં–ઉતારી ગઈ આ હેલન' એકે અફસોસથી કહ્યું. '–ને ટ્રૉયની પ્રજાને ય.' બીજાએ ઉમેર્યું.

'પ્રાયમના વંશમાં જ એનું નિકંદન કાઢનાર પાક્યો પૅરિસ.'

'પેલી વાત છે ને? ઘેટાંના સમૂહમાં એક સિંહનું બચ્ચું આવી પડ્યું. ઘેટાંની સાથે જ એમની માએ એને ય દૂધ પાઈને ઉછેર્યું. પણ મોટું થતાં જ એણે પાલકોને ફાડી ખાધાં!'

'અહીં યે એમ જ થયું ને! ટ્રૉયની અઢળક સંપત્તિમાં જ્યારે હેલન આવી ત્યારે એમને લાગ્યું કે સમૃદ્ધિમાં સૌંદર્ય ભળ્યું, શાન મળી; મોટું વરદાન મળ્યું, પણ કાળ જતાં એ જ થઈ બેઠી મોટો અભિશાપ, મહતી કુલવ્યાધિ. દુભાએલા આતિથ્યદેવની કદુવા બનીને ટ્રૉયના ધરેધરને એ ભરખી ગઈ.'

'સુખ-સમૃદ્ધિ વધતાં દુઃખ આવ્યા વિના રહે જ નહિ.' એકે કહ્યું.

'ના, ના, હું એમ નથી માનતો. સંપત્તિ દુઃખનું મૂળ નથી; એ તો છે પાપ. પ્રત્યેક પાપ, પ્રત્યેક દુરિત એના વેલાને ફેલાવે છે. દુરિતના સ્વભાવમાં જ છે ગુણાકાર.'

'ખરું. દર્પ કે પાપથી પ્રગટે ધૃષ્ટતા. એથી જન્મે એવું દુઃસાહસ જે યુદ્ધ, હિંસા, પૃથ્વી, કોઈ શક્તિને ન ગણકારે; અને આખરે ભય, પશ્ચાત્તાપ અને પીડા જ રહી જાય.'

આવી ચર્ચા ચાલી રહી હતી ત્યાં દૂરથી રથ દેખાયો. 'આ ધરેરાટી...'


'રાજાના રથની.' 'જુઓ ભાલાનાં ફળાં દેખાયાં.'

જોતજોતાંમાં તો રથ આવી પહોંચ્યો. પાછળ ઘોડેસવારો હતા. ઘણે વર્ષે–એક દસકા પછી લોકોએ આમને જોયા! સૌ ગદ્ગદિત કંઠે બોલી ઊઠયા: 'ઍગામેમ્નૉનનો...જય!'

અગ્રણીઓ આગળ આવ્યા. રથ ઊભો રહ્યો. પ્રતિનિધિઓનો નાયક છેક રથ પાસે આવ્યો ને પગે પડવા ગયો. રાજાએ નમીને એના હાથ ઝાલી લીધા! સૌ આ સ્નેહમિલનને સાશ્રુ જોઈ રહ્યું. 'મારા રાજા!' નાયક બોલ્યો. રાજાની આંખ એને ભાવથી જોઈ રહી. એની વાણી થંભી ગઇ હતી. નાયકે સજળ કંઠે કહ્યું: 'ટ્રૉયના વિજેતા! આનંદની આ પળે અમે હૃદયથી આપને સત્કારીએ છીએ. કેટલાક એવા યે છે જે આ ટાણે હરખનાં પ્રદર્શન કરશે, પ્રશસ્તિની અત્યુક્તિઓ વહાવશે, દ્રોહને હૈયે દબાવી મુખ પર મીઠાં હાસ્ય ધરશે. પણ ગોવાળ તો એના ધણના પ્રત્યેક પશુને મોં પરથી જ બરાબર ઓળખે છે. શાણો રાજા આંખમાંના બનાવટી હર્ષાશ્રુને, ખોટી ખુશામતને પારખી જાય છે. એટલે એ વિષે મારે કોઈ શિખામણ આપને આપવાની નથી. પણ યાદ છે આપને —દસ વર્ષ પર આપ જ્યારે હેલનને ખાતર સૈન્ય લઇને ઊપડેલા ત્યારે અમે અમારી નારાજી સ્પષ્ટ રીતે દર્શાવેલી?'

રાજા ગંભીર, પ્રશંસાભરી, સ્નેહસભર આંખે આ સાચુકલા લોકને જોઈ રહ્યો, ને ધીમેથી એણે ડોકું હલાવી હા પાડી. નાયક બોલ્યો: 'યાદ છે આપને? દસ વર્ષ પર આપ જ્યારે કેટલાક વહેમીઓથી દોરાઈને, યોદ્ધાઓને પ્રેરવા ને દરિયાઈ તોફાન શમાવવા, બલિદાન દેવાનો નિર્ણય કરી બેઠા ત્યારે ય અમે નારાજી સ્પષ્ટ રીતે દર્શાવેલી?' રાજાએ ફરીથી હા પાડી. લોકોને આ વિવેકયુક્ત વાણી, આવે ઉત્સાહને અનેરે અવસરે, જરા કર્કશ લાગી; પરંતુ પછીનાં નાયકનાં વેણ સાંભળતાં એમના હૈયાની જ વાત એ કહેતો હતો એની એમને પ્રતીતિ થઈ: 'એ તો ભૂતકાળની વાતો થઈ. એ બધું ગયું. આજે તો હેમખેમ અમારી વચ્ચે પાછા આવ્યા છો–ને તે ય ફતેહ કરીને! ખુલ્લે હૃદયે અમે આપને વધાવીએ છીએ. બાકી તો, કોણ હિતૈષી છે ને કોણ નથી એ તો કાળ કહેશે.'

રાજા હજી રથમાં જ હતો. એ મહેલમાં પ્રવેશે તે પહેલાં જ લોકો એને વીંટળાઈ વળ્યા હતા. રથમાં એની પડખે જ હતી એક સ્વરૂપવાન યુવતી. એણે માથે મુકુટ પહેર્યો હતો. હાથમાં દંડ હતો. એના મુખ પરથી ને રાજાની પડખે ઊભેલી હતી તે પરથી–એ કોઈ રાજકન્યા લાગતી હતી,—અને ભાવિદર્શિની પણ. જેને દૈવવાણી ઝીલવાની શક્તિ હોય એ જ આવો વેશ ધારણ કરેને? એના ગૌર વદન પર ફિક્કાશ હતી પણ આંખોમાં અજબ ઊંડાણ હતું. એનાં નેત્રો વારેઘડીએ જાણે કશુંક જોતાં હોય એમ સ્થિર થઈ જતાં હતાં. ત્યારે એના મુખ પર વિહ્વળતા ને એક પ્રકારની લાચારી ઊપસતી. નાયકનાં સત્કારવચનનો ઉત્તર વાળતા રાજાને તે આવી જ નજરે જોઇ રહી.



રાજાએ કહ્યું : 'હું હેમખેમ અહીં આવ્યો તે આ નગર અને એના દેવોના જ પ્રતાપે. એમને હું અંતરથી પ્રણામ કરું છું. તમારા જ સદ્‌ભાવનું આ ફળ. હું તો ન્યાયની ખાતર ટ્રૉયની સામે યુદ્ધે ચડેલો. મારા વિજયમાં ન્યાયદેવતાનો હાથ છે. સાંભળ્યું છે ને? આપણા કારીગરોએ લાકડાનો વિરાટકાય એક અશ્વ બનાવેલો. એ ટ્રૉયનો કોટ પાર કરી ગએલો! મધ્યરાત્રે એ વિરાટકાય અશ્વના પેટમાંથી આપણા યોદ્ધાઓ ટ્રૉયની અંદર કૂદી પડયા ને એને ખોખરું કર્યું. અમરોએ ટ્રૉયને ભસ્મીભૂત કરી દીધું. હજી યે ત્યાં ભડકા શમ્યા નથી. એની સમૃદ્ધિની રાખ તો આજે વાયુ સાથે ઊડે છે. એ બધાં માટે હું દેવોનો જ ઋણી છું.

તમે સાચું કહ્યું : સમૃદ્ધિ ને વિજયમાં પણ જે ઈર્ષ્યાને ન ભળવા દે તે જ સાચાં સ્વજનો. ઈર્ષ્યાના વિષને નિરાશા થાબડે; પોતાની સમૃદ્ધિના નાશથી બળતું હૈયું પડોશીની સમૃદ્ધિથી યે બળે! મનમાં ઈર્ષ્યા હોય ત્યાં જ બહારનાં પ્રદર્શનો હોય. ત્યાં જ, ભાવ તો શું, એના પડછાયાનો ય પડછાયો માત્ર હોય. ભાવની કેવળ ભ્રમણા. મારી ઇચ્છા છે કે રાજ્યની આપણે વિગતે ચર્ચા કરીએ. એ માટે આપણે જરૂર મળીશું. તમારી શિખામણ જરૂર ઉપયોગી બનશે.' એ શબ્દોથી લોકો પ્રસન્ન થયા, ત્યાં રાજાએ ઉમેર્યું : 'ને રોગની મરમ્મત કરવા વાઢકાપ કરવી પડશે તો ય હું કરીશ. તમે ખાતરી રાખજો.' એ શબ્દો લોકોને ખટક્યા. એમાં એમને ગર્વની ગંધ આવી. પેલી રાજકુમારીની આંખો ચમકી. એણે રાજા સામે જોયું. પછી એની દૃષ્ટિ ક્ષિતિજ-પાર મંડાઈ ને મુખ પર ગ્લાનિ ઊઠી.

રાજા બોલતો હતો એ દરમિયાન રાણી રાજમહેલમાંથી બહાર આવી હતી. પાછળ કેટલીક દાસીઓ લોહિત વર્ણનો એક રેશમી ગાલીચો ઉપડાવી લાવી હતી. કેટલાકની નજર એ તરફ ગઈ. રાજાનું તે તરફ ધ્યાન નહોતું. એણે ઉતાવળથી પોતાની વાત સમેટી લીધી : 'હું હવે ઉત્સુક છું ગૃહપ્રવેશ માટે, મારા ગૃહદેવતાની પૂજા માટે. એમણે મને ન્યાય ખાતર યુદ્ધે મોકલ્યો; ને હેમખેમ પાછો અહીં પહોંચાડયો પણ એમણે જ. જે વિજય હજી સુધી મારો સાથી રહ્યો છે તે કાયમ રહે એમ ઇચ્છું.'

રાજાની પડખે ઊભેલી પેલી ભાવિ દ્રષ્ટાની આંખ ફરકી! ને આ દરમિયાન પગથિયાં ઊતરીને પટાંગણમાં આવેલી રાણી રાજા પાસે પહોંચી ગઈ હતી. રાજાએ જેવી એમની વાત પૂરી કરી કે એ બોલી : 'આર્ગોસના આદરણીય સજ્જનો! આપની હાજરીમાં જ, સંકોચ છોડીને, આજે મારે પત્નીના પતિપ્રેમ વિશે કહેવું છે. સમય સાથે સંકોચ ઓછો થાય છે. મારા પતિને આ દસ વર્ષ, ટ્રૉયની દીવાલ પાસે, એકલા વિતાવવાં પડયાં એ ગાળામાં વણશીખવ્યે જે હું શીખી છું, મેં જે વેઠયું છે, તે વિષે હું કહેવા માગું છું. એક સ્ત્રીને પતિ વિના એકલા રહેવું પડે એ જાતે જ કાળજું કોરતી વિપત્તિ છે. એમાં મુસાફરો એક પછી એક આવે ને એકએકથી વધુ ખરાબ ખબરો લાવે! ટ્રૉયથી અહીં ફેલાએલી અફવાઓ જો સાચી હોત તો મારા પતિના દેહે આજે ચાળણી જેટલાં છિદ્રો હોત! ને એમના મૃત્યુની જે ખબરો આવી તે સાચી હોત તો એ ત્રિદેહાળો પેલો અસુર–ગૅરિયન–હોત. ઘણી વાર તો આવા સમાચારે આપઘાતનું મન થતું.

આપણા પ્રેમનું સાચું પ્રતીક, આપણો પુત્ર ઓરેસ્ટસ, અહીં આપના સત્કારમાં હાજર નથી તેનું કારણે ય આ જ છે—અનેક પ્રકારના ભયો. તમે ન હો ને રાજ્ય પડે તો શું થાય એ ભયે મેં એને મોકલી દીધો. એ ફોસિસમાં છે–આપના સન્મિત્ર સ્ટ્રૉફિયસને ત્યાં. એણે જ મને ચેતવેલી. આ વર્ષો મેં તો અવિરત એટલાં આંસુ સાર્યાં છે કે હવે આંખો ય સુકાી ભંઠ થઈ ગઈ છે! ઊંઘ વેરણ બની છે. રડીરડીને ફૂલેલ આંખો થઈ છે રાતી. એનો સાક્ષી છે એ દીવો–જે આપની પ્રતીક્ષામાં હું પેટાવેલો જ રાખતી. ક્યારેક જો જરાક ઝોકું આવી જતું તો એમાં ય આપના મૃત્યુનાં કારમાં અપશુકનિયાળ સપનાં સતાવતાં. વાવાઝોડા પછીની શાન્તિ વિશેષ પ્રિય બને છે. પરિસ્થિતિએ આપને ઘેરેલા; હવે છૂટયા. હું આપને હૃદયથી આવકારું છું—મારા ઘરના સન્નિષ્ઠ રખવાળ! અમારા જહાજના કુશળ સુકાન! આ મહાલયના મોભી! આજે તો પિતાઓની વર્ષોજૂની પુત્રેષણા ફળી, તૃષાર્ત યાત્રીઓને નિર્ઝર સાંપડયું, સાગરે ભૂલા પડેલાને મળી એક ભોમકા! આ પ્રશસ્તિમાં નથી કોઈ અત્યુક્તિ. આપ આને પાત્ર છો. બચવાનું તો છે આપણે એક માત્ર સ્વર્ગની ઈર્ષ્યાથી. જે વેઠયું છે તે ઓછું નથી.

દેવ! મારા પ્રિયતમ! પધારો. રથેથી ઊતરો.–પણ, ખમો! નહિ; ટ્રૉયને ધ્વસ્ત કરનાર આ પાદ એમ નીચે ધૂળમાં ન મુકાય.' કહીને એણે દાસીઓ સામે જોયું. હલચલ મચી. એક ગાલીચાનો વીંટલો દાસીઓ

અને ગુલામો થઈને ઉખેળતાં હતાં. મહેલના છેક અંદરના દરવાજાથી બહારના ઓટલા પર થઈને નીચે પગથિયે-પગથિયે પથરાતો પથરાતો એ લોહિતવર્ણી ગાલીચો રાજાના રથ સુધી બિછાવાયો. રેશમી કિનખાબના જરિયાન ભરતવાળો ગાલીચો જોતાં જ અતિમૂલ્યવાન લાગતો હતો. રથમાં ઊભેલી પેલી ભાવિદ્રષ્ટા કન્યાએ રાજા સામે જોયું, પછી કલાઇટેમ્નેસ્ટ્રા સામે, પછી મહેલમાં જાણે એની આંખ ખોવાઈ ગઈ! લોકોની નજર તો ગાલીચા પર જ મંડાઈ હતી. રાણી સેવકોને ગાલીચો સરખો કરવા સૂચના આપતી હતી. એ દૃશ્ય અદ્ભુત હતું. રથારૂઢ હતો વિજેતા. એની પડખે હતી મુકુટ-દંડ-શોભીતી કો' રૂપકન્યા, ઊંચા લાંબા પહોળા વિશાળ ઓટલાવાળો ભવ્ય રાજપ્રાસાદ હતો, અને રથથી માંડીને મહેલના પગથિયે ચડી છેક અંદર પહોંચી જતો સમૃદ્ધિનો પથરાયો હતો લોહિતવર્ણો ઝગમગતો પંથ.

એ બતાવતાં રાણી બોલી: 'તમે આશા યે ન રાખી હોય એવો આ ગૃહપ્રવેશ છે, ને ન્યાયદેવી જાતે જ તમને એમાં દોરી જાય છે. બાકીનાં કામોને તો પ્રભુની સહાયે પહોંચી વળવાની તાલાવેલીમાં મેં ઊંઘે ય ત્યાગી છે. એ તો, જે યોગ્ય હશે ને પ્રભુ સુઝાડશે તે હું જાતે પાર પાડીશ.'

ઍગામેમ્નૉન એ કીમતી લોહિતવર્ણી ગાલીચાને જોઈ રહ્યો. હસીને બોલ્યો: 'તમારું વ્યાખ્યાન તો, રાણીજી, આપણા વિયોગ જેટલું લાંબું ચાલ્યું!' ક્લાઇટેમ્નેસ્ટ્રાને એ કથન ખૂચ્યું, છતાં આના ઉત્તરમાં એણે પણ હસતું મોં રાખ્યું. રાજાએ ઉમેર્યું: 'પ્રશંસા તો પારકી જીભે શોભે. ને વધારેપડતા લાલનમાં મને નાખો મા! મરદ એથી બાયલા બને. આવા કીમતી ગાલીચાની તો ઈશ્વરને ય ઈર્ષ્યા થાય. આવી રીતે તો દેવને સત્કારીએ તે શોભે, માનવને નહિ. હું તો માણસ છું. આવા મૂલ્યવાન રેશમી, જરિયાન ગાલીચા પર પગ મૂકતાં ડરું છું. મારો આદર કરો ભલે, પણ તે એક માણસનો થાય એમ, દેવની જેમ નહિ. શૌર્યપ્રશસ્તિ બસ છે; આ શોભાની શી જરૂર? ભૂલચૂકથી ચિત્ત દૂર રહે, એટલે બસ! સ્વસ્થ ચિત્ત જ મોટું વરદાન નથી? પરમ શાન્તિથી જે છેલ્લી પળો વિતાવે તે જ પરમ સુખી. બીજું શું જોઇએ?'

રાણીએ ઉત્તર વાળ્યો: 'આ સાગરનો રંગ આછો કે ઓછો થાય છે કે? તો પછી આ ગાલીચાથી આપણી સમૃદ્ધિનો રંગ ઓછો થાય કે? આપ કાંઈ દરિદ્રોના સ્વામી નથી; ઈશ્વરની મહેરથી અહીં મબલખ સંપત્તિ છે, આમ કરવાથી આ એક જિંદગીની યાત્રા હેમખેમ પૂરી થશે એવું ભવિષ્ય જો કોઈએ ભાખ્યું હોત ને એની ખાતરી આપી હોત તો આવા તો વીસ ગાલીચા મેં આપના પગ તળે પથરાવ્યા હોત'. એણે આગ્રહ કર્યો: 'વૃક્ષને મૂળમાં સિંચન મળતાં તે પ્રફુલ્લે છે કે છાયા વિસ્તારે છે, તેમ થયું છે આપ આવતાં. શિયાળાની કડકડતી ટાઢ પછી જાણે વસન્તની ઉષ્મા આવી છે. જેમ અપક્વ દ્રાક્ષને પીલીને દેવ જ્યારે આસવ બનાવે છે ત્યારે ઘરમાંથી તાપ લોપ થઈ શીત પ્રવેશે છે. તેમ આજે આ રાજદ્વારમાંથી એનો સ્વામી પ્રવેશતાં થશે.'

રાણીની આલંકારિક વાણીનો રાજાએ સાદો ઉત્તર વાળ્યો: 'મારે તો હળવે હૈયે ઘરમાં પ્રવેશવું છે. અને એ કેમ બને તે મેં તને કહ્યું. એ મારો નિર્ણય. એની વિરુદ્ધ હું કેમ જાઉં?'

'કોઈ ભયે તમે આ નિર્ણય કર્યો છે?'

'એમ પણ હોય—કોઈ પ્રાજ્ઞ પુરુષનું માનીને.'

'આવે અવસરે રાજા પ્રિયામે-ટ્રૉયના રાજવીએ, શું કર્યું હોત, કહેશો?'

'એ જરૂર આવા ગાલીચા પર ચાલ્યો હોત.'

'તો પછી પ્રાજ્ઞે ઊભા કરેલાં હાઉથી—લોકાપવાદથી તમારે શા માટે દોરાવું?' 'લોકાપવાદ પણ બળવાન છે એમ હું માનું છું.'

'સાચી મહત્તા તો ધિક્કારને ય જીતે છે. અને જે ધિક્કારથી પર હોય એને કોઈ ધિક્કારી શકતું જ નથી.' રાણીએ દલીલ કરી.

'વાક્યુદ્ધ—કે કોઈ યુદ્ધ અબળાને ન શોભે'. રાજા હસીને બોલ્યો.

'છતાં આવે વખતે હાર સ્વીકારથી જ સાચી મહત્તા તો શોભે'. રાણીએ ભારપૂર્વક કહ્યું.

'આ તો ખરેખર યુદ્ધ છેડાઈ પડયું! તું જીતવા ચાહે છે?' રાજાએ નમી પડતાં પૂછ્યું.

'હાસ્તો! તમે તો વિજયી છો જ; મને ય વિજયી થવા દ્યોને!' રાણીના આ મીઠા આદેશ આગળ રાજા પીગળી ગયો. એણે પગ ધર્યા ને દાસીને સંતલસ કરી. એણે આવીને પગરખાં કાઢયાં. રાજા રથેથી ઊતર્યો. હજી વણધોયે પગે આ રેશમી ગાલીચા પર ચાલતાં મનમાં સંકોચ હતો. ભય પણ. કોઈ દેવને આ અભિમાન ખૂંચશે તો નહિ ને? અને એણે તરત દંડમુકુટધારી રાજકન્યા તરફ જોયું. પછી રાણી તરફ ફરીને બોલ્યો: 'મારી જીતનું આ અમોલું પારિતોષિક છે, ટ્રૉયનું સૌથી મોંઘું રત્ન, રાજપુત્રી. એને આદરભેર અંદર લેજો ને સન્માનપૂર્વક વર્તજો. એ હવે ગુલામ નથી; મારી પસંદગીનું રત્ન છે.'

આમ તો લોકોને આછો ખયાલ આવેલો જ. અગ્રદૂત પાસેથી કેટલાકે જાણેલું. આ કાસાન્ડ્રા! દેવ એપૉલોની પ્રેયસી! ટ્રૉયના રાજા પ્રિયામની આ પુત્રી! લોકો આ વાત પણ જાણતા હતા: એપૉલો આની પાછળ મુગ્ધ હતો. આણે શરત મૂકી: 'ત્રિકાળદર્શનની શક્તિ આપે તો તને વરું' એપૉલોએ એ શક્તિ આપી. પછી કાસાન્ડ્રા ફરી ગઈ! લગ્નની ના પાડી. એપૉલો કરગર્યો: 'એક ચૂમી તો ભરવા દે!' આણે કહ્યું: 'ભલે'. એપૉલોએ આના હોઠ ચૂમતાં, એમાંથી વિશ્વાસને ખેંચી લીધો! પછી બોલ્યો: 'તેં મને છેતર્યો છે. છતાં મેં આપેલ શક્તિ હું પાછી નથી ખેંચી લેતો; તું ભાગ્યને જોઈશ, ઉકેલીશ, બોલીશ; પણ તારા વચનમાં કોઈને વિશ્વાસ નહિ બેસે, જા!' આ એ કાસાન્ડ્રા.

દરમિયાન રાજા પગથિયાં ચડીને મહેલમાં પ્રવેશતો હતો. રાણીએ આનંદની એક કિલકારી કરી. ઝ્યૂસની પ્રતિમા તરફ જોઈને નત મસ્તકે પ્રાર્થી ઊઠી: 'દેવ, મારા દેવ! મારી આશા પૂરજે ને તારું ધાર્યું પાર પાડજે!' કહીને એ પણ અંદર ચાલી ગઈ.

કાસાન્ડ્રા હજી રથમાં જ હતી. રાજા અંદર ગયો ત્યારે એની આંખો બહાવરી બની ગઈ હતી. એનું મુખ ફિક્કું પડી ગયું હતું. હવે એ ચક્ષુઓ સ્થિર થયાં. લોકો વિખરાવાનો વિચાર કરતા હતા. 'કોણ જાણે કેમ મારું હૈયું ચચરે છે' નાયકે પડખેનાને કહ્યું.

'આવે વખતે એવું થાય.' 'એટલે?'

'શુભ પ્રસંગે અમંગળની તીવ્ર શંકા થાય.' 'હં'...કહી નાયક ચૂપ થયો.

'કેમ મૂંગા થઈ ગયા?' પેલાએ પૂછ્યું. 'અમસ્તું જ. મને વિચાર આવે છે: અતિ સમૃદ્ધિ, અતિ સુખ ઝાઝું ટકતું નથી'.

'એ તો છે જ. ગૌરવના દિન તો ગણતરના જ હોય,' પેલાએ કહ્યું.

નાયકે ઉમેર્યું: 'ને આ ગૌરવ તો રક્તપાત પર ચણાયું છે. થીસ્ટસનો બદલો એનાં બાળકોથી લેવાયો, ને હેલનને ખાતર હજ્જારો જાન લેવાયા.'

'આ ધરતી પર એક વાર લોહી વહેતું શરૂ થાય છે પછી પાછું નથી વળતું!' નાયકે કહ્યું. પેલા વૃદ્ધે યાદ આપ્યું, 'હતો એનોય એક કીમિયાગર એસ્ક્લેપિયસ'. 'દેવોનો વૈદ્ય?'

'હા. એણે મરેલાંને સજીવ કરવાનો કીમિયો શોધ્યો.'

'પણ એની કેવી દશા કરી દેવે! એ પોતે જ બચી શકયો કે?'

'ભઈ, કાળ આગળ કોઈનું ય નથી ચાલતું.' નાયકે સર્વસાર તારવ્યો.

અહીં આ વાતો ચાલતી હતી. તો કોઈને વળી એ ખયાલે ય આવી ગયો: ઈજીસ્થસ નથી દેખાતો! કેટલાક વળી ઘેર જવાનો વિચાર કરતા હતા. ત્યાં રાજમહેલના દરવાજામાંથી પાછી રાણી આવી. એણે કાસાન્ડ્રા સામે જોયું. આદેશ આપ્યો: 'તું યે, કાસાન્ડ્રા, અંદર ચાલ. ઝ્યૂસને વંદન કર. આ રાજમહેલ તારું યે બૂરું ઇચ્છતો નથી. ત્યાં ગૃહશાંતિના

અનુષ્ઠાનમાં તું યે અન્ય દાસોની સાથે ભાગ લે. ચાલ જોઉં. રથેથી ઊતર.'

કાસાન્ડ્રાની આંખ પણ ફરકી નહિ. મુખ પરના ભાવ પણ અકલિત-સ્થિર-હતા. 'અભિમાન છોડ, બાઈ!' રાણી ઊંચે સાદે બોલી. છતાં કાસાન્ડ્રા પર અસર ન થઈ. 'દાસત્વમાં નાનમ નથી, બાઈ. હિરેક્લસ જેવો હિરેક્લસ, દાસ તરીકે નહોતો વેચાયો? તું તો નસીબદાર છો કે સમૃદ્ધિવાળે ઘેર આવી છો; ઉદાર કુળમાં આવી છો. તને યોગ્ય બધું જ મળશે—અરે, એથી યે વધારે'.

આ વાણી જાણે કોઈ પથ્થરની પ્રતિમાને કાને અથડાતી ન હોય એમ લાગ્યું. નગરજનોએ પણ કાસાન્ડ્રાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. આ તે એનો અહંકાર હતો કે એ આ લોકોની ભાષા જ નથી જાણતી?

'આ જોને આ! એનું નગર આખું ધમરોળાઈ ગયું તો યે એનો મામ મૂકતી નથી! મારે મોડું થાય છે. વેદી પાસે પેલા બલિને મૂકીને આવી છું. આવી આ તો મોઢે લોહીનાં ફીણ આવશે ત્યારે જ સીધી થશે...દાસી!' રાણીએ બૂમ પાડી. દાસી દોડતી આવી. 'આને સમજાવ. મારે ખોટી થવું પોસાય નહિ.' કહીને એ અંદર ચાલી ગઈ.

દાસી રથ પાસે જવા ગઈ, ત્યાં કાસાન્ડ્રા જાતે જ ઊભી થઈ. એક વૃદ્ધજને પાસે જઈ, હાથ આપી, એને નીચે ઊતરવામાં સહાય કરી. બોલ્યો: 'દીકરી, તારી મને દયા આવે છે. શું થાય, બેટા! નિયતિ આગળ નમવું પડે. આ નવો ગાળિયો તારા ગળામાં પડે છે, જાણું છું. પણ એ સહી લે.'

કાસાન્ડ્રા ઊતરી, એવી જ એની નજર ઍપૉલોની પ્રતિમા તરફ ગઈ, ને એ કરુણ સ્વરે કરાંઝી ઊઠી: 'ઍપૉલો,...ઓ! ના..., ના..., ના...! ઓ ધરતી મા!...ઓ...!'

'બેટા! ઍપૉલો વિલાપનો દેવ નથી. એ તો કોઈની યે આવી દશા ના કરે, દીકરી!' વૃદ્ધ નાયકે કહ્યું. પણ સાંભળે કોણ! કાસાન્ડ્રાને હૈયેથી કોઇ અકથ્ય વેદના છલકાતી હતી: 'ઓ...! ભ...ય...ક...ર! ઓ ધરતી! ઍપૉલો!...મને...આખરે...છેક અહીં દોરી લાવ્યો? મારા ઘાતક! મને વધેરવા લઇ આવ્યો?' વૃદ્ધને લાગ્યું કે હવે એ પોતાનું જ કરુણ ભાવિ ભાખે છે. આ સ્થિતિમાં ય એની ભાવિ દર્શનની શક્તિ અખંડ છે.

'કેવે ઘેર તું મને દોરી લાવ્યો, ઍપૉલો!' એનો વિલાપ વધતો હતો.

'આ તો એટ્રિયસનું ઘર છે, બેટા.' વૃદ્ધે કહ્યું.

'ના...ના! આ તો પ્રચ્છન્ન બાળહત્યાનાં હાડ છુપાવતી ઘોર છે.' લોકોને આશ્ચર્ય થયું. થીસ્ટસનાં બાળકોની હત્યા એટ્રિયસે કરેલી એ વાતનો આ નિર્દેશ કરે છે એ સૌ પામી ગયા. 'જુ...ઓ! જુઓ...! સાંભળો છો?...સાંભળો... ત્યાં પેલાં બાળકો રડે!... સંભળાય છે ને?... પોતાનાં જ લોહીમાંસને જોઇને એ રડે છે!... ને... જોયો પેલો...? એમનો જ પિતા... અખાદ્ય ભક્ષે છે...!'

'આમાં નવું શું છે? આ તો સૌ જાણે છે.' એક વદ્ધે કહ્યું. 'હં. આ કહેવામાં દૈવીશક્તિની જરૂર નથી.' બીજાએ ઉમેર્યું. કાસાન્ડ્રા તો જાણે અલગ સૃષ્ટિમાં જ હતી. કાંઈક જુદું જ જોતી, સાંભળતી, અનુભવતી હતી.

'ઓ...! શરમ! શરમ! આવું કાવતરું! જ્યાં પ્રગાઢ પ્રેમની અપેક્ષા રખાય એવા આ ઘરને વિદ્વેષછલકતે હૈયે મોતનાં કારસ્તાનોથી ભ્રષ્ટ કરવામાં આવ્યું છે!... બિચારો...! નિઃશસ્ત્ર! આશ્ચર્યમૂઢ! અસહાય! પ્રારબ્ધની સામે કેમ કરીને ઝૂઝે?'

કોઈને એની આ વાત ન સમજાઈ. વૃદ્ધોએ એકબીજા સામે નજર નાખી. કાસાન્ડ્રા તો જાણે ઉન્માદાવસ્થામાં જ બોલતી હતી: 'લ્યાનત હજો એ સ્ત્રીને!...એનાં લગ્નદત્ત પતિએ કરેલાં પાપો એ બાઈ ધોશે–નિઃશંક. એ નાવણ કરે છે. પણ પછી?...ઓ...! જીભ નથી ઊપડતી-કહેતાં! ગૃહશાન્તિનું અનુષ્ઠાન તો થશે, પણ...પણ...એ અનુષ્ઠાન જ એનું સ્મશાન થશે! એ સ્નાન કરે છે...એ તે જલધારા છે કે રક્તધારા!...'

લોકો મૂઝાયા. આનો શો અર્થ? એકે તો કહ્યું પણ ખરું: 'ભાવિભાખનારા બધા આવી જ ભાષા વાપરે છે—ગોટાળાભરી.'

'ઓ...ત્યાં જુઓ!...ત્યાં! કેવી નૃશંસતા! આ નવું દૃશ્ય કેવું કારમું છે!...વ્યાધની જાળ પથરાઈ છે; કાળનો ફાંસલો. અને વ્યાધ એ જ છે એની શય્યાભાગિની! ...આક્રંદો, કોપદેવીઓ! છૂટે મોંએ રડો!' કહીને એણે પોક મૂકી. હવે રુદનની સાથે, હીબકાંની સાથે આક્રોશભરી વાણી વહેતી હતી: 'કોપદેવીઓ!...ભુખાળવી! લોહીતરસી! ખાઉધરી ટોળકી!...આ ઘરનું આકંઠ રક્તપાન કર્યું છતાંય, અલીઓ, તમે હજી તરસી છો?! ...હા...! જુઓ...એ વધ્યનું લોહી વહે છે!...પીઓ ...પિશાચિનીઓ! ધરાઈ ધરાઈને પીઓ...'

'કઈ પિશાચિનીઓની તું વાત કરે છે, બાઈ?' લોકોએ પૂછ્યું. પણ હવે ક્ષણભર એ અવાક થઈ ગઈ. બોલતાં બોલતાં એનું લોહી જાણે ઊડી ગયું. એને ગળે ખરેરાટી ઊઠી. એ બેભાન જેવી થઈ લથડી પડી, પણ દંડને ટેકે બેસી પડી—ઉભડક. પાછી એકાએક ઝબકી ને જોરથી ત્રાડતી ઊભી થઈ ગઈ: 'દો...ડો!...દો...ડો! સહાય કરો!...જુઓ રાત્રિસ્વપ્ન!...શું...ગાયે શીંગડે ભરાવ્યો સાંઢને!–કાળા ડિબાણ શીંગડાંવાળા સત્તાધીશને!...એને બચાવો!...છોડાવો! અરે એને ઢસડી લો! ખેંચી લો! જુઓ,...આ...એના પર રેડાયું જળ!...ના...છળ! એને સ્નાન કરાવતી આણે તો એના પર આ નાખ્યો શાહી જામો... લપેટ્યો આને એના જ અચકનમાં...!...કારસો...! આ ઘા દીધો ...!...આ એ પડ્યો!...સાંભળો છો?...દગો...દગો...કપટ...'

વૃદ્ધોને લાગ્યું કે આ બોલમાં કાં'ક ભેદ છે જરૂર. ભાવિ ભાખનારે કોઈ દી કોઈ સારી વાત કહી છે ખરી? એમને આપત્તિઓનાં આગમ ભાખવામાં જ રસ છે. તો જ લોકો મોં વકાસીને વિસ્ફારિત નેત્રે એમની સામે જોઈ રહે ને?

કાસાન્ડ્રાની વાક્ધારા હજી વહેતી હતી: 'ભય! ફરી ફરીને એનું જ આવર્તન! ઓ! દયા...! એ એકલો વેઠે છે; પણ એની પીડા સાથે જ વણાએલી મારી વેદનાથી હું કરાંઝું છું. ક્રૂર ઍપૉલો! અહીં શા માટે તું મને લઈ આવ્યો! આના મૃત્યુની મને પણ સહભાગી કરવા?'

લોકને હવે લાગ્યું કે આનું ખસી ગયું છે. અથવા એને હૈયે ભારેલ કોઈ પ્રચ્છન્ન વેદનાને કારણે જ એ આમ વિલપે છે, ભરરાતે કોઈ પંખિણી હૈયે ભરેલ બધી યે વેદનાને મોકળી મુકે એમ ધ્રુસકાં ભરે છે. પણ આનો કોઈ અર્થ ખરો? લોક આમ વિચારતું હોય છે ત્યાં કાસાન્ડ્રાનો સૂર પલટાય છે. હવે તો જાણે મરશિયા જ લેતી હોય એમ એ મોં વાળે છે:...'ઓ પૅરિસ, તારી...પિપાસા...રે!...ઓ...એના વંશને—નગરને ધમરોળતી એ લગ્નશય્યા...રે!...ઓ...મારા ગામની નદી...પ્રાણપિયારી...સ્કૅમેન્ડર...ઓ...મીઠડી માંરી!...પાદર તારે ઊછરી...! પીને મીઠડાં જળ! વૅણમાં મારા કોઈ દીયે ના વહેતું જરીય છળ...!'

'આ તો પૅરિસની વાત કરે છે,' એકે કહ્યું: 'હા. આ તો સ્પષ્ટ છે,' બીજાએ અનુમોદન આપ્યું.

'ટ્રૉય રે મારા!...ભસ્મશાયી! રાખમાં મીંચી આંખ સૂતેલા! ઉગારવા રે તુજને, પિતા કૈંકનો બલિ થડકયા વિના–ધરતા જ્યારે, મેં વાર્યા તા! મેં જે કહ્યું, એમ જ થયું! હોમાયા રે બત્રીસ લક્ષણવંત હજારો! હુંય તે હવે ભાંડરુંમાં રે જઈ ભળવાની! એમની સાથે મારી ય તે રે ધગતી ધારા લોહીની મારા ભેળવવાની!...'

લોકોને આ વાણી હવે અસ્પષ્ટ લાગી. એકે કહ્યું: કાં'ક સમજાય એવું તો બોલ બહેન!' એણે સજળ નેણે સામે જોયું. પછી ઍપૉલો સામે જોયું. આંખ લૂછી કહ્યું: 'તો સાંભળો. નવવધૂના અવગુંઠનવાળી નહિ, અનાવરિત ખુલ્લી વાણી કહું: આ સૂરજ ચડતો જશે તેમ આ ઘરમાં મોટો અપરાધ થએલો પ્રકાશિત થશે. આ છાપરા તળે અડ્ડો જમાવીને બેઠી છે એક દુરિતમંડળી, માનવરુધિર પીને પુષ્ટ થએલી, રાજ-

વંશના રક્તની પિશાચિની. એ લોહી પીએ છે, દુરિતોને પોષે છે, અપરાધો કરાવે છે.' કહીને એણે એટ્રિયસના રાજમહેલમાં થએલા દુરાચારો ગણી બતાવ્યા: ભાભી પ્રત્યે થીસ્ટસનો દુરાચાર; થીસ્ટસ પ્રત્યે એટ્રિયસનો; થીસ્ટસનાં બાળકો પ્રત્યે એના સગ્ગા કાકાનો; ઇફીજીનિયા પ્રત્યે એના પિતાનો... એક પરદેશી પરભાષી આટલી સ્પષ્ટતાથી વાત કહે એની નવાઈ લોકોને લાગી. 'આ શક્તિ તમને કોણે આપી?' એકે પૂછ્યું. 'એપૉલોએ.' એણે જવાબ આપ્યો. 'દેવ થઈને એ જાતે તમારા તરફ આકર્ષાએલો, તે સાચું?' બીજાએ પૂછ્યું. 'હા. આજસુધી આ વાત કહેતાં હું શરમાતી.' એપૉલોનો પોતે કેવો દ્રોહ કર્યો તે પણ એણે જણાવ્યું. એના પરિણામે જ એના શબ્દમાં કોઈ વિશ્વાસ મૂકતું નથી. વાત કરતાં કરતાં પાછી કોઈક પ્રચ્છન્ન ચેતનામાં એ ડૂબી ગઈ.

'જુઓ...જુઓ પેલાં વધેરાએલાં બાળકો જાય. એમના હાથમાં એમનાં જ માંસ-મજ્જા-હાડકાં છે! એમના પિતાએ કરેલું ભોજન!... એ પાપને કારણે જ રાજા યુદ્ધે રત હતો ત્યારે અહીં એના વધનું ષડ-યંત્ર રચાયું. ટ્રૉયને જીતનાર સિંહ એક સ્ત્રીની વાણીમાં લપેટાયો, પણ એમાં ભારોભાર વિષ છે. એ સ્ત્રી આ પુરુષને હણશે. એ પાતકનો જોટો નહિ જડે. નિઃશસ્ત્ર પર એ ઝીંકાઝીંક કરશે. એ ઘરમાં પ્રવેશ્યો તે વખતની આ સ્ત્રીની મુદ્રા તમે જોઈ'તી!...થવાનું છે તે થઈને જ રહેશે. હમણાં જ તમે તમારી સગ્ગી આંખે જોશો ને મારી દયા ખાશો. ઇચ્છશો કે મેં ભાખ્યું એનું અરધું ય ખોટું પડ્યું હોત તો સારું હતું.'

'પેલી બાળહત્યા વગેરેની વાત સમજાઈ. સ્વીકારીએ. આ બીજી માનતાં જીવ નથી ચાલતો. પ્રભુ બચાવે!'

'તમે પ્રભુને સ્મરો છો ને પેલાં તો પેલાની હત્યાની તૈયારીમાં પડ્યાં છે!'

'કોણ? એવું બને જ શી રીતે? આ બધું અસ્પષ્ટ...'

'ના. હું બહુ સ્પષ્ટ ગ્રીક ભાષા બોલું છું.'

'ડેલ્ફીના ભાખનારા પણ ગ્રીક જ બોલે છે, પણ તે ઉકેલવી મુશ્કેલ.'

'તો સ્પષ્ટ કરું? આ તમારા રાજાને પેલી તમારી રાણી પૂરો કરશે...'

'બંધ કર જબાન, શાકિણી!' નાયક રોષથી ગર્જ્યો: 'જીભ ખેંચી કાઢીશ.' બીજાએ ઉમેર્યું. કાસાન્ડ્રાએ એપૉલો સામે જોયું. બોલી: 'ઓ ભગવાન! એપૉલો, છટકીને હું ક્યાં જાઉં? દયાહીન છે તેં દીધું મોત! આ સ્ત્રી-વાઘણ, એના પતિની ગેરહાજરીમાં વરુ સાથે હળી. એ મારો જાન લેશે. એના પતિને કટાર ભોંકતાંય એના મનમાં હું જ છું!'

'વાહ આ ભાવિદર્શનના વાઘા! આ દંડ, આ માળા, આ મુકુટ! મારી મશ્કરી કરો છો? જાવ, હઠો, હું મરું તે પહેલાં તમે ટળો–મારા શાપ!' એણે મુકુટ, દંડ, માળા, વાઘો બધું ફગાવી દીધું. એને પગ તળે કચરતાં, એપૉલો સામે જોઈ, બોલી: 'જો એપૉલો, જો! જેવી તેં જોઈ'તી એવી જ......તાજા ખૂનમાં ભળવા જાઉં છું. જાણું છું મારે મરવાનું છે. પણ, મારા મૃત્યુનું ઉપરાણું ય કો'ક દેવ લીધા વિના નહિ રહે. અમારું ઉપરાણું લેતો એ આવશે–એનો પુત્ર, ને પિતાના લોહીનો બદલો માતૃ-હત્યાથી વાળશે. હાલ તો એ હદપાર છે, રઝળે છે ક્યાંક. પણ વંશે ચણેલ હત્યામિનારાનું શિખર થવા એ આવશે. નક્કી.'...એનો અવાજ એકાએક ફરી ગયો. એમાં નિશ્ચયનો રણકાર હતો: 'તો, મારે હવે વાર શી કરવી? હવે, વિલાપ શો? વિધિનાં વળોને ઊખળતા મેં જોયા છે. ટ્રૉયના ધમરોળનારને ખતમ થતો મેં જોયો. મારાં આંસુઓ ય હવે સુકાયાં છે. મોતનો હવે મને ડર નથી. મૃત્યુનાં ઓ કાજળદ્વારો, હું તમને મળવા આવું છું. એક ઘાએ જ મારો જીવ જાય, એટલું પ્રાર્થું છું!'

ને એ રાજમહેલનાં પગથિયાં ચડવા લાગી.

'જાણે છે, તો જાય છે કેમ?' કોઈ બોલ્યું.

'કોઈ એને ટાળી શકતું નથી, દોસ્ત!' પાછું વળીને એ બોલી; ને આગળ વધી. પ્રશસ્તિભરી નજરે લોક એને જોઈ રહ્યું. પ્રાસાદદ્વારે એ સહેજ અટકી, ને લોકો ભણી જોઈને બોલી: 'હું જાઉં છું પરાજિતોના મુલકમાં. ત્યાં ઍગામેમ્નૉનના ને મારા ય મોતનો હું વિલાપ કરીશ. અહીં તો હું જીવી ગઈ છું.' કહીને એણે મુખ ફેરવ્યું ને આગળ ધપી, કે તરત જ આંચકા સાથે, આંખે હાથ દેતી એ બહાર ધસી આવી!

'કેમ? કેમ? શું થયું?' 'શું જોયું?' લોક પણ હેબતાઈ ગયા. એનો શ્વાસ રૂંધાતો હોય એમ લાગ્યું. જીવ ચૂંથાતો હોય, ચીતરી ચડી હોય એમ લાગતું હતું. દબાતા ગળામાંથી ગૂંગળાએલો અવાજ નીકળ્યો: 'દીવાલો લોહીથી છંટાઈ છે! મને ખૂનની ગંધ આવે છે!'

'આ તો વેદીમાંથી આવતી બલિની વાસ છે.'

'ના; કબરની વાસ છે.'

'સીરિયાનું અત્તર છાંટ્યું છે, તે શું આ ન હોય?'

'ના, ના! હું કાંઈ ઝાંખરું જોઈને છળી પડનાર નાનું પંખી નથી. તમે જોશો મારા મોતના બદલામાં થતું મોત–સ્ત્રીના બદલામાં સ્ત્રીનું, ને લગ્નશાપિત એ પુરુષના બદલામાં એક પુરુષનું. એના તમે સાક્ષી થશો. ત્યાં સુધી ખમો! ત્યાં સુધી, ભલા થઈને, મને કોઈ ખોટી ના કહેતા. આટલી મારી અરજ છે. મરું તે પહેલાં આટલું માગું છું.'

'મરવું તે દુઃખદ છે; પણ એથી યે વધુ પીડાકારી તો છે આવતા મોતનું ભાન હોવું.' નાયકે કહ્યું.

'હાં, આખરી એક વાત. આગાહી કહો તો તેમ, ને મરશિયો કહો તો મારી એકલીનો નહિ. પણ આ છેલ્લા દિવસની આ મારી છેલ્લી અરજ: મારાં વિજેતાને ખતમ કરી પોતાનું વેર પૂરું થયું માનનારાં, પછી એક પરાજિતાને હણશે–એક બંદિનીને. એ હત્યાનો જ, આખરે, તેઓ પોતે જ શિકાર થશે–છટકી નહિ શકે.

કેવું વિચિત્ર છે માનવીનું ભાવિ! સુખમાં જાણે ઝીણી આછી રેખા કેવળ પડછાયો! દુર્ભાગ્ય આવીને એક પલકમાં એને હતું–ન–હતું કરી નાખે! સુખ ને દુઃખ એ બેમાંથી ઓછું દયાપાત્ર તો આ જ છે–દુઃખ.' આ શબ્દો સાથે એ અંદર ગઈ.

'કેટલી સાચી વાત કહી! સુખ આવે, સમૃદ્ધિ આવે ત્યારે કોણ એને કહે છે: 'થોભ, હાંઉ, બહુ થયું'!' નાયકે કહ્યું.

'આણે કહ્યું એમ આપણા સ્વામી ટ્રૉય તો જીતીને આવ્યા; હવે ભૂતકાળના કોઈ રક્તપાતનો એ ભોગ બને તો પછી કોને માટે કહેવું કે શાન્તિ-સમૃદ્ધિ ભોગવવા એ સર્જાયો છે?' બીજાએ કહ્યું.

ત્યાં અંદરથી એક ભયંકર, વેદનાભરી ચીસ હવાને કાપીને ચાલી ગઈ: 'દો...ડો...! દો...ડો...! આ...હ! આ...ઓરડામાં...અંદર... હત્યા...! મારું...ખૂ...ન!'

સૌ સ્તબ્ધ થઈ ગયા! ભયભીત! નાયકે નાકે આંગળી દઈ, સૌને ચૂપ રહેવા સૂચવતાં કહ્યું: 'શી...! સાંભળ્યું?...કોણે કહ્યું 'ખૂ...ન'? તમે એ સાદ ઓળખો છો?'

'ઓ...ઓ...! બ...ચા...વો...! આ...વો!...બીજો...ઘા!...ખૂ...ન!...બીજો! ઓહ! મો...ત!' બીજી વાર એ વાતાવરણભેદક આક્રંદ, આરંભે તારસ્વરે ને પછી એક ઝાટકા સાથે વિલીન થતો સંભળાયો. લોકો કંપી ઊઠ્યા. ભય ફેલાયો. નગરના નેતાઓ વધુ ચિંતિત હતા.

'પેલું પાતક થયું લાગે છે—હત્યા. સાદ તો રાજાનો લાગ્યો.'

'હવે? શું કરશું?'

'હા, ચાલો. જલ્દી નક્કી કરો; આપણે કરવું શું?

'કોઈ સલામત વ્યવહારુ માર્ગ શોધો.'

'આપણી તો ભઈ, સલાહ છે: નગરમાં દૂતને ઝટ મોકલો. નાગરિકો શસ્ત્રો સજી ઝટઝટ અહીં એકઠા થાય.'

'અરે, એમાં તો કેટલી યે વાર લાગે! હું તો કહું છું અત્યારે જ અંદર ધસી જાવ; ને લોહિયાળ શસ્ત્રો સાથે જ ખૂનીને પકડી પાડો.'

'બરાબર છે. એમ જ કરવું જોઈએ. અથવા એવું જ કાંઈક. આ ઘડી ચૂક્યા તો બધું જશે.'

'એક વાત સ્પષ્ટ છે: આ હત્યા સૂચવે છે કે હત્યારાઓ સત્તાનાં સૂત્રો કબજે કરવા માગે છે.'

'હાસ્તો. આપણે અહીં વાતોમાં રહી જશું ને પેલાં ત્યાં ઝટપટ એમનું કામ પતાવી દેશે.'

'મને તો કોઈ વ્યવહારુ માર્ગ દેખાતો નથી! હું તો કહું છું કે એ લોકોને જ પૂછીએ કે હવે શું કરવું.'

'હા. મારો ય એ જ મત છે. રાજા જો મરી ગયો હશે તો એ કોઈ પ્રકારની દલીલબાજીથી જીવતો થવાનો નથી.'

'તો શું આપણા રાજકુળના આ ઘાતકોના શાસનને મૂંગે મોઢે વેઠતાં વેઠતાં પાછલી જિંદગીનાં વર્ષો ખેંચી કાઢવાં?'


'ના, ના; આ તો અસહ્ય છે. આવાની સત્તા તળે જીવવા કરતાં તો મરવું બહેતર છે.'

'ઉતાવળા થાવ મા! જરાક તો વિચારો. રાજાનું ખૂન થયું છે તેની સાબિતી શી? આ ચીસ? એટલા પરથી ખાતરીપૂર્વક કહેવાશે ખરું કે આપણા રાજા જ મૃત્યુ પામ્યા છે?'

'હં. ચોકસાઈ તો કરવી જ જોઈએ. આટલો બધો આવેશ અજુગતો ગણાય. ધારી લેવું એ એક વાત છે, ને પૂરી જાણ હોવી એ સાવ જુદી વાત છે.'

આખરે સૌએ સર્વાનુમતે ઠરાવ્યું કે પૂરેપૂરી તપાસ કરવી. મંડળના અગ્રણીઓ આ માટે આગળ થયા. પગથિયાં ચડવા લાગ્યા. ત્યાં જ સામે રાણી આવતી દેખાઈ. એનાં વસ્ત્રો લોહીનીતરતાં હતાં. એના હાથ આખા લોહિયાળ હતા. મોં પર પણ લોહીના છાંટા હતા. લોકપ્રતિનિધિઓ હેબક ખાઇને થંભી ગયા. રાણીની આંખમાં હજી હુતાશ હતો. એણે આમને ઉપર ચડી આવવા ઈશારો કર્યો. વૃદ્ધોનો ગયા વિના છૂટકો નહોતો. એણે અંદર એક નજર નાખી. સૌએ એ તરફ જોયું. ત્યાં-નાવણિયામાં કૂંડી પાસે એક રેશમી રક્તરંગી જામામાં વીંટળાયો હતો કો રક્તનીતરતો દેહ–ને એના પર પડ્યું હતું કાસાન્ડ્રાનું લોહી-નીંગળતું શબ. કમકમાટીભર્યું દૃશ્ય હતું. રાણીએ ત્યાંથી આંખ પાછી વાળી લઈ લોકોનાં નેણમાં પરોવી. સત્તાવાહી અવાજે, જરા ય થડક્યા વિના એણે કહ્યું:

'હમણાં જ, થોડા સમય પહેલાં, એ સમયને અનુરૂપ એવું ઘણુંબધું હું બોલેલી, એ બધું મિથ્યા હતું એમ જાહેર કરતાં મને જરા ય સંકોચ થતો નથી. એમ ન કરું તો એક મિત્રના રૂપમાં રહેલા શત્રુનો સંહાર બીજી કઈ રીતે કરી શકું? એમ ન કરું તો, ગમે તેટલો ઊંચો કૂદકો મારે તો ય ન છટકી શકાય એવી જાળ કઈ રીતે બિછાવી શકું? આ તો બળિયા સાથે બાથ! એમાં હું જીતી! જુઓ, પેલાં પડ્યાં... મેં એમને પૂરાં કર્યાં, મારે સગ્ગે હાથે. જાળે ભરાયેલ માછલું છટકે નહિ માટે મેં એના પર નાખ્યો હતો એનો જ વિશાળ જામો! ને પછી ઉપરાઉપર બે જીવલેણ ઘા ઝીંક્યા; બે વાર એના મુખમાંથી નીકળી ગઈ ચીસ, બે વાર ઊંકારા, ને પછી જેવો આ પડ્યો ઢગલો થઇને કે મેં ત્રીજો છેવટનો ઘા દીધો. બસ, પૂરું થયું. મારી પ્રાર્થના ફળી. એને મોઢેથી ફીણ નીકળ્યાં, લોહીના પરપોટા! વસન્તમાં આકાશેથી ઝાકળ વરસે ને એમાં ભીંજતી કળીઓ હરખાઈ ઊઠે એમ આની રક્તસીકરોમાં ભીંજાતી હું પ્રહર્ષિત થઈ છું. મેં જે કર્યું છે એની મારી આ કબૂલાત. આર્ગોસના વડીલો! તમને ભલે ગમે તે થાય-ગ્લાનિ કે હર્ષ; મારો તો આનંદ માતો નથી. હું તો ઇચ્છું છું આ



ટ્રૉયનો વિનાશ

ટિન્ડેરસની અતિ સ્વરૂપવાન કુંવરી હેલન માટે સ્વયંવર રચાયો. દેશદેશના રાજકુંવરોની પેઠે ટ્રૉજનનો પાટવીકુંવર પૅરિસ પણ તે માટે ઊપડ્યો. દુર્ભાગ્યે માર્ગમાં જ એનું વહાણ તોફાનમાં અટવાઈ જતાં જ્યારે એ પહોંચ્યો ત્યારે તો હેલન ઍગામેમ્નૉનના ભાઈ મેનેલસ સાથે પરણી ચૂકી હતી. પોતે પામ્યો તો નહિ, પણ છતાં એક વાર હેલનના અતિખ્યાત સૌંદર્યને નિહાળવા પૅરિસ મેનેલસનો મહેમાન બન્યો. ત્યાં એ બંને પ્રેમમાં પડયાં અને એક દિવસ લાગ સાધી નાસી ગયાં.

આ અપમાનનું વેર લેવા ઍગામેમ્નૉન અને મેનેલસે અન્ય ગ્રીક રાજ્યોનો સાથ લઈ ટ્રૉજનના પાટનગર ટ્રૉય પર ચડાઈ કરી. નવનવ વર્ષ સુધી યુદ્ધ ચાલ્યું, પણ ટ્રૉય જીતાયું નહિ. અંતે ગ્રીક સૈન્યે એક યુક્તિ કરી. લાકડાનો એક ભીમકાય ઘોડો ઘડી, તેની અંદર ચૂંટેલા સૈનિકોને છુપાવી, પોતે ઘેરો ઉઠાવી લીધો છે તેવો દેખાવ કરી તેઓ થોડે દૂર જંગલમાં જઈ સંતાઈ ગયા.

શત્રુઓ રાખી ગએલા એ ઘોડાને જોઈ ટ્રૉયવાસીઓ ગેલમાં આવી ગયા. શત્રુઓની હાર અને પોતાના વિજયના ચિહ્નરૂપ એ વિશાળકાળ ઘોડાને તેઓ નગરમાં દોરી લાવ્યા. નવનવ વર્ષના યુદ્ધનો અંજામ આવ્યો જાણી તેઓ વિજયોત્સવ માણવામાં ભાન ભૂલી નાચ્યાકૂદ્યા. અંતે મોડી રાતે સૌને ઘારણ વળ્યું ત્યારે ઘોડામાં છુપાએલા સૈનિકોએ બહાર આવીને કિલ્લા ઉપર તાપણું પેટાવી પોતાના સૈન્યને સંકેત આપીને તેમણે નગરનાં દ્વાર ખોલી નાખ્યાં. અસાવધ ટ્રૉય પર તૂટી પડેલા ગ્રીક સૈન્યે ઠેર ઠેર કતલ ચલાવી ને ટ્રૉજનના એ ભવ્ય પાટનગરને આગ લગાડી ભસ્મીભૂત કરી નાખ્યું.

શબ પરથી જ હૈયાને આસવનો અર્ઘ્ય આપીએ! એમનો એહસાન!'

'શી તારી ધૃષ્ટતા! પતિના શબ પર બેસીને તું આવા શબ્દો કાઢી શકે છે!' નાયકે કહ્યું.

'તમે તો કોઈ બુદ્ધિહીન સ્ત્રી મને માની લીધી! આમાં તમે સંમત થાવ, ન થાવ; મારે મન એની કોઈ કિંમત નથી. સીધી સાદી વાત આટલી છે: આ મારો ભર્તા ઍગામેમ્નૉન! એને મેં જ મારે હાથે પૂરો કર્યો છે. ન્યાય મારે પડખે છે.' રાણીએ સ્પષ્ટ જણાવ્યું.

'અધમતાની યે અવધિ હોય છે! ન્યાયને ખાતર જ અમે આ સહન નહિ કરીએ. આવા નીચ કૃત્યને તો આર્ગોસ આખું યે એકી અવાજે તિરસ્કારશે.' નાયકની વાણીમાં રોષ હતો. સૌએ 'હા'...'બરાબર છે' વગેરે નાદોથી એને બળ આપ્યું.

'આખું યે આર્ગોસ તને નગર બહાર હાંકી કાઢશે.' એણે નિર્ણયાત્મક અવાજે સંભળાવ્યું. નગરજનોમાં હવે ખુમારી આવી હતી.

રાણીએ એથી ડર્યા વિના ઉત્તર વાળ્યો: 'અત્યારે તો તમને સૂઝે છે મને હદપાર કરવાનું! કરવો'તો ને એને હદપાર, જેણે પોતાને હાથે પોતાની કૂમળી કળી જેવી પુત્રીને ઘેટાની માફક રહેંસી નાખી! ક્યાં ગયો'તો તમારો ન્યાય ત્યારે? કે પછી તમે આ બરાડા પાડો છો તે તમારા માણસોને જોરે? રાજ્યમાં તમારી કેટલી છે તાકાત? જરા અજમાવી જોશો? તાકાતનો ય મુકાબલો ભલે થાય. તમે જીતશો તો હું તમારી દાસી થઈને રહીશ, હારશો તો—તમે વૃદ્ધ છો. બીજું તો શું? એક શિખામણ મળશે.'

'તારો તુંડમિજાજ જ તને પાડશે—જો જે. આજે ભલે અભિમાનથી ગર્જતી.' નાયકે કહ્યું.

'એમ કે? ત્યારે તમે ય સાંભળી લો. મેં તો ન્યાયદેવીને ને કોપદેવીઓને જ શાન્ત કરી છે રુધિરપાન કરાવીને. મારી પડખે પહેલેથી જ હતો, ને હજી યે છે, મારો સાથીદાર ઈજિસ્થસ. કોઈની દેન નથી કે એ છે ત્યાં સુધી આ ઘરનો વાંકો વાળ યે કરે. મારા હૈયાને બાળનાર તો ગયો. ને એની સાથે એની માનીતી યે ગઈ;—હંસની માફક મૃત્યુના રાસડા લેતી લેતી, એના પ્રિયતમના બાહુમાં એ પડી પણે! મારી શૉક્ય તરીકે એને એ લાવ્યો'તો; મારા વિજયમાં એ ય વધારો કરતી ગઈ.'

વડીલોના ગુસ્સાએ જુદો વળાંક લીધો. આ બધાંના મૂળમાં એમને હેલન લાગી. ક્લાઈટેમ્નેસ્ટ્રાની બહેન. એને જ પાપે આખો કૌભાંડ રચાયો. ક્લાઈટેમ્નેસ્ટ્રા વળી ગુસ્સે થઈ: 'એમાં હેલનને શાનો દોષ દો છો? હજારોની સંખ્યામાં જુવાનોને રહેંસાવા લઈ જજો એમ કહેવા એ આવી'તી? એ જુવાનોના જાન તો પેલાએ લીધા. એની એક ભૂલમાંથી જ આ બધી વિપત્તિઓ વરસી એ ય શું સાચું છે?

અને—મેં આની હત્યા કરી એવું તમને ને મને ય—ભાસે છે; પણ હકીકતમાં તો એટ્રિયસના ઘરમાંના કોઈ વેરે મારા રૂપમાં આવી, એટ્રિયસ પરનું વેર આ રીતે વાળ્યું! હું તો હવે મુક્ત છું. ન્યાયે એનું રક્તઋણ મેળવી લીધું છે.'

લોકોએ જોયું કે ધિક્કારથી ભર્યુંભર્યું હૈયું જેમ બૂરાઈઓમાં ય થનગને એમ એને આનંદ હતો. કોહેલા મુડદા પર બેઠેલી કાગડી જેમ કિલકારીઓ કરે એમ આ કરે છે! રાજા બિચારો ગયો! એના મૃત્યુ પર કોઈ વિલાપે ય નહિ! કોઈ શોક નહિ! એ તો બેવફા પત્નીની જાળમાં ફસાઈ મૂવો; પણ એના પ્રત્યેની વફાદારી મિત્રોએ કેવી રીતે દર્શાવવી એ પ્રશ્ન હતો. એના શબને ય આમ રઝળતું રાખવું?

રાણી તો એના તાનમાં જ હતી: 'એ બેવફા નહોતો? જે ફૂલને મેં લાલનપાલન કરીને ઉછેર્યું એને એણે વધેર્યું! મને છેતરીને! આ તો એનું ફળ એણે ભોગવ્યું. હવે એના શબની ચિંતા ય તમારે કરવાની નથી. મેં એને પૂરો કર્યો છે, તો હું જ એને દટાવી દઈશ. કોઈએ રોવાકૂટવાની કે હારફૂલ ચડાવવાની જરૂર નથી. સારું થયું ને કે હવે એને એની ગત પુત્રી, ઈફીજીનિયા, વહેલી મળશે—ત્યાં મૃત્યુલોકમાં.'

લોકનાં મોં સિવાઈ ગયાં. શું બોલે? ચોખ્ખી દાદાગીરી! તો ય એક બોલ્યો: 'જાણો છો ને, પાપીનો કરુણ અંજામ આવે જ છે?' કે તરત એણે પરખાવ્યું: 'હા. આ એનું જ દૃષ્ટાન્ત તમારી સામે પડ્યું છે.' એ

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૨

શરદી

શરદી તો ઘણો વ્યાપક અને તેથી સુપરિચિત વ્યાધિ છે. તેને આયુર્વેદમાં 'પ્રતિશ્યાય' અને સાંપ્રત વિજ્ઞાનમાં 'કૉમન કોલ્ડ' કહે છે. ગળું પકડાય, નાક બાઝી જાય કે ગળવા લાગે, માથું ભારે લાગે, શરીરમાં સુસ્તી જણાય, ભૂખ મરી જાય અને બેચેની જણાય એ શરદીનાં સુવિદિત લક્ષણો છે, એટલે શરદી ઓળખાવી સહેલી છે, પણ તેનાં કારણો જાણવાં મુશ્કેલ છે. થોડાં જોઈએ:

કારણો

(૧) ખોરાકમાં બહુ ગળ્યા અને ભારે પદાર્થો વધારે પ્રમાણમાં લેવાયા હોય, (૨) અજીર્ણ હોવા છતાં ખાધું હોય, (૩) રાત્રે મોડે સુધી ઉજાગરો કર્યો હોય કે દિવસે સૂઈ રહેવાયું હોય, (૪) દહીં, આઈસક્રીમ કે ઠંડાં પીણાં જેવી ચીજો અધિક લેવાઈ હોય, (૫) ઠંડી-હવાનું વધારેપડતું સેવન થયું હોય, (૬) શિયાળામાં ઠંડા માટલાનું પાણી પીવાયું હોય, (૭) ઋતુમાં ફેરફાર થયો હોય, (૮) મુસાફરી દરમિયાન વિવિધ આહાર લીધો હોય (૯) વધુપડતા જાતીય સંબંધનું સેવન કર્યું હોય કે (૧૦) વાસી ને વાયડો ખોરાક ખાધો હોય ત્યારે શરદી થઈ આવે છે.

ચિકિત્સા

શરદીની ચિકિત્સા ચિકિત્સકને ઘણી વાર હંફાવે છે તેથી તેને માટે એક માન્યતા પ્રચલિત છે કે શરદી મટવી હોય તો મૂઠી જીરાથી પણ મટી જાય અને ન મટવી હોય તો મૂઠી હીરા ખર્ચ્યે પણ ન મટે! છતાં તેના ઉપચાર માટે—

(૧) ઉપર બતાવેલાં કારણોમાંથી જે લાગુ પડતું હોય તે દૂર કરવું. (૨) લંઘન કરવું. ગમે તેવી શરદી પાંચ દિવસ લંઘન કરવાથી મટી જશે. આ દરમિયાન માત્ર ઉકાળીને ઠંડું કરેલું પાણી જ પીવું. (૩) સૂંઠ, ગોળ અને ઘીની ગોળી વાળી ખાવી. (૪) આદુના રસ તથા મધનું સેવન કરવું. (૫) જમ્યા પહેલાં આદુની કાતરી ખાવી. (૬) રોજ રાત્રે સૂતી વખતે હરડે કે ત્રિફલાના ચૂર્ણનો ફાકો મારી પેટ સાફ કરવું. (૭) સીતોપલાદિ ચૂર્ણ, શ્વાસકુઠીર રસ, મરીનો ભૂકો, વાતવિધ્વંસન રસનું સેવન શરદી માટે સારું છે. (૮) દિવેલ ગરમ કરી નાકને તેનાથી શેકવું; નાકમાં ગરમ દિવેલના ટીપાં નાખવાં; સારી ફાર્મસીના ષડબિંદુ તેલનાં ટીપાં નાકમાં નાખવાં અથવા સૂંઠના બારીક ભૂકાને છીંકણીની જેમ સૂંઘવો. (૯) હલકો ખોરાક ખાવો; દહીં, છાશ, ખાંડ, ગોળ, ઘી, દૂધ, પાણી, ઠંડી હવાનો કે ટાઢા ખોરાકનો ત્યાગ કરવો. (૧૦) મલબાર બાજુનું વાતાવરણ ખૂબ ભેજવાળું હોઈ ત્યાં શરદીની વધુ શક્યતા હોવાથી ત્યાંના લોકો 'ચુક્રવલ્લમ'નો ઉપયોગ કરે છે. આપણે પણ આ કરવા જેવું છે: એક નાના વાસણમાં પાશેર પાણી લઈ, તેમાં પાવલીભાર સૂંઠ નાખી, ખૂબ ઉકાળવું. પછી તેને ગાળી પાણીના માટલામાં રેડી તે પાણી જ પીવાના ઉપયોગમાં લેવું.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

લ ઘુ ક થા

બીજો કોણ ?

યશવંત કડીકર

અંધારી રાત હતી. ગાડી તીવ્ર ગતિએ દોડી રહી હતી. થર્ડ કલાસના એક નાના કમ્પાર્ટમેન્ટમાં અમે ગણ્યાગાંઠ્યા જ મુસાફરો હતા. એમાંના એકે મને છાપું આપતાં કહ્યું: 'લ્યો, વાંચો સાહેબ.' છાપું આઠેક દિવસ પહેલાંનું હતું. પણ છતાં મેં તેમાં નજર ફેરવવા માંડી: 'ગાડીમાં વગર ટિકિટે ચડેલા મુસાફરને ટી. ટી.એ ઝડપ્યો. છટકી જવાનો પ્રયત્ન કરતાં પેલો માણસ ગાડીમાંથી ફેંકાઈ ગયો અને તેનું કરુણ મૃત્યુ નિપજ્યું.'

મેં પેલા સામે જોઇને કહ્યું: 'વગર ટિકિટે મુસાફરી કરવી ગુનો તો છે જ, ને તેમાંથી છટકવા જતાં જાન ખોવો પડ્યો.'

'પણ સાહેબ, એની મજબૂરી જાણો છો? એ બેકાર હતો. નોકરી માટે ભટકતો હતો. ખાવાનાં પણ સાંસાં થઈ પડેલાં, પછી એ ટિકિટ ક્યાંથી લે?' પેલા અજાણ્યા માણસે પેલા મુસાફરનો બચાવ કરવા માંડ્યો.

એટલામાં અમારા જ કમ્પાર્ટમેન્ટમાં ટી. ટી.એ પ્રવેશ કર્યો. એને જોતાં જ પેલો સફાળો ઊભો થઈ બારણા તરફ દોડ્યો ને બહાર કૂદી પડ્યો. મેં લાગલી જ સાંકળ ખેંચી. ગાડી તુરત થંભી ગઈ. નીચે ઊતરી અમે સૌએ આસપાસ પેલા માણસની ઘણી શોધ કરી, પણ એ મળ્યો નહિ.

જ્યાં એ કૂદી પડેલો ત્યાંથી ગાડી બહુ આગળ નહોતી ગઈ. ભૂમિ પણ સપાટ વેરાન હતી. અમારી પાસે બેટરી પણ હતી, પણ પેલાનું નિશાન સરખું યે મળ્યું નહિ. ડબ્બામાં પાછા ફરતાં જોયું તો પેલું જૂનું છાપું પણ ત્યાં નહોતું. કોણ હશે એ? જૂનું છાપું વંચાવી એણે શા માટે પેલા ટિકિટ વિનાના મુસાફરનો બચાવ કર્યો હશે. કે પછી એ જ પેલો...?

હાજરજવાબી હતી. જબર દલીલબાજ હતી. વખત પારખીને વર્તનારી હતી. દલીલોથી આ વૃદ્ધ નગર-પ્રતિનિધિઓને શાન્ત પડેલા જોયા એટલે બોલી: 'હું તો દેવને પ્રાર્થના કરું છું–અંતરથી: જે દેવોનો કોપ આ કુળ પર ઊતર્યો હોય તે હવે ખમૈયા કરે! આટલું બસ છે! ભૂતકાળને હવે ભૂલી જાવ; ને આ વૈરશૃંખલાનો અહીં જ અંત આણો, દેવ! તમે હવે કોઈ બીજે ઘેર પધારો! મારે કોઈ સંપત્તિ નથી જોઈતી. સૌ નિરામય રહે એટલું જ માગું છું, પ્રભુ!' એણે આંખ મીંચી. એ ઘૂંટણે પડી.

ત્યાં ઈજીસ્થસ આવી પહોંચ્યો. નજર પેલાં શબો પર હતી. 'હા...શ! કોપદેવીઓએ વણેલી જાળમાં, આખરે, એ ફસાયો ખરો! પિતૃઋણ આજે અદા થયું.' એને થયું. એના ચિત્તમાં ભૂતકાળની આખી વાત તાજી થઈ; આ ઍગામેમ્નૉનના પિતા એટ્રિયસ ને પોતાના પિતા થીસ્ટસ વચ્ચે વેર હતું. એટ્રિયસે થીસ્ટસને આર્ગોસથી હદપાર કરેલો. ફરી એ શરણ યાચતો આવ્યો ત્યારે સ્નેહનું નાટક કર્યું. ભોજનસમારંભ ગોઠવ્યો. એમાં થીસ્ટસનાં જ બે બાળકોને રહેંસી એની વાનગીઓ બનાવેલી તે એને પિરસાઈ! એણે ખાધી. પણ પછી બનાવટની જાણ થઈ. ઓકયો. ઊભો થયો. એક પાટુથી આખું ટેબલ ઉથલાવી નાખ્યું: 'આવી જ દશા તારા આખા કુળની થજો' એ શાપ વરસાવતો ચાલ્યો ગયો–નાનકડા ઈજીસ્થસને લઇને. એ કૃત્યનો જ આ અંજામ. એમાં ઈજીસ્થસનો પણ હિસ્સો ખરો. મોટા થઈને પિતાના અપમાનનું, ભાઇઓની હત્યાનું વેર વાળવાનો એણે નિશ્ચય કરેલો. એ નિશ્ચયથી જ એ પાછો આર્ગોસમાં આવ્યો. રાણીનું હૈયું જીત્યું, ને આ કાવતરામાં ઍગામેમ્નૉનને ફસાવ્યો. આ વાત એણે આજે સ્પષ્ટપણે લોકોને કહી; ને ઉમેર્યું: 'આ મર્યો! હાશ; હવે મોત પણ મને મીઠું લાગશે.'

વૃદ્ધોને એની વાણી ખૂંચી: 'મરેલાની તો જરા અદબ જાળવો. ને, તમે જ જો આ કાવતરાના સંચાલક હતા તો ન્યાય તમને નહિ છોડે; ને આ નગરના લોકો ય નહિ છોડે. એ તો પથ્થરે પથ્થરે તમને પૂરા કરશે.' નાયકે મોઢામોઢ બરાબર સંભળાવ્યું.

ઇજીસ્થસ વિફર્યો. રાજાના જેવા સત્તાવાહી અવાજે એ બોલ્યો: 'એ...મ કે? એટલી બધી ગુસ્તાખી? શાસન સાથે કેમ વર્તાય તે ય નથી જાણતા? શિસ્તનું ભાન છે? કે મારે તમને, આ ઉંમરે ય, એ પણ શીખવવું પડશે? આ અહીં પડ્યો છે, એની દશા જોઇને તો કંઈક ધડો લો.'

વૃદ્ધો આ અપમાન માટે તૈયાર નહોતા, એમના નાયકે તરત જ પરખાવ્યું: 'આ જ્યારે યુદ્ધે ચડ્યા ત્યારે, બાયલા, તું ક્યાં ગયો'તો? તું તો ઘરમાં ભરાઈ બેઠો'તો—આની પત્નીની સોડમાં! જે માણસે આખું સૈન્ય દોર્યું એને તેં કાવતરાથી માર્યો! ધિક્કાર હો!'

'જીભ સંભાળીને બોલો, નહિ તો તમને અમારે ઠેકાણે લાવવા પડશે.' ઇજીસ્થસે કહ્યું. 'ઠેકાણે તું લાવીશ? લાત જોઇએ! અમારા રાજાની હત્યાનો કાવતરાખોર તું, તલવારે ય ખેંચવાની હામ વગરનો તું,—તું શું અમારો રાજા થવાનો છે?'

'તલવાર?...એ મારું કામ નહોતું. હું તો રાજાનો જૂનો વેરી; એમ કરવા જાત તો તરત પકડાઈ જાત. મારે તો એમને ફસાવવા હતા. બાકીનું તો આ બાઇને ફાળે હતું. હવે તો આ સમૃદ્ધિની સહાયે આર્ગોસમાં મારું શાસન ચાલશે જ. સામે થનારને ચૂપ કરતાં મને આવડે છે.'

'આટલી બધી હિંમત છે તો તારા વેરીને તારે પોતાને હાથે હણવો'તો ને? આ સ્ત્રીની સહાય કેમ લીધી? અત્યારે અમારો ઑરેસ્ટસ નથી. નહિ તો તને ખબર પાડી દેત. ઓ વિધિ! એને વહેલો લાવ ને એની અજેય અસિનો સ્વાદ આ બેને ચાખવા દે!' નાયક હવે વિફર્યો હતો.

'રાજાના અપમાનથી કોઈ ફાયદો નથી. તું એ અત્યારે જ જોઈશ.' કહીને ઇજીસ્થસે સૈનિકોને બોલાવ્યા. વૃદ્ધોએ તલવારો તાણી. 'એકેએકને સ્વાદ ચખાડો.' ઇજીસ્થસે સૈનિકોને હુકમ કર્યો. એ ધસ્યા ને 'અરે, અમે ય મરવા તૈયાર જ છીએ.' કહીને વૃદ્ધોએ પણ પેંતરો રચ્યો.

ત્યાં રાણી વચમાં પડી: 'ના, ઇજીસ્થસ; ના પ્રિય! હવે લોહી નથી રેડવું. હિંસા ન જોઇએ. આનો પહેલો પાક ઊતરશે ત્યારે ય મબલખ વિપત્તિ લણશું. અપરાધ ને દુ:ખોને આપણે લોહીનાં લક્ષણો નથી બનાવવાં. હું તમને બે હાથ જોડું, વડીલો! વિધિએ જે ધાર્યું હતું તે થઈ ગયું; નિયતિને સ્વીકારો; કોઈને હાનિ પહોંચે તે પહેલાં ઘેર સિધાવો. અમે જે કર્યું તે તો પહેલેથી જ ભાખેલું હતું, ટાળ્યું ટળે તેમ નહોતું. હવે આ વેર અહીં અટકે તે ઇષ્ટ છે. આ તો એક સ્ત્રીની શિખામણ છે, માનવી હોય તો માનો!' કલાઇટેમ્નેસ્ટ્રાના અવાજમાં અરજ હતી.

'પણ આ ડોસલા રાજા જેવા રાજા સામે ગમે તેમ બકે તે કેમ ખમાય?' ઇજીસ્થસ બોલ્યો.

'રાજા?! કોઈ નામર્દને-બાયલાને-અમે રાજા તરીકે સ્વીકારીએ જ નહિ.'

'એ તો જોઇશું ને! ભવિષ્યમાં તારી સાથેનો હિસાબ હું બરાબર પતાવીશ.' ઇજીસ્થસે દાંત કચકચાવ્યા.

'ના રે! હિસાબ ઠેકાણે રહી જશો જો આર્ગોસને રસ્તે ઑરેસ્ટસને વિધિ લાવી મૂકશે તો.'

'દેશપાર થનાર પાછો આવે એ આશા જ આંધળી છે.'

'તું ભલેને એમ માને, ને ફૂલીને ફાળકો થાય.' નાયકે સંભળાવ્યું.

'તું તો મૂરખ છે. સમય આવ્યે તારી શેખી હું સોંસરી કાઢીશ.'

'કૂકડી આગળ કૂકડા ફૂલે તેમ તું તારે મદાંધ થઈ શેખી કર્યે જા ને!'

કલાઇટેમ્નેસ્ટ્રાએ વડીલને વાર્યા ને દૂર લઈ ગઈ, પછી ઇજીસ્થસ પાસે આવી મક્કમતાથી બોલી: 'આ લોકોના બોલ પર શું ધ્યાન આપો છો? ભલેને એ ભસતા. તું ને હું જ આ રાજ ચલાવવાનાં છીએ; ને કાળક્રમે આમને આપણું શાસન સ્વીકાર્યા વિના છૂટકો નથી.'

કહીને કલાઇટેમ્નેસ્ટ્રા ઇજીસ્થસને અંદર ખેંચી ગઈ. થોડી વારે લોક પણ વિખરાયા. સંત્રીએ આવીને મહેલના દરવાજા બંધ કર્યા. ☐

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર રાવળનું આત્મકથાનક · ૧૧૬

૫૮૨ કુમાર પ્રોસેસ સ્ટુડિયો

કળા અને સાહિત્યના કોવિદ સમા પ્રસિદ્ધ પુરુષ કઝિન્સે મને જે પ્રતીતિકર ઉત્તેજના આપી તેવી ગુજરાતના કોઈ સંસ્કારી કે સુશિક્ષિત જન તરફથી મને મળી નહોતી, એટલે મારા જીવનની દિશા સુનિશ્ચિત કરીને હું વધુ ઉત્સાહથી 'કુમાર' પ્રસિદ્ધ કરવાની ઇન્તેજારી સેવતો હતો. ત્રણ-ચાર મહિના ચાલે તેટલી લેખસામગ્રી, ચિત્રો તથા ફોટોગ્રાફો મેળવવા અમારી દોડધામ ચાલુ હતી, પણ ચિત્રો તથા ફોટો પરથી તે છાપવા માટેના બ્લૉક તૈયાર કરાવવા માટે તો મુંબાઈ તરફ જ નજર હતી. મેં અગાઉ વડોદરામાં બ્લૉક બનાવવાના વર્ગો મિ. બુધવારકરની દેખરેખ નીચે ભરેલા એટલે તેનાં સર્વાંગ સામગ્રી-સાધનોનો પૂરો અંદાજ મારા મનમાં હતો, પણ તત્કાળ નવું ખરીદવાની હામ તેમજ મૂડી પાસે નહોતાં. છતાં માસિકમાં ચિત્રો, નકશા, આકૃતિઓ, ફોટોગ્રાફો આપવાનો સંકલ્પ પૂરો હતો. મુંબાઈના મિત્રો આગળ મેં મારી યોજનાઓ વર્ણવેલી, તેથી ઘણા મિત્રોએ સહકાર આપવા કહેલું.

હાજીમહમ્મદ સ્મારક ગ્રંથ અંગે બ્લૉક બનાવવાનું કામ તેમના પુત્ર ગુલામહુસેને પોતાના જે મદદનીશ કારકુન અને પાછળથી સાથી બનેલા પ્રાણજીવન કરસનજી દેસાઈ મારફત કરાવી આપેલું તે હવે ચીનાઈ વાજીકરણ દવાઓની એજન્સી લઈ ધરખમ નફો કરતા હતા. એ ભારે ઊથલપાથલિયા હતા. હાજી-સ્મારકના બ્લૉક માટે મેં આગોતરાં નાણાં આપેલાં છતાં કામ લંબાએલું તેનો એકરાર તેમણે જ કરેલો કે ગુલામહુસેને અંગત જરૂર માટે તે વાપરી નાખેલાં; પણ છેવટે એ ગ્રંથ બહાર પડ્યો ત્યારે બંને જણની મારી તરફ બહુ જ મીઠી નજર થઈ ગઈ. હાજી-સ્મારક જેવો ગ્રંથ બીજું કોણ કરી શકત? એટલે પ્રાણજીવનના મનમાં ખરું કે મારું કોઈ હિત-કાર્ય કરવું.

એકાએક એક દિવસ તેમનો પત્ર આવ્યો કે તેમની મારફત એક પારસી બ્લૉકમેકર મિ. ભરૂચાનો પ્રોસેસ-કૅમેરા અને કેટલોક સામાન વેચાવા આવેલો છે; મારે તેનો ખપ હોય તો તરત સાટું થઈ શકે એમ છે.

મુંબાઈના કોઈ પ્રોસેસ ખાતામાં જોડાએલા વડોદરાના મારા સહવિદ્યાર્થી શંકરરાવ દેહાડેને મેં તરત લખ્યું કે તે આ સામાન જોઈ આવી મને સલાહ આપે. શ્રી દેહાડે મારા પ્રતિ અનન્ય મૈત્રીભાવ રાખતા હતા. જરા પણ ઢીલ વગર તેમના તરફથી ઉત્તર આવ્યો કે પ્રોસેસ (બ્લૉક મેકિંગ)નો સામાન કામ આપી શકે એવો છે અને તેમાં ખૂટતી વસ્તુઓ સ્ટૅન્ડ, ડિશો વગેરે પોતે મેળવી આપશે, એટલું જ નહિ પણ વડોદરાથી પોતાના એક સંબંધી જુવાનને કામ ઉપર પણ મૂકી આપશે.

તેમના અભિપ્રાય પર મને પૂરો વિશ્વાસ હતો, તો પણ હું જાતે મુંબાઈ ગયો અને સામાન ખરીદી લઈ પ્રાણજીવન દેસાઈને ત્યાં જ નજર સામે ખોખું પૅક કરાવી, અમદાવાદ રવાના કરી, શંકરરાવને સાથે રાખીને કેટલોક સામાન તથા રસાયણો વગેરેનો ઑર્ડર પ્રિસેન્સ સ્ટ્રીટ પરના ફોટોસામગ્રીના મોટા વેપારી ડબ્લ્યુ. ડી. સામંતને સોંપ્યો. એ સજ્જન મને 'વીસમી સદી'ની પ્રતિષ્ઠાથી ઓળખતા હતા. માલ માટે નાણાંનો ચેક પાછળથી મોકલવાનું કહીને તથા પ્લેટો-રસાયણો પર વીસ ટકા વટાવ આપીને તેમણે પોતાની સુજનતા બતાવી.

શંકરરાવ પોતાના વચન પ્રમાણે તરત જ વડોદરા આવ્યા અને ત્યાંથી પ્રોસેસ કૅમેરા માટેનું ચડ-ઊતર અંતર આપી શકે એવું સ્ટૅન્ડ તથા પોતાના સંબંધી ભાણેજ ત્ર્યંબકરાવ ચાટુફળેને લઇ અમદાવાદ આવી



△ એક દિવસ મારાં સ્વપ્નાં વાગોળતો, અસહાય બની, હાડપિંજર જેવું શરીર બિછાનામાં નાખી સૂતો હતો ત્યાં...

પહોંચ્યા. દરમ્યાન મુંબાઇથી ગુડસમાં ખોખું પણ આવી ગયું હતું એટલે તેની હાજરીમાં જ બધું તપાસી લીધું.

હવે પહેલું કામ મેં તેને માટે મારા ઘરની સામેના જ ખૂણે મારા પડોશી શ્રી હરિલાલ ભટ્ટનું જૂનું એકઢાળિયું મકાન હતું તે રાખી લીધું. તેમાં કોઈ વસતું નહોતું, માત્ર કોલસા રહેતા. તેનો ઓરડો તેમને કબજે રહેવા દઈ માત્ર તેની ઓસરીમાં જ મેં મારા ઘરમાં રચેલી પેલી પૂઠાની ડાર્કરૂમ ગોઠવી કાઢી. કૅમેરા ચોકમાં રખાવ્યો અને વીજળી ત્યાં નહોતી આવી એટલે સૂર્યનો પ્રકાશ લેવા માટે એક મોટો આરસો, ઉપર-નીચે ફેરવી શકાય એવા ઘોડા પર મુકાવ્યો. નાઇટ્રિક ઍસિડ બારેજડીના તેના કારખાનેથી મળ્યો અને ત્રંબકરાવની તે કામ પર નિમણૂક કરી. તેની મદદમાં માદલપુરથી આવતા વિદ્યાર્થી પીતાંબર પટેલને મૂકી દીધા. આ ઊગતા કુમાર પીતાંબરને પાટીદાર વિદ્યાર્થીગૃહના ગૃહપતિ મારા ચિત્રકળાના વર્ગમાં થોડા વખત પર મૂકી ગયા હતા. ચિત્રકામનો અભ્યાસ પૂર્ણ કરતાં વર્ષો લાગે, તેટલો સમય તેના મોટા ભાઈ ધીરજ ધરે એમ નહોતા, એટલે મારી તરફની તેની ભાવના અને વિશ્વાસથી તેણે આ કામ સ્વીકાર્યું અને મેં તેનો દરમાયો પણ બાંધી આપ્યો.

હવે 'કુમાર' માટે રીતસરના હિસાબ, પત્રવ્યવહાર, ખરીદી વગેરે કામો અને ચાલુ ઑફિસકામ સંભાળવા માણસની જરૂર લાગી. તે વખતે દેશળજી પરમારના નૉન-મૅટ્રિક દૂરના ભત્રીજા લખુ (લક્ષ્મણ)ભાઈ નોકરીની શોધ માટે અમદાવાદ આવેલા. તેને કામ તથા હિસાબ શીખવવાની જવાબદારી બચુભાઈએ લીધી, એટલે પરમારની ચિંતા મટાડી તેને રોકી લીધા. અને આમ, ઈ. ૧૯૨૩ના ઑક્ટોબરમાં દેવદિવાળીના દિવસે 'કુમાર કાર્યાલય'નો આરંભ થયો. અમદાવાદમાં પહેલું જ બ્લૉક બનાવનારું ખાતું શરૂ થયું તેનો આનંદ મિત્રોને પણ થયો.

૫૮૩ પ્રથમ આપત્તિ

પરંતુ મારી હજી વધુ કસોટી થવાની હતી. એ સાલનું ચોમાસુ ખૂબ આક્રમક હતું. મારો દમનો વ્યાધિ બેવડા જોરથી ઊછળ્યો, મારી રાતો શ્વાસ-રુંધન અને હાંફથી ત્રાસજનક બની ગઈ. ખાવા-પીવામાંથી રસ ગયો. ડૉ. હરિપ્રસાદ દેસાઈ અને ડૉ. માધવજી મચ્છર બંને મિત્રો રોજ ખબર લેતા પણ દમનું આક્રમણ નિવારી શક્યા નહિ.

એક દિવસ હું મારાં સ્વપ્નાં વાગોળતો અસહાય બની હાડપિંજર જેવું શરીર બિછાનામાં નાખી બારી આગળ સૂતો હતો. રાત્રે ખૂબ વરસાદ પડી ગયો હતો અને વાદળ ઘેરાએલાં હતાં. મારાં બાળકો ઘર સામેના ચૉકમાં રમતાં હતાં. એવામાં એક ભારે કડાકો સંભળાયો. ધસડાઇને ચૉકમાં પડતી બારી તરફ જઈ જોયું કે ખૂણા પરના જે જૂના મકાનમાં મેં પ્રોસેસ-કામ શરૂ કરાવ્યું હતું તેનું જ છાપરું તૂટી પડયું હતું અને

નીચે મારો બધો સરંજામ દબાઈ ગયો હતો! પડોશીઓ ભેગા થઈ ગયા હતા. થોડે દૂર રમતો મારો પુત્ર નરહરિ સહેજમાં બચી ગયો હતો.

હું કોઈને ટેકે નીચે ઊતર્યો. સંભાળથી પડી ગએલા કાટમાળ નીચે નજર કરી તો કૅમેરા ઉપર એક લાંબો મોભ અધ્ધર અટકી ગયો હતો અને તેની નીચે કૅમેરા રક્ષાઈ રહ્યો હતો. પાછળના ચોકવાળા છાપરાને કંઈ થયું નહોતું. પ્રકાશ લેવાનો એક મોટો અરીસો માત્ર તૂટી પડયો હતો. મને તરત હૈયાધારણ મળી ગઈ કે સર્વનાશ થયો નથી. ઈશ્વર મારું કામ આગળ ચલાવવા નિશાની આપે છે.

તરત મગજ કામ કરવા લાગ્યું. રાયપુર ચકલામાં પરબડી પોળમાં આવેલા મહાદેવના મંદિરની પડાળી પરનો એક મેડો ખાલી હતો અને બાજુમાં નીચેના એકઢાળિયાની અગાશી હતી. મહાદેવની એ જગ્યાની વ્યવસ્થા 'ઉદીચ્ય યૂનિયન'* નામથી મારા જ્ઞાતિબંધુઓ અને બ્રહ્મસમાજને લીધે બનેલા મિત્રોએ ખરીદી લઈને ત્યાં એક જૂથ (જુઓ ફૂટનોટ)ની બેઠક જમાવી હતી અને શંકરના દરેક વ્યતિપાતના દિવસે ત્યાં સહભોજન કરવાનો રિવાજ રાખ્યો હતો. આ મંડળમાં મારા સંબંધી તાપીશંકર પાઠક હતા. તેમની ભલામણ સાથે તેના પ્રમુખ ભોળાનાથ નર્મદાશંકરને હું મળ્યો અને તેમને મારી વિટંબણા જણાવી. તેમણે તરત મને ત્યાંના મેડાની કૂંચીઓ આપી.

આમ ઘરની નજીકમાં જ તત્કાળ સગવડ થઈ ગઈ. બપોર સુધીમાં મજૂરો રાખી લઈ પ્રોસેસ કર્મચારી ત્રંબકરાવ ચાટુફળે અને લખુભાઈ દ્વારા શ્રી બચુભાઇની દેખરેખ નીચે બધો સામાન સાંજ સુધીમાં મહાદેવના મકાનમાં ફેરવાવી નાખ્યો. વરસાદની ઝાણ ચાલુ હતી પણ અત્યારે વધુ વિચાર કરવાનો સમય નહોતો. બ્લૉકનાં પાટિયાં કરી આપનારા રામજીભાઈ મિસ્ત્રીનું કારખાનું નજીકમાં હતું ત્યાંથી બે સુતારો બોલાવી ડાર્ક-રૂમ વગેરે જોઈએ તેમ ફિટ કરાવી લીધું. અને સારો અરીસો પણ સ્થાનિક બજારમાંથી જ મળી ગયો. આમ બે દિવસમાં ત્યાં કામકાજ શરૂ કરી દીધું. લખુભાઈનું દફતર પણ ત્યાં જ રાખ્યું જેથી કામની તપાસ અને નોંધ-રહે તેમજ મારા સુધી આંટાફેરા કરતા રહે.

બ્લૉકનું કામ અમદાવાદમાં પ્રથમ વાર જ આ રીતે ચાલુ થએલું હોઈ મારા મિત્રમંડળમાંના પ્રકાશક મિત્રો બહુ જ ખુશ થયા અને કામ પણ ઠીક આવવા લાગ્યું. આમ આવક-ઉત્પાદનનું સાધન તો ઊભું થઈ ગયું, પણ અમારાં સાધનો બહુ જ જૂનવાણી હતાં. લાઈન-બ્લૉકોની છાપો તો શાહીનું રોલર મારી કૉપીઇંગ પ્રેસમાં દાબી કાઢી આપતા, પણ ફોટોબ્લૉક કે હાફટોન-બ્લૉક છાપવા સારા કાગળ, સારી શાહી તેમજ સારું યંત્ર જોઈએ, તેથી શ્રી બચુભાઈ શહેરના શ્રેષ્ઠ ગણાતા પ્રિન્ટર વીરજીભાઈ માલવણિયાના નવા જ સ્થપાએલા પ્રેસમાં તે કરાવી લાવતા, તેનો અમારે ખર્ચ કરવો પડતો. અમદાવાદમાં બ્લૉક થવા લાગ્યા એટલે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી અને નવજીવન પ્રેસનાં કામો અમને મળવા લાગ્યાં, તેનો સારો ટેકો મળ્યો.

*ઈ. ૧૯૦૫-૬ના અરસામાં ઔદીચ્ય જ્ઞાતિમાં સંસ્કાર-સમૃદ્ધિ કરવાને ઔદીચ્ય મિત્રમંડળ'ની એક પ્રવૃત્તિ ચાલતી હતી. તેની સમોવડી થવા જ્ઞાતિના એક સંગઠિત યુવકસમૂહે આ 'ઉદીચ્ય યૂનિયન કલબ' શરૂ કરી હતી. તેમાંના કેટલાક આજીવન સભ્યોએ મળીને, રાયપુર પરબડી પોળમાં નાકે આવેલા વેણીભાઈના મહાદેવ તરીકે જાણીતા થએલા આદિતેશ્વર મહાદેવવાળું મકાન તે વખતના કોઈ કબજેદાર પરજ્ઞાતિવાળાને વેચાઈ જવાનું હતું તે મૂળ આસામી પાસેથી ખરીદીને ત્યાં સંસ્થાની કચેરી અને બેઠક જમાવ્યાં હતાં. એ આજીવન સભ્યો જીવ્યા ત્યાં સુધી વારાફરતી દરેક જણ મહાદેવજીનો વ્યતિપાત-ઉત્સવ ઊજવતા હતા, તેથી જ્ઞાતિજનો કટાક્ષમાં તેને 'વ્યતિપાત મંડળ' કહેતા. એ મહાદેવની મૂળ પ્રતિષ્ઠા કરનાર વેણીભાઈ રાવળ હતા. ઈ. ૧૮૧૯માં ગાયકવાડી હકૂમતના સમયમાં સરકાર અને રાજ્ય વચ્ચેના વિવાદોનો અંત લાવવા માટે તેમણે પગરસ્તે છેક કલકત્તે જઈ વાઈસરૉયને મળી રાજ્યનું હિત કરેલું, તેથી તેમને રાજ્યે મુખ્ય દીવાનપદે નીમ્યા હતા ને 'હિંમત બહાદુર'નો ઈલ્કાબ આપ્યો હતો. તેમણે કરેલાં મોંઘેરાં લહાણાંની ચીજો અદ્યાપિ કોઈકોઈ જ્ઞાતિઘરોમાં મોજૂદ છે.—(સ્મૃતિગ્રંથ, શંકરલાલ જ. જાની. પ્રકાશક: અ. ઉ. સ. બ્રા. લ્હા. વ્ય. એજ્યુકેશન સોસાએટી-અમદાવાદમાંથી સાભાર.)

૫૮૪ યા હોમ

આ બધી વિષમ પરિસ્થિતિમાં પણ મારો સંકલ્પ દૃઢ રહ્યો હતો. બચુભાઈના મનમાં ઘણી વાર શંકાઓ થતી કે આ બધા ખર્ચના ભારનો ઉકેલ શી રીતે થશે. પણ મને શ્રદ્ધા હતી કે જો આપણા કામમાં નિષ્ઠા, પ્રામાણિકપણું અને ઉપયોગી તત્ત્વો હશે તો જરૂર નભી જઈશું. કોઈના ઉપકાર તળે રહેવાનું યા દાન કે દક્ષિણા અથવા ઉધાર સહાય લેવાનું તો સ્વપ્નું પણ નહોતું. જો કોઈ પણ વેપારી કે કારખાનાદાર ઘરાકોને ઉપયોગી સામાન બનાવી કે વેચીને નિર્વાહ કરી શકે છે તો કદી નહિ ધારેલી કે જોએલી જીવન-ઉપયોગી વાતો અને વસ્તુઓ માત્ર ખર્ચ-નિભાવ પર અર્પવા અમે તૈયાર થયા હતા તે શું નહિ ચાલે? મને એક સુવાક્ય યાદ હતું: Make it a useful commodity. (તમારી વસ્તુને ઉપયોગી—વ્યવહારુ કરી શકો તો સૌ તેને આવકારશે.)

પણ સિદ્ધાન્તમાં આ જેટલું સરળ હતું તેટલું ખરા વ્યવહારમાં કસોટીરૂપ બન્યું. ત્રણ-ચાર માણસોના માસિક પગાર, કાચા માલની ખરીદી, કાગળ-છપાઈનાં બિલો અને છેવટે આવડી વિશાળ દુનિયામાં કયા ખૂણેથી કોણ અમારા ગ્રાહક થઈ શકે તેનાં નામોનું પણ અજ્ઞાન; અત્યારે તો મારી ગતિશક્તિ, સાધનો, સમય, બધું હોમાઈ રહ્યું હતું.

બચુભાઈ નવજીવન છોડી 'કુમાર'ની કચેરી સંભાળવા બેસી ગયા. પહેલા ત્રણ અંકોની સામટી તૈયારી કરી પહેલો અંક નવજીવન પ્રેસમાં છાપવા આપ્યો. બે અંકનાં પૂઠાં કલકત્તાથી બ્લૉક-છપાઈ કરાવી મંગાવ્યાં હતાં. એક ત્રિરંગી ચિત્ર પણ પહેલા જ અંકથી આપવું હતું.

પ્રચાર માટે મહિના અગાઉ 'કુમાર'ની વિશેષતા, ધ્યેયમંત્ર અને લેખનસામગ્રીનું વિવેચન આપતી હજારો બેરંગી પત્રિકા છપાવી સંબંધ ધરાવતાં માસિક પત્રોને તેના પ્રકટ થતા અંકોમાં જોડીને વહેંચાવી હતી. તેના બદલામાં અમે એ દરેક પત્રની ૦। પાનાની જાહેરખબર 'કુમાર'ના અંકમાં છાપી. તે પરથી સહેજમાં ચારસો-પાંચસો લવાજમો કે સૂચનાઓ મળી ગયાં. પણ અમે તો ૧૧૦૦ પ્રતો ઉપર અમારો ખર્ચ આધાર્યો હતો એટલે ખોટની જ બાજુ તગતગતી હતી. (ચાલુ)

ચારુતર વિદ્યામંડળ (વલ્લભવિદ્યાનગર) યોજિત

શ્રી ઉમાશંકર જોશી અખિલ ગુજરાત નિબંધસ્પર્ધા

શ્રી ઉમાશંકર જોશીને ૧૯૬૮ના વર્ષમાં ભારતીય જ્ઞાનપીઠનું પારિતોષિક એનાયત થએલું તે પ્રસંગને અનુલક્ષીને ચારુતર વિદ્યામંડળે તેમના નામ સાથે સંકળાએલી એક નિબંધસ્પર્ધા ૧૯૬૯થી શરૂ કરી છે. આ નિબંધ-સ્પર્ધામાં ગુજરાતની બધી જ કૉલેજો-સંસ્થાઓનાં વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ચાલુ સાલે—૧. વિવેચક ઉમાશંકર જોશી ૨. કવિ મેઘાણી ૩. ગુજરાતી ભાષા-શૈલી પરત્વે શ્રી મુનશીનો પ્રભાવ ૪. શ્રી ભાઈકાકા-આધુનિક ગુજરાતના કર્મવીર: આ ચારમાંથી ગમે તે એક વિષયનો ૪૦૦૦ શબ્દોનો નિબંધ તા. ૩૧-૧-૧૯૭૨ સુધીમાં મોકલવાનો રહેશે. વિજેતાઓને રૂ. ૩૦૦નાં કુલ ઈનામો પૈકી પ્રથમ રૂા. ૧૦૧, દ્વિતીય રૂા. ૮૧ અને બાકીની રકમ નિર્ણાયકોના સૂચન મુજબ અપાશે. નિબંધો મોકલવાનું સરનામું: માનાર્હ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, પો. બો. નંબર ૨૨, વલ્લભવિદ્યાનગર (જિ. ખેડા)



૧


ગાંધી શતાબ્દિ મહોત્સવ
સમૂહ - કાંતણ

૨


સરકારી ઝોંકડા ખાતુ


૩


નર્મદા-યોજના
વાટાઘાટ
બેઠક
પ્રેસ
રીપોર્ટર

૪


મહેતા મેન્યુફેક્ચરીંગ

૫


શ્રી
સદાચારી
શાકભાજી
વધુ ઉગાડો

૬





આપણી "ઑર્ડરો"ના પ્રશ્નો
પગતિ મહિલા મંડળ - ચર્ચાસભા
ખુન દો સોના દો પસીના દો

૧૦



૧૧





...AND YET HE SURVIVES







૭

૮

કૅનેડામાં દર વર્ષે યોજાતા 'આંતરરાષ્ટ્રીય કાર્ટૂન પ્રદર્શન'માં ઉપરનાં બંને કાર્ટૂનો રજૂ થએલાં. એકમાં દેશ–ઇંડિયા-ભરમાં ફૂટી નીકળેલા રાજકીય પક્ષોનો ચૂંટણી દ્વારા ઇંદિરાએ જે રકાસ કર્યો તેનું 'ઇંડિયા' અને 'ઇંદિરા' શબ્દો વડે તથા ઉપરના બીજા કાર્ટૂનમાં ગ્રીડ (લોભ), ડિસ્ટ્રસ્ટ (અવિશ્વાસ)ને હેટ્રેડ (ઘૃણા)-ની આગમાં જલતી પૃથ્વી પર પણ માનવીઓ ટકી રહ્યા છે તે દર્શાવવા એ ત્રણે શબ્દોને જ્વાળાનું રૂપ આપવાની ચાતુરીથી ચોટ આણી છે.







૧૨

૧૩

૧૪

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ઈન્દ્રદેવ આચાર્ય

જન્મ: અમદાવાદમાં, તા. ૧૭-૧૧-૧૯૨૯. અભ્યાસ: એમ. એ., પીએચ. ડી.—અર્થશાસ્ત્ર સાથે. હાલ વિખ્યાત અમેરિકન 'એસ્સો' કંપનીમાં આર્થિક વિભાગમાં એક મોટા અધિકારપદે છે. મુંબાઇ-અમદાવાદનાં અખબારોમાં વર્ષોથી 'આચાર્ય'ને નામે એમનાં કાર્ટૂનો પ્રકટ થતાં રહ્યાં છે. છેલ્લાં અગિયાર વર્ષથી જનસત્તા-લોકસત્તા દૈનિકોમાં દરરોજ પ્રકટ થતી 'આચાર્યની આજકાલ' નામે ચિત્રવિનોદિકા અને નૂતન ગુજરાત તથા જનસત્તા સાપ્તાહિકોમાં અનુક્રમે 'આનંદ મેળો' ને 'બે ઘડી ગમ્મત'ના એ વિભાગો ઉપરાંત એક હળવું પુસ્તક અને એક આર્થિક મોજણી અંગેની અંગ્રેજી પુસ્તિકા એમણે પ્રકટ કરી છે. ૧૯૬૬થી કૅનેડાના 'આંતરરાષ્ટ્રીય કાર્ટૂન પ્રદર્શન'માં પણ એમની કૃતિઓ રજૂ થતી રહી છે. 'સચિત્ર રમૂજ'-'સચિત્ર વાર્તાલાપ' દ્વારા જ્ઞાન સાથે ગમ્મત આપવાની એમને આગવી ફાવટ છે.

ઈન્દ્રદેવ આચાર્ય

૧ કાર્ટૂન એટલે શું? લલિત ચિત્ર અને કાર્ટૂનમાં તફાવત શો?

❏ હળવા વ્યંગ અને વિનોદભર્યું રમૂજી ચિત્ર એટલે કાર્ટૂન. માનવીમાં રહેલી વિસંવાદિતા, બેવકૂફી, ટૂંકી નજર, જડતા, અવળચંડાઈ, બેશરમી, અભિમાન વગેરે પ્રતિ મજાક-કટાક્ષભરી રીતે ધ્યાન દોરી પ્રેમપૂર્વક ચેતવણી આપતી એ એક લાલ બત્તી છે. લલિત કળાનું ચિત્ર હૈયાને સ્પર્શી જતું રૂપસભર અને લય તથા તાલથી બદ્ધ ચિત્રાંકન છે, જ્યારે વ્યંગચિત્ર એ સીધુંસાદું બુદ્ધિગમ્ય રેખાંકન છે. પહેલું, માનવીની ઉચ્ચ ભાવના અને રસને પોષે છે જ્યારે બીજું માનવીની વિચિત્રતા ને નબળાઈ દર્શાવતું દર્પણ છે.

૨ વ્યંગચિત્રોનો કોઈ સવિશેષ હેતુ ખરો?

❏ હા. માનવીના જીવનમાં ને વર્તનમાં જે જે ક્ષતિઓ જણાતી હોય તે તરફ આંગળી ચીંધી પ્રેમ અને હળવાશથી તે અંગે રમૂજભરી ટકોર કરવા સાથે આનંદ આપવાનો.

૩ સામાન્યત: વ્યંગ ચિત્રકાર કયા વિષયોને કે પ્રસંગોને અડપે છે?

❏ પાખંડીઓનો દંભ અને પ્રપંચ, ગઠિયાઓની બદમાસી, વેપારીઓની છેતરપિંડી, રાજરમતના આટાપાટા, વહીવટી તંત્રોની શિથિલતા, અધિકારીઓની અણઆવડત, સત્તાનસાઠમારી, સામાન્ય જીવનના દંભ, લાંચ રુશ્વત અને ઘર સંસારની હળવી-ભારે પળો વગેરે માનવજીવન સાથે સંકળાએલી હરકોઈ બાબત પર વ્યંગચિત્રકારની નજર પહોંચી વળે છે અને એ પોતાની આગવી રીતે જરા મરડીમચડીને રમૂજભરી ટકોર સાથે રજૂ કરે છે.

૪ સારા અને સફળ વ્યંગચિત્રકાર થવા શું હોવું જરૂરી છે?

❏ તાજગી, તરવરાટ અને તરંગ. માનવક્ષતિ પ્રત્યે અનુકંપાશીલ સહાનુભૂતિ અને પક્ષપ રહિત નીડરતા. તમામ ક્ષેત્રે વ્યાપક વિચિત્રતા વિલક્ષણતા ને વિસંવાદિતા પર ડંખ માર્યા વિના દંગ કરતા બોધપ્રદ ફટકા મારવાની કળા પણ જરૂરી.

૫ તમને કાર્ટૂન દોરવાના વિચારો કેવી રીતે સૂઝે છે?

❏ આજુબાજુના વાતાવરણમાંથી. ખરી રીતે તો સતત ઊભરાતા વિચારોમાંથી કયો ઝડપવો એની મૂંઝવણ રહે છે.

૬ વ્યંગચિત્રના આલેખનમાં ચિત્રકામની આવડત કેટલી જરૂરી?

❏ કાર્ટૂન એ કટાક્ષનું વાહન છે તેથી તેમાં ચિત્રકામની અગત્ય એટલા પૂરતી જ રહેવી જોઇએ. ચિત્રકામની આવડત જેટલી વધુ એટલી લાભદાયી ખરી, પણ એનો ઠાઠ વ્યંગને ગૂંગળાવે એટલો ન હોવો જોઇએ.

૭ કટાક્ષચિત્રોનું આલેખન અને અર્થશાસ્ત્ર, એ હળવી ગંભીર એવી બંને પ્રવૃત્તિઓનો મેળ તમે કેવી રીતે બેસાડો છો?


❏ મારે માટે એ બંને પ્રવૃત્તિ વિરોધાભાસી હોવા છતાં એકબીજીની પૂરક બની રહે છે. એકનો થાક બીજી માટે જેમ પૂરે છે.

૮ તમારા પ્રિય લેખક? અને તમારા ખાસ શોખ?

❏ સ્ટીફન ઝ્વાઇગ. જબરો લેખક. આપઘાત કરવા ગોળીઓ ખાધા પછી યે લખ્યા કર્યું અને એ લખાણ પ્રકાશકને મોકલી આપ્યા પછી એ ઢળી પડયો. શરદ બાબુ, મુનશીજી અને અન્ય અનેક સાક્ષરોની કૃતિઓ પણ મને ગમે છે. શૉખ તો અનેક છે. વિનોદી સાહિત્ય તો ખરું જ; ઉપરાંત ક્યારેક બંસી, હાર્મોનિયમ કે તબલાં પણ બજાવી લઉં. એકલો હોઉં ત્યારે ગીત પણ ગુંજું. કુદરતમાં ભટકવું યે ગમે અને કલા પ્રત્યે પણ અભિરુચિ ખરી.

સામે આપેલાં કાર્ટૂનોમાં (૧) 'આપ પાપડ ખાતા અટકશો? સાહેબના ભાષણમાં તેનો અવાજ આવે છે' (૨) 'તમે મને ઑટોમૅટિક લૂમ્સ ઇમ્પૉર્ટ કરવાનું લાયસન્સ અપાવો તો હું તમને વિદેશી દારૂની દુકાનની પરમિટ અપાવું.' (૩) 'હવે પ્રશ્ન નવો ચાર્ટ ક્યાં મૂકવો તેનો છે.' (૪) 'વાટાઘાટો ખરેખર 'ફળદાયી' નીવડી. (૫) 'ઓહ, હવે સમજાયું કે ગામમાં આટલા બધા 'મહેતા' કેમ છે!' (૬) શ્રી સદાચારીની શાકભાજી. (૭) રંગબચાવ યોજના. (૮) 'માંડ હિમત કરીને અહીં સુધી આવ્યા ને હવે પાછા ક્યાં નાઠા?' (૯) 'પેલી છે તે 'કૅલિકો'ની, પેલી 'અરવિંદ'ની તે પછી 'ન્યૂ શૉરોક'ની અને પેલી 'હૅન્ડલુમ'ની...' (૧૦) 'મારે તો કોઈ પ્રશ્ન જ નથી, કેમ કે હું તો બૉર્ડર વિનાની જ સાડી પહેરું છું.' (૧૧) 'છત્રી તો આ નવો રેઈનકોટ ન ફાટી જાય એ માટે ઓઢી છે.' (૧૨) 'ઝાડની હિંસા કર્યા વિના બનાવેલી આ અહિંસક ખુરશી છે, સાહેબ.' (૧૩) 'પહેલાં તો કોઈ નહોતું લેતું, પણ પ્લાસ્ટિકની કોથળીમાં પાંચપાંચ પેક કરી વેચવા માંડતાં હવે પડાપડી થાય છે.' (૧૪) 'પહેલાં ઘોડો તો હતો, પણ એ વિદેશી લાગતો હતો એટલે કાઢી નાખ્યો.'

(વિવિધ સમયે પ્રકટ થએલાં શ્રી આચાર્યનાં કાર્ટૂનોમાંથી)



દક્ષિણ ભારતની કાપડની છાપના વિવિધ નમૂના - 'રૂપસંહિતા'નું એક પૃષ્ઠ મૂળ કદમાં



'રૂપસંહિતા'નાં
અલંકરણો



કાષ્ઠમાં જડાઉ-કામ – રાજસ્થાનનું કલાકૌ

આલંકારિક કલાની વ્યાપ્તિ સ્વયં પ્રકૃતિ જેટલી નિસીમ છે. અસીમ કલ્પનાપ્રવણ માનસમાંથી એ પ્રસ્ફુરિત થાય છે. પોતાની સઘળી અભિવ્યક્તિઓમાં પ્રકટ થતાં પ્રકૃતિના વિવિધ વિન્યાસનું એ એક અંગ છે. માનવમનમાં પણ એ નિસર્ગત થઈને જાગૃતિની પ્રથમ ક્ષણે જ પ્રકટ થાય છે. સિંધુ તટના યુગથી માંડી વર્તમાન યુગ સુધી, પ્રાચીન મૃદ્ભાણ્ડથી પારંપરિક વેષભૂષા સુધી, દેવાલયોથી માંડી કબર પરની સજાવટ અને બિછાત સુધી, ધાતુનાં વાસણોથી હાથીદાંતનાં રમકડાં અને અંતે અંગભૂષણો સુધી દૃષ્ટિગત થતી આલંકારિક કલનો આ 'રૂપસંહિતા'માં સંગ્રહ છે.



મોર – કચ્છ-સૌરાષ્ટ્રના ભરતકામમાં



પત્રવલ્લરી – ભુવનેશ્વર મંદિરનો એક શોભનખંડ



કલ્પવલ્લરી – સાંચીનું એક ભાસ્કર્ય



કુસુમનિકાય – સિંધની લાદીમાં



[મો]હેં-જો-દડોના એક મૃદ્ભાણ્ડ પરની ભૌમિતિક ભાત

કળા-વિદ્ આચાર્ય નંદલાલ બસુ

આ માસમાં આવતી એમની જન્મતિથિ નિમિત્તે

ગુરુ-પ્રણામ

લેખક: ઇન્દ્ર દુગડ

આ લેખમાં આચાર્ય નંદલાલની કળાસૃષ્ટિનું મૂલ્યાંકન કરવા બેસતો નથી—એ દુઃસાહસ કરવા જેટલું મારું ગજું નથી. માત્ર એમની પાસેથી સાંભળેલી કેટલીક વિગતોનો ઉલ્લેખ કરવા માટે જ આ લખી રહ્યો છું. મારા ધારવા પ્રમાણે હાલના વખતમાં એમની આ વાતો, વિગતો વિશેષ મૂલ્યવાન છે, કારણ કે આગામી જમાનાના કળાકારો એમણે ચીંધ્યા પથે જશે.

પિસ્તાલીસ વર્ષ સુધી મને એમનાં અપાર સ્નેહ, આશીર્વાદ અને સાહચર્યનું દુર્લભ સૌભાગ્ય પ્રાપ્ત થયું છે. એમના લાંબા સાન્નિધ્યમાં રહેવાનો અને એમનામાંથી પ્રેરણા મેળવવાનો જે અમૂલ્ય સુયોગ મને વારંવાર મળ્યો છે એ પરથી હું કહી શકું છું કે જગતના એક અનન્ય-શ્રેષ્ઠ કળાકાર અને સ્રષ્ટા હોવા છતાં તેઓ એક એવા વિશાળ હૃદયના સ્વામી હતા કે એવા આજે જડવા મુશ્કેલ છે. દેશની ભૂમિ, દેશના લોકો ને રૂઢિઓ પ્રત્યે એમને ઊંડી શ્રદ્ધા અને આંતરિક પ્રેમ હતાં. એમનું જીવન, વિચાર-ધારા ને કળા-સાધના ખરેખર એક સાધકનાં જેવાં હતાં. બાહ્ય દેખાવે તેઓ ગંભીર લાગતા, પણ સ્વજનોમાં તેઓ એક સરળ અને નિખાલસ વ્યક્તિ હતા. એવો જ સાદો એમનો પહેરવેશ હતો.


કોઈ પણ કળાના નમૂનાને અથવા કળાકારને તેઓ કદી પણ ઉતારી પાડતા નહિ, કે ન કદી કોઈ નવા વલણની ટીકા કરતા. એટલું જ નહિ, પણ કળાના નવા વલણ મુજબની કોઈ પણ કૃતિ વિષે વાત નીકળતાં કહેતા: 'એ સમજવા હું પ્રયાસ જરૂર કરું છું, પણ દરેક વખતે સમજી જ શકું છું એમ નથી.' પિકાસો વગેરે કળાકારોમાં એમને ઊંડી શ્રદ્ધા હતી. દરેક કળા-આંદોલન અથવા કોઈ વિશિષ્ટ કળાકાર વિષે સમભાવની લાગણી વ્યક્ત કરતા મેં એમને અનેક વાર જોયા છે.

કળાકારો અને વિવેચકોનો એક વર્ગ એમને માત્ર રૂઢિગત કળાકાર તરીકે જ ઓળખાવે છે, પણ એ ધારણા ઘણી ભૂલભરેલી છે. કળા-સૃષ્ટિમાં કયા કયા ગુણોની જરૂર છે એ એમણે મને ખૂબ સુંદર રીતે એક કાગળ પર દોરી બતાવ્યું હતું. એમના મતે સફળ કળાકાર માટે ત્રણ ગુણો અનિવાર્ય છે. એ ત્રણ ગુણો એકબીજાના પૂરક છે અને એમાંથી એકને પણ કાઢી નાખવો પાલવે નહિ. **એ ત્રણ ગુણો છે: સ્વકીયતા, પ્રકૃતિ અને રૂઢિ. પણ આ ત્રણ તત્ત્વોના ઉપયોગ વિષે તેઓ કૃતિ કરતી અથવા કરાવતી વખતે હમેશાં બહુ જ સભાનપણે ચેતવી દેતા. એમનું કહેવું હતું કે, સ્વકીયતા, એક પ્રકારનું પાગલપણું લાગે એટલી હદ સુધી ન લઈ જવી જોઈએ; પ્રકૃતિને નામે નકલ અથવા ફોટોગ્રાફિક અનુકરણ ન હોવું જોઈએ; અને રૂઢિ ફક્ત 'મૅનરિઝમ' થઈને જ રહી જવી ન જોઈએ.**



▽ કલાકાર શ્રી ઇન્દ્ર દુગડ

ઈ. ૧૯૩૫-'૩૬માં ચિત્રકળાના અભ્યાસ માટે મારે પરદેશ જવાનો પ્રસંગ આવ્યો. એ વિષે આચાર્યશ્રી સાથે જ્યારે વિચાર-વિમર્શ કર્યો ત્યારે એમણે કહ્યું: 'આજકાલ વિદેશ જવાનો જાણે કે રિવાજ થઈ પડયો છે. જાઓ, કાંઈ વાંધો નથી. માણસ ફરવા, કમાવા અથવા જ્ઞાનોપાર્જન કરવા વિદેશ જાય. પણ જ્યારે વિદ્યા અને જ્ઞાનની પ્રાપ્તિ માટે જવું હોય ત્યારે પોતાના દેશનું એ વિષયનું સાહિત્ય, એને લગતાં શાસ્ત્રો, એની પરંપરા વગેરે બધું પહેલાંથી શીખી-જાણીને જવું જોઈએ. પહેલાં પોતાના દેશનું જુઓ, જાણો, સમજો; તમારા સંગ્રહમાં કેટલાં રત્નો પડેલાં છે તે જુઓ. શોધી શોધીને, વીણી વીણીને, માગી-માગીને જુઓ. એ પછી વિદેશ જશો તો વિદેશના ને આપણા દેશના કળા-વૈભવની (જો કળા એ હેતુ હોય તો) વિશ્વાસપાત્ર તુલના સંભવિત બનશે અને યોગ્ય વિવેકબુદ્ધિ આવશે. એથી ઊલટું, જો પોતાના દેશના વારસા અને વૈભવથી અજાણ્યા હોઈશું તો પોતાની જાતને બીજાઓની સરખામણીમાં નીચી પાડીશું અને એ લોકોની નકલ કરવા મન લલચાશે; નીચી મૂંડીએ એ લોકોની કળા ભિખારીની જેમ ગ્રહણ કરવાની વૃત્તિ થઈ આવશે.




▽ નીચે: શાંતિનિકેતનના પોતાના અભ્યાસકાળ પછીની વિદાય વખતે શ્રી જયંતીલાલ આચાર્યને શ્રી નંદબાબુએ એક સ્મૃતિભેટ તરીકે ખાસ કરી આપેલું ચિત્ર

મૂર્ખની જેમ પોતાની જાત ને પોતાનો દેશ દીન-હીન લાગશે. દેશ-વિદેશ ફરીને આપણા દેશની કળા જે વિદેશીઓ લઈ ગયા છે તે અને તેમના આજના કળા-વૈભવને જોઈ આવો; તેમાં લાભ જ છે, **સ્વજનોની 'પ્રસાદી ચાખવી' એ સારુ' છે; પણ લોભાઈને 'પારકાંનાં પતરાળાંનું ઉચ્છિષ્ટ' ખાઈને શા માટે જાત અભડાવવી?**

સિલોનનો એક પ્રખ્યાત કળાકાર વિદેશ ગયો હતો. ત્યાં એને ત્યાંના જ કોઈક કળાકારે સિલોન અને ભારતની કળા અને અન્ય સમૃદ્ધિ વિષે પ્રશ્નો પૂછ્યા. જ્યારે ખબર પડી કે તેને એ વિષે કશી જ જાણ નથી, ઊલટું પોતાના દેશની કળાને પાશ્ચાત્ય કળા કરતાં નીચી કક્ષાની ગણે છે, ત્યારે એ વિદેશના કળાકારે કહ્યું: 'પોતાના દેશની પૂરી માહિતી વગર વિદેશ આવ્યા શા માટે? પહેલાં તો પોતાને દેશ જઈને જે બધું જોવાનું છે તે જુઓ.' તમારે પણ આ રીતે અપમાનિત થવું પડશે—જો પોતાના દેશ વિષે બધી રીતે માહિતગાર નહિ હો અને વિદેશ જશો તો.'

એક વાર ટેક્નિક વિષે વાત નીકળી ત્યારે કહ્યું: 'ટેક્નિક તો કલાકારના અધિકાર 'નીચે' રહે; કળાકારે ટેક્નિકના 'દાસ' ન બનવું જોઈએ. ટેક્નિક-





જરા પણ અવકાશ મળે ત્યારે ચાહે તે સ્થળે અને સમયે શ્રી નંદબાબુની કલમ-પીંછી સતત ચાલ્યા જ કરતી. આ માટે પોસ્ટકાર્ડ કદનાં કોરાં કાર્ડની થોકડી તેઓ સાથે જ રાખતા. વિદ્યાર્થીઓને પત્ર લખવા સાથે કે એમના જન્મદિન નિમિત્તે પાઠવેલા આશીર્વાદ સાથે યા અભ્યાસને અંતે વિદાય લેતા વિદ્યાર્થીને આવા એકાદ કાર્ડની સ્મૃતિભેટ અચૂક મળતી. એમની કલા-પ્રસાદીનાં એ બહુમૂલ રત્નો છે. આ બે પાનાં પરનાં ચારે ચિત્રો શ્રી અમૃતલાલ વેગડના સંગ્રહમાંનાં એવાં કાર્ડ પરનાં છે, જેમાં પનિહારી, દાંડીકિનારે મીઠું ઉપાડતા ગાંધીજી, ગીધડાની જળાકૃત અને ભોળા ગ્રામજનનું આલેખન છે.



ગીધડાંની જ્યાફત · શ્રી નંદબાબુનો સ્કેચ

ની સરખામણી હું નોકર સાથે કરું છું. માલિકના હુકમ પર નોકર જેમ કામ કરે તેમ જ કળાકારની મરજી મુજબ ટેકનિકે ચાલવું જોઇએ; પણ એમ ન થતાં જો નોકરની મરજી માલિકની મરજી કરતાં ચડિયાતી થઈ જાય તો માલિક મુશ્કેલીમાં આવી પડે. ચિત્રકળામાં પણ જો ટેકનિક સર્વસ્વ થઈ પડે તો કળાકારની રચના એકધારી–અરુચિકર (મોનોટોનસ) થઈ પડે અને એનો દોષ કળાકાર પર જ આવે, માટે જ કળાકારે તો હમેશાં ટેકનિક પર સ્વામીત્વ રાખવું જોઇએ.'

એક વાર નવા વલણની કળા-સૃષ્ટિની વિવેચના કરતી વખતે વર્તમાન યુગની કળાસૃષ્ટિ વિષે મેં શંકા વ્યક્ત કરી ત્યારે મને પૂછ્યું કે 'અવનીન્દ્ર-નાથે કેટલાં ચિત્રો દોરેલાં?' ઓચિંતો જ આ પ્રમાણે પ્રશ્ન પુછાયો તેથી અને તેઓ આ પ્રશ્ન દ્વારા શું જાણવા માગતા હતા એ સમજી ન શકવાથી હું ચૂપ જ રહ્યો. આખરે એમણે જ કહ્યું કે 'અવનીન્દ્રનાથે જેટલાં ચિત્રો દોર્યાં છે એમાંનાં '૪૦-૫૦ને આપણે 'માસ્ટરપીસ' ગણીએ તો પણ ખયાલમાં રાખજો કે ભારતીય કળાની પરંપરા આગામી ચાર પાંચ હજાર વર્ષે પણ નષ્ટ થશે નહિ. **હમણાં બધી તરફ આ જે ફૅશનનો પવન વાયો છે તે ચિરસ્થાયી નથી; એ હવાના નાશ પછી ફરીથી ભારતીય શિરસ્તો ગર્વભેર ઉન્નત શિરે પોતાનું સ્થાન ધારી રહેશે—શ્રેષ્ઠ આસન મેળવીને જ રહેશે.'**

મારો દૃઢ વિશ્વાસ છે કે એમનું આ સ્વપ્ન સાર્થક થશે. કે આચાર્ય નંદલાલ એક વ્યક્તિ તરીકે જોતાં ઉચ્ચ ગુણોવાળા એક કળાકાર હતા; એટલું જ નહિ, તેઓ તો એક વિશિષ્ટ કળા-પ્રવાહના પુરોધા હતા. એમની અમૂલ્ય વાતોમાંની કેટલી ય સાંભરી આવે છે, પણ એ વિષે વધારે કહેવું કદાચ મારે માટે સંભવિત નથી. એમની સ્મૃતિને પ્રણામ કરીને આ ક્ષુદ્ર લેખ સમાપ્ત કરું છું. □

(અનુવાદ: સુરેન્દ્ર ભીમાણી)



ચન્દ્રવદન મહેતાની
અંતરગઠરી · ૪૭

જાપાન


ઊગતા સૂર્યનો દેશ

વિમાનમાં આપણે હવે શાનો વિચાર કરીશું? પેલી આંતરરાષ્ટ્રીય સમયરેખા આ બાજુ જતાં ચોવીસ કલાકનું જીવનમાંથી ગાબડું પડે તેનો, કે પેલી ગમ જતાં એટલા વધારાના મળે તેનો? માનવીએ તો એવી ભૂગોળરેખા કલ્પી કે તારીખ–દિવસ બદલાઈ જાય, પણ ફરતી પૃથ્વીને કશી જ પડી નથી. એ તો ફેરકુદરડી ફર્યે જ જાય છે. ચન્દ્રને યે કશી પડી નથી, સૂર્ય પણ પોતાના વર્તુલમાં ફરે છે ને સૌ કોઈ માને છે કે આટલા દિવસ જતાં વર્ષ પૂરું. સૌ ગ્રહોનાં વર્ષો કુદરડી પ્રમાણે નાનાંમોટાં; અને આખ્યાયિકા કહે છે કે એવાં કેટકેટલાં વર્ષો વીત્યે બ્રહ્માનો એક દિવસ પૂરો થાય. પણ ફિલસૂફો તો કહે છે કે શો આ સરવાળો માંડી બેઠા છો? આમ જુઓ તો નથી રાત, નથી દિવસ, નથી ભૂત, નથી ભવિષ્ય છે માત્ર તરંગ-બુદબુદો સાથે મલપતો છલકતો સચરાચરનો એક અનંત કાળનો મહાસાગર. એને નથી આદિ, નથી અંત. અમસ્થા કાળને ત્રણ ભાગમાં વહેંચવાની આ શી મથામણ કરો છો?

પણ આવા વિચારે ચડીએ ત્યાં શું થાય? આંખ ઘેરાવા માંડે. જાપાનીઝ વિમાનમાં પોશાક બદલી એર હૉસ્ટેસ સુકિયાણા સુંદર રેશમી કિમોનોમાં ખાવાનું લઈ નીકળે તે જોવા જરા મન લલચાય, પણ નિંદર માગ ન મૂકે, અને જ્યારે જાગીએ ત્યારે તોકિયોના ચબૂતરા દેખાવા માંડે.

આ જાપાન એટલે ઊગતા સૂરજનો પ્રદેશ એવું બાળપણમાં ભણેલા. અને આ પૂર્વનો સૂરજ એમને અજવાળતો આવી પણ ચડયો, પરંતુ એવી ઊર્મિલ વાતો જતી કરીએ તો પણ એ પ્રદેશે જે સંસ્કૃતિ વિકસાવી છે, તે નાણવા બેસીએ તો આપણે છક્ક થઈ જઈએ. પ્રમાણમાં ઘણો નાનો દેશ. એણે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો, અને એક કાળે ભારેમાં ભારે હિંસામાં એની પ્રજા માનતી થઈ. હજી એ બીજા વિશ્વયુદ્ધનાં લોહી સુકાયાં નથી. તે અરસામાં માર્શલ ટોજો, અને એનાં ઘૃણાજનક હત્યારાં કૃત્યો, અને સિંગાપોર–બરમાના હલ્લા વખતે એના સૈનિકોએ ચલાવેલી ખૂનરેજી એકદમ ભુલાવી અઘરી છે. આત્મહત્યા કરવામાં પણ તૈયાર: એની 'હારાકીરી'ની એ પ્રથા જગજાણીતી છે. આગળ ઉપર એનો જે ધર્મ હોય તે, પણ ૫૫૨ના વર્ષમાં એની પ્રજાએ રીતસર બૌદ્ધધર્મ અપનાવ્યો ત્યારથી એની સંસ્કૃતિના વિકાસની કથા શરૂ થઈ ગણાય. આ ધર્મ એના દ્વારે પ્રવેશ્યો તે ભારતથી ચીનમાં થઈ કોરિયા મારફત દાખલ થયો, એટલે એ ધર્મના સિદ્ધાંતોમાં ધરાધર ફેરફાર થયા હોય એ બનવાજોગ છે. અસલની કથા આખ્યાયિકાઓ એ જ સ્વરૂપમાં આટલા બધા પ્રવાસ બાદ ફેરફાર થયા વિના તો ન જ રહે, એ સમજાય એવી વાત છે.


આપણે રસ નાટકમાં, એટલે નાટકશાળા તથા નાટકોના વિષયમાં તપાસ કરીશું તો ત્યાં પણ નાટકનો ઉદ્ભવ નૃત્યમાંથી, અને નૃત્ય પણ ધર્મના કારણે, ધર્મના પ્રચારમાં, ધર્મની ક્રિયા તરીકે પેદા થએલાં જાણવા મળશે. ઈ. ૭૯૧–૧૧૯૨ જ્યારે આપણે ત્યાં સધરાજેસંગનું રાજ્ય હતું ત્યારે ત્યાંના હાઈયાન દરબારમાં અત્યંત નાજુક પ્રકારના 'બુગાકુ' નૃત્યો યોજાયાં; અને એ સ્વરૂપને આજે પણ જાળવી રાખી, નારા શહેરમાં આવેલા બૌદ્ધ મઠોમાં દર સાલ પ્રયોજવામાં આવે છે. તે સમયના રાજાઓ જ્ઞાની અને કલાના પારખુ હતા, પણ જતે કાળે જાપાનમાં લશ્કરી છાપના ફોજી અધિકારીઓએ પોતાનો પ્રભાવ જમાવવા માંડયો, ત્યારથી કલાક્ષેત્રો નાબૂદ થવા માંડયાં, અને ૧૫૬૫–૧૬૬૦ દરમિયાન તો માંહોમાંહે મારામારી અને કાપાકાપી શરૂ થઈ ગઈ. ત્યાર બાદ જે નવો શાસકવર્ગ ગાદીએ આવ્યો એને ફાળે 'નો' પ્રકારના નાટકોના ઉદ્ભવનો જશ જાય છે.




જાપાનમાં ૮૫ ટકા જેટલી જમીન પહાડી છે, જેમાં ૨૫૦ જેટલાં શિખરો તો ૨૦૦૦ મીટર જેટલાં ઊંચાં છે. ૩૭૬૫ મીટર (૧૨,૧૮૯ ફૂટ) ઊંચું આ ફુજિયામા શિખર એમાં સૌથી વધુ ઊંચું છે. મૂળ તો એ એક સુષુપ્ત જ્વાળામુખી શિખર છે. છેલ્લે તે ઈ. ૧૭૦૭માં ફાટયું હતું. આજે તો તેના પર બરફ છવાએલો રહે છે. જાપાનમાં કુલ ૧૯૨ જ્વાળામુખી શિખરો છે, જેમાંથી ૫૮ હજી સક્રિય છે. ચિત્રમાં આગળના ભાગમાં પસાર થતી ગાડી દુનિયાની સૌથી વધુ ઝડપી ટ્રેન 'તોકાઇડો' દેખાય છે.

ઉદ્ભવ માટે પણ ઘણી માન્યતાઓ પ્રચલિત છે, પરંતુ મુખ્યત્વે ટાયોટોમી હિડેયોશીના આશ્રયમાં 'નો' પરાકોટિને પામ્યું. ઝઆમીનું કાડેન્શો નામનું પુસ્તક 'નો' નાટકના અભ્યાસ માટે પ્રમાણભૂત સાધન મનાય છે. કહે છે કે અસલ તો એ લોકનાટક જ; સારૂગાકુ અને ડેનગાકુ બે લોકનાટકના પ્રકારો. એમાંથી કેવળ ગ્રામજનોને હસાવવાના ને હીણા ચાળાચસકા કાઢી નાખી આ 'નો'નો બંધ ઘડયો. પછી વળી એક નવો પ્રવાહ આવ્યો. પૈસાદાર વેપારીઓએ ક્ષત્રિયોની ઠેકડી કરવી શરૂ કરી અને બે 'નો' નાટકો વચ્ચે એમની રીતે એક નવા પ્રકારનો બંધ ભજવવાવો શરૂ કર્યો, તે 'કયોગેન' બંધ. અને પરિણામે વળી કયોગેન પણ 'નો'ના બંધમાં ભળવા માંડયો. ત્યાર બાદ એ જ ધનિકોએ બે નવા બંધ રજૂ કરાવ્યા; જે 'કાબુકી' અને 'બુનરાકુ' નામે પ્રખ્યાત થયા.

શરૂઆતમાં નટોનું માન નહિ. આપણે ત્યાં નહિ તેમ જ. પણ અહીં તો તદ્દન હલકી જાતિમાંથી આવતા. 'કાબુકી' તો ઈઝુમુ ગામની ઓકિની નામની એક સ્ત્રીએ શરૂ કર્યાનું કહેવાય છે. આખી ટોળી સ્ત્રીઓની. એમાં પુરુષ પાત્ર પણ સ્ત્રીઓ જ ભજવે. આગળ જતાં કાબુકીમાં પ્રેમમાંથી કામ અને કામાચાર જ વધારે પ્રમાણમાં વણાવા માંડતાં ૧૬૨૯માં એના ઉપર પ્રતિબંધ આવ્યો. પછી છોકરાઓએ પોતાનો કાબુકી યોજ્યો. એમાં પણ જાતીય પ્રદર્શનનાં દશ્યો વધવા માંડતાં ૧૬૫૨માં એ ય બંધ કરવામાં આવ્યા. ૧૬૮૮ થી ૧૭૦૪માં કાબુકીના આજે છે તે પ્રકાર હસ્તીમાં આવ્યો. ન મળે એમાં છોકરા કે ન મળે એમાં નાની છોકરીઓ. કામોત્તેજનાના બધા હીણા અંશોને બાતલ કરી કાબુકીનું નવલું રૂપ ઘડાયું. ત્યાર બાદ પ્રખ્યાત નાટકકાર ચિકામત્સુનો ઉદય, સાથેસાથે પપેટ પ્રયોગોની સ્થાપના, અને તોકિયો તથા ઓસાકામાં નવા પ્રકારના કાબુકીપ્રયોગો કલાના ક્ષેત્રમાં વિકસવા માંડયા. ઈ.





ન્યૂ તોકાઇડો રેલવે લાઇન પર દોડતી આ ગાડી (ડાબી બાજુ) તોકિયો અને ઓસાકા વચ્ચેનું ૫૧૫ કિલોમીટરનું (૩૨૦ માઇલનું) અંતર કલાકના ૨૧૦ કિલોમિટરની ગતિએ કાપતી હોઇ આજે દુનિયાની સૌથી વધુ ઝડપી ગાડી ગણાય છે. આ લેખમાં એનું વિસ્તૃત વર્ણન આપ્યું છે. હજી ૧૭૦ કિ. મી. જેટલો વધારાનો માર્ગ તૈયાર થઇ ગયે તેની ગતિ ૨૫૦ કિ. મી.ની કરવાની જાપાનની ધારણા છે. જમણી બાજુ જાપાનની પહેલી 'મૉનોરેલ'-એક પાટા પર અને જમીનથી અધ્ધર ચાલતી ગાડી. જાપાનમાં આ પ્રકારની એક કરતાં વધુ ગાડીઓ છે.

૧૯૦૭માં એક નવો બંધ પ્રસિદ્ધ થયો તે 'શિંગેકી'. એને કાબુકી સાથે કશી લેવાદેવા નહિ. ત્યાર બાદ આજે તો યુરોપ-અમેરિકાની અસરને પરિણામે ઘણી જાતની નાટકશાળા ને કેવળ અંગ્રેજીમાં જ નાટક ટોળીઓ પણ લોકરુચિને સંતોષે છે. કૅબેરે, મ્યૂઝિકલ, ઓપેરા, માઈમ વગેરેના પણ નિયમિત પ્રયોગો ચાલતા રહે છે. બહારનું કંઈ પણ લાવી એમાં કંઈક સુધારોવધારો કરી એને પોતાનું આગવું કરી બતાવવામાં જાપાનની પ્રજાને બીજી કોઈ પ્રજા એકાએક પહોંચી શકે નહિ.

'નો' નાટકની રજૂઆત ઘણી અઘરી અને કપરી છે. એના નટોને પહેલાં તો પગ ઉપાડયા વિના જાણે સરતા હોય એમ ચાલતા આવડવું જોઇએ. અને સાથે પોતાનો પાઠ ભાવપૂર્વક બોલતાં અને ગાતાં આવડવું જોઇએ. સંગીત, વસ્ત્ર, આવનજાવન વગેરેમાં ઝીણામાં ઝીણી વિગતો ઉપર એમાં ધ્યાન આપવામાં આવે છે. ઘણા મહાવરા અને અભ્યાસ પછી જ એ નાટકની ગૂંથણીની તથા એના હાર્દની સમજ પડે છે.

આજે તો કાબુકી અને નો બંનેના કાયદાકાનૂનો ફગાવી નીકળેલી વાસ્તવવાદી નાટકશાળા 'શિમ્પા' વધારે લોકપ્રિય બની છે. 'શિમ્પા'માં પણ વળી પેટા વિભાગો છે. ઈ.૧૯૧૦માં 'શિમ્પા'થી ફંટાળીને એક નટે 'ન્યૂ ઈરા ડ્રામા સોસાએટી' પણ સ્થાપી, અને શૉ-ચેખૉવનાં નાટકો કરવાનું શરૂ કર્યું. ઈ. ૧૯૧૭માં સાવાદા શોજીરોએ 'શિંકોકુગેકી' નામની નવી નાટ્યસંસ્થા સ્થાપી. એ જ પ્રમાણે 'ઝેન શિન્ઝા' નામે પણ એક નવું મંડળ નીકળ્યું. તેહો કંપનીએ 'તાકારાઝુકા' નામે કન્યા ઓપેરા પણ કાઢી. એમાં માત્ર સ્ત્રીઓ જ બધા પાઠ કરે છે. ન્યૂ ક્રીએટિવ થીએટર, 'શિકિ' એટલે કે ચાર સીઝનની ક્લબ, 'બુદોનો કાઇ' એટલે કે ગ્રેપ્સ ક્લબ, 'બુંકાઝા' એટલે કે કલ્ચર થીએટર, તોકિયો આર્ટ થીએટર, પીપલ્સ આર્ટ ગ્રૂપ,




જાપાનના વિખ્યાત નાટ્યપ્રકાર 'નો'માં પાત્ર મોં પર હમેશાં મહોરું પહેરીને આવે છે. બાજુમાં આપેલું એવું એક મહોરું 'કો-ઓમોટે'-સુંદર યુવતીના પાત્ર માટેનું છે.

'બુંગાકુઝા' એટલે કે લિટરરી થીએટર એવી ભાતભાતની, પોતપોતાનાં જુદાંજુદાં મંતવ્યો અને ધ્યેયને અમલમાં મૂકનારી વિવિધ પ્રકારની નાટકશાળાની પ્રવૃત્તિ આજે તો ફાલી છે. એક જ શહેરમાં ક્યાંક કાબુકી યા 'નો'નો જૂનામાં જૂનો પ્રયોગ ચાલતો હોય તો બીજે યા એની જ બાજુમાં તદ્દન નવા પ્રકારનો અમેરિકન શૈલીનો સો-દોઢસો નટીઓથી ભરપૂર અંગ્રેજી મ્યુઝિકલ પણ ભજવાતો જોવા મળે. આ દરેકને પોતપોતાનું અલાયદું થીએટર-ઘર, એટલે આજે અહીં તો કાલે ત્યાં એમ નાસભાગ કરવાની એમને જરૂર રહેતી નથી.

ક્લાસિકલ અને ફોક-શાસ્ત્રીય અને લોક-પ્રકારમાં નાટકો ને એના સેળભેળ માટે ચર્ચા-વિવાદ કરનારા પંડિતો જાતજાતના સિદ્ધાંતો તારવી ભલે આખડયા કરે, પરંતુ જૂના યા નવા પ્રકારની કોઈ પણ જાપાનીઝ નાટકશાળાની શિસ્ત-સફાઈ અને પ્રેક્ષકોને આવકારવાની એમની રીત આપણે સૌએ અપનાવવા જેવી છે. નાટકઘરની બહાર જો આટલી શિસ્ત હોય તો અંદર પ્રેક્ષાગાર માટે તો પૂછવું જ શું? અને રંગભૂમિ ઉપરનું કામ! તદ્દન સ્વચ્છ, આંખને અને મનને તાજગી આપનારું. આહાર્ય એટલે કે વેશભૂષાની બાબતમાં એમની રંગમિલાવટ અને એ થકી પ્રકટ થતી ભભક હમેશાં આકર્ષક અને આહ્લાદક હોય છે. પપેટ એટલે કે કઠપૂતળીઓની ને ચહેરા ઉપર મહોરાં (માસ્ક) પહેરવાની ઢબમાં અને એ થકી નિપજાવવાની અસરોમાં આ કારીગરો નિષ્ણાત છે. લગભગ બારસો-તેરસો વર્ષના એમના નાટ્યશાસ્ત્રના વિકાસમાં એમણે ઘણી સારી પ્રગતિ કરી છે. દુનિયાભરની નાટકશાળાઓમાંથી-કથાવાર્તા, રજૂઆત, નાટકઘરની બાંધણી, અભિનયની શૈલીઓ તેમજ વિવિધ પ્રકારની સંગીત પ્રણાલિકાઓમાંથી પણ એમણે ઘણું અપનાવી, પોતે એમાં આગવું ઉમેરી, ભારેનો વિકાસ સાધ્યો છે.

મને આગગાડી મૂળે ગમે. પણ હવે આગને રૂખસદ આપી પ્રગતિશીલ પ્રજાઓએ વીજળીને તાબે કરી છે. આમાં યે તોકિયોની મૉનોરેલ જોવા જેવી છે. એર પોર્ટના ભોંયરામાંથી આ એક પાટાની ગાડીમાં બેઠા કે બાંધ્યા પુલ ઉપરથી શહેર જોતાં સડસડાટ ગામ વચમાં મુખ્ય સ્ટેશને પહોંચી શકાય. વળી, 'એ પડી ગયા' જેવો ક્યાંય કશો આંચકો નહિ. પણ એ કરતાં યે મને વધારે ગમી તે તોકાઇદો ટ્રેન 'ધ ન્યૂ તોકાઇડો લાઇન'. બધું જ તો ત્યાં ન્યૂ છે. આ લખીએ છીએ ત્યારે ન્યૂ તોકાઇદોનું યે ન્યૂ-ન્યૂ તોકાઇદો થઈ ગયું હશે! એનું નામ તે ટ્રેન! અલબત્ત, દર પળે આપણી ટ્રેન સાથે સરખાવવાનું મન તો થાય, પણ એ વૃત્તિ આ-





ક્યોટોનું કિંકાકુજી મંદિર (સુવર્ણ મંડપ). ઈ. ૭૯૪થી કયોટો જાપાનનું પાટનગર હતું. ત્યાં ઈ. ૧૩૯૪માં ત્રીજા આશીકાગા શોગુનના યોશીમીત્સુએ આ મંદિર બંધાવેલું. (જંમણી બાજુ) જાપાનની ખેતીવાડીને પાણી પૂરું પાડતી ૧૧૨ કિ. મી. (૭૦ માઈલ) લાંબી નહેર. પહેલા ચિત્રમાં જાપાનનું લાક્ષણિક સ્થાપત્ય અને બીજામાં જાપાનની ભૂમિનું વિસ્તૃત દશ્ય જોવા મળે છે.

પણે ડામતી રહી. હું જરા આ ટ્રેન વિષે વિસ્તારથી લખીશ. ઈ. ૧૯૬૪ના ઑક્ટોબરમાં આ લાઈન ખુલ્લી મુકાઈ: ૩૨૦ માઈલ–૫૧૫ કીલોમીટર. તોકિયોથી ઓસાકા, એટલે કે લગભગ મુંબાઈથી અમદાવાદ કરતાં સહેજ વધારે છેટું થયું. ને એ ત્રણ કલાકમાં પહોંચાડે! કલાકના બસો ને દસ કિલોમીટરની એની ઝડપ. સવારે ચા પી સાત વાગ્યે અમદાવાદથી બેસીએ તો દસ વાગ્યે મુંબાઈમાં ઑફિસમાં હાજર થઈ, સાંજે સાડાપાંચે નીકળી સાડાઆઠે પાછા અમદાવાદમાં જમવાને ટાણે ઘેર હાજર!

અને વચ્ચે કોઈ ગુડ્ઝ ટ્રેન નડે? સિગ્નલ ન આપ્યું હોય તો? યા આગળ કોઈ ખટારો ગાડી જતી હોય તે નડે? રેલવે ક્રૉસિંગ નડે? પુલ તૂટી ગયો હોય તો તે બેચાર મહિના માટે કે વર્ષ બે વર્ષ માટે નડે? ડ્રાવર કે ગાર્ડ ચા પીવા ઊપડયા હોય તો એને અંગે ગાડી મોડી ઊપડે? એવા સ્વાભાવિક સવાલો ઊભા થાય, તો એ માટે પહેલાં તો આ રેલપાટાનો નકશો જોઈ લેવો ઘટે. અસલમાં એક ડબલ લાઈન તો હતી જ, પણ આ આખો પાટો જ નવો, નવેસરથી, પહેલાંની સાથે જરા આઘે, ક્યાંક રસ્તો ટૂંકો થાય એ રીતે, પહેલાંના સ્ટેશન ઉપર માળ બાંધી ત્યાં પ્લેટફૉર્મ બનાવી નાખવામાં આવ્યો છે. આઠ દિવસ પહેલાંથી ટિકિટ મળે. લેવી છે? ચાલો જઇએ. એ માટે ખાસ લીલી બારીમાં જવાનું. પણ ત્યાં કોઈ કોઠમડું જોવા ન મળે! મિ. કૉમ્પ્યુટર મશીન જ તુરત ટિકિટ આપી દે. રીઝર્વેશન નંબર સાથે કશી વાતચીત જ નહિ: 'કાલે આવજો, કૅન્સલ થયે ઊભા રહેજો. ફારમ ભરો, સરનામું લખો, એવું કશું જ નહિ. થોડી ટિકિટો અનરીઝર્વ્ડ, તે ગાડી ઊપડવા ટાણે મળે. વળી, મજા એ છે કે તમારે અહીંથી આજે જઈ, કાલે યા પરમ દિવસે પાછા આવવું છે તે નક્કી હોય તો મિ. કૉમ્પ્યુટર મશિનને ચિઠ્ઠીમાં લખી આપો તો તમારી રીટર્ન ટિકિટ પણ તરત જ મળી જાય. કોઈ બેપાંચ રૂપિયા કે દસવીસ રૂપિયા ચેરીમનીના બક્ષિશના–ચાપાણીના, ખુશબખ્શીના આપવાના નહિ. વળી, આઠ દિવસ યા દસ વ્યક્તિઓ કે પચાસ જણ માટે સમૂહમાં ટિકિટો ખરીદો તો કન્સેશન મળે તે જુદું. ટોળીના નાયકને મફત ટિકિટ! સો ઉપરાંતની ટોળી લઇને નીકળો તો બે ટિકિટ મફત!

આ ટ્રેનમાં કિયા કિયા મહિનાઓમાં ભીડ થાય છે એની અંદાજ આંકણી પણ એમણે કાઢી છે: વળી, આ ટિકિટો કુપનમાં પણ સામટી મળી શકે, દસ ટકા ઓછા ભાવે. આ ટ્રેનમાં બાર ડબ્બાઓ. કોકમાં ૭૫, તો બીજામાં ૧૦૦, એટલી બેઠકો. કોકમાં ચાળીસ તો કોકમાં ૮૦ પણ ખરી. કારણ, ઓછી બેઠકોવાળા ડબ્બાઓમાં રસોડું–યા બાર કે બાથરૂમો, યા ચોખ્ખું પાણી પીવા માટેની સગવડ, અથવા ડબ્બાની ભીંત ઉપર રેલમાર્ગનો નકશો સમજવાની સગવડ. ચાલતી ગાડીએ તમે ક્યાં છો એનો નિર્દેશ એમાં થતો રહે! ચાલતી ટ્રેને ક્યાંક ટેલિફોન કરવો છે, તો તે તરત જોડવાની સગવડ; તમારો સામાન રાખવાની સગવડ; ગાડી કેટલી ઝડપથી દોડે છે તે જાણવાજોવાની સગવડ; આખી ગાડીનો નકશો સમજવાની સગવડ; ગાડીની ઝડપ વધવા માંડે તો બ્રેક લગાવ્યા વિના આપોઆપ એની ઝડપ કાબૂમાં આવી જાય એની સગવડ; આટલી ઝડપે ચાલે એટલે બહારનો પવન ન અડે, ન નડે એની સગવડ; બુગદામાંથી કે પુલ ઉપરથી ગાડી પસાર થાય ત્યારે વધારાનો જે અવાજ થાય એને ઓછામાં ઓછો કરવાની યે સગવડ! ટૂંકમાં માગો યા ધારો એટલી સગવડ. આપણા ખાઈ બદેલા અમલદારો






મૂળ તો સંરક્ષણની દષ્ટિએ બંધાએલા, પણ આજ ઐતિહાસિક તેમજ લાક્ષણિક સ્થાપત્યની સુંદરતાની દષ્ટિએ જાપાનના પ્રાચીન કિલ્લાઓ એક આગવું આકર્ષણ બની રહ્યા છે. ઉપર એક હિમેજી ગઢનું વિહંગ દશ્ય. જમણી બાજુ એવા જ એક ગઢ ફુશિમી મામોયાની બે મુખ્ય ઇમારતો. ઇ. ૧૫૯૬ના ભૂકંપમાં એ પડી ગએલી, પણ મૂળ પ્રમાણે જ આ નવી ઇમારતો તે પછી ઊભી કરવામાં આવી. આજે એના છ માળમાં જાપાનની એ કાળની સંસ્કૃતિને પ્રતિબિંબિત કરતું સંગ્રહસ્થાન ગોઠવાએલું છે. ચિત્રમાં વિવિધરંગી કિમોનો પહેરેલી મહિલાઓ જાપાનના એ લાક્ષણિક પોશાકનો ખયાલ આપી રહે છે.

અહીં જાહેર જનતા પાસે તમને શી સગવડો જોઈએ એમ જે પૂછે છે, અને પછી એમાંનું કંઈ નહિ, એમ અહીં નથી, ત્યાંના સંચાલકો પોતે જ પ્રવાસીઓ કલ્પી ન શકે એટલી બધી સગવડો અને વિગતો વિચારી એને અમલમાં મૂકે છે. એવી યે સગવડ કે જો ટ્રેન દસત્રીસ મિનિટથી વધારે મોડી પડે, તો શેઠ! તમને ગાડીમાં જ કુપનો વહેંચી દે, ને નીચે ઊતરો ત્યારે ટિકિટના પૈસા પ્લેટફૉર્મ બહાર નીકળો તે પહેલાં પાછા આપી દે. અરજાં ફરજાં નહિ કરવાનાં. આપણે ત્યાં ખેલ જુદા જ છે; રોજની બે હજાર ટ્રેનો દોડતી હશે એમાં મારી ગણતરી પ્રમાણે એમાંની સિત્તેર ટકા ગાડીઓ મોડી પડતી હશે, એમાં ટિકિટના પૈસા પાછા આપવાની પ્રથા રાખી હોય તો આપણી રેલપાટાની ઑફિસો બંધ કરવી પડે, યા એ પૈસા પાછા આપવાના કારભારમાં જ આશરે બે ત્રણ વર્ષ નીકળી જાય, અને રેલવે વહીવટમાં બીજું કશું વહીવટી કામ ન થાય.

ટ્રેનમાંથી નસીબ, પાધરું હોય અને વાદળાં ન છવાયાં હોય તો માઉન્ટ ફુયુજીનાં પણ દર્શન થાય. ૩૭૭૬ મીટર ઊંચો એ જાપાનનો બરફથી ઢંકાએલો પ્રખ્યાત પહાડ છે. તે જોવા મળશે કે નહિ મળે એની ચાલતી ટ્રેને જ લાઉડ સ્પીકરો દ્વારા ખબર આપી દેવામાં આવે છે, અને કિયે સમયે તમે ત્યાંથી પસાર થશો તે પણ કહેવામાં આવે છે, એટલે આપ ઝોકું ન ખાઈ લ્યો કે અમસ્થાં ટાહ્યલાં કરવામાં જોવાનું ન ગુમાવી દો. વળી આ ટ્રેન આપમેળે-એટલે કે દ્રાવરસાહેબ વિના જ ચાલે છે. પોતાનું સ્થાન આવે ત્યારે આપમેળે ઊભી રહે, ને આપમેળે ઊપડે. ના, આ જૂના જમાનામાં કહેવાતું એમ આ રમકડું નથી, અમેરિકનો પણ દાંતમાં આંગળાં પકડી લે છે, એવી આ નક્કર નવી સંશોધાએલી ટ્રેન છે, અને એ પાટાને હવે વધારે વિસ્તારમાં વધારવાની પ્રવૃત્તિ પણ ચાલે છે. એક ચાલુ પાટા ઉપરથી, સ્ટેશન ઉપરથી, આ આખો નવો પાટો નાખ્યો ત્યારે જૂના પાટા ઉપર ચાલતી ટ્રેનો ત્યાં બંધે નહોતી થઇ, અને તેની ગતિ યે ધીમી નહોતી થઈ. આપણે ત્યાં ઇલેક્ટ્રિકની બે બાજુ ખાડા ખોદી લોખંડની કમાન નાખવાની ક્રિયામાં વરસો સુધી ગાડી ધીમી ચાલે, અને કેટલીક રદ કરવામાં આવે! ચીઢ તો એવી ચડે છે. પણ કોને કહીએ? નર્મદાની રેલ વખતે વડોદરાથી ઊપડીને ભરૂચ પહોંચેલી ટ્રેન પાછી વડોદરે લાવ્યા ત્યારે ટિકિટ કલેક્ટરે ટ્રેનમાં જ ભરૂચથી વડોદરા સુધીની ટિકિટોના પૈસા માગવા માંડેલા! પણ મારા જેવી થોડી માથાભારે વ્યક્તિઓએ બધા મુસાફરોને આ આપદામાંથી ઉગારેલા! ના; પણ આ તો 'આપણો' દેશ છે, એટલે આવી વાતો માટે ફરિયાદ ન કરવી જોઈએ, એવી શાણી શિખામણ અમને મળ્યા કરી છે; એટલે ઉપરનું લખાણ હકીકત તરીકે જ વાંચજો, ફરિયાદ તરીકે નહિ.

જાપાનમાં આઠ દસ દિવસ હું રહ્યો, એમાં જે બેપાંચ સ્થળે ફર્યો. એની જ વાત કરું તો બીજાં પણ રમ્ય સ્થળો જે મેં ન જોયાં હોય એને અન્યાય થાય, એટલે એકબે સ્થળની વાનગી જોઈ સંતોષ લઈશું. દેશ સ્વચ્છ છે, એ બરોબર. ગરીબી પણ છે. પરંતુ મહેનતુ એટલો બધો છે કે એમની મહેનત સૌકોઇને છક્ક કરી દે. આ બધાંમાં, સૌથી આગળ તરી આવતી એમની કલાકારીગરી ધ્યાન ખેંચે એવી છે. ઘણાંને મતે ક્યોતો અતિ રમ્ય શહેર છે. તોકિયો-ઓસાકા બહુ મોટાં ખરાં, ક્યાંક લંડન-મુંબાઈ-ન્યૂ યૉર્ક જેવાં લાગે, વસ્તી પણ પચરંગી દેખાય, પણ જેમ મુંબાઈમાં ફરનારાઓને હિન્દુસ્તાનનાં વિવિધ પડખાંઓનો ખયાલ ન આવે, એમ તોકિયો ઉપરથી જાપાનનાં સ્વચ્છ અને લીલાંછમ ઉદ્યાનો, એમનો રંગબેરંગી પહેરવેશ, એમની વિશિષ્ટ પ્રકારની ઘરની બાંધણી વગેરેનો ખયાલ નહિ આવે. બાગનું રળિયામણું તાજગીદાર સૌન્દર્ય અને તે ઉપરાંત અનહદની શાંતિ માણવી હોય તો ક્યોતોના કોઇ પણ બાગમાં જજો; એના હિલગાર્ડનમાં કે મૉસ ગાર્ડનમાં શાંત ચિત્તે બેસજો. રીઓનજીનું કે તેનરૂજીનું, શાઓજીનું કે કોઈ પણ મંદિર જોવા જાઓ તો ત્યાં વળી નવી ભાતના બાગ જોઈ મન પ્રફુલ્લ થઈ જશે. આ મંદિરોનાં નામ મોટે ભાગે બૌદ્ધ સાહિત્યમાંથી, યા સંસ્કૃત સાહિત્યમાંથી અપભ્રંશ થએલાં જાણવા મળશે. (અહીં અમુક પ્રકારનો બૌદ્ધ ધર્મ પ્રચલિત છે.) પાછળ 'જી' લાગે છે એ સૂચક છે. આ વિષય ઉપર થોડું ઘણું સંશોધન થયું છે; જોકે મારા જેવાને એથી પૂરો સંતોષ થયો નથી. પણ એ જુદી વાત છે. હિગાશી હોંગાનજી મંદિરની બાંધણી મનોરમ છે.

જાપાનની જગવિખ્યાત પુષ્પરચના–'ઇકેબાના' સજાવતી મહિલાઓ અને (જમણી બાજુ) ભોજન લેતું એક જાપાની કુટુંબ. જાપાની ઘરના અંતરંગનો તેના પરથી ખયાલ આવશે.

પહાડની ખીણમાં ચડઊતરની આ બાંધણીની કલ્પના જ સરસ છે. આપણે પાલીતાણાના કે કોઈ એવા મંદિરનાં પગથિયાં ચડતા હોઈએ એવું લાગે. પગથિયાંની બાજુમાં આપણે ત્યાં જોવા મળે એવી જ જાતજાતની દુકાનો, માળા મણકા; જે વેચાતા જોઇએ તે લઈ લ્યો.

દુર્ગ યા કિલ્લાનું જે ચિત્ર આપણા મનમાં ખડું થાય છે, એ કરતાં જાપાનનો કોઈ પણ કૅસલ–દુર્ગ–જોતાં તદ્દન જુદા જ પ્રકારનું ચિત્ર જોવા મળે છે. મોમોયામા કૅસલ એનો અનોખો દાખલો છે. અલબત્ત, વાતો એકની એક; અમુક પ્રકારનું કથાસાહિત્ય; રાજા બાદશાહ કે કોઈ ઉમરાવે આ દુર્ગ પોતાના બચાવ માટે બંધાવ્યો હતો પછી એકાદ બે જંગ ખેલાયા, કિલ્લો તૂટ્યો, જીતાયો, મરામત થઈ, પછી બીજા ઠાકોરે એનો પુનરુદ્ધાર કર્યો. ત્યાં કોઇકે રક્ષણ શોધ્યું, ને અંતે હવે એ સંગ્રહસ્થાન તરીકે પ્રવાસીઓ માટે આવનજાવનનું જાણીતું ઐતિહાસિક સ્થાન ગણાય છે. કદીક આ બીબામાં રાજકુંવરી સંતાયાની યા નાસી ગયાની કે એવી કોઈ રોમાંચક કથા ઉમેરાય. એમ આ કુશિમી કૅસલની પણ કથા છે. અહીં ઈ. ૧૫૯૬ના ભયંકર ધરતીકંપ વખતે આ ઈમારત જમીનદોસ્ત થઈ ગઈ હતી, પણ ફરીથી એ કિલ્લાને અસલ પ્રમાણે બાંધવામાં આવ્યો. પછી ત્યાં રાજ્ય કરનારા બદલાયા, એટલે શાહાન શાહ મેઇજીના હાથમાં આવ્યો, અને છેવટે આજે એ કિલ્લાના છાપરા ઉપર ૮૦૦૦ સોનાનાં નળિયાં છે. એટલી જાહોજલાલી આ ઈમારતે ભોગવી જાણી છે. છ સાત માળની આ જગ્યાની બાંધણી બહારથી અતિનાજુક અને અંદરથી ઘણી મજબૂત. ચડતાં-ઊતરતાં થાક લાગે. પણ દરેક મજલે કંઇ ને કંઇ સુંદર જોવા મળે. શસ્ત્રો કે ચિત્રો કે જૂનવાણી હથિયારો, હાથકામની વસ્તુઓ જોતાં આપણે ધરાઇએ જ નહિ, એ રીતે એની ગોઠવણી અતિ આકર્ષક છે.

કયોતોની પાસે નારા પણ જોવા જેવું છે. હરણાંનું ટોળું નહિ, ટોળે-ટોળાં જોવાં હોય તો ત્યાં જજો, અને ૮મી સદીની ૫૩ ફીટ ઊંચી બુદ્ધની ધાતુની મૂર્તિ એક વિશાળ લાકડાના મકાનમાં ગોઠવેલી જોવી હોય તો ત્યાં જજો. હરણાં તો સામે આવી મળશે. તમારી સાથે હળી જશે; અને જુદી જ પ્રકૃતિનો આ બાગ તમને નવી શાંતિનો અનુભવ કરાવશે.

આપણે ત્યાં મંદિર, મસ્જિદો, તેમ ત્યાં આવાં અસંખ્ય યાત્રાધામો છે. પહાડ, નદી, ઝરણાં અને આસપાસની કુદરતનો એ પ્રજાએ સુંદર ઉપયોગ કર્યો છે. મારે યોકોહામા જવું હતું, પણ ન જવાયું. પરંતુ મારા બે પ્રોફેસર મિત્રો–સ્ટેટ્સના પ્રો. વીધી અને પ્રો. ઍન્ડન. બંને જાપાન-નાં નાટકોના અભ્યાસીઓ બે દિવસ માટે ધ્યાનમાં મગ્ન થવા યોકો-હામા જતા હતા, ને મને આગ્રહ કરતા હતા. ત્યાં એક અંગ્રેજ બાઈ આશ્રમ ચલાવે છે, ત્યાં આ બે અમેરિકન વિદ્વાનો હિન્દની ધ્યાનમગ્ન થવાની પ્રવૃત્તિ આદરવાના હતા, ધ્યાનની પ્રક્રિયામાં દેશ-પરદેશનાં બંધનો ન જ હોઇ શકે, પરંતુ મારે એ બે દિવસો બીજું જેટલું જોવાય એ જોવામાં ગાળવા હતા. ધ્યાન તો હું પ્લેનમાં બેઠા-બેઠા પણ કરી શકું, યા હિન્દ આવીને પણ કરી શકું.

જાપાનનું નવું નામ સાંભળતાં નાટકની સૃષ્ટિમાં 'નો' યા 'નોહ', કાબુકી, તેમજ બીજાં નૃત્ય-નાટકોના પ્રકારો બોલાય છે, તેમ સમાજ-જીવનમાં 'ગેઈશા' યા 'ગીશા'ગર્લનાં નામો સાંભળવા મળે છે. એ વિષે ઘણું લખાયું છે: મોટે ભાગે જાહેરાતમાં એ છોકરીઓ જે રીતે ચા માટે નોતરી અતિથિની સરભરા કરે છે તે પ્રણાલિકા સંબંધે તેમજ તેઓ અતિથિઓનું મનોરંજન કરે છે એ સંબંધે કહેવાય છે તેમ એમાં એ વાસનાના પ્રદેશમાં ક્યાં હદ ઓળંગી જાય છે, એ વ્યક્તિગત સવાલ છે. બાકી 'ગેઈશા' છોકરીઓ પોતાની અદા, સરભરા, ચા પીરસવાની ચાતુરી વગેરેથી જ મોટાભાગે મનોરંજન કરે છે, એ હકીકત છે. પરંતુ આ બધા આચાર-વ્યવહારમાં, ગમે ત્યાં, જાપાનમાં કે દુનિયાભરમાં, જ્યાં એક પુરુષ અને એક સ્ત્રી એકઠાં થાય, બંનેનાં મન લોભાય, રાજી થઈ જાય, ત્યાં કાજી કે કાયદો વચ્ચે આવી, નડી, શું કરી શકે? એ સૃજન-જૂનો કોયડો રહેવાનો અને એનો જે ઉકેલ છે, તે ઉકેલ પણ રહેવાનો.

'ગઈશા' ગર્લની નીતિ ગમ તે હો; આપ ભલા તો સબ ભલા, આપકા મનમાં લોલુપતા, તો સબ લોલુપતાથી ભરેલા એ ન્યાયને બાજુએ રાખી, આ પ્રથામાં એ છોકરીઓ જે રીતે પહેરવેશ સજે છે, એમાં રંગોની મિલાવટ કરે છે, એ એક વિશિષ્ટ પ્રકારની જાપાનીઝ જીવન-ક્રિયા છે, અને તે મનને અનેક રીતે આહ્‌લાદકારક પણ છે. આજે તો એ કિમોનોની કિંમત પણ ઘણી વધી ગઈ છે, એકેક કિમાનોનો આખો સાજ હજારેક રૂપિયાથી પણ વધી જાય, એટલાએ મોંઘા થઈ ગયા છે પરંતુ જ્યાં છે ત્યાં, એ પહેરવેશની ઢબ, એની એક બાંયની ફિલસૂફી વિચારો તો, કુંવારી, કન્યકા, મુગ્ધા, પ્રૌઢા, પ્રગલ્ભા, પરણેતર વગેરે સ્ત્રીઓએ પોતાની અવસ્થા પ્રમાણે કિમોનોની બાંયની લંબાઈ ટુંકાઈ રાખવાની હોય છે; એટલું જ નહિ પણ એની બાંયની રંગરચના પણ એ જ પ્રમાણે વિચારવી રહે છે. ટૂંકમાં, ભાભી, કુંવારી નણંદ અને સાસ ત્રણે બહાર નીકળે, અને ધારો કે ત્રણે એક જ ઘાટની, અને ઊંચાઈની નારીઓ હોય તો પણ એના પહેરવેશ ઉપરથી એ ત્રણેની સગાઇ પારખનારા પારખી શકે છે। માથાના વાળની સજાવટ પણ મોટે ભાગે કૃત્રિમ-વિગ ઉપર રહે છે. અને એના ઘાટઘૂટમાં પણ સ્થિતિ પ્રમાણે ફરક વરતાવાતો જોવા મળે છે. ગમે તેમ પણ જાપાનની સન્નારીને એની ઉત્તમમાં ઉત્તમ સાજસજ્જામાં જોવી એ પણ માનવજીવનનો એક લહાવો તો છે જ.

(ચાલુ)

કાકાસાહેબ કાલેલકરનાં કૉલેજ-જીવનનાં સંસ્મરણો • મનોમંથન-૧૯

આવી ગીતા તમારા કામની નથી

છેક નાનો હતો ત્યારે મારા મોટા ભાઈના મિત્રોને મોઢે શ્રીમદ્ ભગવદ્ ગીતાનું નામ પ્રથમ સાંભળ્યું. ગીતા અને તેના મરાઠી અનુવાદની નાનકડી ચોપડી, નવી નવી ખરીદેલી હાથમાં લઈને એ આવ્યા. એટલા આદર ને પ્રેમથી તે એ હાથમાં ઝાલતા હતા કે જાણે કોઈ કિંમતી અને રૂપાળું હીરાજડિત ઘરેણું! એ લોકોની ગીતા વિષેની આપસની વાતોથી એટલું સમજી શકયો કે એ આપણો અત્યંત પવિત્ર ને પ્રેરણાદાયી ધર્મગ્રંથ છે.' એથી વિશેષ જાણવાની તો મારી ઉમર ન હતી, છતાં કશું જાણતાં પહેલાં મારા હૈયામાં એમની ભક્તિનો ચેપ લાગી ગયો.

ત્યાર પછી મારા મોટા ભાઈ બાબાને મોઢે ગીતા વિષે થોડુંથોડું જાણ્યું. મારા પિતાશ્રી પણ ગીતા વિષે આદરથી બોલે. પણ એમને ગીતા વિષે જાણકારી નહિ જેવી. ભગવાનની મંત્રયુક્ત પંચાયતન પૂજા કરવી, —વૈશ્વદેવ તો પૂજા સાથે હોય જ,—ઉપરાંત તહેવારો ઊજવવા, સ્વર્ગસ્થ સગાંવહાલાંઓનાં વાર્ષિક શ્રાદ્ધ કરવાં, અતિથિનો આદર કરવો, બ્રાહ્મણોને દાન આપવું અને તક મળ્યે નદીના પવિત્ર જળમાં સ્નાન કરવું, મંદિરે દર્શન માટે જવું, ઉત્સવો કરવા, કીર્તનો સાંભળવાં, પંઢરપુર, નરસોબાચી વાડી કે ગોકર્ણ જેવાં તીર્થોમાં જઈ આવવું અને 'ભાગ્યમાં હશે તો કો'ક વાર કાશી અને રામેશ્વરની યાત્રા યે થશે' એવી ઝંખના મનમાં રાખવી, એ જ એમનો ધર્મ. એ બધું એમની પાસેથી હું બરાબર શીખ્યો હતો. એ બધા સંસ્કારો મેં હૃદયથી ઝીલ્યા હતા. રામાયણ–મહાભારત મૂળમાં નહિ, પણ 'રામવિજય', 'પાંડવપ્રતાપ', 'શિવલીલામૃત' તેમજ 'ભક્તિવિજય' એટલા ગ્રંથો તો મેં ભક્તિપૂર્વક વાંચ્યા હતા. મારું નામ દત્તાત્રેય, એટલે દત્ત વિષે જાણવાની ઉત્સુકતા ખરી. અમે એક વાર પંઢરપુર ગયા હતા ત્યારે ત્રણ માથાવાળી દત્તાત્રેયની પિત્તળની નાનકડી મૂર્તિ મારા આગ્રહથી પિતાશ્રીએ મને ખરીદી આપેલી. એ પણ મેં પૂજામાં રાખેલી.

આ બધા ગ્રંથોમાં શ્રીકૃષ્ણની લીલા વિષે પણ એક સુંદર ગ્રંથ મરાઠીમાં છે. એ ગ્રંથ ગોંદુએ લેવાનો આગ્રહ કર્યો એટલે પિતાશ્રીએ આણી આપ્યો, પણ આમ બંને કરતાં મોટા કેશુએ અમને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે 'આપણે શિવભક્ત એટલે શિવલીલામૃત વાંચીએ; આઈ (મા) વૈષ્ણવોની એકાદશી કરે છે અટલે આપણે જોકે સાથે એકાદશીના ઉપવાસના પદાર્થો તો ખાઈએ છીએ, પણ એકદશી આપણે માટે નથી; ને શ્રીકૃષ્ણ વિષ્ણુના અવતાર ભલે હોય, ચારિત્ર્યમાં સારા નહિ. ગોપી સાથેની એની લીલા જ બતાવે છે કે કૃષ્ણ એ ભક્તિ કરવા જેવા દેવ નથી.' મારી એ ઉમરે તો, ભાઉ (મોટા ભાઈ) જે કહે તે પ્રમાણ, એટલે કૃષ્ણવિજય કે 'કૃષ્ણલીલામૃત' ઘરમાં હોવા છતાં મેં વાંચવાનું માંડી વાળેલું. (ત્યાર પછી ચોરીથી કટકે કટકે વાંચીને એ ગ્રંથ પૂરો તો કર્યો એટલું યાદ છે.)

આવા ધર્મજ્ઞાન સાથે ગીતા વિષે નાનપણમાં કશું સાંભળ્યું ન હતું એમાં આશ્ચર્ય શું? પણ બાબાને મોઢે જ્ઞાનેશ્વરીનું માહાત્મ્ય સાંભળેલું. પછી ખબર પડી કે જ્ઞાનેશ્વરી તો ગીતાના સંવાદ ઉપરનું એક ઉત્તમોત્તમ ભાષ્ય છે, ગીતામાં મધ્યમ પાંડવ વીર અર્જુન ને ભગવાન શ્રીકૃષ્ણ વચ્ચેનો સંવાદ છે, એમાં ૧૮ અધ્યાય છે. ને બરાબર ૭૦૦ શ્લોકો છે, એ શ્લોકો મોઢે કરવાથી પુણ્ય મળે છે, ગીતામાં આપણા ધર્મનું રહસ્ય ઉત્તમરીતે ગોઠવાયું છે વગેરે. આ બધું જ્યારે સાંભળ્યું એ ઉમરે પહોંચ્યો ત્યાં સુધીમાં તો શ્રીકૃષ્ણની રાસલીલાનું રહસ્ય પણ હું સમજી ચૂકયો હતો અને એમાં અનાચાર કે દુરાચારનો અંશ પણ નથી, એ તો મોટું રૂપક છે, એમાં ભક્તિની પરમાવધિ છે વગેરે પણ સમજેલો. વળી શિવ તથા વિષ્ણુ વચ્ચે ભેદ કરે તે પાપી ગણાય છે, '**શિવ, નારાયણ, ગણપતિ, રવિ** અને **દેવી** આ પંચાયતનની પૂજા કરે તે જ ખરો હિંદુ, ને ખરો ભક્ત એ બધું પિતાશ્રી પાસેથી સાંભળેલું. શિનાગરદે એ એક શબ્દમાં પંચાયતનના પાંચે દેવોના નામોના આદ્યાક્ષરો આવે છે એટલે ગીતા પ્રત્યે ભક્તિ જાગતાં કશું આડે ન આવ્યું.

ત્યાર પછી, ગીતાનો મરાઠી અનુવાદ લઈ ભક્તિપૂર્વક આખો વાંચી ગયો. એમાં બધું સારુંસારું છે એટલું માનવાને તો બંધાએલો હતો; પણ ન કશું સમજાયું કે ન એમાં રસ પડયો. યથાકાળે સમજાશે એમ કહી મેં ગીતા કોરે મૂકી દીધી, પછી જ્યારે સંસ્કૃત શીખ્યો, ગીતાના કેટલાક શ્લોકોનો અર્થ સમજવા લાગ્યો ત્યારે જ ગીતા પ્રત્યેની મારી ભક્તિ બુદ્ધિયુક્ત અને જીવતી થઈ.

ગીતામાં શું છે એ જાણવા જતાં મુખ્ય વાર્તા આટલી જ મળી કે કૌરવ-પાંડવનું યુદ્ધ ટાળવાનો પ્રયત્ન શ્રીકૃષ્ણ, ભીષ્મ અને વિદુર જેવાઓએ પૂરેપૂરો કર્યા છતાં એ ટાળી ન શકાતાં અર્જુન રથમાં બેસી પોતાના સારથિ શ્રીકૃષ્ણને કહે છે કે 'બંને બાજુની સેનામાં કોણ કોણ રથી, મહારથી અને અતિરથી છે એ મને જોવા દો. મારે ખાસ કોની સાથે યુદ્ધ કરવાનું છે એ પણ જોઈ લઉં. માટે મારો રથ યુદ્ધ શરૂ થાય તે પહેલાં બંને સેના વચ્ચે ઊભો કરો'. તેમ થતાં અર્જુને બંને બાજુ સગાંવહાલાં અને પૂજ્ય ગુરુઓ જોયા. એટલે એણે કહ્યું: 'આવા પૂજ્ય અને પ્રિય સ્વજનોને મારીને રાજ્ય ભોગવવું એ તો હરામ છે. એના કરતાં સંન્યાસ લઈને ભિક્ષા માગીને પેટ ભરું તો શું ખોટું છે? મારે નથી લડવું.'

હવે શું કરવું? પાંડવોનો બધો આધાર જેના ઉપર હતો તે મહાવીર અર્જુન પોતે જ લડવાની ના પાડે છે! હવે શું થશે? એટલે શ્રીકૃષ્ણે એની સાથે સંવાદ ચલાવ્યો, એની બધી શંકાઓનું નિરસન કર્યું અને એને લડાઈ માટે તૈયાર કર્યો' આ છે ભગવદ્ ગીતાનો સાર.

એ વાંચતાં અને સમજતાં ખૂબ આનંદ આવતો. અર્જુનને લડાઈ માટે જે સંવાદે તૈયાર કર્યો તે સંવાદ વીરતાપ્રેરક હોવો જ જોઈએ અને ભવ્ય તો છે જ, એટલો બોધ લઈ અમે સંતોષ માન્યો. પણ આગળ જતાં જ્યારે ગીતાના અર્થનું ચિંતન ચલાવ્યું ત્યારે પ્રથમ વિચાર આવ્યો કે મહાભારતકાળમાં અર્જુનની શંકા દૂર કરનાર આ સંવાદ ધર્મગ્રંથ શી રીતે મનાય? એ ઐતિહાસિક સંવાદ આદરથી વાંચીએ, આપણે માટે એમાંથી પ્રેરણા પણ લઈએ, પણ ધર્મગ્રંથ તો દરેક માણસનું (આ વિવિધ દુનિયામાં રહેતા ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળના અસંખ્ય લોકોનું) કર્તવ્ય શું છે એ જેમાં બતાવ્યું હોય તે જ ગ્રંથ ધર્મગ્રંથ મનાય એવો વિચાર મનમાં ઊઠયો. અને તરત જ એ શંકાનો પરિહાર કરનારા મુરબ્બીઓ પણ મળ્યા. એમણે કહ્યું કે એ સંવાદ મૂળમાં ભલે ઐતિહાસિક હોય, પણ આજે આપણે એને એક રૂપક ગણીએ છીએ. 'સારા વિચારો' તે પાંડવો; 'ખરાબ વિચારો' તે કૌરવો. એમની વચ્ચે દરેક હૃદયમાં અખંડ યુદ્ધ ચાલ્યા જ કરે છે. એમાં માણસમાત્રનો પ્રતિનિધિ અર્જુન (એને 'નર' કહે છે એ ધ્યાનમાં રાખવું જોઈએ) પોતાના મનની શંકાઓ શ્રીકૃષ્ણને (એને 'નારાયણ' કહે છે એનું પણ એટલું જ મહત્ત્વ છે) પ્રશ્ન રૂપે પૂછે છે, અને શ્રીકૃષ્ણ આખી માણસજાતને તેનો ધર્મ સમજાવે છે કે આપણા હૈયામાં ઊઠતા બૂરા વિચારો સામે કેમ લડી લેવું અને સારા વિચારો કેમ જીતી શકે છે. ગીતામાં ધર્મવિહીન દુન્યવી સામાન્ય આદર્શોને 'આસુરી સંવત' કહ્યા છે અને મોક્ષમાર્ગી સદ્‌ગુણી આદર્શોને 'દૈવી સંવત' કહ્યા છે. (અનુ. પૃ. ૫૦૬)

તારુણ્યની તકલીફો

વર્ણવતી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળા

[૧૫·ચહેરાની માવજત]

● જે સ્રાવ તરુણોને મુલાયમ કાંતિ અને લાવણ્ય આપે છે, એનું જ વધુકું પ્રમાણ ખીલ પેદા કરે છે. ● ખીલ એ તારુણ્યની બાહ્ય નિશાની છે. ● ફૅશન ખાતર બ્લીચ કરાતા કે રંગાતા વાળ વધુ પ્રમાણમાં ખરે છે. ● મેદસ્વી ગ્રંથિઓ જેમ ખીલ પેદા કરે છે તેમ માથામાં ખોડો પણ એકઠો કરે છે. ● દાંતના રોગ પણ વાળ પર માઠી અસર કરે છે. ● સુસંહત શરીર અને સોહામણા દેખાવ માટે સમતોલ આહાર અને ખુલ્લી હવા સાથે અંગાંગોની ચોખ્ખાઈ અગત્યની છે.

તરુણો જ્યારે સુસંહત શરીર ને સોહામણા દેખાવ માટે ઝંખતા હોય છે ત્યારે જ ખીલ તેમના ચહેરાના સૌંદર્યને બગાડવા માંડે છે! તરુણાવસ્થા વીત્યા બાદ ખીલ તો નથી થતા; પણ અગાઉ તે થઈ ગયાની નિશાનીઓ ચહેરા પર રહી ગઈ હોય છે. ખીલ દ્વારા ચહેરાનું સૌંદર્ય બગડવાથી તરુણને સમાજમાં હળતાંભળતાં સંકોચ થાય છે અને તરછોડાએલો ને એકાકી બની ગયા જેવું વર્તન દાખવે છે.

ખીલ એ કંઈ માત્ર ચામડી ઉપરની પીડા નથી, પણ જિંદગીના પરિવર્તનકાળે ચામડીથી યે ઊંડે શરીરની અંદર થતા જટિલ રાસાયણિક ફેરફારોનું એ પરિણામ છે. તરુણ વયે કન્યા અને કિશોરને સ્ત્રી અને પુરુષમાં કંડારતા જાતીય સ્રાવોની કામચલાઉ અસર નીચે ચામડીમાં વાળનાં મૂળ પાસે આવેલી, ચહેરા, છાતી અને બરડાની મેદસ્વી ગ્રંથિઓના સ્રાવથી ચામડીનાં પડ અને વાળનું સ્નેહાંજન થાય છે, જેનાથી એ બંને રેશમ જેવાં સુંવાળાં ને ફૂલપાંદડી જેવાં મુલાયમ બની તરુણ-તરુણીને કાંતિ અને લાવણ્ય આપે છે. પણ મેદસ્વી ગ્રંથિઓનો વધુકો સ્રાવ ચામડીના મૃત કોષો સાથે ભળીને સુકાવાથી ચામડીનાં છિદ્રો બંધ થઈ, વાળની નલિકાઓમાં તે સુકાઇને જવ આકારના બીજ રૂપે એકઠો થવાથી મેદસ્વી ગ્રંથિઓ પણ બંધ થાય છે. રાસાયણિક પ્રક્રિયાના કારણે એ બીજની ઉપરની ચામડીનો ભાગ કાળો દેખાય છે તેથી એને અંગ્રેજીમાં 'બ્લૅક હેડ' કહે છે. ખીલની આ શરૂઆત છે.

ચામડીનાં છિદ્રો પુરાવાથી ચામડી પરના જીવાણુઓ પણ અંદર પુરાય છે. આ જીવાણુઓનો ચેપ લાગવાથી ચામડી ઉપર ફૂણસીઓ અને ફોલ્લી થાય છે. ચીકણી ચામડીમાં બ્લૅક હેડ વધારે થાય છે ને જો તેની બરાબર દરકાર ન લેવાય તો ખીલ (એકની વલ્ગારિસ) થાય છે. ખીલ ચહેરા ઉપરાંત ગરદન, ખભા, છાતી ને વાંસા ઉપર પણ થાય છે.

ખીલ એ તારુણ્યની એક બાહ્ય નિશાની છે. આથી તો આયુર્વેદમાં તેને 'તારુણ્ય પીટિકા' જેવું સૂચક નામ આપ્યું છે. કન્યા કરતાં કિશોરને તે વધુ થાય છે. ચહેરાની સુંવાળી ચામડી પર ઊપસતી ફોડકીઓને હટાવવા તરુણ તેને ચપટીમાં દાબે કે નખ વતી ખોતરે છે, યા દર્પણ સામે ઊભા રહી સૅાય વતી ટાચે છે. આમાં ચામડી પરના જીવાણુઓના સ્રાવ પાછળનાં સ્ટૅફિલોકૉકાઈ જીવાણુઓની ક્રિયા થવાથી ફૂણસી ગુમડાનું રૂપ પકડે છે, જે ફૂટવાથી ચામડી પર ઘા અને ખાડા પડે છે. ખીલ ચૂંટવા એ ખોટો ને ઉગ્ર ઉપચાર છે. એથી ગાલ પર તેનાં નિશાન રહી જાય છે.

ખીલ નિવારવાનો અને મટાડવાનો સરળ ઉપચાર સ્વચ્છતાનો છે. સાબુ અને પાણી વતી ચહેરાની ચોખ્ખાઈ રાખવાની છે. દાક્તરની સલાહ હોય તો ખાસ સાબુ વાપરવો, બાકી નાહવાનો સામાન્ય સાબુ પૂરતો છે. ગરમ પાણીમાં સાબુનું ફીણ બનાવી, ચહેરા ઉપર પાંચદસ મિનિટ સુધી હળવું માલિશ કરી, ઠંડા પાણીથી ધોઈ નાખી, સુંવાળા ટુવાલથી કોરું કરવું. આથી બ્લૅક હેડ પોચા પડે છે, વધારાની ચીકાશ હટે છે ને ચામડીનાં છિદ્રો ખુલ્લાં થઈ બી બહાર નીકળી જાય છે. આપમેળે ખરીદેલાં ક્રીમ, મલમ કે લોશનથી ચામડી તતડી ઊઠે છે. જો કોઈ દવા લગાડવી હોય તો દિવસમાં બેત્રણ વાર સાબુ ને પાણી વતી મોઢું ધોયા બાદ ઑલિવ ઑઈલમાં ઝિંક ઑક્સાઈડ ચાર ભાગ, સેલિસિલિક ઍસિડ બે ભાગ, સલ્ફર (ગંધક) બે ભાગ અને બે ભાગ કૅલેમાઈનનો બનાવેલો પેસ્ટ લગાડવો. ઔષધમાં 'વિટામિન એ' ને 'વિટામિન સી'નાં ઇન્જેક્શનો લઈ શકાય. ખીલની શરૂઆતમાં રોજ 'વિટામીન સી'ની પાંચસો મિલિગ્રામની ત્રણ ગોળી પંદરેક દિવસ લેવાથી ફાયદો થાય છે. ન મટે એવા ખીલ માટે અલ્ટ્રા વાયૉલેટ કિરણોનો શેક અપાય છે. ખીલના ખાડાખૈયા માટે 'ડર્મોઍબ્રેજન' કે 'સૅન્ડપેપર સર્જરી' નામની શસ્ત્રક્રિયા દ્વારા ચહેરાની ચામડી ઘસી નાખી સુંવાળી અને એકસરખી બનાવાય છે.

ખીલને અંકુશમાં રાખવા માટે ખોરાકનું પથ્ય પાળવું પણ જરૂરી છે. ખોરાકમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થો (ખાસ કરીને ખાંડ-ગૉળ) ઓછા કરવા સાથે અજીર્ણ ટાળવા તળેલા ખોરાક પણ ત્યજવા જોઇએ. ચરબી અને ગળપણથી ખીલમાં વધારો થાય છે, માટે ચૉકલેટ, કોકો, પનીર, ક્રીમ-પૅસ્ટ્રી, મગફળી વગેરે ખાવા પર અંકુશ રાખવો. ખાટાં ફળ અને લીલોતરી શાકભાજી ખાઈ બંધકોશ નિવારવો. ઋતુસ્રાવની અનિયમિતતા હોય તો તે ઔષધોપચારથી સુધારવાની છે. કોઈક કિસ્સામાં ચિંતાફિકર પણ ખીલમાં વધારો કરનારાં બને છે. સૌંદર્ય માટે ચિંતાતુર યુવતીઓને ટ્રાન્ક્વીલાઈઝર કે શામક ઔષધો આવશ્યક છે. નાક, ગળા કે દાંતના ચેપથી ખીલની પીડા બલવત્તર થવા સાથે જાથુકની બને છે અને એ ચેપની નાબૂદી સાથે ખીલ પણ મટે છે.

આમ, ચામડીની માવજત સાથે સમતોલ આહાર, ખુલ્લામાં કસરત અને પૂરતી ઊંઘથી ખીલની સ્થિતિમાં સુધારો થાય છે. તંદુરસ્ત શરીરમાં ચામડીની અનારોગ્યતા રહી શકતી નથી. અંગકાંતિને બગાડનાર ખીલ એ તરુણ વયની સામાન્ય સમસ્યા છે. તેના તરફ દુર્લક્ષ રાખવાથી ચામડી ઉપરાંત મન પર ભારણ રહ્યા કરે છે. પણ સાદી સારવાર ને ચોખ્ખાઈની ચીવટથી સૌંદર્યને બગડતું અટકાવી શકાય છે. પંદર-સોળ વર્ષની વયથી થવા માંડતા ખીલ ઓગણીસ-વીસ વર્ષની વયે શરીરની અંદરના રાસાયણિક ફેરફારો ચામડીને સાનુકૂળ નીવડવાથી બંધ પડે છે.

ચહેરાના સૌંદર્યનાં બીજાં બે અંગ માથાના વાળ ને દાંત છે. જોકે વાળ લાંબા કે ટૂંકા રાખવાની વિવિધ ફૅશનો છે, પણ જો તેને બરાબર જાળવવામાં ન આવે તો કોકને માથામાં ખોડો થાય છે. આમ તો દરેકને ઓછોવત્તો ખોડો થાય છે જ. ખોપરીની ચામડીનું ઉપલું ખરતું પડ તે ખોડો. તેની સૂકી પોપડીઓ ગરદન અને ખભા પર ખરે છે. માથાની ચામડીની મેદસ્વી ગ્રંથિઓના બગાડાથી પુષ્કળ ખોડો થઈ ખજવાળ અને તેના કારણે સોજો પણ આવે ત્યારે દાક્તરી સલાહ લેવી આવશ્યક છે.

સાધારણરીતે રોજ થોડા વાળ ખરે એ સામાન્ય છે, પણ જો વધુપડતા ખરીને ચોટલો પાતળો બનવા લાગે તો ચિંતાનું કારણ છે. વાળ ખરવામાં ચોટલો વાળવાની રીત પણ કારણભૂત બને છે. પૉની ટેઈલ જેવા ખેંચીને વાળ બાંધવાની રીત અને રોલર ઉપર સખ્તાઈથી વાળ બાંધીને સૂવાની ટેવથી વાળ ખરવાનું સામાન્ય બને છે. આધુનિક જીવનની ચિંતા અને અશાંતિથી વાળ પણ ખરવા માંડે છે. ફૅશન ખાતર બ્લીચ કરાતા હોય કે રંગાતા હોય તેવા વાળનું ખરવાનું પ્રમાણ પણ વધુ રહે છે.

વાળના આરોગ્ય અને વૃદ્ધિ માટે તંદુરસ્ત લોહી અને પ્રાણવાયુ જરૂરી છે. જો લોહી પોષણદાતા ન હોય તો વાળ ધોળા થવાથી માંડી વધુ ખરવા માંડે છે. લોહીમાં અમ્લતા પેદા કરનાર ખાદ્યો ખાતા રહેવાથી પણ વાળ ઉપર માઠી અસરો ઊપજે છે. જૂના વાળ ખરીને નવા વાળ આવવાની કુદરતી કરામત છે, પણ પુષ્કળ ખરતા વાળ માટે માથામાં ખોડો થતો હોય તો તે પ્રથમ મટાડવો જોઇએ. સમતોલ અને પોષણદાયી ખોરાક સાથે માથામાં કોપરેલ કે બદામનું તેલ માલિશ કરવાથી વાળનાં મૂળ મજબૂત થઈ વાળની સુંદરતા અને લંબાઈ જળવાઇ રહે છે.

અઢી સો ગ્રામ કોપરેલમાં સોએક ગ્રામ ચૂનાનું નીતર્યું પાણી અને થોડી રાળ નાખી ફીણીને બનાવેલા તેલનું માલિશ કરવાથી ઘણોખરો ખોડો નાબૂદ થાય છે. સામાન્ય ખોડા માટે લીંબુના રસ કે ચિકાખાઈના સાબુ વતી નિયમિત માથું ધોવાથી તે અંકુશમાં રહે છે. વાળ ઓળવાની રીતથી પણ ચહેરાની સુંદરતામાં વધારો કરી શકાય છે. પણ તે બાબત આજનાં તરુણ-તરુણીઓને સમજાવવાની જરૂર નથી.

બહુ ખરતા વાળ અને તાલ તેમજ અકાળે દેખાતા ધોળા વાળ પણ ચિંતાજનક બને છે. ધોળા વાળ જો કે ઘડપણ આવ્યાની નિશાની છે, પણ યુવાનીમાં વાળ ધોળા થવાનું રહસ્ય હજી બરાબર ઉકેલાયું નથી. આ દિશામાં થએલાં સંશોધનોનું તારણ આ પ્રમાણે છે: દંતવિજ્ઞાનીઓનું કહેવું છે કે દાંતના સડાથી ચહેરાના જ્ઞાનતંતુઓ ઉપર અસર પડી લમણાના વાળ એકદમ ધોળા થવા માંડે છે. વળી, દાંતના રોગોને લીધે પણ વાળ ખરવા લાગે છે. માંદલું શરીર અને થાક (જે શરીર બગડયાની એક નિશાની છે.), થાઇરૉઈડ ગ્રંથિની વધારે કે ઓછી ક્રિયાશીલતા, ચિંતા ભય અને વધુપડતા માનસિક કામથી વાળ સફેદ થાય છે. તબિયત બગડવાથી વાળ સફેદ થયા હોય તો શરીર સુધરતાં વાળનો અસલ રંગ પણ આવી જાય છે. કદીક જુવાનીમાં ધોળા થએલા વાળ ફરી આપોઆપ શ્યામ બની જાય છે.

વિટામિન એ, બી જૂથનાં વિટામિનો અને સી વિટામિન, લોહ, તાંબું, આયોડિન અને ઍમાઇનો ઍસિડ વાળ ઊગવાનું અને તેના રંગનું નિયમન કરનાર દ્રવ્યો છે. આ દ્રવ્યોવાળા (લાલ તલનું તેલ, ગૉળ, આમળાં, યીસ્ટ, કોપરું વગેરે) સપ્રમાણ લેવાથી વાળ ધોળા થતા અને ખરતા અટકે છે. દિવસમાં એક વાર વાળ આંગળીઓ વતી ખેંચવા-તાણવા પણ જોઇએ, જેથી તેના મૂળમાં લોહીનો પ્રવાહ વધી તેને પોષણ મળે. સફેદ વાળ માટે રોજ વીસેક મિનિટ માથાનું માલિશ કરવું લાભદાયી છે. કોપરેલ ને દિવેલમાં દૂધી ને ભાંગરાનો રસ મિલાવી બનાવેલું તેલ રોજ ઘસીને લગાડવાથી સફેદ વાળનો રંગ બદલાય છે.

હમણાં વળી નાયલૉન-ટેરિલીનનાં કપડાંનો વપરાશ વધ્યો છે. આ કાપડ છિદ્રાળુ ન હોવાથી શરીરનો પરસેવો શરીર ઉપર જ રોકાતો હોવાથી એવાં કપડાં પહેરનાર તરુણ પરસેવાની ગંધથી મહેકતો હોય છે! પરસેવો પોતે તો ગંધ રહિત છે, પણ ચામડી ઉપરના જીવાણુઓ પરસેવાનું વિઘટન કરી અપ્રિય વાસ પેદા કરે છે.

સારા સાબુ વતી શરીર ચોળીને બરાબર નાહવાથી જીવાણુઓ સાફ થાય છે. રોજ એક વાર તો નાહવું જ જોઈએ. રમત અને કસરતના શ્રમ પછી પણ સ્નાન કરવું જોઇએ. નાહતી વખતે શરીરનાં વળાં અને ખાડા, કાન અને તેનો પાછલો ભાગ, બગલ, ગુહ્યાંગો અને પગનાં આંગળાં ખસૂસ ધોવાવાં જોઇએ. નાહ્યા પછી શરીર પર સાબુ જરા પણ ન રહે એ રીતે પૂરતા પાણીનો ઉપયોગ કરવો જોઇએ. પગનાં આંગળાં વચ્ચેનો મેલ બરાબર દૂર કરી ટુવાલ વતી એને કોરાં કરી નાખવાં જોઈએ. ભીનાશમાં ફૂગનો વાસ થવાથી ખજવાળ અને લાહ્યનાં લક્ષણો પેદા થાય છે. વળી, પગનાં મોજાં પણ રોજ ધોવાએલાં પહેરવાં જોઈએ. ગંદાં મોજાં પહેરવાથી દુર્ગંધ મારવા સાથે ફૂગનો ચેપ પણ લાગુ પડે છે.

વારતા ૧૬

વૈતાળ પચ્ચાસી

શ્રેષ્ઠ કોણ?

વિનોદ ભટ્ટ

—અને મસાણમાંથી મડાને કાંધે લઇને મૂગા મૂગા ચાલતા વીર વિક્રમને મડાએ આ પ્રમાણે વારતા કહી:

'કોઈ એક નગરમાં સાહિત્યના નામે એક પરિષદ ભરાતી હતી. આ પરિષદમાં ભાગ લેવા દેશદેશાવરથી લેખકો, પ્રકાશકો, ગ્રંથપાલો, પ્રૂફરીડરો, કૉમ્પોઝિટરો, ફોલ્ડરો, બુકબાઇન્ડરો અને પસ્તીવાળાઓ વગેરે જઈ રહ્યા હતા. કન્સેશન ટિકિટનો લાભ લઇને ટ્રેઇનના ત્રીજા વર્ગના એક કમ્પાર્ટમેન્ટમાં બેઠેલા ચાર લેખકો, તેમનામાંથી શ્રેષ્ઠ લેખક કોણ છે એ વિષય પર ચર્ચા કરતા હતા.

પહેલા લેખકે, પોતાના ખિસ્સામાંથી થોડાક દાળિયા કાઢી, બીજા લેખકના હાથમાં મૂકતાં આ પ્રમાણે કહ્યું: 'મારી દૃષ્ટિએ તો આપ જ ગુજરાતી સાહિત્યના શ્રેષ્ઠ લેખક છો...'

'કયા કારણસર તમે મારા પર આવું તોહમત મૂકો છો?' બીજા લેખકે પહેલા લેખકને રમૂજમાં પૂછ્યું. જેનો ખૂબ જ ગંભીરતાપૂર્વક જવાબ આપતાં પહેલો લેખક બોલ્યો: 'ગુજરાત સરકારે આપને બે-ત્રણ વખત ઈનામો આપ્યાં છે એ પરથી હું તો કહું છું...'

'એ તો ઠીક છે...' બીજા લેખકે, ત્રીજા લેખકના હાથમાં ખારી સીંગ મૂકતાં કહ્યું: 'પણ ખરેખર જોવા જઇએ તો શ્રેષ્ઠ લેખક તમે જ છો...આ વખતે અપાનારા સુવર્ણ ચન્દ્રક માટેના લેખકોના લિસ્ટમાં તમારું નામ મોખરે સંભળાય છે...'

'ના, ના; એવું નથી...' કહી એ ત્રીજા લેખકે બીજા લેખકે આપેલી સીંગમાંથી થોડા દાણા ચોથા લેખકને આપતાં નમ્રતાથી કહ્યું: 'સાચું પૂછો તો તમે જ શ્રેષ્ઠ લેખક છો. ગઈ કાલે તમારો પ્રકાશક મળ્યો હતો. તમારા ભરપેટ વખાણ કરતાં એ કહેતો હતો કે તમારું એક પુસ્તક, કોઈ એક યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે માન્ય થવામાં છે.'

'અરે, એવું તો હું ય છેલ્લા સાત વરસથી સાંભળતો આવ્યો છું' કહી ચોથો લેખક પહેલા લેખક પાસે દાળિયા માગતાં બોલ્યો: 'પણ હકીકતમાં શ્રેષ્ઠ લેખક તો તમે જ છો. વિવેચકો તો તમારાં વખાણ કરતાં ધરાતા નથી...' આ સાંભળીને પહેલા લેખકે, ચોથા લેખકના હાથમાં દાળિયા આપવાને બદલે તાળી આપી.'

વારતા પૂરી કરતાં વૈતાલે વીર વિક્રમને પૂછ્યું: 'અહો રૂપમ્ અહો ધ્વનિ કરતા આ ચારે લેખકોમાં શ્રેષ્ઠ લેખક કોને કહેવો?'

પળનો ય વિચાર કર્યા વગર વીર વિક્રમે જવાબ આપ્યો: 'વિવેચકે જેનાં વખાણ કર્યાં હોય એ જ; કેમ કે વિવેચક ક્યારે ય શ્રેષ્ઠ લેખક બની શકતો નથી, પણ તે ધારે તેને બનાવી શકે છે ખરો!'

'શાબાશ!' કહીને મડું ઊડીને ઝાડ પર લટકી ગયું.

બોલતી અને હસતી વખતે દેખાતા ચમકતા સફેદ દાંત મુખકાંતિમાં વધારો કરે છે. વાળના જેટલી દાંતની દરકાર રખાતી નથી એ હકીકત છે. સવારે ને રાત્રે સૂતા અગાઉ અને ખાધા પછી તુરત બ્રશ કે આંગળીના ટેરવા વતી દાંત સાફ કરી પાણીના કોગળા કરતા રહેવું જોઈએ. એથી દાંતની વચમાં ભરાઈ રહેલા ખોરાકના કણ નીકળી જઈ મોં દુર્ગંધ રહિત સ્વચ્છ રહેશે અને દાંત સડતા અટકશે. પાન-તમાકુના વ્યસનથી દાંત ગંદા થયા વિના રહેતા નથી ને જોનાર કોઇનેયે ગંદા દાંત ગમતા નથી.

તરુણ-તરુણીઓએ સુસંહત શરીર અને સોહામણા દેખાવ માટે સમતોલ આહાર અને ખુલ્લામાં રમતગમત કે વ્યાયામ સાથે અંગાંગોની ચોખ્ખાઈ તો ખાસ રાખવાની છે. □

અંગ્રેજીની વાંચવાની / લખવાની / બોલવાની / સાંભળવાની આવડતો કેમ કેળવવી

તે સમજાવતી એક ઉપયોગી લેખમાળા

લેખક • સુરેશ દેસાઈ

કોઈ પણ ભાષાની પ્રવીણતા માટે ચાર આવડતો જરૂરી છે—લખવાની, વાંચવાની, બોલવાની અને સાંભળવાની. કયા કુમારને અંગ્રેજીમાં આ આવડતો કેળવવાની હોંશ ન હોય? જ્ઞાન અને આનંદ પીરસવાના અંગ્રેજીના સામર્થ્ય અને નોકરીના બજારમાં એની બોલાતી કિંમતને કારણે દરેક જણ ઇચ્છે છે કે પોતે અંગ્રેજી સારી રીતે લખી, વાંચી, બોલી, સાંભળી-સમજી શકે. આ આવડતો કેળવવામાં મદદરૂપ થવાનો આ લેખમાળાનો હેતુ છે.

આપણે સ્વરાજ્ય મેળવ્યું ત્યાં સુધી અંગ્રેજી શાસનની ભાષા હતી. આથી શિક્ષણ, કાયદો, વહીવટ વગેરે ક્ષેત્રે શાસક અને પ્રજા વચ્ચે સંપર્કનું સાધન અંગ્રેજી ભાષા રહી. સુડતાળીશ પછી સંદર્ભ બદલાયો. શિક્ષણ પ્રાપ્તિ માટે અંગ્રેજીનું જ્ઞાન પૂર્વશરત ન રહ્યું. માતૃભાષાનું પણ અક્ષરજ્ઞાન જેની પાસે નથી એવા અદના પ્રજાજનને માથે ન્યાયાલય પરદેશી ભાષા લાદતું બંધ થયું. વહીવટી ભાષા પણ અંગ્રેજી મટી. (ન મટત તો પ્રજા કરતાં પ્રધાનોની મૂંઝવણ વધુ ન હોત?)

આમ છતાં અંગ્રેજીનું ઉચિત મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. કોઇકે યોગ્ય જ કહ્યું છે કે દુનિયાભરમાં વિજ્ઞાન, ટેક્નૉલૉજી, વાણિજ્ય, રાજકારણ, સાહિત્ય આદિ ક્ષેત્રે જે જ્ઞાનવિસ્તાર થાય છે તેનો લાભ આપણને અંગ્રેજી દ્વારા મળી શકે. અંગ્રેજી બ્રિટન, અમેરિકા, કૅનેડાની તો ભાષા છે; પરંતુ ભારત, પાકિસ્તાન, સીલોન, નૉર્વે, સ્વિડન, હૉલૅંડ, જાપાન વગેરે દેશોમાં એ આ કારણસર શિખવાય છે. ભારત જેવા દેશોમાં અંગ્રેજીના શિક્ષણ માટે ઐતિહાસિક સંજોગો અનુકૂળ હતા. આપણને ફ્રેંચ, જર્મન કે રશિયન ભાષા જેટલી પરદેશી લાગે એટલી અંગ્રેજી લાગતી નથી.

આમેય, અગત્યક્રમને આધારે નિર્ણય લેવાનો હોય તો પણ અંગ્રેજીને પ્રથમ પસંદગી આપવી પડે. 'યુનેસ્કો'ના એક અહેવાલ મુજબ દુનિયાના ધંધાકીય સાહિત્યના લગભગ અઠ્ઠાવન ટકા અંગ્રેજીમાં પ્રસિદ્ધ થાય છે. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો એક અહેવાલ જણાવે છે કે એક અમેરિકન સંશોધન મુજબ અંગ્રેજીમાં દર વર્ષે ટેકૂનિકલ વિષયો અંગેનાં ૫૦,૦૦૦ સામયિકો, વિજ્ઞાન અંગેનાં ૬૦,૦૦૦ પુસ્તકો અને સંશોધન અંગેના ૧૦,૦૦,૦૦૦ અહેવાલો પ્રસિદ્ધ થાય છે. વિજ્ઞાન, ટેક્નૉલૉજી આદિ ક્ષેત્રે બીજી ભાષાઓમાં પણ કશું ઉપયોગી લખાય તો તેનો અનુવાદ અંગ્રેજીમાં થતો રહે છે.

આથી સ્પષ્ટ છે કે મોટા ભાગના ભારતીય વિદ્યાર્થીઓ માટે અંગ્રેજી વાંચવાની આવડતનો મુખ્ય ખપ રહેવાનો. પોતાના રસના વિષયોનાં પુસ્તકો અને સામયિકો વાંચવાની આવડત તેમની પાસે ન હોય તો પોતાના વિષય અંગે દુનિયાભરના વિદ્વાનોએ જે કહ્યું-કર્યું છે એનાથી તેઓ અજ્ઞાત રહેવાના. આથી જ તો એમ કહેવાય છે ને, કે ભારતમાં અંગ્રેજી 'પુસ્તકાલયની ભાષા' તરીકે શિખવાવું જોઇએ? સ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ અંગ્રેજી સંદર્ભ-ગ્રંથોનો ઉપયોગ પોતાના અભ્યાસ માટે કરી શકે એટલા માટે તેઓ અંગ્રેજી માત્ર વાંચી-સમજી શકે એટલું જ પૂરતું નથી; એ 'ઝડપથી' વાંચી-સમજી શકવાની આવડત પણ હોવી જોઇએ.

મહત્ત્વની દૃષ્ટિએ બીજી આવડત અંગ્રેજી 'લખવાની' છે. અંગ્રેજી માધ્યમ દ્વારા પરીક્ષા આપવાની હોય તો તો અંગ્રેજી લખવાની આવડત અનિવાર્ય છે જ. તેજસ્વી યુવાનો આવી પરીક્ષાઓ આપવાનું સ્વેચ્છાએ પસંદ કરે છે; તો કેટલીક પરીક્ષાઓ માટે માધ્યમ ફરજિયાત અંગ્રેજી જ રહ્યું છે. આ ઉપરાંત, અંગ્રેજીના અભ્યાસક્રમો હજુ લખવાની આવડત ઉપર ભાર મૂકે છે. ઉચ્ચ કક્ષાના ધંધાકીય પત્રવ્યવહાર, વૃત્તાંત આલેખન વગેરે માટે અંગ્રેજી લખવાની આવડત જરૂરી છે. પરદેશમાં પત્રવ્યવહાર, તેમ જ સર્જનાત્મક પ્રવૃત્તિ માટે પણ અંગ્રેજી લખવાની આવડત જરૂરી બને.

વિદેશ જતા યુવાનો માટે અંગ્રેજી વાંચવા-લખવાની આવડત ઉપરાંત બોલવા-સાંભળવાની આવડત પણ જરૂરી છે. સૌનો અનુભવ હશે કે પોતાના દેશમાં રહે પણ અંગ્રેજી બોલવાના પ્રસંગો ઊભા થાય છે. દાખલા તરીકે સુશિક્ષિતો સાથે અગત્યના વિષય અંગે ચર્ચાવિચારણા, બીજાં રાજ્યોમાં મુસાફરી, નોકરી માટેનો ઈન્ટરવ્યૂ વગેરે. અંગ્રેજી સાંભળી શકવાની આવડત જ્ઞાન અને આનંદ બન્ને લાવે છે. અંગ્રેજી પ્રવચનો, 'બી. બી. સી.' કે 'વૉઇસ અવ અમેરિકા'નો રેડિયો-કાર્યક્રમ, અંગ્રેજી ન્યૂઝ બુલેટિનો, રમતો ઉપરની રનિંગ કૉમેન્ટ્રી, અંગ્રેજી ચલ-ચિત્રો વગેરે સમજી શકો તો વ્યક્તિત્વ-ઘડતરમાં પણ મદદ થાય.

ચાલો તો આપણે આ ચારે આવડતો શીખીએ. અગાઉ જોયું એ મુજબ અગત્યના ક્રમમાં એ આવડતો શીખીશું—પહેલી વાંચવાની, પછી લખવાની. ત્યાર બાદ બોલવાની અને છેલ્લે સાંભળવાની. વાચકો અંગ્રેજીના જ્ઞાનની બાબતમાં બિલકુલ એ. બી. સી.થી શરૂ કરનાર નથી એમ માનીને ચાલીશું.

વાંચવાની આવડત


વાંચવાની આવડત, કોઈ પણ ભાષામાં, અત્યંત ઉપયોગી છે, અને એક ભાષામાં કેળવેલી આ આવડત બીજી ભાષામાં ખપ લાગે છે. એ તો સર્વવિદિત છે કે કંઈ નહિ તો છેવટે માહિતી માટે પણ વિદ્યાર્થી, અમલદાર, નિવૃત્ત ગૃહસ્થ, વટેમાર્ગુ, ગૃહિણી એમ સૌને ડગલે ને પગલે વાંચવાની આવડત ઉપર પુષ્કળ આધાર રાખવો પડતો હોય છે. વાંચવાની ઝડપ વધારવાથી કેટલો બધો સમય બચાવી શકાય એની કલ્પના કરી જુઓ.

મનોરંજન માટે સૌ કોઈ વાંચતું હશે. માની લો કે એકસરખા કદની નવલકથાઓ વાંચવાની શરૂઆત તમે કરી. દરેક નવલકથાનાં ૧૫૦ પૃષ્ઠ અને દરેક પૃષ્ઠ ઉપર ૩૦૦ શબ્દો છે, એમ પણ માની લઇએ. રોજનો એક કલાક તમે વાંચવા પાછળ ખર્ચો છો. તમારી વાચન-ઝડપ મિનિટના ૫૦ શબ્દોની હોય તો તમે એક મહિનામાં બે, છ મહિનામાં બાર, અને એક વર્ષમાં ચોવીસ નવલકથાઓ વાંચી શકો. પરંતુ તમારી વાચનઝડપ મિનિટના બસો શબ્દોની હોય તો તમે એક મહિનામાં આઠ, છ મહિનામાં અડતાળીસ અને એક વર્ષમાં છન્નુ નવલકથાઓ વાંચી શકો. મૂળ ઝડપે પાંચ વર્ષમાં તમે એકસોવીસ નવલકથાઓ વાંચી શકત, તે સામે બસો શબ્દોની ઝડપે હવે ચારસોએંશી નવલકથાઓ વાંચી શકો.

ઝડપી વાચન અંગેની સભાનતા બહુ ઓછા વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. અમદાવાદની એક અગ્રણી કૉલેજના અંગ્રેજી માધ્યમવાળા પ્રિ. યુનિવર્સિટીના એક વર્ગમાં પૂછવામાં આવ્યું: 'તમારી વાચન ઝડપ દર મિનિટે કેટલી હશે?' અંગ્રેજી માધ્યમ અપનાવી ૭૦ ટકા કરતાં વધુ ગુણ સાથે એસ. એસ. સી. પાસ કરનાર એક વિદ્યાર્થીએ કહ્યું: 'હશે આઠ-દશ શબ્દો.' 'વધુમાં વધુ કેટલી ઝડપ હોઈ શકે?' કોઈએ ૭૦-૮૦ થી વધુ ઉદાર આંકડો ન મૂક્યો.

વાસ્તવમાં ય વિદ્યાર્થીઓની વાચનઝડપ અપેક્ષા કરતાં ઘણી ઓછી હોય છે. કૉલેજના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા સરેરાશ વિદ્યાર્થીની

જો તમે દરરોજ નિયમિત એક કલાક વાંચતા હો, જે વાંચતા હો તે દરેક પુસ્તકમાં ૧૫૦ પૃષ્ઠ હોય અને એ દરેક પૃષ્ઠ પર ૩૦૦ શબ્દો હોય તો તમારી વાચનની ઝડપ પ્રમાણે એક મહિનામાં અને એક વર્ષમાં કેટલું વાચન કરી શકો તે બાજુમાં દર્શાવ્યું છે.



માતૃભાષામાં પણ વાચનઝડપ ૧૦૦ થી ઓછી હોવા સંભવ છે; અંગ્રેજીમાં ૫૦થી ઓછી. વાચકો જાતે જ પ્રયોગ કરી જુએ. આશ્ચર્યજનક આંકડા સાથે મૈત્રી દેખાશે!

પ્રયોગની રીત સરળ છે. તમારા શબ્દભંડોળને લક્ષમાં લેતાં સામાન્ય રીતે વાંચી શકાય એવું પુસ્તક લો. તમે ન વાંચેલા પ્રકરણનાં પહેલાં બે પૃષ્ઠ વાંચો. પહેલો શબ્દ વાંચતાં પહેલાં–સેકંડ સહિત સમય નોંધી લો; વાંચી રહો કે તરત પાછા સમય નોંધો–ફરી સેકંડ સહિત. (યાદ રાખો: વાચન એટલે ૧) મૂક વાચન, ૨) સમજપૂર્વકનું વાચન. તમે સમજ (comprehension) સાથે વાંચશો એમ પણ માની લીધું છે. હવે તમે વાંચેલાં બે પૃષ્ઠો પર કેટલા શબ્દો છે એ ગણી કાઢો. ત્રિરાશી માંડી એક મિનિટની ઝડપ ગણી જુઓ. નીચેની ફોર્મ્યુલામાં ખાલી જગા પૂરી ગણી લેશો તો પણ તમારી ઝડપ મળશે:

શબ્દો × ૬૦ ÷ વાચન માટે લીધેલી સેકંડ

ધારો કે તમે ૩૭૫ શબ્દો ૧૭૦ સેકંડમાં વાંચી શકયા. ઉપરની ફોર્મ્યુલામાં એ આંકડા ગોઠવીએ તો ૩૭૫ × ૬૦ ÷ ૧૭૦અર્થાત્ વાચન ઝડપ ૧૩૨ શબ્દોની થઈ.

અંગ્રેજી કરતાં માતૃભાષામાં વાચનઝડપ થોડી વધુ આવશે. ચકાસી જુઓ. અંગ્રેજીભાષી સામાન્ય શિક્ષિત વ્યક્તિની વાચનઝડપ ૨૦૦–૨૫૦ હોય છે. આ વાચનઝડપ પ્રયત્નપૂર્વક વધારી શકાય. બ્રિટિશ પ્રોફેસર શ્રી. મૉરગન (હાલ હૈદ્રાબાદની સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ અવ ઇંગ્લિશમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે સેવા આપી રહ્યા છે.) નો દાવો છે કે તેઓ ૯૦૦ શબ્દોની વાચનઝડપ ધરાવે છે. આ દાવામાં બિલકુલ અતિશયોક્તિ નથી. હવે પછી થનારી ચર્ચા તમારી આશંકા, જો હોય તો, દૂર કરશે.

વાચનઝડપ માટે વાંચવાની સાચી પદ્ધતિ જાણવી જરૂરી છે. વાચનદોષ અનેક પ્રકારના હોઈ શકે. એમાંના મુખ્ય નીચે મુજબ છે:

પ્રતિકૂળ વાતાવરણમાં વાચન

પુસ્તક અને આંખ વચ્ચેનું અંતર, સહજ વાચન માટે જરૂરી અંતર કરતાં વધારે નહિ તેમ ઓછું નહિ એવું હોવું જોઈએ. વધુ અથવા ઓછું અંતર આંખને પડતા શ્રમને કારણે વાચનઝડપ ઘટાડે છે. સ્વચ્છ આંખ, વ્યવસ્થિત છપાએલ લખાણ, પ્રફુલ્લિત મન અને પૂરતો પ્રકાશ પણ ઝડપી વાચન માટે એટલાં જ આવશ્યક છે. એ વિના તત્કાલીન વાચનની ઝડપ ઘટે જ છે, એની દૂરગામી અસર પણ પડે છે. આંખ અને મનને પડતા શ્રમને કારણે વાચન પ્રત્યે તમને અણગમો થવા લાગશે. આથી વાચનઝડપ વધારવાનો સભાન પ્રયત્ન કરવો હોય તો આવી નાનીનાની પૂર્વશરતોનું પાલન આવશ્યક છે.

બિનજરૂરી હલનચલન

તમે જે પંક્તિ વાંચી રહ્યા છો એના પહેલા શબ્દ સામે તમારું નાક આવે એ રીતે દૃષ્ટિ ગોઠવો. હવે એ પંક્તિ વાંચવા માંડો, આ રીતે પાંચેક પંક્તિઓ વાંચો. આંખને ખેંચ્યા વિના આ પંક્તિઓ વાંચી શકો તો તમારું વાચન દોષિત હશે. કારણ? તમે વાંચતી વખતે સામાન્યત: માત્ર દૃષ્ટિ ડાબી બાજુથી જમણી બાજુ ફેરવતા હશો તો ઉપર સૂચવેલ સ્થિતિમાં તમારી આંખ ખેંચ અનુભવશે. જો ખેંચ ન અનુભવો તો તમે વાંચતી વખતે સામાન્યત: દૃષ્ટિને બદલે ડોક ડાબી બાજુથી જમણી બાજુ, અને ફરી પાછા ડાબી બાજુ, ફેરવતા હોવા જોઈએ.

વાસ્તવમાં આ બીજી પદ્ધતિ દોષિત છે. વાંચતી વખતે ડોક નહિ, દૃષ્ટિ ફરવી જોઈએ. વાંચવાની શરૂઆત કરતી વખતે તમારું નાક ડાબા છેડા સામે નહિ પરંતુ પંક્તિના લગભગ મધ્યબિંદુ સામે રાખવાની ટેવ હશે તો જ તમારી દૃષ્ટિ આખી પંક્તિ ઉપર અનાયાસે ગ્રીવાભંગિ વિના ફરી શકશે. આ જ રીતે ઉપરથી નીચે ઊતરતાં, દરેક પંક્તિઓ ડોક નમાવ્યા વિના વાંચી શકાય.

આ પ્રકારનો બીજો દોષ દરેક શબ્દ નીચે આંગળી પેન, કે પેનસિલ મૂકતાં જવાનો છે. પગ હલાવતા રહેવાની, માથું ખજવાળતા રહેવાની કે નખ કરડતા રહેવાની પ્રવૃત્તિ વાચનને માટે જરૂરી નથી એ તો દીવા જેવી સ્પષ્ટ વાત છે ને?

ઉચ્ચારવાચન

બાળક વાંચતાં શીખે ત્યારે આપણે એની પાસે મોટેથી વંચાવીએ છીએ. બાળક એકેએક શબ્દ શુદ્ધ ઉચ્ચાર સાથે વાંચે એવો આગ્રહ રાખીએ છીએ. આગળ જતાં બાળક મનમાં વાંચતું થાય ત્યારે પણ આ ઉચ્ચારવાચન એનાથી ભુલાતું નથી. વાસ્તવમાં એ ભુલાવું જોઈએ. એ ભુલાવીને કયા પ્રકારનું વાચન શીખવું જોઈએ એ અંગેની જાણકારી બહુ ઓછા શિક્ષકો અને વાલીઓને હશે.

એ તો સ્પષ્ટ છે કે સામાન્ય વાચકની બાબતમાં પણ બોલવાની ઝડપ કરતાં વાંચવાની ઝડપ ખાસ્સી વધુ—બમણી કરતાં પણ વધુ—હોઈ શકે, પણ આ માટે એણે આ ઉચ્ચારવાચન છોડવું પડે. મોટેથી વાંચવામાં આવે ત્યારે ઉચ્ચારવાચન થાય છે એ દરેકને સમજાય એવી વાત છે. મોટેથી ન વાંચવા છતાં ઉચ્ચારવાચન થતું ઘણા દાખલાઓમાં જોવા મળે છે. કેટલાક વાચકો ગણગણીને તો કેટલાક હોઠ ફફડાવીને વાંચતાં જોવા મળે છે. કેટલાક હોઠ ન ફફડાવવા છતાં બંધ મોંમાં જીભનું ઉચ્ચારાનુકૂળ હલનચલન કરતા રહેતા હોય છે કેટલાકે આ દોષ હજુ 'ઊંડો' ઉતારેલો હોય છે! અવાજ નથી, હોઠ બંધ છે, જીભ આરામની અવસ્થામાં છે અને છતાં સંપૂર્ણ ઉચ્ચારયુક્ત વાચન થાય છે! ગળા ઉપર, સ્વરનળી આવેલી છે ત્યાં, હાથ રાખવામાં આવે તો ઉચ્ચાર માટે થતું આ છૂપું હલનચલન પકડી શકાશે.

ઉપર વર્ણવ્યા છે એ દરેક પ્રકારનું હલનચલન બંધ હોય અને છતાં ઉચ્ચાર હોય એ શકય છે. ઉચ્ચાર સર્જતાં બધાં શારીરિક અંગો નિષ્ક્રિય હોય પરંતુ મન દરેક શબ્દનો ઉચ્ચાર કરતું જાય છે. અહીં તમે

કોઈ બીજાને નહિ પણ જાણે તમારી જાતને જ વાંચી સંભળાવો છો.

આ પ્રકારનું વાચન અનિવાર્ય નથી. વાચનમાં શબ્દો તો છાપેલા કે લખેલાં પ્રતીકો છે. એ પ્રતીકો ઓળખવાનાં જ હોય; એ પ્રતીકોને બંધબેસતા શ્રાવ્ય પ્રતીકો આપવાની આવશ્યકતા નથી. બાળક બોલતાં શીખ્યા પછી જ સામાન્યત: વાંચતાં શીખતું હોવાથી બંને પ્રતીકોની એ સેળભેળ કરે છે. બાળક દશ્ય પ્રતીક બરાબર ઓળખી શક્યું છે એની ચકાસણી કરવાનો સરળ રસ્તો એની પાસેથી શ્રાવ્ય પ્રતીક માગવાનો છે. શિક્ષક અને વાલી સ્વાભાવિક રીતે એમ કરે છે. પરિણામે દશ્ય પ્રતીક જોતાંની સાથે એની ઓળખાણ વ્યક્ત કરવા શ્રાવ્ય પ્રતીક ધરી દેવાની, મોટી ઉમરે પણ છોડવી મુશ્કેલ એવી ટેવ બાળક પાડી દે છે.

દશ્ય પ્રતીકો—શબ્દો—દ્વારા વિચાર પ્રગટ થાય છે. એ વિચાર શ્રાવ્ય પ્રતીકો-ઉચ્ચારો-ની મદદ વિના પણ પકડી શકાય. આમ કરવાથી દરેક દશ્ય પ્રતીક સામે શુદ્ધ યા અશુદ્ધ, પૂર્ણ યા અપૂર્ણ શ્રાવ્ય પ્રતીક મૂકતા જવા માટેના સમય બચે અને વાચનઝડપ સાધી શકાય.

વાંચતી વખતે દષ્ટિ એક છેડેથી બીજે છેડે કેવી રીતે દોડે છે? કોક મિત્રને પુસ્તક ઊંચું રાખી વાંચવા કહો અને તેની આંખની કીકી કેમ ફરે છે તે જુઓ. લાંબી પારદર્શક નળીમાં પારો ભર્યો હોય અને નળી ત્રાંસી કરતાં પારો એક છેડેથી બીજે છેડે વહી જતો દેખાય એમ દષ્ટિ એક છેડેથી બીજે છેડે અંતરાય અનુભવ્યા વિના દોડી જાય છે? ના, દષ્ટિ લગભગ નિયમિત સમયે વિરામ કરતી ખસતી જોવા મળશે. એક પંક્તિમાં વીજળીના અનેક બલ્બ ગોઠવ્યા હોય. અને એક વાર પ્રકાશિત થયા પછી આંખનો પલકારો પડે એટલા સમયમાં પહેલો બલ્બ બંધ થઈ ફરી પ્રકાશે. પછી બીજો, પછી ત્રીજો ......એમ કોઈ લગ્નપ્રસંગે નથી જોયું? જે ગતિરેખા ત્યાં હોવાની તેમને ઝાંખી થાય છે, લગભગ તેવી ગતિરેખા અહીં દષ્ટિની પણ થતી હોવાનું લાગશે.

આ પ્રમાણે દષ્ટિ જે વિરામસ્થાનો પાળે છે તેની નોંધ કરો. જે પંક્તિઓ તમારા મિત્રે વાંચી તેના શબ્દોની સંખ્યા પણ ગણો. જો વિરામસ્થાનોની સંખ્યા અને શબ્દોની સંખ્યા લગભગ સરખી આવે તો તમારા મિત્રના વાચનની ઝડપ આડે એક સૂક્ષ્મ અંતરાય છે. વાંચવા માટે દષ્ટિને વિરામસ્થાનની અવશ્ય જરૂર છે, પરન્તુ એ વિરામસ્થાન શબ્દેશબ્દે હોવાની જરૂર નથી. એક વિરામસ્થાને એક નહિ પણ ત્રણેક શબ્દો વાંચી શકાય.

ઝડપી વાચન અનિવાર્ય લાગે ત્યારે તમે કદાચ એ પ્રમાણે જ વાંચો છો. ફિલ્મ જોવાની શરૂઆત કરી ત્યારે તમે એનાં ટાઈટલ્સ—દિગ્દર્શક, સંગીતનિર્દેશક, કથાલેખક, પાત્રો, સહાયકો વગેરેની યાદી—પૂરેપૂરાં વાંચી શકતા હતા? હવે કદાચ તમે તેમ કરી શકો છો. અનુભવે તમે શીખ્યા કે એક વિરામે એક શબ્દ વાંચવા જાઓ તો એક ટાઈટલ પૂરું કરો તે પહેલાં બીજું આવી જાય છે. માટે એક વિરામે અનેક શબ્દો વાંચવા જોઈએ! તમારા મિત્રને મોટા કાગળ ઉપર મોટા અક્ષરે પાંચસાત શબ્દો લખી દૂરથી પળભર માટે તમારી સામે ધરી ખસેડી લેવા કહો. તમે કેટલા શબ્દો વાંચી શકો છો તે જુઓ. આ પ્રયોગ અનેક વખતે કરો. તમને ખાતરી થશે કે એક જ દષ્ટિપાતે તમે ત્રણેક શબ્દો વાંચી શકો છો.

દષ્ટિવ્યાપ કુદરતી રીતે મર્યાદિત છે જ. એને વધુ મર્યાદિત કરવાથી તમે એકાદ શબ્દ જ વાંચી શકો છો. મર્યાદિત ન કરવાથી તમે ત્રણેક શબ્દો વાંચી શકશો.

(ચાલુ)

મનોમંથન (અનુસંધાને પૃષ્ઠ ૫૦૧થી) આસુરી વિચારોથી માણસ બંધનમાં પડે છે, દૈવી વિચારોથી તે મોક્ષ મેળવી શકે છે, સ્વતંત્ર થઈ શકે છે. આ સાર સમજ્યા પછી હું વેદાન્તદર્શન સમજી શક્યો અને ગીતા મેં કંઠે પણ કરી; એના ઉપર અનેક વ્યાખ્યાનો પણ આપ્યાં; અને હું ગીતાનો ભક્ત અને પ્રચારક બન્યો. ગીતા પ્રત્યેની ભક્તિ છેક નાનપણમાં જે પેદા થઈ તેથી તે આખર સુધી વધતી જ ગઈ.

હવે એ ગીતાની ચર્ચામાં સાથીઓ સાથે લડવાનો એક પ્રસંગ આવ્યો એને વિષે અહીં કહેવાનું છે.

અંગ્રેજોનું રાજ્ય તોડીને સ્વતંત્ર થવું છે એને માટે ગનીમી યુદ્ધની (guerilla warfareની) તૈયારી કરવી જોઈએ એ વિષે અમે બધા એકમત હતા. પણ અમારામાંના કેટલાક પોતાના આ બધા લડાયક સિદ્ધાન્તોના સમર્થનને અર્થે ભગવદ્ ગીતાનો ઉપયોગ કરવા લાગ્યા. तस्मात् युद्धस्व भारत આ વાક્ય ડગલે અને પગલે તેઓ વાપરતા હતા. મને એની ચીડ ચડી. મેં કહ્યું: 'આપણે લડાઈની તૈયારી કરીએ; તેમ કરતાં પકડાઈ જઈશું અને ફાંસીએ ચડીશું તો આપણને સ્વર્ગ મળશે; નવો જન્મ લઈને ફરી લડીશું; પણ ભારતમાતાને બંધનમુક્ત કર્યા વગર આપણે નથી લેવો આરામ અને નથી મેળવવો મોક્ષ એ આપણો નિર્ધાર છે; એ ખરું; પણ એમાં ભગવદ્ ગીતાને શા માટે વચમાં લાવો છો? ગીતામાંનું યુદ્ધ તો કેવળ રૂપક છે. એ યુદ્ધની વાત માત્રથી તણાઈ જઈને ગીતાને આગળ કરશો તો જરૂર પસ્તાશો. હવે તમને પૂછું જે ગીતામાં કહ્યું છે समः शत्रौ च मित्रे च તે તમને માન્ય છે? મિત્ર અને શત્રુ પ્રિય સમાનભાવ રાખવાની ગીતાની ભાવના રાખીને તમે અંગ્રેજો સામે લડી શકો? હૃદયમાં જેટલો દ્વેષભાવ અને તિરસ્કાર સમાએલો હોય તે બધો એકત્ર કરી લડીશું તો જ સૈન્યવિદ્યાકુશળ અંગ્રેજો સામે ફાવી શકીશું. ગીતા તો સંતો માટે છે, મોક્ષ મેળવવા માટે છે. ગીતાનો હું ભક્ત છું; અંતે ગીતાને આધારે મારે મોક્ષ મેળવવો છે; પણ—

પણ મારો નિશ્ચય છે કે પ્રથમ ભારતમાતાને અંગ્રેજોના દાસ્યમાંથી મુક્ત કરું. તેને માટે જે કાંઈ કરવું પડે, પછી એ પુણ્ય હોય કે પાપ, એ હું કરવાનો. એને કારણે નર્ક જવું પડે તો ત્યાં જવાની તૈયારી છે. ત્યાં પણ આપણા જેવા જ અનેક દેશભક્ત સાથીઓ મળશે. એમનો સહવાસ તો સ્વર્ગસુખ કરતાં પણ અધિક હશે. નર્કવાસ પૂરો કરીને, ભારતમાતાને સ્વતંત્ર થએલી જોઈને પછી ગીતા હાથમાં લઈશ, અને એની પ્રેરણા પ્રમાણે 'समता'વાળો યોગ કેળવી મોક્ષે જઈશ. ત્યાં સુધી મારે ગીતા ફક્ત પૂજામાં રાખવી છે. આજે ભારતમાતાને સ્વતંત્ર કરવાના સંકલ્પમાં અને આકરામાં આકરા પ્રયત્નોમાં ગીતા આપણને મદદમાં આવવાની નથી, પછી ભલેને તમે तस्मात् युद्धस्व भारत રટ્યા કરો.

અમારી ગુપ્ત સંસ્થાના સાથીઓ આગળ આ જાતનું વ્યાખ્યાન પૂરા જોશથી મેં આપ્યું. કેટલાક મનમાં ચિડાયા, કેટલાક સ્તંભિત થયા, પણ કોઈએ જવાબ ન આપ્યો.

મારા જીવનમાં ગીતાને સર્વશ્રેષ્ઠ સ્થાન છે. તેથી જ એ જીવનની એક વખતની ભૂમિકાનું વર્ણન આટલી વિગતો સાથે મેં કર્યું છે.

ગીતા એ ખરેખર જીવનયોગ છે. સમસ્ત માનવજાતિને એમાંથી પ્રેરણા મળે છે. એની અંદરનું જે યુદ્ધવર્ણન છે તે દરેક હૃદયમાં ચાલતું એક સનાતન યુદ્ધ જ છે, અને એ યુદ્ધ લડવાનો પ્રકાર પણ ગીતામાં બતાવ્યો છે તે જ હોઈ શકે: અર્થાત્ અનાસક્ત જીવનયોગનો. □

વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી ઈ. સ. ૧૯૭૧ના વર્ષ માટેની વાર્ષિક વાઙ્મય-સમીક્ષાનું કામ આચાર્ય શ્રી પ્રેમશંકર હ. ભટ્ટ (૧૭, 'પંચામૃત' જયભારત સોસાએટી, સરખેજ રોડ, અમદાવાદ-૭) ને સોંપવામાં આવ્યું છે. તો પ્રકાશકોને વિનતિ કે પોતાના તરફથી પ્રકટ થતાં સર્વ પ્રકારનો પ્રકટ થાય કે તુરત ઉપર જણાવેલા સરનામે એ સમીક્ષકને મોકલી આભારી કરે.

પચ્ચીસ વર્ષ પહેલાં

કુમાર
ડિસેમ્બર ૧૯૪૬
વર્ષ ૨૩ અંક ૨૭૬

વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા આપણો સામાન્ય શિક્ષિત સમુદાય પોતપોતાનાં ગામ કે સ્થળવિસ્તારમાં આવેલા પ્રાચીન અવશેષોને ઓળખી શકે એ ઉદ્દેશથી લખાએલી, આપણી પ્રાચીન પ્રતિમાઓને ઓળખવાનું જ્ઞાન આપતી, અમૃતલાલ વ. પંડયાએ લખેલી 'મૂર્તિશાસ્ત્ર પરિચય'ની એ સમયે ચાલેલી પ્રબોધક લેખમાળાનો રસમય હપતો :



વિષ્ણુ અને તેના અવતાર

વિષ્ણુની પ્રતિમાથી આપણો જનસમાજ સામાન્યરીતે તો પરિચિત હોય છે. વિષ્ણુને ચાર હાથ હોય છે અને તેમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ ધારણ કરેલાં હોય છે. તેનું વાહન ગરુડ ને મુકુટનો પ્રકાર 'કિરીટ મુકુટ'નો હોય છે. વળી એમના વક્ષસ્થળ પર (છાતીની વચ્ચે જ્યાં વાળ હોય છે ત્યાં) વચ્ચે 'શ્રીવત્સ' નામનું ચિહ્ન હોય છે. આ ચિહ્ન જૈન તીર્થંકરોની પ્રતિમાઓમાં ખાસ જોવામાં આવે છે. વિષ્ણુને બે ભાર્યા છે. જમણી બાજુ લક્ષ્મી (શ્રી અગર શ્રીદેવી), અને ડાબી બાજુએ પૃથ્વી (મહીદેવી) બેઠેલી હોય છે. પણ આ બંનેમાં લક્ષ્મી મુખ્ય છે. વિષ્ણુની બેઠી પ્રતિમા હોય ત્યારે તેનું આસન મોટે ભાગે પદ્માસન હોય છે.

પ્રકાર

વિષ્ણુની પ્રતિમાઓ મુખ્યત્વે બે પ્રકારની હોય છે : (૧) મુખ્ય વિષ્ણુની; અને (૨) તેના



^ મથુરા મ્યૂઝિયમમાંની 'યોગીશ્વર'સ્વરૂપની વિષ્ણુની મૂર્તિ. તેમાં વક્ષસ્થળ ઉપર, શરૂઆતમાં વર્ણવેલું 'શ્રીવત્સ'નું લાંછન (ચિહ્ન) છે.

અવતારોની. તેમાં મુખ્ય વિષ્ણુની પ્રતિમાઓમાં છ પ્રકારો હોય છે.

(૧) શેષશાયી : વિષ્ણુ શેષનાગનું આસન કરી પોઢેલા હોય છે અને તેમના નાભિમાંથી પ્રગટેલા કમળ પર બ્રહ્મા બેઠા હોય છે તથા લક્ષ્મી તેમની સેવા કરતાં હોય છે.

(૨) વૈકુંઠનારાયણ : એમાં શેષનું ઊંચું આસન કરીને વિષ્ણુ બેઠેલા હોય છે (સૂતેલા નહિ); અને નીચે લક્ષ્મી હાથ જોડીને બેઠાં હોય છે.

(૩) લક્ષ્મીનારાયણ : એમાં વિષ્ણુ પદ્માસન પર વામાંગમાં લક્ષ્મીને લઇને બેઠા હોય છે.

(૪) ગરુડનારાયણ : ગરુડના આસને બેઠેલા વિષ્ણુ. એમના એક હાથમાં ધનુષ્ય, બીજામાં બાણ ને બાકીના બેમાં શંખ ને ચક્ર હોય છે.

(૫) ગજેન્દ્રમોક્ષ : ગજને ગ્રાહ(મગર)ની પકડમાંથી બચાવતા વિષ્ણુનું નિરૂપણ.

(૬) યોગેશ્વર વિષ્ણુ : કમલ પર યોગમુદ્રામાં બેઠેલા વિષ્ણુ.

અવતારોની પ્રતિમાઓ

વિષ્ણુના અવતારો ૨૪ ગણાય છે. પણ તેના આ દશ અવતારોને લોકોમાં વધુ પ્રાધાન્ય મળ્યું છે : મત્સ્ય, કચ્છપ, વરાહ, કૂર્મ, નરસિંહ, પરશુરામ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કિ. એ પૈકી બુદ્ધ બૌદ્ધધર્મના પ્રવર્તક હોઈ માત્ર બૌદ્ધોમાં જ પુજાય છે, અને કલ્કિનો અવતાર હજી થવો બાકી મનાય છે. બાકીના પૈકી માત્ર વરાહ, નરસિંહ, રામ અને કૃષ્ણ પૂજાય છે. તેમની મૂર્તિઓ નીચે મુજબની હોય છે.

વરાહ : ડુક્કરનો અવતાર ધારણ કરેલા વિષ્ણુની આ મૂર્તિમાં તેમણે પૃથ્વીને દાંત પર ધારણ કરેલી હોય છે.

નરસિંહ : એમાં આસન પર બેઠેલા વિષ્ણુનું નીચેનું અર્ધું શરીર મનુષ્યનું ને ઉપરનું અર્ધું શરીર સિંહનું હોય છે અને હિરણ્યકશ્યપુ રાક્ષસને ચત્તો ખોળામાં નાખી નખો વતી તેનું પેટ ચીરતા નિરૂપ્યા હોય છે.

વામન અગર ત્રિવિક્રમ : એમાં વામન (ઠીંગુજી) બ્રાહ્મણના સ્વરૂપમાં વિષ્ણુ પૃથ્વી માપી રહ્યા હોય છે. એમાં એમણે માત્ર ત્રણ જ પગલાંમાં ત્રણ લોક માપેલા હોવાથી કથાનુસાર તે ત્રિવિક્રમ કહેવાય છે.

રામ : એમની પ્રતિમા તો સુપરિચિત છે. તેમના હાથમાંના ધનુષ્યબાણથી તે તુરત ઓળખાઈ આવે છે. વામાંગમાં સીતા હોય છે.

કૃષ્ણ : એમની મૂર્તિ અનેક જુદાંજુદાં સ્વરૂપોમાં પૂજાય છે, જે પૈકી નીચે કેટલીક આપી છે : (૧) વટપત્રશાયિન : વડના પાંદડા પર પોઢેલા બાળક કૃષ્ણ; (૨) સંતાનગોપાલ : યશોદાના ખોળામાં ધાવતા બાળક કૃષ્ણ; (૩) બાલકૃષ્ણ : ગોપ-બાળકો સાથે માખણ ખાતા કૃષ્ણ; (૪) વેણુગોપાલ : ગાયોને ચારતા બંસી વગાડતા કૃષ્ણ; (૫) કાલીયદમન : કાલીય નાગનું મર્દન કરતા કૃષ્ણ; (૬) ગોવર્ધનધારી : આંગળી પર ગોવર્ધન પર્વત ધારણ કરી રહેલા કૃષ્ણ; (૭) રાધાકૃષ્ણ : રાધાને સાથે રાખીને બંસી વગાડતા કૃષ્ણ; (૮) મદનગોપાલ : એક બાજુ રુક્મિણી ને બીજી બાજુ સત્યભામા સાથે બંસી વગાડતા કૃષ્ણ; (૯) પાર્થસારથિ : મહાભારત યુદ્ધમાં અર્જુનનો રથ હાંકતા કૃષ્ણ; (૧૦) કલ્કિ : આ મૂર્તિમાં વિષ્ણુ સફેદ ઘોડા પર બેઠેલા હોઇ, વાહનથી ઓળખાય છે.

ઇતર સ્વરૂપો

આ સિવાય વિષ્ણુનાં નીચેનાં વધારાનાં સ્વરૂપો પણ છે.

પાંડુરંગ અગર વિઠોબા (વિઠ્ઠલ) : એમાં બે હાથ હોય છે. જમણા હાથમાં શંખ અને ડાબો હાથ અભય મુદ્રામાં હોય છે.

હયગ્રીવ : આ મૂર્તિમાં માથું ઘોડાનું અને હાથ આઠ હોય છે.

વ્યંકટેશ, વ્યંકટરમણ અગર શ્રીનિવાસ : આ ત્રણે ય એક જ સ્વરૂપનાં જુદાંજુદાં નામો છે. એમાં લક્ષ્મી સાથે વિષ્ણુ હોય છે.

શાલિગ્રામ

શાલિગ્રામ પથ્થર પણ વિષ્ણુનું સ્વરૂપ મનાય છે. એ ગોળ હોવાથી તે વિષ્ણુનું નિરાકાર સ્વરૂપ દર્શાવે છે. તેના જુદાજુદા રંગ પ્રમાણે તે વિષ્ણુનાં જુદાંજુદાં સ્વરૂપોનું પ્રતીક લેખાય છે. દાખલા તરીકે સફેદ શાલિગ્રામ વાસુદેવનું, વાદળી હિરણ્યગર્ભનું, લાલ પ્રદ્યુમ્નનું, કાળો વિષ્ણુનું, ઘેરો લીલો શ્રીનારાયણનું, ઘેરો વાદળી વામનનું ને ઘેરો પીળો નરસિંહનું પ્રતીક લેખાય છે. આવા શાલિગ્રામ ૮૯ પ્રકારના છે. દક્ષિણના મધ્વ સંપ્રદાયના ઉપાસકો વિષ્ણુની પ્રતિમા કરતાં શાલિગ્રામનો મહિમા વિશેષ ગણે છે. આ શાલિગ્રામ પથ્થરો હિમાલયમાંથી નીકળતી ગંડકી નદીના ભાઠામાંથી મળી આવે છે.








વિષ્ણુના અવતારોની કેટલીક વિશિષ્ટ અને પ્રાચીન મૂર્તિઓ: (ડાબી બાજુ) મધ્ય હિંદમાં આવેલા ખજુરાહોના અતિપ્રાચીન ને સુંદરતમ્ મનાએલા મંદિરમાંની વરાહમૂર્તિ, જેના મુખ આગળના હાથ પર, પૃથ્વીદેવીની નાની ખંડિત મૂર્તિ બેઠેલી દર્શાવેલી છે, અને પગ નીચે નાગમૂર્તિઓ ચંપાએલી દર્શાવી છે. (વચ્ચે) ઢાકાના વજ્રયોગિનીના મંદિરમાંની મત્સ્યાવતારની સુંદર મૂર્તિ; (જમણી બાજુ) સીરોહી સ્ટેટમાં આવેલા દેવાંગણ (અનાદરા)માં આવેલી છેક ઈ. ૧૧૦૦ની સાલ આસપાસની નરસિંહાવતારની આ મૂર્તિ પ્રાચીન ગુજરાતી શિલ્પકળાનો એક નમૂનો છે. હિંદુ ધર્મશાસ્ત્રોમાં વર્ણવેલા વિષ્ણુના અવતારોનો ક્રમ, આપણી પૃથ્વી ઉપર જીવસૃષ્ટિ જે ક્રમમાં ઉત્ક્રાન્તિ પામતી ગયાનું આજના વિજ્ઞાને ઠરાવ્યું છે તે ક્રમને ઘણોખરો મળતો આવે છે, તે પરથી એક માન્યતા એવી છે કે પ્રાચીનકાલીન આપણા પૂર્વજોને એ વૈજ્ઞાનિક પ્રગતિક્રમનું જ્ઞાન હતું, અને તેથી જ તેમણે જીવસૃષ્ટિને ઈશ્વરનો અંશ કલ્પીને, ઈશ્વરે જ પોતાની એ લીલા વિસ્તારી છે એમ દર્શાવવા, ઈશ્વરના અવતાર રૂપે એ જ્ઞાનને નિર્દિષ્ટ કર્યું છે. વળી આ સાથે ઉત્ક્રાન્તિક્રમનું જે ચિત્ર 'જીવનવૃક્ષ' આપ્યું છે તેના જીવવિકાસના ક્રમ (દરિયાઇજીવ, માછલાં, કાચબા, જંગલી પ્રાણી, હિંસક પશુઓ વગેરે) સાથે વિષ્ણુના અવતારો મત્સ્યાવતાર, કૂર્માવતાર, વરાહાવતાર, નૃસિંહાવતાર આદિની સરખામણી કરીને એ માન્યતા ચકાસવા જેવી છે.







ડાબી બાજુ: જોડદેવળ (બંગાળ)માંની ત્રિવિક્રમની મૂર્તિના કરેલા આ રેખાંકનમાં મૂળ મૂર્તિની સાથે ઉપમૂર્તિઓ નથી, તેમ જ મુખના ચહેરા ઉપરનો સુંદર ભાવ ઊતરી શક્યો નથી. મૂળ મૂર્તિનું લાવણ્ય તથા ત્રિલોકને પગલાં વડે માપતા ત્રિવિક્રમનું વેગભર્યું નિરૂપણ અદ્ભુત છે. એવી જ સુંદર અને શોભનસમૃદ્ધ મૂર્તિ, વચ્ચે બતાવેલી મ્હેસુર રાજ્યમાં આવેલી હળેબીડના મંદિરમાંના વિખ્યાત શિલ્પમાંની કાલીયદમનની છે. છેડે બતાવેલી વેણુગોપાલની મૂર્તિ પણ દક્ષિણ ભારતની જ મૂર્તિકલાનો નમૂનો છે.



જીવનવૃક્ષ


જીવસૃષ્ટિની ઉત્પત્તિ તથા ઉત્ક્રાન્તિ કેવી રીતે થઈ તેની વિકાસરેખા વિજ્ઞાને જે નક્કી કરી છે તેનો ખયાલ સમગ્રપણે એકીસાથે મળી શકે એ ઉદ્દેશથી આ કલ્પનાચિત્ર યોજાયું છે. વિશેષ સમજણ માટે જુઓ આ અંકમાં અન્યત્ર પૃ. ૪૭૮ ઉપર






ટિકિટસંગ્રહ

ભારતના જગવિખ્યાત વિજ્ઞાની ડૉ સી. વી. રામનના માનમાં ૨૧મી નવેમ્બરે (મથાળે) ને (જમણી બાજુ) ૧૪મી નવેમ્બરે બાલદિન નિમિત્તે ભારતે બહાર પાડેલી બે ખાસ ટપાલટિકિટો. બાલદિનની ટિકિટ પર 'શંકર્સ વીકલી' દ્વારા યોજાએલી બાળકો માટેની ચિત્ર-હરીફાઇમાં 'નેહરુ સુવર્ણચંદ્રક' મેળવનારી કુ. ગીતા ગુપ્તાના ચિત્રને લેવામાં આવ્યું છે. (પ્રેષક: ડાહ્યાભાઈ પરમાર, અમદાવાદ). નીચે: બાલદિન નિમિત્તે પાકિસ્તાને બહાર પાડેલી ટિકિટ છે. (પ્રેષક: જગદીશ બિનીવાલે-અમદાવાદ અને ચંદ્રવદન મહેતા–માંડવી-કચ્છ).



ઇન્ડોનેશિયા, ફિલિપાઈન્સ, સિંગાપોર અને થાઇલૅન્ડનો એક સંઘ છે: 'એસોસીએશન ઑવ સાઉથ ઈસ્ટ એશિયન નૅશન્સ'–ટૂંકામાંASEAN. તેમનો ઇતિહાસ અને સંસ્કૃતિ લગભગ સરખાં હોઈ સંઘની ભાવનાને પુરસ્કારવા પોતાને ત્યાં આત્રકાર આપતા સૂત્ર સાથે ત્યાંના ઉત્સવોના, ત્રણ ટિકિટો પર વ્યાપ્ત એવા સુંદર બહુરંગી આલેખનવાળી આ ટપાલ ટિકિટો ગયા સપ્ટેમ્બરમાં બહાર પડી છે. નીચેની ત્રણ કૅનેડાની ટિકિટોમાં જમણી બાજુની ઉપરની ત્યાંની વસતિગણતરીની શતાબ્દી નિમિત્તની, ડાબી બાજુની ત્યાંના સદાબહાર મૅબલના પાનવાળી ને ત્રીજી એક નવા શક્તિશાળી ટ્રાન્સમીટરના આરંભ નિમિત્તની છે. (આ ચારે ટિકિટોના પ્રેષક: અશોક કોરા–મુંબાઇ)












નીચેની ત્રણ ટિકિટો ક્રિસ્ટમસ નિમિત્તે બ્રિટને બહાર પાડેલી છે જેના પર ત્યાંના દેવળોમાંની સ્ટેઈન્ડ ગ્લાસ વિન્ડોનાં સુંદર ચિત્રો આપ્યાં છે. (પ્રેષક: અરવિંદ દેસાઈ-અમદાવાદ-૧)







સાહિત્યસંપર્ક

સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય

ભદ્ર પાસે અમદાવાદ-૧
અને પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

ભાઈકાકાનાં સંસ્મરણો: વિદ્યાનગરના વિશ્વકર્મા, સ્વતંત્ર પક્ષના પ્રણેતા અને ગુજરાત વિધાનસભાના વિરોધ પક્ષના શીલસંપન્ન નેતા સ્વ. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલે ૧૯૬૮માં એમની બહુવિધ રાજકીય પ્રવૃત્તિઓ વચ્ચે રોજ રાત્રે ત્રણથી સાડાત્રણ કલાક ઝડપી—ટાઇપિસ્ટ સીધું ટાઈપ કરી લે એવી—રીતે પોતાના જીવનકાળનાં અનેક પાસાંઓને આવરી લેતાં સ્મરણો લખાવેલાં. મહંમદ બેગડાના વખતમાં સોજિત્રા ગામને આબાદ કરનાર જેસંગ પટેલના વંશમાં બારમી પેઢીએ ૭મી જૂન ૧૮૮૮ના રોજ જન્મેલા આ કર્મઠ પુરુષે ડાયરી કે પત્રો કે એવાં કોઈ જરૂરી સાધનોની મદદ વિના માત્ર સ્મરણશક્તિને આધારે ૮૦ વર્ષની ઉંમરે આ આત્મવૃત્તાંત લખાવ્યું એ હકીકત જ એમની બુદ્ધિપ્રતિભાના ઉદાહરણરૂપ છે. 'વીર સત્ય ને રસિક ટેકીપણું અરિ પણ ગાશે દિલથી' એ કવિ નર્મદની પંક્તિને ચરિતાર્થ કરતા મિજાજ, દૃઢ મનોબળ અને બુલંદ આત્મશ્રદ્ધાનો સજીવ સ્પર્શ કરાવતા એમના જીવનના પ્રસંગો અહીં સારા પ્રમાણમાં નોંધાએલાં છે. આ જીવનકથામાં ગુજરાતના સામાજિક જીવનમાં પાછલાં સો વર્ષમાં બની ગએલી કેટલીક જાણવા જેવી ઘટનાઓ આપોઆપ વણાઈ ગઈ છે. આ પ્રેરક અને લોકહિતકારક પ્રકાશનને તરુણ-પીઢ સૌએ વાંચવા જેવું છે અને એકેએક વાચનાલય તથા ઘર ઘરના વાચન માટે વસાવવા જેવું છે. પાકું પૂઠું પૃ. ૫૩૬, રૂ. ૪.

શાંતિપર્વ કથાસાર: શિષ્ટ અને સરળ ભાષામાં સસ્તું ધાર્મિક વાચન પૂરું પાડતાં પાંચ આખ્યાનો. લે. પ્રા. સુરેશ શેવડે, કાચું પૂઠું, પૃ. ૮૦, કિં. ૭૫ પૈસા.

સરવો સોરઠદેશ: ત્યાગ, પ્રેમ, શૌર્ય, ટેક, ખાનદાની, ખુમારી, સમર્પણ અને સ્નેહની સરવાણીનો આસ્વાદ આપતી દોલત ભટ્ટની ૧૮ લોકકથાઓ. કાચું પૂંઠું, પૃ. ૧૪૪, રૂ. ૧-૫૦.

નૅશનલ બુક ટ્રસ્ટ, ઇન્ડિયા

નવી દિલ્હી-૧૬

ભૂલે બિસરે ચિત્ર: મૂળ હિંદીમાં, સરળ ને બોલચાલના લહેકાવાળી ભાષામાં ભગવતીચરણ વર્માએ, ઈ. ૧૮૮૦ થી ૧૯૩૦ ના ભારતીય સમાજ ને ઇતિહાસની પીઠિકા પર લખેલી, ચાર પેઢીની રોચક કથાનો સંક્ષેપ, મૂળના કથાવિકાસને ધ્યાનમાં રાખી ચંદ્રકાંત મહેતાએ કલાત્મક રીતે અહીં રજૂ કર્યો છે. પરભાષાની પ્રસિદ્ધ કૃતિઓના આવા અનુવાદ–સંક્ષેપની પ્રવૃત્તિ સંસ્કારવિનિમય તથા સ્નેહ–ઐક્યની દૃષ્ટિએ આવકાર્ય છે. કાચું, પૂઠું પૃ. ૩૩૮, રૂ. ૮

પત્તાંના મહેલ: તેલુગુની નવી પેઢીની નવલકથા-લેખિકાઓમાં આગળની હરોળમાં બેસે તેવાં શ્રીમતી મુપ્પાળ રંગનાયકમ્માની 'પેક મેડલું' નામે પ્રસિદ્ધ નવલકથાનો આ ગુજરાતી અનુવાદ ભારતી વૈદ્યે કર્યો છે. યૌવનદીધી આશાઓ લગ્નજીવનમાં વિફળ બને છે ત્યારે વિક્ષુબ્ધ નારીહૃદય જે સંઘર્ષ, વેદના ને હતાશા અનુભવે છે તેનું સચોટ નિરૂપણ કરતી આ નવલકથા પુરુષના અંધ પતિત્વને ઢંઢોળે છે. સુરુચિપૂર્ણ અને સંઘર્ષમય કલાત્મક નવલકથા. કાચું પૂઠું, પૃ. ૧૨૮, રૂ. ૩-૭૫.

સમુદ્રગુપ્ત: ગુપ્તયુગના એ પ્રતિભાવંત સમ્રાટની વિશિષ્ટ વ્યક્તિ-મુદ્રા ઊપસાવતું ટૂંકું ચરિત્ર. મૂ. લે. લલ્લનજી ગોપાલ; અનુ. પ્રકાશ ન. શાહ; કાચું પૂઠું, પૃ. ૬૯, રૂ. ૨-૫૦.

હિમાલયનાં શિખરો પર છેલ્લાં કેટલાંય વર્ષોથી આપણે ત્યાં પર્વતારોહણની પ્રવૃત્તિએ ઠીકઠીક આકર્ષણ જમાવ્યું છે ત્યારે

શબ્દકથા: 'મુરખા'·'મુરકી'

ચોખાના લોટને છાશમાં કે નારિયેળના દૂધમાં બાંધી, વળવાળા કે કરકરિયા ગાંઠિયા જેવો આકાર આપીને જલેબી જેવા ગૂંચળા રૂપે એક તળેલી ફરસી વાની બનાવાય છે તે 'મુરખા', 'ચકલી' કે 'ચકરી' નામે જાણીતી છે: 'મુરખા' પુંલ્લિંગ બહુવચનનું રૂપ છે. તામિલનાડ, કેરળ વગેરે દક્ષિણના લોકોમાં પણ આ વાની પ્રચલિત છે અને તે લોકો સાધારણ રીતે તેને 'મુરક્કુ' કહે છે.

ગુજરાતમાં આ વાની હમણાંથી પ્રચલિત બની હોય એવું નથી. અગિયારમી શતાબ્દીથી 'મુરકી'ના ઉલ્લેખ પ્રાચીન અપભ્રંશ અને ગુજરાતી કૃતિઓમાંથી મળે છે. ઈ. સ. ૧૦૬૭માં રચાએલી સિદ્ધસેનકૃત 'વિલાસવતી કથા'માં 'મુરુક્કિય'નું નામ 'લપ્પસિય' અને 'લડ્ડુય'ની સાથોસાથ ભોજનથાળના વર્ણનમાં આવે છે. ઇ. ૧૪૯૦માં લાવણ્યસમયે રચેલા 'નેમિનાથ રંગરત્નાકર છંદ'માં ભોજનથાળના વર્ણનમાં 'માંડી' ને 'મુરકી'નો નિર્દેશ છે. પંદરમી શતાબ્દી પહેલાંના 'પુરાતનપ્રબંધસંગ્રહ'માં વિમલવસતિકા પ્રબંધમાં' પણ 'મંડી' અને 'મુરકી'નો સાથે ઉલ્લેખ છે. અહીં 'મંડી' એટલે 'માંડા'—'પૂડા' એવો અર્થ છે. ભોજનને લગતા 'વર્ણકો'માં પણ આ જ પ્રમાણે મળે છે.—મિષ્ટાન્નમાં લાડુ પિરસાય તે પછી, 'પ્રીસી મુરકી, ખાઇવા જીભ ફુરકી.' (મધ્યકાલીન ભોજનથાળના પરિચય માટે સાંડેસરા અને મહેતાનું 'વર્ણક-સમુચ્ચય' (બે ભાગ) તથા 'પરબ' ૨, ૧૯૬૫માંનો મારો લેખ 'ફલહલિ કે ફલહુતિ જોવાં.) આ મધ્યકાલીન વર્ણનોમાં 'મુરકીની' ગણના મિષ્ટાન્નમાં કરેલી છે, ને પૂડા તથા લાડુની સાથે તે આવે છે તેથી તેનું અત્યારનું ફરસાણ તરીકેનું સ્વરૂપ—'મુરખા' પછીથી પ્રચારમાં આવ્યું હોવું જોઇએ.*

તમિળમાં 'મુરિ' એટલે 'વળવું'; કન્નડમાં 'મુરિ' એટલે 'વળ ચડવો' કે 'વળ ચડાવવો'; 'વળાંક', 'ગૂંચળું'; 'મુરિકે' એટલે 'મરડાટ'; તુળુ 'મુરિ' એટલે કુંડાળું, 'વળ', 'વીંટી';—વગેરે જોતાં 'મુરકી' દ્રાવિડી મૂળનો હોવાનું સમર્થિત થાય છે.

'મુરખા' માટે કેટલેક સ્થળે વપરાતાં 'ચકરી' અને 'ચકલી' એ નામો વાનીના ગોળાકારને આધારે પડેલાં જણાય છે. જલેબી જેવા ચક્રાકાર ગૂંચળા ઉપરથી 'ચકરી' કે 'ચકલી' નામે તે વાની ઓળખાતી થઈ હોય. 'ચકરી પાઘડી' તરત યાદ આવશે.

'મુરખા', 'ઇડરી' કે 'ઇદડાં' અને 'ઢોસા' એ ત્રણે મૂળે દ્રાવિડી પ્રદેશની વાનીઓ અને શબ્દો ગુજરાતીમાં આશરે હજારેક વરસથી તો પ્રચલિત હોવાનું કહી શકાય તેમ છે. આધુનિક ઔદ્યોગિક નગરોના આંતરપ્રાંતીય સંપર્કથી એ વાનીઓનો અત્યારના રૂપમાં પ્રચાર થયો છે એ ખરું, પણ ગુજરાતીકરણ પામીને તે વાનીઓ આપણે ત્યાં ઘણી લાંબી પરંપરાથી પ્રચલિત છે—તે એટલે સુધી કે સંશોધનની ઊંડી ખણખોદ પછી જ તેમનું પરપ્રાંતીય મૂળ પકડાય.

હરિવલ્લભ ભાયાણી

* આજથી પચાસેક વર્ષ પહેલાં મુરકી (કે મરકી) મિષ્ટાન્ન તરીકે પ્રચલિત હતી. તે અડદના લોટની, જલેબી આકારની બનતી. અને મોળી તથા ખાજા જેવી મીઠી એમ બે પ્રકારની મળતી. મોળી મુરકીને મધમાં ડુબાડી રાખીને શિયાળામાં વસાણા તરીકે ખાવાનો રિવાજ હતો. જોડણીકોશ પણ (પ્રશ્નાર્થ મૂકીને) 'એક મીઠાઇ' એવો અર્થ આપે છે. ભગવદ્‌ગોમંડલ કોશ તો સ્પષ્ટપણે 'મરકી= એક મીઠાઈ–અડદના લોટની જલેબી' એવો અર્થ આપે છે, અને 'મુરખા' માટે 'ચોખા તળીને બનાવેલો એક જાતનો ખારો ખાદ્ય પદાર્થ' અર્થ આપે છે. —તં૦

જાણીતા પર્વતખેડુ બ્રિગેડિયર ગ્યાનસિંગની આ પુસ્તકમાંની, એમની પર્વતયાત્રાના રોમાંચક અનુભવોની રંગદર્શી અને સચિત્ર વાત સહુને આહ્લાદક થઈ પડશે. અનુ. હરિવદન દેસાઈ. કાચું પૂઠું, પૃ. ૬૦, રૂ. ૧-૫૦.

આર. આર. શેઠની કંપની
મુંબઈ–૨, ગાંધી રોડ, અમદાવાદ–૧

ચિદ્ઘોષ: અધ્યાપક અમૃતલાલ યાજ્ઞિકના 'આકાશવાણી', 'ગ્રંથ', 'સમિધ', 'અભિનવ ભારતી', 'પરિચય પુસ્તિકાશ્રેણી' વ. માટે લખાએલા, કેળવણી સાહિત્ય અને ભાષાને લગતા ૧૯ લેખોનો સંગ્રહ: નરસિંહ, પ્રેમાનંદ, નવલરામ, કાન્ત, રા. વિ. પાઠક વગેરેના સર્જક વ્યક્તિત્વનાં જુદાંજુદાં પાસાંને રજૂ કરતા લેખો, તેમજ ૧૯મો લેખ 'ગુજરાતી સાહિત્યનો ગંભીર મર્યાદાઓથી વરેલો ઇતિહાસ' નોંધપાત્ર છે. નિબંધોની લખાવટ મુખ્યત્વે વિદ્યાર્થીલક્ષી છે. લેખકની અભ્યાસનિષ્ઠા આ લેખો પાછળ અછતી રહેતી નથી. પાકું પૂઠું, પૃ. ૨૫૪, રૂ. ૭.

શ્યામ સૂરજનાં અજવાળાં: સામાન્ય વાચકોની વાર્તાભૂખ સંતોષવાની વાર્તાકલા હસ્તગત કરી ચૂકેલા સારંગ બારોટની આ નવલકથા સમાજનાં કેટલાંક પાસાંને અને પ્રશ્નોને હૃદયસ્પર્શી રીતે રમતા મૂકે છે. પાકું પૂઠું, પૃ. ૩૨૦, રૂ. ૮.

અભિજાત: પ્રસિદ્ધ નવલકથાકાર ઈશ્વર પેટલીકરની આ બાવીસમી નવલકથામાં તેમનો સુધારક સામાજિક દૃષ્ટિકોણ સર્જનની ભૂમિકા જાળવી રાખે છે. રોચક લખાવટ આ લોકપ્રિય સાહિત્યસ્વરૂપને વધુ પ્રિય બનાવે છે. એમની અગાઉની શૈલીમાં લખાએલી એક વધુ વાચનક્ષમ નવલકથા. પાકું પૂઠું, પૃ. ૩૩૮, રૂ. ૯.

લાલ પીળો ને વાદળી: વિભૂત શાહનાં પાંચ એકાંકીઓનો આ સંગ્રહ એમાં આવતાં પાત્રોની સંવેદના, એમના સંઘર્ષ, વંચના વગેરેને આબાદ રીતે સ્ફુટ કરી આપે છે. માર્મિક ને ચોટદાર સંવાદો નાટકની અસર ઊભી કરવામાં સફળ નીવડે તેવા છે. છપાઈ અને રજૂઆતમાં કદથી તે કલા સુધી અન્ય સંગ્રહો કરતાં આગવી મુદ્રા ઉપસાવતો સંગ્રહ. પાકું પૂઠું, પૃ. ૯૮, રૂ. ૬.

વ્યક્ત મધ્ય: વ્યક્તિ અતીત અને અનાગતની વચ્ચેના વર્તમાનમાં જીવે છે એવું શીર્ષક દ્વારા સૂચવીને લેખકે બધાં પાત્રોને એમના જીવનના સંઘર્ષો વચ્ચે જીવતા બતાવવા માત્ર બે-ત્રણ દિવસનો ટૂંકો કથાસમય લીધો છે. તેને કારણે ઘટનાઓનો કૃત્રિમ ખડકલો થયો હોય એમ લાગે છે. તેમ છતાં આમુખકાર જયંત પાઠકે નોંધ્યું છે તેમ આ કથામાં, એમની બીજી કેટલીક કથાઓમાં આવે છે તેવી કવેતાઈ અને સિનેમા શૈલીથી તેઓ મુક્ત રહી શક્યા છે તે સારું થયું છે. લે. ભગવતીકુમાર શર્મા, પાકું પૂઠું, પૃ. ૨૭૦, રૂ. ૬-૭૫.

સળગતાં સૂર્યમુખી: જાણીતા કલાકાર વાન ગૉઘનાં જીવનસ્પંદનો ઝીલતી અને વાર્તારસ પ્રગટાવતી ઈરવિંગ સ્ટોનની ઈ. ૧૯૩૪માં પ્રગટ થએલી "Lust for Life' નામની વિખ્યાત કથાનો વિનોદ મેઘાણીએ કરેલો સફળ અનુવાદ. પાકું પૂઠું, પૃ. ૪૧૫, રૂ. ૧૧.

ચિરપરિચિત: ઝડપભેર ઊતરી રહેલા નવલકથાના ફાલમાં મોસમી ઉમેરો કરતી વિઠ્ઠલ પંડયાની એક વધુ કૃતિનું દ્વિતીય સંસ્કરણ. પાકું પૂઠું, પૃ. ૪૧૨, રૂ. ૧૦–૫૦.

હીરની ગાંઠ: સનાતન પ્રણય-ત્રિકોણને નિરૂપતી આ સુવાચ્ય નવલકથા એના લેખક મોહમ્મદ માંકડ [illegible] કરતાં સર્જનતત્ત્વની, કલાતત્ત્વની માવજત તરફ વધુ ધ્યાન આપતા કરે તો ભવિષ્યમાં સારી નવલકથાઓ આપી શકે. પાકું પૂઠું, પૃ. ૩૦૩, રૂ. ૮.

મનોરમા: કૉલેજકાળના પ્રણય અને પરિણયની આસપાસ ઘૂમતી અને એમાંથી ઉદ્ભવતી જીવનસમસ્યાઓનું નિરૂપણ કરતી મોહમ્મદ માંકડની નવલકથાની બીજીઆવૃત્તિ. પાકું પૂઠું, પૃ. ૧૯૩, રૂ. ૫–૨૫.

નદી-નાવ સંજોગ: જાણીતા નવલકાર સારંગ બારોટની રહસ્ય ને પ્રણયરંગી નવલકથા. સોનાની દાણચોરી અને દિલચોરીની રંગદર્શી વાર્તા. પાકું પૂઠું, પૃ. ૩૨૬, રૂ. ૮–૨૫.

શૌર્ય–ચાતુરી વાર્તાવલિમાં બાળકોને પ્રિય થઈ પડેલા જીવરામ જોષી લિખિત છ પુસ્તકોનો સેટ: (૧) ચાતુરીનો દાવ: પૃ. ૧૧૬, રૂ. ૩; (૨) અમૂલાં મોતી: પૃ. ૧૩૨, રૂ. ૩-૨૫; (૩) અલોપકુમાર: પૃ. ૧૧૬, રૂ. ૩; (૪) બત્રીસાં માથાં: પૃ. ૧૨૪, રૂ. ૩; (૫) પાવનરેણુ: પૃ. ૧૩૬, રૂ. ૩-૫૦; (૬) માથાનું દાન: પૃ. ૧૨૨, રૂ. ૩-૨૫. દરેકનું પૂંઠું કાચું, આખા સેટના રૂ. ૧૬.

સમાજ વિજ્ઞાનમાળા નામની એક બીજી શ્રેણીમાં સમાજવ્યવસ્થા વિષેની ઉપયોગી વૈજ્ઞાનિક માહિતી પૂરી પાડતાં ચાર પુસ્તકો અગાઉ પ્રકાશિત થઈ ચૂક્યાં છે, એવાં જ બીજાં, કાચા પૂઠાનાં ચાર પુસ્તકો છે: (૫) સમાજવાદ શા માટે? મૂળ લેખક પ્રો. મોરીસ ડોબ, પૃ. ૧૦૮, રૂ. ૩-૧૫; (૬) ભારતમાં ગ્રામીણ સમાજશાસ્ત્ર: મૂ. લે. ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ, પૃ. ૧૯૨, રૂ. ૫; (૭) સમાજવાદ: મૂ. લે. લીઓ હુબરમેન, પૃ. ૧૩૨, રૂ. ૩-૫૦; (૮) અર્થશાસ્ત્રપ્રવેશિકા (માર્ક્સવાદી દૃષ્ટિએ): મૂ. લે. અર્નેસ્ટ મૅન્ડલ, પૃ. ૧૨૦, રૂ. ૩-૨૫, ચારેયના અનુવાદક પ્રાગમલ રાઠોડ.

લોકપ્રિય પ્રકાશન
૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

ચીરહરણ સભા: પ્રાથમિક શિક્ષકના જીવનને કેન્દ્રમાં રાખી લખાએલી આ વ્યથાપૂર્ણ કથાના લેખક દિલીપ રાણપુરાએ શિક્ષકોની દુનિયામાં અહીં ડોકિયું કરાવી શિક્ષકના આંતરબાહ્ય સંઘર્ષોની, શિક્ષક-વિદ્યાર્થી ને શિક્ષક તથા સમાજના સંબંધોની વાર્તાક્ષમ રજૂઆત કરી છે. પાકું પૂઠું, પૃ. ૨૭૫, રૂ. ૮.

ભીંસ: ભીંસ વ્યક્તિની તેમ સમાજની, ને રાષ્ટ્રની પણ હોય છે. દિલીપ રાણપુરાની આ કથામાં સ્વાતંત્ર્યપૂર્વે ને સ્વાતંત્ર્યોત્તર ભારતનાં રાજકીય ને સામાજિક ચિત્ર સુપેરે રજૂ કરવાનો પ્રયાસ થયો છે. સ્વતંત્રતા પૂર્વેના સમાજ-જીવનનું ટેકીલાપણું, જુસ્સો, યાતના, ગુલામી વગેરે પાસાંઓને રજૂ કરતી ભાદર આસપાસના સમાજની કથા. પાકું પૂઠું, પૃ. ૩૪૩, રૂ. ૧૦.

મારે પણ એક ઘર હોય: નાની બેન સુરેખા અને મોટી બેન લીના વચ્ચેનાં સ્નેહ અને ધિક્કારનાં સ્પંદનો ઝીલતી આ સંઘર્ષાત્મક સામાજિક નવલકથામાં તેનાં નવાં લેખિકા વર્ષા અડાલજાએ ભાવિની સારી કથાઓના સર્જનની પ્રતીતિ કરાવી આપી છે. ચોટદાર સંવાદો દ્વારા બે બહેનો વચ્ચેનો ભાવસંઘર્ષ ને મોટી બહેનનો આંતર-સંઘર્ષ સારી રીતે પ્રકટ કર્યો છે. પાકું પૂઠું, પૃ. ૧૮૬, રૂ. ૫–૫૦.

પશુ: આજના યુગસંદર્ભમાં માનવી પશુ બનતો જાય છે એ કરુણ વાસ્તવિકતાને આદર્શપ્રાપ્તિ તરફ દોરી જતી આ નવલકથામાં આજના સમાજની વિષમતાનું, આજના માનવીની વિકૃતિનું હૂબહૂ ચિત્ર આપી, એમાંથી સંવાદિતા અને સૌંદર્યની સાધના-ઝંખના પ્રતિ માનવ-સમાજચેતનાને જાગ્રત કરવા મથતી મૂળરાજ રૂપારેલની કટાક્ષપ્રધાન ધ્યેયગામી નવલકથા. પાકું પૂઠું, .પૃ. રૂ. ૭–૫૦.

વીંધાએલું પંખી: આજના સમાજમાં લગ્નજીવન વિચ્છિન્ન બની બાળકની, પત્નીની અને પતિની શી દશા કરી મૂકે છે તે નિરૂપતી હરીશ નાયકની સામાજિક નવલકથા. પાકું પૂઠું, પૃ. ૨૭૮, રૂ. ૮.

ધરતીની ફોરમ: 'પ્રભાત' દૈનિકમાં ચાલુ વાર્તા તરીકે લખાએલી દોલત ભટ્ટની આ નવલકથા સ્નેહ અને શૌર્ય માટે પંકાએલી સૌરાષ્ટ્રની ધીંગી ધરતીની કથા છે. વહાલ અને વીરત્વના સંઘર્ષાત્મક પ્રસંગોથી વાર્તા રસિક બની શકી છે. પાકું પૂઠું, પૃ. ૧૮૧, રૂ. ૫–૭૫.



ભારતના પ્રશિષ્ટ ગ્રંથો અને ઇતિહાસ પર આધારિત કથાઓને રજૂ કરતી 'અમર ચિત્રકથા' નામની ઇન્ડિયા બુક હાઉસ એડ્યુકેશન ટ્રસ્ટ (૨૪૯, ડી. એન. રોડ, મુંબઈ-૧, દરેક પુસ્તિકાની કિ. રૂા. ૧-૫૦)ની બહુરંગી ચિત્રકથામાળામાં ઉપર દર્શાવેલી ચાર નવી પુસ્તિકાઓ પ્રકટ થઈ છે. બત્રીસ-બત્રીસ પાનાંનાં વિસ્તારમાં તેના વિષયાનુસાર કથાને નિરૂપતાં સુંદર ચિત્રોની માળામાં મૂળ કથાનકમાંનાં વધુ પડતાં ચમત્કારિક તત્ત્વોને ચાળી લઈ, વાસ્તવિક્તાની વધુ નજીક રહી, સરળ ભાષામાં કથા વિષયની જે રજૂઆત આ ચિત્રકથામાળામાં થાય છે એ પ્રશસ્ય અને આવકાર્ય છે.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

મહાત્મા ગાંધીમાર્ગ, ફુવારા અમદાવાદ-૧

જીવનવિચારણા: સ્વ. ધૂમકેતુને વાચક વિવેચકોએ વાર્તાકાર–નવલકથાકાર તરીકે તો નાણ્યા-માણ્યા છે. પરંતુ ઢાલની બીજી બાજુની જેમ એમની વિચારસંપત્તિ એમના નિબંધોમાં પ્રસ્તરેલી છે તેનો સુપેરે પરિચય કરાવતું આ પુસ્તક ધૂમકેતુની જીવનવિષયક વિવિધ ક્ષેત્રીય વિચારણા રજૂ કરે છે. એના ચાર ખંડમાં અનુક્રમે સમાજ અને રાજ્ય, શિક્ષણ અને સંસ્કૃતિ, ધર્મ તથા જીવનઘડતર પરની લેખની સર્જન-અનુસ્યૂત વિચારણા જાણવા મળે છે. એમનું ઊંડું સત્ત્વલક્ષી ચિંતન-મનન એમના ગદ્યની પણ અહીં નવી છટા ખીલવે છે. અનંતરાય રાવળ જેવા સન્નિષ્ઠ અને અભ્યાસી વિવેચકને હાથે થએલું આ સંપાદન અને એમનો જ પ્રવેશક ધૂમકેતુના એક વિચારક તરીકેના વ્યક્તિત્વને યથાર્થ રીતે પ્રગટ કરે છે. ધૂમકેતુને સર્જક તરીકે સમજવામાં પણ એમની આ વિચારણાઓ જરૂર માર્ગદર્શક બની રહેશે. પાકું પૂઠું, પૃ. ૩૯૬, રૂ. ૮.૦૦

દૃષ્ટાંત-બોધ: યુવાન પેઢીને સાત્ત્વિક વિચારગર્ભ લેખો દ્વારા માર્ગદર્શન આપનાર તરીકે ફાધર વાલેસનું નામ હવે અજાણ્યું રહ્યું નથી. બાઈબલમાં આવતાં દૃષ્ટાંતો માનવઘડતરને કેવો સરસ મોડ આપી શકે છે તે અહીં રજૂ થએલી આ દૃષ્ટાંત કથાઓ બતાવી આપે છે. વ્યક્તિગત કોઈને ય કશું કહ્યા વગર દૃષ્ટાંતો દ્વારા પ્રત્યેકને પોતા ભણી વાળવાનું સામર્થ્ય આવા દૃષ્ટાંતોમાં રહેલું છે. વ્યક્તિ-સમાજઘડતરને ઉપકારક એવી વીસ દૃષ્ટાંતકથાની આ પુસ્તિકા ફાધર વાલેસના સાદા સચોટ અને સરસ ગદ્યથી વધુ રોચક બની છે. વાર્તા-આનંદ સાથે વિચાર-બોધ રજૂ કરતી આ કથાઓ નાના-મોટા સહુને ઉપકારક વાચન પૂરું પાડી રહેશે. કાચું પૂઠું, પૃ. ૧૩૬, રૂ. ૨.૨૫.

રવિવારની સવાર: 'ગુજરાત સમાચાર' દૈનિકમાં 'પ્રિયદર્શી'ની કટાર 'હું, શાણી અને શકરાભાઈ' ઠીકઠીક લોકપ્રિયથઈ છે. 'પ્રિયદર્શી' તખલ્લુસ પાછળ છુપાએલા પ્રા. મધુસૂદન પારેખની નર્મ-મર્મવૃત્તિ આ વાર્તારૂપી વિનોદ-લેખોમાં અભિવ્યક્ત થએલી છે. વ્યક્તિ, સમાજ કે સંસ્થાની કોઈક નબળી કડીને પકડી લઈ તેને પોતાની દંશરહિત અને પ્રેમ-અંશ સહિત કલમથી આપણી સમક્ષ એ નિરૂપે છે. આપણુને હસાવીને પણ આપણી ક્ષતિ પ્રતિ જાગ્રત કરવાનું સુધારક કાર્ય આ કૃતિઓ સફળતાથી કરી જાય છે. સ્થૂળ કરતાં સૂક્ષ્મ વિનોદમાં લેખકનો વિહાર સમભાવયુક્ત અને સાચકલો છે. મુખ્યત્વે છબરડાવાળા પ્રસંગો અને અર્થાનુસારી પ્રાસાનુપ્રાસી વાક્યરચનાઓ દ્વારા પોતે વિનોદ કરવા મથે છે. ઘણુંખરું એમનો ઝોક સમકાલીન સમસ્યાઓ અને પ્રસંગોને ઝડપી લઈ હાસ્ય નિપજાવવાનો રહ્યો છે અને માટે તો તત્કાલ પૂરતો એનો આનંદ આસ્વાદી શકાય તેવો છે. અલબત્ત, આમાંની ચિરકાલીન વિનોદકૃતિઓ કેટલી એ તો સમય પર છોડીએ. પાકું પૂઠું; પૃ. ૩૦૭; રૂ. ૬.૫૦.

મફતિયા મેન્ટાલિટી: પ્રા. નરોત્તમ વાળંદના હળવા લેખોનો આ સંગ્રહ એમની વિનોદવૃત્તિ અને કટાક્ષશક્તિનો પરિચય કરાવે છે. છેક શાળાજીવનથી શરૂ થએલી આવા હળવા લેખોની કસરતનો પરિપાક અહીં ઊતર્યો છે. કુલ ૨૩ લેખોના આ સંગ્રહને ૨૨મા લેખનું શીર્ષક વળગાડ્યું છે એ કદાચ વાચકોને આકર્ષવા પૂરતું જ હશે, કોઇ ચોક્કસ વિષયને કેન્દ્રમાં રાખી પોતાની હળવી શૈલીમાં એમણે અહીં રોચક કટાક્ષો રજૂ કર્યા છે. એકંદરે સંગ્રહ સુવાચ્ય બની શક્યો છે. પાકું પૂઠું; પૃ. ૨૫૦, રૂ. ૫.

ઈન્દુ: બાલસાહિત્યક્ષેત્રે, અને તેમાંયબાલકાવ્યોના ક્ષેત્રે, આપણે ત્યાં ગણ્યાગાંઠ્યા સર્જકો જ છે. બાળકોની વચમાં સાડા ત્રણ દાયકાથી રહેલા મહીપતરામ જોષીએ તેમનાં ૪૮ ગીતોના આ નાનકડા સંગ્રહમાં ગણપતિ સ્તવનથી આરંભી શહીદાંજલિ સુધીમાં, બાલમાનસ અને બાલરુચિને પ્રીછીને રજૂ કરેલાં હોઈ બાળકોને વાંચવા-ગાવાની ભલામણ કરી શકાય તેવાં છે. ગીતોને રેખાંકનો દ્વારા વધુ રોચક બનાવ્યાં છે. કાચું પૂઠું, પૃ. ૫૬, કિં. રૂ. ૧.

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.

પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઇ ૨

વાઙ્મય વિમર્શ: રામપ્રસાદ પ્રે. બક્ષીના વિવેચનાત્મક લેખોમાંથી સાહિત્યની તાત્વિક મીમાંસાને લગતા લેખોના ૧૯૬૩માં પ્રગટ થએલા સંગ્રહની આ બીજી આવૃત્તિ વખતે એમાંના કેટલાક લેખો તત્ત્વસંભારની દૃષ્ટિએ પુનર્વિચારણા કરીને કાઢી નાખવામાં આવ્યા છે અને બીજા કેટલાક ઉમેરવામાં આવ્યા છે. આ ગ્રંથનું મૂલ્ય, કાવ્યતત્ત્વ, રસ-અલંકાર અને નાટ્યના વિધવિધ પાસાંઓની એમની તલસ્પર્શી અને વિસ્તૃત વિવેચનાને કારણે છે. લેખકની બહુશ્રુતતા અને દાર્શનિક્તાનો પરિચય કરાવતો આ ગ્રંથ અભ્યાસીઓને ઉપયોગી રહેશે. પાકું પૂઠું, પૃ. ૪૮૪ રૂ. ૯

ઇસુને ચરણે અને પ્રેયસી: કસબી વાર્તાકાર ઈવા ડેવની બે લઘુનવલ—જેમાંની પહેલી 'નવનીત'માં ને બીજી 'કેસૂડાં'માં પ્રકટ થએલી હતી. પાકું પૂઠું, પૃ. ૧૬૮, રૂ. ૪–૭૫.

માંડવા નીચે: પ્રતાપ સાંગાણીનું બેપાત્રી બે અંકી નાટક. પાકું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૨.

સર્જકનાં સર્જન: પોતાની કૃતિઓથી 'કુમાર'ના વાચકોને સુપેરે પરિચિત પ્રબોધ જોષીનાં આઠ એકાંકીઓનો સંગ્રહ. પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૫.

સોનાની કુહાડી: રંગભૂમિ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પ્રાગજી ડોસાની પાંચ બાલનાટિકાનું પંચામૃત. કાચું પૂ. પૃ. ૬૦, રૂ. ૨.

જ્યોતિષનાં મૂળભૂત સત્યો: પ્રખર જ્યોતિષી અને પત્રકાર ફિરુઝ કેન્ટીનવાલાએ આ પુસ્તક દ્વારા જ્યોતિષવિદ્યાને સરળ કરવાનો સુંદર પ્રયાસ કર્યો છે નિરયન (ભારતીય) પદ્ધતિનું પ્રતિપાદન કરતા યુગોજૂના સિદ્ધાંતો ને વિજ્ઞાનની કસોટીએ ચડાવીને, સ્વતંત્ર અને સંગીન તર્ક દ્વારા તેમણે એ બતાવવાનો પ્રયાસ કર્યો છે કે જ્યોતિષમાં મૂળભૂત સત્યો કેવાં ભિન્ન હોઈ શકે. પુસ્તકનું પુરોવચન એસ. કે. પટિલે લખ્યું છે. પાકું પૂઠું, પૃ. ૧૭૪, રૂ. ૧૫.

સત્યપ્રણયના બાયક બોટાદકર: કવિશ્રી બોટાદકરના જન્મશતાબ્દી મહોત્સવ પ્રસંગે પ્રકાશિત એમના જીવનની, બહારથી સામાન્ય જણાતી પણ કવિપરિચયની દૃષ્ટિએ અસામાન્ય એવી, આ સુલિખિત કથા રોચક છે. આમુખ: અનંતરાય રાવળ. લે.: સવાઈલાલ ઈ. પંડયા. પ્રકાશક: કવિશ્રી બોટાદકર જન્મ-શતાબ્દી સમિતિ. પાકું પૂ. પૃ. ૨૦૮, રૂ. ૪

પરિચય ટ્રસ્ટ

પો. બૉક્સ નં. ૧૧૦૮૨, મુંબાઇ-૨૦

વિજ્ઞાનના સીમાડા ૧૯૭૦ના અંતભાગ સુધીમાં ક્યાં સુધી વિસ્તર્યા છે તેનો ઘટ્ટ ચિતાર મનુભાઈ મહેતાએ આ પુસ્તિકામાં આપ્યો છે. પ્રાણીઓની અને પક્ષીઓના પોતપોતાના વિશિષ્ટ વંશ અને જાતિની ઝાંખી ભરદ્વાજ વિજયે **પ્રાણીઓની નાત જાત**માં અને વિજયગુપ્ત મૌર્યે **પક્ષીઓની નાતજાત**માં સુપેરે કરાવી છે. **સ્વામીનારાયણ સંપ્રદાય** વિષે જાણીતા કવિ હરીન્દ્ર દવેએ લખ્યું છે. **આર્થિક ઈમારતના પાયા**માં વાડીલાલ ડગલીએ અર્થતંત્રના વિકાસમાં અનિવાર્ય એવી પાયાની આર્થિક પ્રવૃત્તિઓનું સૂક્ષ્મ અવલોકન કર્યું છે. ડૉ. ભાનુ ર. શાહે **સારણગાંઠ અને વધરાવળ**માં ગમે તે ઉંમરે લાગુ પડી જતા આ રોગોનાં કારણ તપાસી ઉપચાર ચીંધ્યા છે. **રાજવીઓનાં ૫૬૪** ('કુમાર' અંક ૫૭૬) **સાલિયાણાં**માં જાણીતા પત્રકાર હરીશ ર. યાદવની આપણા આજના ભારતના એક ચર્ચાસ્પદ પ્રશ્નની સમીક્ષા છે. એ. એસ. કૃષ્ણમૂર્તિએ **આપણો હાથશાળ ઉદ્યોગ** આજ લગી કેટલી પ્રગતિ કરી ચૂક્યો છે તે બતાવ્યું છે. **મધ્યકાલીન સાહિત્યસ્વરૂપો** ચન્દ્રકાન્ત મહેતાની કલમે સુંદર રીતે વર્ણવાયાં છે. એમની જ કલમ ૧૯૬૭ના જ્ઞાનપીઠ પુરસ્કારવિજેતા પ્રસિદ્ધ બંગાળી નવલકથાકાર **તારાશંકર બંદ્યોપાધ્યાય**ના આંતર્મનમાં લઈ જાય છે. અગ્નિએશિયાની શાંત, સરળ અને ધર્મપ્રેમી પ્રજાની ઓળખાણ પત્રકાર નારાયણ પિલૈ દ્વારા **કંબોડિયા**માંથી મળી રહે છે. મહારાષ્ટ્રના **ભક્ત કવિ નામદેવ** અને **સંત કવિ તુકારામ**ના જીવન અને કવનના આલેખક છે પુરુષોત્તમ આ. ચિત્રે. મુંબાઈના ટૅક્સ કન્સલ્ટન્ટ નટવરલાલ શાહે **આવકવેરા** વિષયક જરૂરી સમજણ પાડી છે અને પ્રસિદ્ધ પુરાતત્ત્વવિદ્ હસમુખ સાંકળિયાએ **સિન્ધુ સંસ્કૃતિ**માં પોતાની આધારભૂત સૂક્ષ્મ જાણકારીનો નિચોડ આપ્યો છે. **ગુજરાતની આર્થિક રૂપરેખા** ચીતરી છે અર્થકારણના અભ્યાસી નરોત્તમ શાહે. **દૂષિતહવાપાણી** નગેન્દ્ર વિજયે લખ્યું છે. **બંધારણમાં સુધારા** આપણા રાજકારણનો વિવાદાસ્પદ પ્રશ્ન છે જેનો જવાબ ભારતીય લોકશાહીનું ભાવિ સ્વરૂપ નક્કી કરશે, નગીનદાસ સંઘવીની આ પુસ્તિકા સમયસરની છે. અરવિંદ ભાખર લિખિત **આપણો સિમેન્ટ ઉદ્યોગ** માહિતીપ્રદ છે. આ બધી પુસ્તિકાઓનાં પૂઠાં કાચાં, પાનાં ૩૨ અને દરેકના ૬૦ પૈસા.

બિનસાંપ્રદાયિકતા શું છે?: આજના રાજકીય રંગમંચ પરથી બિનસાંપ્રદાયિકતાની ઉદ્ઘોષણાઓ વારંવાર સંભળાતી હોય છે ત્યારે ખરેખર બિનસાંપ્રદાયિક્તા શું છે તેનો સાચો ખયાલ આપતી તટસ્થ માનવ ધરાવતા પ્રા. યાસીન દલાલ લિખિત પુસ્તિકા.

યુરોપનો કૌટિલ્ય મૅક્યાવેલી: આજથી લગભગ પાંચસો વર્ષ પૂર્વે થઈ ગએલા યુરોપના રાજકીય વિચારક મૅક્યાવેલી અને તેના સમર્થ પુસ્તક 'ધ પ્રિન્સ'થી ભાગ્યે જ કોઈ અજાણ હશે. તેમની આછી જીવનરેખા અને તેમના ગ્રંથ 'ધ પ્રિન્સ' આધારિત રાજકીય વિચારણાનો સામાન્ય પરિચય આપતી રાજેન્દ્ર ધ્રીઆની ૩૨ પાનાંની પુસ્તિકા.

ભારતનાં વર્તમાનપત્રો: ભારતમાં વર્તમાનપત્રનો ઇતિહાસ દોઢ સદીનો છે. એ તવારીખને અહીં સંક્ષેપમાં રજૂ કરવામાં આવી છે. સાથે ભારતીય પત્રકારત્વનાં જમા-ઉધાર પાસાંનો પણ ઉલ્લેખ નોંધપાત્ર છે. આ પ્રવૃત્તિમાં રસ ધરાવનારને માટે પત્રકારત્વના જાણકાર ચન્દ્રકાન્ત શાહે લખેલી ૩૨ પાનાંની વાચનક્ષમ પુસ્તિકા.

આપણી અદાલતો: અંગ્રેજદીધી વર્તમાન સમાજવ્યવસ્થામાં આપણી અદાલતો પણ અંગ્રેજ ન્યાયતંત્ર-દીધી જ છે. આ અદાલતો (દીવાની અને ફોજદારી)નો આ નાનકડી ૩૨ પાનાંની પુસ્તિકામાં સામાન્ય જનસમુદાયને ઉપયોગી થાય તેવો પરિચય ધારાશાસ્ત્રી હરીશ ર. યાદવે કરાવ્યો છે. (ઉપરની પ્રત્યેક કાચા પૂઠાની પુસ્તિકાની કિંમત ૬૦ પૈસા)

ગુજરાત રાજ્ય સમાજશિક્ષણ સમિતિ

મ્યુઝિયમ પાસે • ચોક • સૂરત

પૌરાણિક વાતો: આજે જ્યારે આપણો સમાજ આપણાં પૌરાણિક પાત્રો–પ્રસંગોને ભૂલતો જાય છે ત્યારે મગનભાઈ વહાલાભાઈ પટેલની કલમે સર્જેલા હરિશ્ચન્દ્ર, સતી સાવિત્રી, શિવ, ધ્રુવ, કચ અને ભરતનાં પાત્રાલેખનો આપણા પૌરાણિક વારસા તરફ સહુને અભિમુખ કરે છે. સમાજશિક્ષણ ગ્રંથમાળામાં ધર્મકથા શ્રેણીનું આ ચોથું પુસ્તક આપણી ઊછરતી પેઢીને જરૂર ઉપયોગી છે. કાચું પૂઠું; પૃ. ૪૪; રૂ. ૦૦·૬૦

અવકાશયાન: અવકાશયાત્રા એ છેલ્લાં વર્ષોની રોમાંચક ઘટના છે. મનુષ્યે ચંદ્ર પર ઊતરાણ કર્યું તેની માહિતી આપવા ઉપરાંત મંગળ ને શુક્ર પર આવતાં દસ વર્ષમાં મનુષ્ય ઊતરાણ કરી શકશે તેની શકય આગાહી પણ આમાં કરેલી છે. આવા કપરા વૈજ્ઞાનિક વિષયને લેખકે અહીં સરળ ભાષામાં નિરૂપવા પ્રયાસ કર્યો છે. એ વિષયની સામાન્ય માહિતી માટે ઉપયોગી આ પુસ્તિકાના લેખક છે મહેન્દ્રકુમાર હેમચંદ પરીખ. પૃ. ૪૮, ૭૦ પૈસા.

ઓખાહરણ: પ્રેમાનંદના આ ચિરંજીવ સર્જનમાં નિરૂપિત કથાના વ્યાપને ઓપ આપી, સુંદર રીતે સરળ બનાવી, હીરાબેન પાઠકે ઘરઘથ્થુ ભાષામાં સંપૂર્ણ ઓખાહરણ અહીં ક્લાત્મકરીતે ટુંકાવીને જે અવતાર્યું છે તે સ્ત્રી વર્ગને અચૂક ભાવશે. પૃ. ૪૦, કાચું પૂઠું, ૫૦ પૈસા.

પંચશીલ: બૌદ્ધધર્મની એક જાતકકથાને આધારે લખેલી, સદાચારના પાંચ અંગ દર્શાવતી જ. ઓ. કાનુગાની લખેલી આ ધર્મકથા રોજ-બ-રોજનું જીવન જીવતા સામાન્ય માનવીને રસપ્રદ અને પ્રેરક નીવડે તેમ છે. પૃ. ૪૮, કાચું પૂઠું, કિં. ૬૦ પૈસા.

હોવેભાઈસાબ: નવશિક્ષિત પ્રૌઢાનેઅને ઓછુંભણેલાઓને અનુલક્ષીને લખાએલી માન-

ઊર્મિની ઓળખ

નામી ગુજરાતી ગઝલકારોનાં જીવન તેમ જ કવનનો પરિચય

[૨૭] — કરાવનાર · જલન માતરી

એમ કહેતાં કહેતાં અંતે સો વરસ જીવી જશું :
'બસ હવે બાકી રહી છે જિંદગી થોડીઘણી.'



'સાકિન' કેશવાણી

પણ...ના, એવું ન બન્યું. વિધાન ખોટું ઠર્યું. સો વરસ પૂરાં ન કરી શકયા. ૪૨ વર્ષની યુવાન વયે ભાઈ 'સાકિન' કેશવાણીએ તા. ૩૧-૮-'૭૧ના રોજ આ નશ્વર જગતનો ત્યાગ કર્યો. અને એમના સ્નેહીજનો માટે રહી ગયા માત્ર નિશ્વાસ અને વિલાપો.

જલતો'તો પૂર્ણ તેજે, હતું તેલ પણ ખરું;
તો યે બૂઝયો ચિરાગ : મુકદ્દરની વાત છે!

જવાનીમાં ઊર્મિનું મરણ થયું. ભર વસંતે ચમન રણ બન્યું.

ભાવનગરમાં જન્મેલા (તા. ૧૨-૩-૧૯૨૯) આ શાયરનું મૂળ નામ મહંમદહુસેન હબીબભાઈ કેશવાણી. તખલ્લુસ 'સાકિન'. સાકિન એટલે શાંત, સ્થિર. વ્યવસાયે વેપારી હતા. મૅટ્રિક સુધીનો અભ્યાસ. એમનો ગઝલસંગ્રહ 'આરોહણ' એમની હયાતી દરમ્યાન પ્રગટ થયો છે. ભાવનગરના શાયરસમૂહમાં સાકિન આશાસ્પદ ગણી શકાય. એમનું ચિંતન અને કવન ગઝલની મર્યાદા જાળવી શક્યું છે. હજી વધુ જીવ્યા હોત તો વધારે સારું સર્જન કરી શકયા હોત, પણ જે કરી ગયા છે એ પણ ન ભૂલાય એવું છે. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

'રડવું હોય તો એકાંતે રડ, કારણ આપણે વરસતા મેઘ સમ મશહૂર નથી બનવું' એવો આંખને ઉપદેશ આપી રહેલા; 'તમારા વચન ઉપર ભરોસો છે; પણ તમે તો જિંદગી છો, અને જિંદગીનો ભરોસો કેવો?' એવી દલીલ કરતા; 'જ્યાં દુઃખો છે ત્યાં આદમનું હોવું જરૂરી છે માટે જ્યાં જાહોજલાલી નથી એવી જગ્યાએ લઈ જવા'ની વિધાતાને વિનંતી કરતાં પ્રયાણ કરી ગએલા આ સ્વર્ગસ્થ શાયરના શે'ર વાંચીને એમની યાદને તાજી કરીએ :

પ્રતીક્ષાને બહાને જિંદગી જિવાઈ તો જાશે,
તમારા આગમનની કંઈ ખબર ખોટીખરી આપો.

∞

વરાળો થઈ તજ્યો સાગર ને
વરસી જઈ થયાં ઝરણાં,
જીવન મીઠું બના'વા નીર
ખારાં ક્યાં જઈ પહોંચ્યાં!

∞

ઝંખી રહ્યું છે તુજને ઊજડતું કોઈ ચમન,
સરિતા! અમસ્તો તારો આ દરિયામાં જીવ છે.

દીપક જલાવીને એને ઉગારી લઈશ હું,
સંધ્યા સુધી ન માન કે છાયામાં જીવ છે.

∞

જવાનીમાં જો ઊર્મિનું મરણ થાશે તો શું થાશે?
ચમન જો ભરવસંતે ક્યાંક રણ થાશે તો શું થાશે?

પવન સંદેશ લાવ્યો છે,
મિલન યોજાશે સ્વપ્નામાં,
ખુશીમાં ને ખુશીમાં
જાગરણ થાશે તો શું થાશે?

કુદરતનું લૂણ ખાય છે પ્રત્યેક માનવી,
નહિતર નયનનાં ખારાં અમી હોઈ ના શકે,

'સાકિન'! ગગનને ઝેર શું પીવાં પડયાં હશે?
નહિતર એ નીલવર્ણું કદી હોઈ ના શકે.

∞

સુદૂરથી તો સરસ આસમાન લાગે છે,
ગગનની કિન્તુ ઠગારી જહાન લાગે છે;

શશીની સામે ધર્યું તો ય પાત્ર ખાલી રહ્યું,
નીતરતી ચાંદની મૃગજળ સમાન લાગે છે.

∞

એમ કહેતાં કહેતાં અંતે સો વરસ જીવી જશું :
'બસ હવે બાકી રહી છે જિંદગી થોડીઘણી.'

∞

અમીવૃષ્ટિ કોઈની એમ અંતરિયાળ અટકી ગઈ,
વરસતા મેઘને જાણે કો સહરાની નજર લાગી.

અમારી જિંદગી હર આપદાથી બેફિકર થઈ ગઈ,
ખરેખર આજ અમને કો દીવાનાની નજર લાગી.

નહીંતર નીર ખારાં આમ
'સાકિન'! ના ધસી આવે,
અમી-ભરપૂર આંખોને શું
દરિયાની નજર લાગી?

∞

તુજ દિલ નહિ તો તારી કૃપા મેળવી લઈશ,
ખુશ્બૂ કદી ક્યાં ફૂલની જાગીર હોય છે?

વીંધે જિગર તો ન્યાય ન તોળી શકે જગત,
એવાં અદીઠ એની કને તીર હોય છે!

તુજ આંખડીનો કોઈ નથી દોષ કાઢવું,
ને હું સુરા જો પીઉં તો તકસીર હોય છે!

કડવા અનુભવોની મહત્તા ય કમ નથી,
જીવનને કાજ ઝેર પણ અકસીર હોય છે!

∞

રાખજો પરદો, ન લાગે લોકની તમને નજર,
વીજળીથી વૃક્ષ ના ઘેઘૂર જોયું જાય છે.

∞

ખુદા એવો સમય ના કોઈ દુશ્મનને ય દેખાડે,
તમારું આવવું ને આંખનું બેનૂર થઈ જાવું.

∞

હૃદય! તારે જો રડવું હોય, એકાંતે રડી લેવું,
વરસતા મેઘ સમ ના આપણે મશહૂર થઈ જાવું.

∞

સકળ વાતાવરણમાં જો પ્રસરવું હોય સૌરભને,
સુમનની પાંખડીએ એને કંઈ રોકી નથી રાખી;

હવાએ લઈ જવી જો હોય ખુશ્બૂ ફૂલથી આઘે,
તો એને બાથ ભીડી કોઈએ બાંધી નથી રાખી.

∞

દર્શનની ઝંખનાથી છે બહુમાન રૂપનું,
મૃગજળનું કોઈ મૂલ્ય નથી, જો તૃષા નથી.

ઉપકાર ના ગણાવ ગગન! ફૂલને કદી,
પ્રસ્વેદ બાગબાનના શબનમથી કમ નથી.

∞

નથી જાહોજલાલી ત્યાં વિધાતા!
લઈ જજે અમને,
દુ:ખો જ્યાં હોય ત્યાં
આદમનું પણ હોવું જરૂરી છે.

∞

અહીં આવજો અવદશાને નીરખવા,
રહેજો તમે મુજ છબીને ભરોસે;

તમારા વચન પર છે વિશ્વાસ, કિંતુ
રહું ક્યાં સુધી જિંદગીને ભરોસે?

જહન્નમ ઘડી એણે જન્નતની સાથે
રહ્યો ના ખુદા આદમીને ભરોસે.

∞

જલતો'તો પૂર્ણ તેજે. હતું તેલ પણ અખૂટ
તો યે બૂઝયો ચિરાગ, મુકદ્દરની વાત છે.

સ્વભાવની એક યા બીજી ઊણપ છતી કરતી આ નવ લઘુકથાઓ એના લેખક રામનારાયણ ના. પાઠકની હળવી, મનોરંજક, સચોટ, સરળ, અને બોધપ્રદ શૈલીની પરિચાયક બની છે. પૃ. ૪૮, કાચું પૂઠું, કિં. ૬૦ પૈસા.

રોગાનો બેલી: સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ વૈદ્ય નાનભટ્ટની વૈદ્યવિદ્યા અને માનવસેવાને બિરદાવતા જીવનપ્રસંગોનું સંકલન ઈશ્વરભાઈ જ. પટેલે કર્યું છે. પૃ. ૪૮, કાચું પૂઠું, કિં. ૬૦ પૈસા.

અકબર: સામાન્ય ભણેલાઓને ઐતિહાસિક વાચન પૂરું પાડતું ટૂંકું જીવનચરિત્ર લે. બાબુભાઈ પ્રા. વૈદ્ય. પૃ. ૭૨, કાચું પૂઠું, રૂ. ૧.

જમશેદજી તાતા: એ નામી ઉદ્યોગપતિનું અબ્દુર્રશીદ શેખ લિખિત રોચક જીવનચરિત્ર પૃ. ૨૮, કાચું પૂઠું, ૪૦ પૈસા.

હૈયાનાં હીર: જેમાં મૈત્રી, કરુણા, શૌર્ય, સાહસ, પ્રેમ વગેરેમાં વ્યક્ત થઈ માનવજીવનનું મૂલ્ય દર્શાવતા, સૌરાષ્ટ્રની આમજનતાના અને

તેમાં ય ખાસ કરીને સ્ત્રીઓના જીવનને સ્પર્શતા બાર પ્રસંગો ચૂનીભાઈ ભટ્ટે આલેખ્યા છે. પૃ. ૪૮, કાચું પૂઠું, કિં. ૯૦ પૈસા.

લગ્નગીતો: આજના યંત્રયુગમાં આપણાં લગ્નગીતો ભુલાતાં જાય છે ત્યારે એવાં કેટલાંક ભાવપૂર્ણ ગીતોને શ્રીમતી કમળાબેન ભટ્ટ અને જ્યોત્સ્ના શુક્લે અહીં રજૂ કર્યાં છે. લગ્નવિધિના જુદા જુદા પ્રસંગો—ગણેશસ્થાપન, ગ્રહશાંતિ, મંડપારોપણ, પીઠી, મામેરું, જાન, વળામણાં વગેરે—ને લગતાં લગભગ સવાસોથી વધારે ગીતોનો આ સંગ્રહ બહેનોને જરૂર ગમશે. કાચું પૂઠું; પૃ. ૯૨; રૂ. ૧.૨૦.

આપણી ફળવાડીઓ: પોતાની વિશાળ વાડીના જાતઅનુભવથી ફળઝાડોના નિષ્ણાત થએલા અંબાલાલ પટેલની આ પુસ્તિકા ખેતી કરનારાઓ ઉપરાંત આ વિષયના શોખીનોને પણ ગમશે. પૃ. ૪૮, કાચું પૂઠું, ૬૦ પૈસા.

હરિયાળી ક્રાંતિ: વાર્તાકાર પીતાંબર પટેલે ગુજરાતની ધરતીને લીલુડી કરવા ઇચ્છતા ખેડૂતોને એમાં આવશ્યક ખેતીવિષયક માર્ગદર્શન આપ્યું છે. પૃ. ૬૮, કાચું પૂઠું, ૮૦ પૈસા.

સસ્તુ સાહિત્ય મંદિર
વિરાર, (પશ્ચિમ રેલવે) મુંબઇ

પ્રવાસી એક પંથનાં (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ): વજુભાઈ મહેતાની આ ત્રીજી નવલકથા આજના યુગનાં યુવક-યુવતી સામે એમના પ્રશ્નો લઈને આવી છે. ભા. ૧, પૃ. ૨૭૪, ભાગ-૨ પૃ. ૨૮૨. પાકાં પૂઠાં; દરેકની રૂ. ૮-૭૫.

પ્યાસે દીપ: શહેરી જીવનના રંગરાગ અને પરકીયભાવ વચ્ચે પણ પોતાની પરણેતરની મમતા અને ગભરુ બાળકનો પ્રેમ સાચવીને જીવતા દીપકની દાસ્તાન. પાકું પૂઠું, પૃ. ૨૭૮, રૂ. ૭-૫૦.

કહીં કહીં દીપ જલે: એ જ લેખકની એક લક્ષ્મીપતિના કુટુંબના એકમેકથી ભિન્ન સ્વભાવના માનવીઓની ગાથા. પાકું પૂઠું, પૃ. ૨૪૮, રૂ. ૬-૫૦.

પિંજરનું પંખી: કિશોર વ્યાસે એક ધનિક શેઠની ત્રીજી વારની યુવાન પત્ની અને એના પ્રેમીના હૈયાનાં તરતાં મૂકેલાં સ્પંદનોની કથા; પાકું પૂઠું, પૃ. ૨૯૨, રૂ. ૮-૫૦.

વલ્લભીની રાજ્યશ્રી: વલભી (વલ્લભી નહિ)ના ઈતિહાસના ઉત્સાહી અભ્યાસી ગિરિજાશંકર વ્યાસનો સૌરાષ્ટ્રની ધરતીની જીવંત કથા કોતરવાનો પ્રયત્ન, પાકું પૂઠું, પૃ. ૩૨૨. રૂ. ૯-૫૦.

તેજમઢ્યું તિમિર: સંસ્કૃતિ, સંસ્કાર ને ચારિત્ર્યની વાત લઈને આવતી ગુણવંત ભટ્ટની નવલકથા. પાકું પૂઠું, પૃ. ૨૯૨, રૂ. ૮-૭૫.

ખેડા જિલ્લા સહકારી સંઘ
સહકાર ભવન, નડિયાદ

ખેડા જિલ્લામાં સહકારી શિક્ષણ, તાલીમ, પ્રચાર, પ્રકાશન અને સંગઠનનું કામકાજ કરતી આ સંસ્થાએ સરદાર પટેલ યુનિ.ના ડૉ. વિશ્વનાથ જોષીની **સહકારી મંડળીઓમાં થતી ઉચાપત અને તેનો અટકાવ** (પૃ. ૬૦) અને એ જ લેખકે ઉમેદભાઈ પટેલ સાથે નિયોજેલા પરિસંવાદ **રાષ્ટ્રીયકરણ અને સહકારી પ્રવૃત્તિ** (પૃ. ૮૦) એમ બે કાચા પૂઠાની પુસ્તિકાઓનું પ્રકાશન કર્યું છે. દરેકની કિં. ૧-૫૦. સાથે **ગુજરાત રાજ્ય ચોથી સહકારી પરિષદ, નડિયાદ**ની સ્મરણિકા અને **નાગરિક સહકારી બેંક પરિસંવાદ**નો અહેવાલ પણ પ્રગટ કર્યો છે.

અન્ય પ્રકાશનોનાં પ્રકાશનો

મહાદેવભાઈની ડાયરી અને અન્ય લેખો-૧૧: ગાંધીજીના નિષ્ઠાવાન અંતેવાસી અને બહુશ્રુત તથા શિષ્ટ કલમબાજ સ્વ. મહાદેવભાઈ દેસાઈએ ગાંધીજીના સાન્નિધ્યમાં ગાળેલા જીવનની લગભગ રોજબરોજ રાખેલી અપ્રકટ અને અમૂલ્ય માહિતી તથા પ્રસંગોથી ભરપૂર ડાયરીના આ ૧૧મા પુસ્તકમાં તા. ૫-૬-૨૭ થી ૨૦-૧૨-૨૭ સુધીનો લગભગ સાડા છ માસનો ગાળો આવરી લેવાયો છે, જે દરમિયાન મહાત્માજીનો કાર્યક્રમ મુખ્યત્વે ખાદી અને રેંટિયાના પ્રચાર પૂરતો રહ્યો હતો. દક્ષિણ ભારતમાં બેંગલોરથી લંકા સુધીના એમના પ્રવાસની ઝાંખી કરાવતી આ ડાયરી તે વખતનો ઐતિહાસિક-સામાજિક સંદર્ભ રચી આપે છે. એમાં આવતા ગાંધીજીના કેટલાક પત્રો એમના નિર્ભીત વિચારો, અન્યનાં વિચાર-વર્તન સમજવાની એમની સહાનુભૂતિશીલ દૃષ્ટિ, એમનો આત્મસંઘર્ષ વગેરે પ્રકટ કરે છે. આ રીતે અભ્યાસીઓને આ પુસ્તક ઉપયોગી થઈ પડશે. (સંપાદક: ચંદુલાલ ભગુભાઈ દલાલ; પ્રકાશક: સાબરમતી આશ્રમ સુરક્ષા અને સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ-૧૩. પાકું પૂઠું; પૃ. ૫૧૭; રૂ. ૧૦)

ગાંધી ગંગા: ઈ. ૧૯૩૫માં રામનારાયણ ના. પાઠકે 'યુગાવતાર ગાંધી' ત્રણ ભાગમાં બહાર પાડેલું. ત્યાર પછી તો ગાંધીજીના જીવનમાં અનેક બનાવો બન્યા. આ બધાને સાંકળીને નવા સ્વરૂપે શ્રી પાઠકે ગાંધી શતાબ્દી નિમિત્તે 'ગાંધી ગંગા' નામે ગાંધીચરિત્રનો આ મહાગ્રંથ પ્રગટ કરી મહાત્માજીના ભવ્ય વ્યક્તિત્વને નમ્ર અંજલિ ધરી છે. સરળ લોકભોગ્ય શૈલીમાં રજૂ થએલું ગાંધીજીનું આ ચરિત્ર એમના અનેક ચરિત્રગ્રંથોમાં મહત્ત્વનું બની રહેશે. (પ્ર૦ લોકોપયોગી સસ્તી ગ્રંથમાળા, 'ભારતોદય મંડળ, પોરબંદર; પાકું પૂઠું; પૃ. ૪૩૯ રૂ. ૧૨-૫૦)

કવિ અને કવિતા: જાણીતા કવિ શ્રી હરીન્દ્ર દવેએ 'જન્મભૂમિ-પ્રવાસી'માં 'કવિ અને કવિતા' વિભાગમાં કવિતાના જે આસ્વાદો કરાવ્યા છે તેનો સંચય અહીં ઉપલબ્ધ છે. આ સંચયની વિશેષતા એ છે કે એમાં ભારતના પ્રાચીન કાળથી અર્વાચીન કાળ સુધીની ભારતની વિવિધ ભાષાઓ ઉપરાંત પરદેશી ભાષાની કેટલીક કૃતિઓ, સ્વરૂપ-વૈવિધ્ય અને વિષય-વૈવિધ્યની દૃષ્ટિએ, સંગૃહીત થઈ છે. એમાંના આસ્વાદનું ગદ્ય કવિત્વની છાંટવાળું અને કાવ્યકૃતિએ કવિચિત્ત પર શી અસર કરી છે તેનો નિખાલસ પ્રતિભાવ પ્રગટાવતું છે. આપણા ગણ્યાગાંઠ્યા કાવ્યસમુચ્ચયોમાં આ આસ્વાદમૂલક કાવ્યસમુચ્ચય આવકાર્ય છે. (પ્રકાશક: સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ. મુંબઈ-૧૪; કાચું પૂઠું; પૃ. ૨૫૩; રૂ. ૧૨)

પરપોટા: બહુજન સમાજમાં પોતાની નવલકથાઓથી માનીતા થએલા સૈફ પાલનપુરીની અગાઉના જેવી જ આકર્ષક નવલકથા. પ્ર૦ ફાલ્ગુની પ્રકાશન, ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ-૧. ભાગ ૧ પૃ. ૩૩૯, ભાગ ૨ પૃ. ૩૪૪. પાકાં પૂઠાં; પ્રત્યેકના રૂ. ૮-૫૦

પોરબંદર: ગાંધીજીના જન્મસ્થાન પોરબંદરનો સંક્ષિપ્ત ઇતિહાસ. લેખક-પ્રકાશક મણિભાઈ પુ. વોરા, કડિયા પ્લૉટ, પોરબંદર, કાચું પૂઠું, સચિત્ર પૃ. ૩૨, રૂ. ૧-૨૫.

તને સોનાના દેશ ઘણી ખમ્મા: ઓછામાં ઓછી કિંમત એક રૂપિયો રાખીને 'વાત્સલ્યધામ', માલપરા, જિ. ભાવનગરથી પ્રકાશિત, 'સોનાર બાંગ્લા'ને ઉદ્દેશીને લખાએલાં કવિ મનોહર ત્રિવેદીનાં આ આઠ કાવ્યો ખરીદીને જ વાંચવાં જોઇએ, કેમકે એની આવક 'બાંગ્લા દેશ સહાયક નિધિ'માં જવાની છે.

મહેકતી મહેફિલ: ચંદુલાલ શુક્લ, સંપાદિત શૌર્યકાવ્યો. પ્ર૦ કલમ મંડળ, ભુજ (કચ્છ); કાચું પૂઠું, પૃ. ૩૨, કિં. ૩૦ પૈસા.

પુરુષાર્થ પાઠાવલી: પ્રેમશંકર ન. ભટ્ટ સંપાદિત-પ્રકાશિત વિચારકંડિકાઓ. ઘરશાળા-ભાવનગર કાચું પૂઠું; પૃ. ૪૮, કિં. ૩૫ પૈસા.

તર્પણ: 'યુગલ' લિખિત્ મૂળ વાર્તાસંગ્રહ 'કાશ્મીરની સાંજ'માંની દસ વાર્તાઓનો 'ઉત્સુક' દ્વારા થએલો અનુવાદ. (પ્ર. 'વીણેલાં મોતી' કાર્યાલય, વડોદરા-૫, કાચું પૂઠું, પૃ. ૧૫૬, રૂ. ૨॥)

વીણાના સૂર: વિચારોની પ્રધાનતા અને સ્પષ્ટતામાં રાચતા શૈલેન રાવળનો ગઝલ-સંગ્રહ. પ્રાપ્તિસ્થાન: પ્રણવ પ્રકાશન. પો. બૉ. નં. ૨૩૪, રાજકોટ. કાચું પૂઠું, પૃ. ૬૪, રૂ. ૧-૨૫.

અલંકરણની શોધ

કોઈ રાષ્ટ્રનું જીવન કેટલુંક કલાપૂર્ણ છે એની જાણ એના સામાન્ય વ્યવહારની ચીજવસ્તુઓ પરથી થઈ શકે. ઉદાહરણ તરીકે સિંધુતટની સંસ્કૃતિના લોકો પાણી ભરવાના માટલા જેવી ચીજો ઉપર પણ ભાતભાતનાં શોભન આલેખતા હતા એ તો ખરું જ, પણ એવા ચિત્રિત ઘટ એમના મરણ પછી યે એમની સાથે દાટવામાં આવતા હતા. જીવનની તદ્દન સાધારણ વસ્તુઓને કલાત્મક રૂપ આપવું એ હજી હમણાં સુધી આપણી પરંપરામાં જળવાઇ રહ્યું હતું. અનેકવિધ માધ્યમો દ્વારા આ કલાચેતનાની અભિવ્યક્તિ થતી રહી છે. એમાં રંગ પણ પુરાયા છે અથવા પથ્થર, લાકડું, ધાતુ વગેરેનાં પાત્રો પર નકશી કે ઉપસાવેલી વિવિધ ભાતનાં શોભનો થતાં રહ્યાં છે. એક ધાતુ પર બીજી ધાતુનું શોભન-જડતર, કાપડ પર ચિત્રકારી છપાઈ કે ભરત યા તેના વણાટમાં જ ભાતગૂથણી થતી. યંત્રયુગના આગમન પહેલાં કારીગર એક એક વસ્તુના સર્જન પાછળ પૂરતો મનોયોગ સાધતો, ને એ વસ્તુ તૈયાર થતાં થતાં કારીગરના મનમાં યે અનેક નવાંનવાં શોભનો જન્મતાં જતાં. ને આમ, પરંપરાગત કલા-કૌશલમાં વિવિધતા અને સર્જનાત્મકતા પ્રકટ થતી રહી.

આમાં કેટલાંક અલંકરણો પાછળ તો અમુક મંગલ ભાવનાઓ પણ વણાએલી હતી. કમલમાં લક્ષ્મીનો વાસ મનાતો હોઈ એનું અલકરણ પણ શુભ મનાયું. સ્વસ્તિક, શંખ, મુચકુંદ આદિ આવાં પ્રતીકાત્મક શોભનો જ છે. આ બધાંની પાછળની શુભ કલ્પનાઓથી પ્રેરાઈને તો ભારતીય કલાકારોએ એમનાં અસંખ્ય અવનવાં રૂપ સર્જ્યાં છે. એક માત્ર કમલવેલનાં શોભનોની જ ગણતરી કરીએ તો એની જ એક આગવી વિસ્તૃત ઉપલબ્ધિ મળે. વળી, એ આકૃતિઓ પણ અનેક ભિન્નભિન્ન માધ્યમો અનુસાર ભિન્નભિન્ન સર્જાઈ છે; કેમ કે જે આકાર પથ્થર પર ઉપયુક્ત બને એ ધાતુ ઢાળવામાં કામ ન લાગે.

આમ, આપણી કલાપરંપરામાં આલંકારિક આકૃતિઓનો જે એક વિશાળ ભંડાર સર્જાએલો છે તેનો અભ્યાસ આવશ્યક છે કેમ કે એનાં રૂપ અમર હોઈ. કાલાતીત બનીને સદૈવ પ્રેરણાદાયી રહેશે. આજે આપણી સંસ્કૃતિ કરવટ લઇ રહી છે. એક તરફ પેઢીઓથી આપણે પશ્ચિમની સજાવટનું અંધ અનુકરણ કરી રહ્યા છીએ, ત્યારે સ્વાતંત્ર્યોત્તર ભારત પોતાની સર્વ અભિવ્યક્તિઓ માટે આવાં અલંકરણોને ખોળી રહ્યું છે. આવે સમયે શ્રી વાસુદેવ સ્માર્તે 'રૂપસંહિતા' નામનો અલંકરણસંગ્રહ એકઠો કરીને આપણને એક મોટી ભેટ ધરી છે એમ કહી શકાય.*

લગભગ પોણાબે હજાર જેટલાં અલંકરણ-ભાત-શોભનોનું એ એક અતિસુંદર સંકલન છે. વર્ષોની સાધનાથી એમણે આ અલંકરણો એકઠાં કર્યાં છે. પોતે એક ખ્યાત ચિત્રકાર હોઇ આ કાર્ય અંગેની ભારતીય પરંપરાની તેઓ અચ્છી સમજ ધરાવે છે. પોતાની આગવી દૃષ્ટિથી એમણે ભારતીય કલાનો સમસ્ત ઇતિહાસ તપાસી જોએલો છે ને એમાંથી જે કોઈ આકાર-આકૃતિ સંગ્રહણીય લાગી તેને તેમણે નોંધી ઉતારી લીધી છે. આ ગ્રંથમાં એમની ભિન્નભિન્ન આકૃતિઓ ઐતિહાસિક સ્તરાનુસાર સંકલિત કરવા સાથે એનું વિષયવાર વિભાજન પણ કરેલુ છે; અને આની બીજી વિશેષતા એ છે કે આ બધાં શોભનોમાંનાં અધિકાંશ નમૂનાઓ એમણે જાતે જોઇ તે પરથી પોતે જ ઉતારેલા છે.

આ અલંકરણ-સમૂહને મુખ્યત્વે અમુક વિભાગોમાં વહેંચી શકાય. આમાં પ્રમુખ વર્ગ ભૌમિતિક શોભનો માનવમાત્રની સંપત્તિ છે, એટલું જ નહિ એનો ઇતિહાસ પણ એવાં પ્રતીકો પરથી મનાય છે, જે પુરાપાષાણ યુગ કે નવપાષાણ યુગનાં આલેખનો સુધી પહોંચે છે. આ આદિમ પ્રવૃત્તિને માણસ આજ સુધી વિકસાવતો રહ્યો છે. એમાંથી અનેક આકારોએ ધાર્મિક પ્રતીકનું રૂપ ધાર્યું છે: જેમ કે ક્રૉસ, સ્વસ્તિક આદિ છેક એ કાળની દેણગી કહી શકાય. સીધી કે ગોળ રેખાને માણસે આલંકારિક રૂપ આપીને પોતાની અમૂર્ત કલાનો પ્રથમ પરિચય કરાવ્યા. સંભવ છે કે એ નવપાષાણ યુગમાં યે આ ભૌમિતિક આકૃતિઓ પાછળ કંઇ ધાર્મિક ભાવના રહી હોય.

બીજા પ્રકારનાં અલકરણો પશુપક્ષીઓ પર આધારિત છે. એમાં પણ અમુક રૂપ મંગલકારી મનાયાં છે. વરાહમિહિરે હંસને 'માંગલ્ય વિહગ' કહ્યો છે. કાલિદાસના કથન પ્રમાણે નવવધૂઓનાં ઉત્તરીય કે દુકૂલ પર પણ હંસની આકૃતિઓ આલેખાતી હતી. હંસોનો પ્રયોગ તો વસ્ત્રોથી માંડી સ્થાપત્ય સુધી પ્રાયઃ બધાં જ માધ્યમોમાં થયો છે. મુઘલ કાળની પહેલાં તો પશુપક્ષીઓથી ચિત્રિત વસ્ત્રોનું જ જાણે અ વિપાય હતું પણ આગળ જતાં એ કેવળ સ્થાનાય પ્રવૃત્તિ બની રહી.

વનસ્પતિ-જગતમાંથી પણ એક વર્ગ લેવાએલો છે. સિંધુતટના અવશેષોમાં માટીનાં વાસણો પર આવાં અનેક અલકરણો મળે છે. એનું કોઇ વિશિષ્ટ સાંકેતિક મહત્ત્વ પણ કદાચ હશે. પીપળાની ડાળ પણ એમાં જોવા મળે છે, એ પરથી કેટલાક વિદ્વાનો માને છે કે પરવર્તી કાળમાં બોધિવૃક્ષનો જે પ્રયોગ થયો તેનુ મૂળ આ સિંધુ-સભ્યતા કે નવપાષાણ યુગનાં ચિત્રણોમાં હોઇ શકે. આ રીતે અન્ય દેવીદેવતાનાં કે સંપ્રદાયોનાં પૂજ્ય વૃક્ષો પણ પ્રચલિત થયાં.

કલાવાર્તા

પણ આપણી સંસ્કૃતિમાં વનસ્પતિ જગતનું સૌથી મુખ્ય અલંકરણ કમળનું જ રહ્યું છે. અનેક દેવદેવતાઓનું એ આસન છે. લક્ષ્મી ને સૂર્યનું કર-આભૂષણ છે. ભારતીય કલા હજારો વર્ષથી કમળના આત્માને પ્રકટ કરવા મથી છે ને એમાંથી એનાં અવનવાં રૂપ સર્જાયાં છે. કમલવનના અલંકરણમાં પ્રાચીન કલાકારોએ તેનાં સમસ્ત પ્રકારનાં અલંકરણો સમાવીલીધાં છે. કમલવેલ જાણે એક કલ્પલતા છે, એટલું જ નહિ સ્વયં કમળફૂલને પણ તેમણે નિતનવાં રૂપ આપ્યાં છે. ગુપ્તકાળ આવતાં સુધીમાં તો એનાં રૂપ પાણીનાં ફીણ સાથે મળી ગયાં છે: જાણે પાણીનો જ એક ભાગ હોય એવા લય-મરોડ એમાં સિદ્ધ થયા છે.

શ્રી સ્માર્તે એમના પ્રસ્તુત ગ્રંથ દ્વારા આવી ભારતીય કલાપરંપરાને આપણી સમક્ષ રજૂ કરી છે. આજના કલાકારો માટે એ પ્રેરક સિદ્ધ થશે અને કલાપ્રેમીઓની રુચિને વિકસાવશે જ એવી આશા એમની આ 'રૂપસંહિતા'ને જોઇ સહેજે બંધાય છે. —રાય કૃષ્ણદાસ

*'રૂપસંહિતા: ૧૧×૯ ઇંચના મોટા કદનાં પોણા બસ્સો પાનાંમાં પોણા બે હજાર આકૃતિઓ સમાવતો ભારતીય અલંકરણોના ચૌદ વિભાગોમાં વહેંચાએલો અણમોલ સંચય; સંગ્રાહક: વાસુદેવ સ્માર્ત : પ્રકાશક કલા-રવિ ટ્રસ્ટ, C/o કુમાર કાર્યાલય લિમિ. અમદાવાદ-૧. રૂ. ૪૦



આ નાતાલમાં શું મોકલશો?

કરુણાગૃહનાં કાર્ડ

આ પાંચ અભિનંદનપત્રો પરનાં ચિત્રો જોતાં જ એ બાળકોની કલમે આલેખાએલાં છે એ તો સહેજે સૌ સમજી શકશે. પણ એનાં ચિત્રકાર બાળકો બધાં હાથેપગે અપંગ છે. ને એકને તો હાથનાં કાંડાં જ નથી, એ જાણી આશ્ચર્ય થશે. મૈસૂર રાજ્યમાં અપંગ બાળકો માટે કાર્ય કરતી એક સંસ્થા 'કરુણાગૃહ'નાં બાળકોએ જ ચીતરેલાં આ ચિત્રો છે.


ચૌદેક વર્ષ પહેલાં જાપાનથી એક ગૃહસ્થ ભારત આવેલા. ઘેર જઈ ભારત વિષે જે વાતો કરી તે સાંભળી એમની દીકરી આત્સુકોને ભારત જોવાની રઢ લાગી અને એ માટે અભ્યાસમાં દક્ષિણ ભારતના ચોળવંશના ઇતિહાસનો વિષય પસંદ કરી તેમણે તામિલનાડુ-મૈસૂરને વિસ્તૃત પ્રવાસ કર્યો સાથે કન્નડ ભાષા પણ શીખી લીધી. એ પાછાં ફર્યાં ત્યારે ફરી ભારત આવવાનો નિશ્ચય કરીને ગયાં. ને એ તક મળી પણ ખરી. ગાંધી-જન્મશતાબ્દી નિમિત્તે જાપાનથી આવેલાં પચાસેક યુવક-યુવતીઓ સાથે તેઓ પણ ફરી ભારત આવ્યાં અને ગાંધી-વિચારસરણીથી કાર્ય કરતી સંસ્થાઓમાં બે વર્ષ સુધી કામ કરવાને માટે રોકાયાં. આ માટે આત્સુકો અને એક બીજી જાપાની બહેને મૈસૂર રાજ્યના મેલકોટમાં 'જનપદ સેવા ટ્રસ્ટ' દ્વારા ચાલતી અપંગ બાળકો માટેની સંસ્થા 'કરુણાગૃહ'માં કાર્ય કરવાનું પસંદ કર્યું ને થોડા સમયમાં બાળકોનાં એ 'પુષ્પા આક્કા' બની ગયાં.

આ 'કરુણાગૃહ'માં મોટે ભાગે બાળલકવાથી અપંગ બની ગએલાં અને કેટલાંક હાથપગ વિનાનાં બાળકો છે. પણ અહીંનાં દેખભાળને કારણે આ અપંગ બાળકો અન્ય સ્વસ્થ બાળકો જેવી જ કે એથી યે વધુ ચપળતા અને બુદ્ધિશક્તિ દાખવે છે. પોતાની માલિકીના એક છાપખાનાની આવક સિવાય કરુણાગૃહનું કોઈ ખાસ ભંડોળ ન હોઈ પુષ્પા આક્કાને આ સેવાપ્રવૃત્તિના આર્થિક પાસાની ચિંતા સતત સતાવતી રહી છે. અહીંનાં બાળકો વધુ માનભેર રહી શકે એવી કોઈ કાયમી વ્યવસ્થા ઊભી કરવાના વિચારમાંથી એક ઉપાય તરીકે એમણે બાળકોને ચિત્રકળા શીખવવા માંડી, જેના પરિપાક રૂપે એમણે અહીં આપ્યાં છે એવાં બહુરંગી અભિનંદન પત્રો હમણાં છપાવ્યાં છે.

આ બધાં કાર્ડ પરનું ચિત્રકામ કરુણાગૃહનાં અપંગ બાળકોએ જ કરેલું છે. ગયે વર્ષે પણ આવો પ્રયોગ કરેલો ને સ્થાનિક બજારમાં એ વેચેલાં. પણ એના વ્યાપક પ્રસાર માટે આ વર્ષે મુંબઈમાં વધુ સારી છપાઈ કરાવીને આઠ કાર્ડનો એક એવા ચાર હજાર સેટ એમણે તૈયાર કરાવ્યા છે. પણ આ રીતે બાલકલ્યાણ અર્થે દર વર્ષે અભિનંદનપત્રો બહાર પાડે છે, જેને દુનિયાભરમાંથી સારો આવકાર મળે છે. ભારતમાં પણ એ કાર્ડનું સારું વેચાણ થાય છે એ જોઇને જ પુષ્પા આક્કાએ દેશનાં જ અપંગ બાળકોના કલ્યાણ માટે આ સાહસ ખેડ્યું છે.

પણ એનું વેચાણ એ આત્સુકોબહેનનું ક્ષેત્ર નથી. આથી મુંબઈના 'એક્સેલેન્ટ સેન્ટરે' એમને સહાયરૂપ થવા વિચાર્યું છે. તેઓ આઠ કાર્ડના આ સેટની સાથે 'કરુણાગૃહ' સંસ્થાનો પરિચય તથા આ આઠે ચિત્રોનાં આલેખક અપંગ બાળકોના પરિચય સાથે 'અભિનંદન સંદેશ' ઉમેરીને તેના વેચાણમાં મદદ કરે છે. ટપાલ ખર્ચ સિવાય આ સેટની કિંમત સાત રૂપિયા છે, જે આવક કરુણાગૃહનાં બાળકો માટે જ ખર્ચાવાની છે. નાતાલના તહેવારો હવે ઘણા નજીક છે, છતાં પહોંચી શકે તે સૌએ આ કાર્ડ ખરીદીને આત્સુકોબહેને આપણાં અપંગ બાળકો માટે આદરેલી આ પ્રવૃત્તિમાં સાથ આપતાં ખચકાવું જોઇએ નહિ. ઇચ્છુકો આ માટે આ સરનામે સંપર્ક સાધી શકશે : Karuna Grih, Janapad Seva Trust, Melcote, Dist. Mandya, Mysore State. અથવા Indo Japanese Association, 12 Rampart Row, Fort, Bombay-1





ભારતના જૂનામાં જૂના (૧૫૦ વર્ષના) દૈનિક પત્ર મુંબઈ સમાચારની વિકાસકથા

બે મહાન પત્રકારો

લેખક · યજ્ઞેશ શુકલ

ઈ. ૧૮૭૦માં 'મુંબઈ સમાચાર'નું તંત્ર ને માલિકી પોતાના હાથમાં લીધા પછી તેની કાયાપલટ કરીને તેમાં નવા પ્રાણ પૂરનાર તથા વિકાસને પંથે મૂકનાર શ્રી માણેકજી બરજોરજી મીનોચેર હોમજીએ પ્રજાના તમામ પ્રશ્નોને 'સમાચાર'માં વિશદરીતે ચર્ચવાનો માર્ગ મોકળો કર્યો ને એક રીતે ફરદુનજી મર્ઝબાનજી પછી એ પત્રના વિકાસમાં સૌથી વધુ સંગીન ફાળો આપ્યો. પ્રજાને સ્પર્શતા પ્રત્યેક ક્ષેત્રના પ્રશ્નોની ચર્ચા કરતાં તેમણે ભારે વિવેકબુદ્ધિ, વિવેચનશક્તિ અને તટસ્થતાનાં દર્શન કરાવીને પ્રજાને સુયોગ્ય માર્ગદર્શન આપ્યું. એ બહુવિધ પ્રતિભા ધરાવતી વ્યક્તિ હતા. તેમણે ૧૨ નવેમ્બર ૧૮૭૪થી પ્રજાની નબળાઈઓ અને દૂષણો ઉપર કટાક્ષ અને ચાબખા મારવાના હેતુથી 'દાતરડું' નામે સાપ્તાહિક શરૂ કરેલું, જેમાં સમાચાર-વિવેચનની હળવીરીતે સમીક્ષા કરીને અનોખી ભાત પાડેલી. એ ૨૫ વર્ષ ચાલીને ૧૮૯૯માં બંધ પડેલું. એ ઉપરાંત પણ બીજાં કેટલાંક સામયિકો એમણે શરૂ કરેલાં, અને મૃત-પ્રાયઃ થઈ ગએલી 'જ્ઞાનપ્રસારક મંડળી'ને સજીવન કરવામાં પણ મોટો ફાળો આપેલો. પ્રજાને પડખે રહીને આયાત-જકાત તથા પરવાનાવેરા સામે લડતો ચલાવેલી, અને રશિયા તથા તુર્કી વચ્ચેની લડાઈના અહેવાલો સચિત્ર છાપેલા.

એમના પછી ઈ. ૧૮૯૮માં કેખુશરૂ મીનોચેર હોમજી તંત્રીપદે આવ્યા. પણ આ દરમ્યાન સમાચારને ભવિષ્યમાં મળનારા એક મહાસમર્થ ને પ્રતિભાશાળી સંપાદકનું ઘડતર 'સમાચાર'ની કચેરીમાં થઈ રહ્યું હતું, જેણે સમાચારની બોલબાલા વધારવામાં બેનમૂન ફાળો આપ્યો એટલું જ નહિ પણ પત્રકારત્વને ક્ષેત્રે અનેક નવા ચીલા પાડયા, અને એનું શાસ્ત્રીય સ્વરૂપ નક્કી કરવા સાથે તેના પયના સિદ્ધાંતો અને નીતિ-નિયમો પણ ઘડયા. એ વ્યક્તિ તે શ્રી મહેરજીભાઈ પાલનજી માદન.

ઈ. સ. ૧૮૬૦ની ૧૮મી સપ્ટેમ્બરે જન્મેલા આ એવરદ મહેરજીભાઈએ ૧૧ વર્ષની નાની વયે માસિક રૂ. ૧૨ના પગારે પ્રુફરીડર તરીકે 'સમાચાર'માં પ્રવેશ કરેલો (૧૮૭૧). એમાંથી આગળ વધતાં છ વર્ષ બાદ ૧૮૭૭માં રીપોર્ટર થયા, ત્યાંથી ધીરેધીરે ઉપતંત્રીપદે પહોંચ્યા, અને ઇ. ૧૮૯૮માં 'મુંબઈ સમાચાર'ના મુખ્ય સંપાદકને સ્થાને વરાયા. એમની પાછળ એમની જ રીતે સામાન્ય પ્રુફરીડરમાંથી પોતાના પરિશ્રમ અને પુરુષાર્થથી પત્રના તંત્રીપદે પહોંચેલા બીજા પત્રકારો પણ ગુજરાતને સાંપડયા છે, પણ કદાચ તે સૌ માટે મહેરજીભાઈ જ માર્ગદર્શક બની રહ્યા હતા. એ મહેરજીભાઈને નામે ગુજરાતી પત્રકારત્વની છ દાયકાની સમૃદ્ધ સેવા નોંધાએલી છે.

અગિયાર વર્ષની કુમળી વયે એમને નોકરી લેવી પડી એ હકીકત જ એમની કૌટુંબિક સ્થિતિનો ખયાલ આપી રહે છે. પણ એ નોકરીની સાથેસાથે એમણે પોતાનો અધૂરો રહેલો અભ્યાસ જારી રાખીને ખૂબ વાચન-મનન કરવા માંડયું. તે એટલી હદ સુધી કે મોટપણે તેમણે એક અભ્યાસી તરીકેનું સ્થાન પ્રાપ્ત કરેલું, અને એ એમને પત્રકારત્વના વ્યવસાયમાં ટોચે પહોંચવામાં ઘણું ઉપયોગી નીવડયું. આ ઉપરાંત પોતાના જરથોસ્તી ધર્મનું ઘણું ઊંડું જ્ઞાન એમણે મેળવ્યું હતું; અને ધર્મના એક પ્રખર વિદ્વાન લેખે એમની ગણતરી થતી હતી. 'સમાચાર'માંથી વચ્ચે તેઓ થોડો થોડો વખત 'અખબારે સોદાગર' અને 'જામે જમશેદ' પત્રોમાં ગયા હતા, પણ થોડા સમય બાદ ત્યાંથી પાછા આવ્યા હતા, જે સંબંધ છેક ઈ. ૧૯૧૫ સુધી રહ્યો હતો, એવામાં તાતા કંપનીએ 'પારસી' નામનું જૂનું પત્ર ખરીદી તેને 'પ્રજામિત્ર અને પારસી'ના નવા નામે અવતાર્યું તેના તંત્રી તરીકે મહેરજીભાઈ જોડાયા. ત્યાંથી છૂટા થઇને એમણે 'સત્યમિત્ર' નામે સાપ્તાહિક શરૂ કર્યું, પણ તે ઝાઝું ચાલ્યું નહિ. તે બંધ પડતાં મહેરજીભાઈ નિવૃત્ત થયા, જોકે તેમની કલમનો



મહાસમર્થ અને શક્તિશાળી તંત્રી જેમણે 'મુંબઈ સમાચાર'ની બોલબાલા વધારી

પત્રકારત્વને ક્ષેત્રે અનેક નવા ચીલા પાડી તેનું શાસ્ત્રીય સ્વરૂપ નક્કી કરનાર મહાન પત્રકાર

૧) એવરદ મહેરજીભાઈ પાલનજી માદન

લાભ તો પત્રકારત્વને અંત સુધી મળતો જ રહ્યો.

એમની ૫૯ વર્ષની પત્રકાર તરીકેની કારકિર્દી ભારે યશસ્વી રહી. પ્રુફરીડરમાંથી થોડા જ સમયમાં રીપોર્ટર બન્યા પછી એ સ્થાન પરથી તેમણે જે બાહોશી બતાવી તેના અનેક દાખલા મોજૂદ છે. રીપોર્ટરના વ્યવસાયનું અરમાન ને ગૌરવ ગુજરાતી પત્રકારત્વમાં તેમણે સ્થાપ્યું. એ કાળે અંગ્રેજ શાસન તરફથી દેશી ભાષાનાં અખબારો પ્રત્યે ઉપેક્ષા સેવાતી. અંગ્રેજી છાપાંના રીપોર્ટરો માટે જે સરલ ને સુલભ હતું તે દેશી પત્રો માટે મુશ્કેલ અને દુર્લભ—બલ્કે અસંભવિત હતું. કોર્ટો, કૉર્પોરેશન, ધારાસભા, યુનિવર્સિટી વગેરેમાં દેશી છાપાંના રીપોર્ટરોને સ્થાન ન હતું. મહેરજીભાઇએ આ સામે પ્રખર ઝુંબેશ ચલાવી, જેને પરિણામે માત્ર ગુજરાતી જ નહિ પણ સર્વ દેશી ભાષાના રીપોર્ટરો માટે એ બધાં દ્વાર ખુલ્લાં થયાં.

રીપોર્ટરમાં હોવી જોઈતી નીડર પ્રામાણિકતા એ બીજો ગુણ પણ તેમણે પોતાની કારકિર્દીથી સ્થાપિત કર્યો હતો. કોઈની પણ શેહમાં તણાયા વિના કે કોઈ પણ પ્રલોભનોને વશ થયા વિના તેઓ સત્યને સ્પષ્ટ રીતે રજૂ કરતા. તેનું એક દૃષ્ટાંત ત્યારે પ્રભાસ પાટણમાં થએલા કોમી હુલ્લડ અંગેનું છે. એની તપાસ કરવા તેઓ જૂનાગઢ ગયા ત્યારે એ હુલ્લડને લગતા ચોકસ દસ્તાવેજો ગુપ્ત રીતે જોવાને લાગતાવળગતા પક્ષો આતુર હતા. મહેરજીભાઈના હાથમાં આ દસ્તાવેજો આવ્યા હતા. તેમણે કોઈની પણ શેહમાં તણાયા વિના કે અપાએલાં પ્રલોભનોમાં ફસાય વિના એ પ્રકટ કર્યા હતા, ને તેથી ભારે હાહાકાર મચી ગયો હતો.

એ કેસની સુનાવણી પતી ગયા પછી જૂનાગઢના નવાબસાહેબ તરફથી એમને પોશાક ભેટ આપવામાં આવ્યો હતો, તે નવાબસાહેબનું માન રાખવા તત્કાલ પૂરતો સ્વીકારીને તરત પાછો મોકલી દીધો હતો. પોતાના વ્યવસાયને વફાદાર રહીને તેઓ ભેટસોગાદો લેવાથી સદા દૂર રહ્યા હતા. જયારે આજે એથી ઊલટું જ જોવા મળે છે: જેમાં ભેટસોગાદો ન મળવાની હોય એવી અખબારી પરિષદોમાં હાજરી ઓછી હોય છે!

લેખકોને સૂચના

હજી પણ ઘણા લેખકો પોતાની કૃતિની સાથે પોસ્ટેજ મોકલતા નથી. અને પાછળથી તેને વિષેનો નિર્ણય જાણવા કાગળો ઉપર કાગળો લખી પોસ્ટેજ બગાડયા કરે છે! (અજબ છે આ લોકો!!) એથી સૌને ફરીથી વિનતિ છે કે ૧) પોતાની કૃતિ વિષેનો નિર્ણય જાણવા માટે સરનામું કરેલું ટિકિટવાળું પોસ્ટકાર્ડ કૃતિ સાથે જ મોકલવું જોઇએ; ૨) કૃતિ પાછી મેળવવા માટે પૂરતું પોસ્ટેજ (બાંગ્લા દેશ રાહત ટિકિટ સાથે) ચોડેલું અને પૂરું સરનામું કરેલું કવર કૃતિની સાથે જ મોકલવું જોઇએ; ૩) છૂટી ટિકિટ હરગીઝ નહિ: એ સલામત નથી. પોસ્ટેજ વગરની કૃતિ વિષે ક્યારે ય પણ જવાબ અપાશે નહિ અને કૃતિ રદ કરવામાં આવશે; તેની કોઈ જવાબદારી અમારી રહેશે નહિ.

એમના અવસાન પ્રસંગે અંજલિ આપતાં 'મુંબઈ સમાચારે' લખેલું કે 'શેઠ મહેરજીભાઈ પ્રામાણિક માન્યતા પ્રમાણે ચાલનારા હતા અને એ માર્ગે ચાલતાં કાંઈ સહન કરવું પડે તો તે માટે તત્પર રહેતા. એમ અંતઃકરણ પ્રમાણે ચાલવા અને માળવા માટે એક વાર એક વહોરાએ તેમના પર હુમલો પણ કર્યો હતો. પણ તેથી ડરી કે ગભરાઈ ન જતાં તેમણે બીજે દિવસે વધુ સખત લખ્યું હતું. તેમના માર્ગમાં કેટલીકવાર લાલચો ઊભી કરવામાં આવી હતી તે બધીને તેમણે ઠોકરે મારી હતી.'

પત્રકારોના હક માટેની ઝુંબેશ ઉપરાંત તેમના સંગઠનની પ્રવૃત્તિઓમાં પણ તેમણે રસ લીધો હતો, જેને પરિણામે ઈ. ૧૯૨૯માં અમદાવાદમાં મળેલી પહેલી ગુજરાતી પત્રકાર પરિષદના પ્રમુખસ્થાને તે વરાયા હતા. એ સ્થાનેથી તેમણે આપેલું માર્ગદર્શન આજે પણ પત્રકારોનું પથપ્રદર્શક બની રહે તેવું છે. પત્રની ભાષા સાદી અને સરળ હોવા ઉપરાંત 'શુદ્ધ' હોવી જોઈએ તેના એ આગ્રહી હતા. એમની પહેલાંના 'મુંબઈ સમાચાર'ની ભાષા સાદી છતાં શુદ્ધ નહોતી. મહેરજીભાઈએ જ શુદ્ધિનો આગ્રહ રાખી ગુજરાતી પત્રકારત્વમાં શુદ્ધ ભાષા દાખલ કરી કહી શકાય.

વળી 'મુંબઈ સમાચાર' મુખ્યત્વે જે વેપારી આલમનું પત્ર ગણાય છે, તેવું તેને બનાવવાનો યશ મુખ્યત્વે મહેરજીભાઈને ફાળે જાય છે. અલબત્ત, એમની અગાઉ પણ વેપારીઓને ઉપયોગી સમાચારો તથા માહિતીઓ વગેરેને 'મુંબઈ સમાચાર'માં આગળપડતું અને વધુ પ્રમાણમાં સ્થાન મળતું જ હતું, પણ મહેરજીભાઈએ એથી આગળ વધીને વેપારીઓના પ્રશ્નોમાં ઊલટભર્યો ભાગ લીધો અને તેમના સંગઠનની દિશામાં સચોટ માર્ગદર્શન આપ્યું. મુંબાઈનું 'દેશી વેપારી ચેમ્બર'—જે આજે 'હિંદી વેપારી મંડળ'ને નામે ઓળખાય છે તે—ની સ્થાપના મહેરજીભાઈનાં લખાણો ને લડતને આભારી છે. સરકારની ચલણની રાજનીતિ સંબંધમાં તેમણે લડત ચલાવી હતી અને લૉર્ડ કર્ઝન સાથે પત્રવ્યવહાર કરીને એમણે હિંદીઓનું દૃષ્ટિબિંદુ તેમની સમક્ષ સચોટ રીતે રજૂ કર્યું હતું. દેશી સ્ટીમરોનો કાફલો ઊભો કરવાની પણ તેમણે આગ્રહપૂર્વક હિમાયત કરેલી. વેપારી પ્રશ્નોમાં તેમના આવા ઊંડા રસને કારણે ચેમ્બરે તેમને કારોબારી સમિતિમાં નીમ્યા હતા.

પહેલા મહાયુદ્ધ વેળા તેમના અગ્રલેખોએ પ્રજામાં ભારે રસ જગાડેલો. દેશવિદેશની પરિસ્થિતિનો ને ખાસ કરીને યુરોપના રાજકારણનો તેમનો અભ્યાસ ઘણો ઊંડો હતો, ને એવો જ ઊંડો હતો તેમનો જરથોસ્તી ધર્મનો અભ્યાસ. પહેલવી ભાષાના તેઓ પ્રખર વિદ્વાન હતા અને તેનાં કેટલાંક પુસ્તકો ગુજરાતીમાં ઉતાર્યાં હતાં. તેમની અવસાનનોંધમાં 'સમાચારે' લખેલું કે 'તેઓ સુધારક હતા, છતાં તેમના જ્ઞાનને પ્રતાપે જૂના વિચારવાળાઓને પણ કેટલાક વિષયોમાં એવા મહાત કરતા કે કોઇકોઈવાર દસ્તુરજીઓ (ધર્મગુરુઓ) તેમની પાઈ માગતા.

વૃત્તવિવેચન (રીપોર્ટિંગ)ની પણ તેમણે નવી દિશા ઉઘાડી. તેમના રીપોર્ટિંગ માટે એવું કહેવાનું કે કોઈ પ્રશ્ન અંગે કશો વિવાદ જાગે તો તેમાં મહેરજીભાઈએ લખેલો અહેવાલ સર્વ પક્ષો પ્રમાણભૂત તરીકે સ્વીકારતા. ગુજરાતી પત્રકારત્વને નવો વળાંક, નવો દિશાદોર આપવા માટે મહેરજીભાઈનું તે સદા ઋણી રહેશે. (ચાલુ)

(બીજા પ્રખર પત્રકારની વાત આવતે મહિને)

સુધારો: ઑક્ટોબર અંકમાં આવેલા આ લેખના પહેલા હપતામાં પૃ. ૩૮૩ ઉપર બીજા કૉલમમાં છેલ્લેથી સાતમી લીટીમાં સાલ ઈ. ૧૮૭૦ છે તે ૧૭૮૦ જોઈએ; અને છેલ્લેથી છઠ્ઠી લીટીમાં પડેલા શબ્દો 'તે અગાઉ' છે તેને બદલે 'તે પછી' જોઈએ.

તત્ત્વજ્ઞાનના આઇરિશ પ્રોફેસર વિલ્કીને રસ્તામાં એમના શિષ્ય ઈસ્કી મળતાં તેમણે કાંઈક યાદ આવતાં તેને પૂછ્યું: મેં સાંભળ્યું છે કે તમારા ઘરમાં કોઈક બીમાર હતું, ને પછી તેમનું અવસાન થયું. એ કોણ તમે હતા?' ઈસ્કીએ હસવું દબાવી ઉત્તર આપ્યો: 'હા સાહેબ, એ જ હું.' તત્ત્વજ્ઞાનીએ શોક દર્શાવતાં કહ્યું: 'મને બહુ જ દિલગીરી થાય છે...' અને પોતાની ધૂનમાં જ એ રસ્તે પડ્યા!

∞

અમદાવાદ મ્યુનિસિપાલિટીની મીટિંગ ભરાઈ હતી. રા. બ. રણછોડલાલ છોટાલાલ પ્રમુખ હતા. તેમની પાસે બે સભ્યો આવ્યા. એક કહે: જુઓ સાહેબ, આ શખ્સે મને લોફર કહ્યો.' બીજાએ ઉશ્કેરાઇને કહ્યું: 'સાહેબ એણે મને લોફર કહ્યો.' શાન્ત ગંભીર મુખ રાખી રણછોડભાઈ બોલ્યા: 'શું કામ લડી મરો છો? અમારે મન તમે બંને સરખા છો!'

'પહેલાં તો મારી પત્ની એક ઘડી યે હાર્મોનિયમ છોડતી નહોતી, પણ જ્યારથી આ બાબો આવ્યો છે ત્યારથી એ વાજાની નજીક પણ જઈ શકતી નથી.'

'હા; બાળકો ઘણી વાર જીવનમાં નિરાંત લાવી દે છે.'

∞

પ્રસિદ્ધ લેખિકા જેઈન ઑસ્ટિનને એક ઈર્ષાળુ મિત્ર બહેને કહ્યું: 'તમારું પુસ્તક સુંદર છે! કોણે લખી આપ્યું'

જેઈન: 'વ હ! તમને ખરેખર ગમ્યું? કોણે વાંચી સંભળાવ્યું?'

ઉગ્ર	હાઇકુ
કોંતલ ઘોડો	નામ હાઈકુ,
ગારે ખૂંત્યો; નીકળ્યો	જાપાનમાં પાઇકું.
ત્યારે ટારડું!	રે'શું દાયકુ.

(ન. પ્ર. બુચ)



અનુસંધાન] ગુરુ ગોવિંદસિંહ [પૃ. ૪૭૯થી

વહેમો, ચમત્કાર અને કર્મકાંડ સામે એમનો વિરોધ હતો. અનેક રીતે અનેક વાર એમણે એ પ્રગટ કર્યો છે. એક બ્રાહ્મણે યજ્ઞને દેવી ચંડીને હાથે પ્રત્યક્ષ પ્રગટાવવાનું વચન આપ્યું ત્યારે ગુરુએ, લાખોને ઠામે, એને ચાળીસ દિવસનો પ્રયોગ કરવા તો દીધો; પણ છેલ્લે જ્યારે 'દુર્ગા ક્યારે પ્રગટશે?' એના જવાબમાં પુરોહિતે કહ્યું કે 'શક્તિમાન નરબલિ અપાશે ત્યારે,' ત્યારે શમશેર ખેંચતાં ગુરુએ જવાબ વાળ્યો: 'તો મહારાજ. આપના જેવો શક્તિમાન બીજો ક્યાં મળવાનો હતો? ધરો ગરદન!'—ને યજ્ઞમંડપ છોડીને એ ભાગી ગયો! ગુરુએ લોકોને તલવાર દર્શાવીને કહ્યું કે, 'જુઓ, આ રહી દુર્ગા!'

શીખોની યે એકવાર પરીક્ષા લીધી. એક પૂર્ણિમાએ આનંદપુરમાં મહોત્સવ યોજ્યો. સમગ્ર ભારતમાંથી શીખો ત્યાં એકઠા થયા. ગુરુએ ત્યારે ખુલ્લી તલવારે કહ્યું: 'ભાઈઓ! મા દુર્ગા મારી પાસેથી પાંચ શિષ્યોનો ભોગ માગે છે. ગુરુને ખાતર છે કોઈ ભોગ આપવા તૈયાર? આગળ આવો.'

કોણ આવે? સન્નાટો છવાયો. ફરીથી એ જ માગણી. ત્યાં લાહોરનો ખત્રી ભાઈ દયાસિંહ આવ્યો. ગુરુ એને પડખેના તંબૂમાં લઈ ગયા. એક ચીસ સંભળાઈ. લોહીનો રેલો પણ તંબૂની બહાર દેખાયો! રક્તટપકતી તેગ લઈને ગુરુ બહાર આવ્યા.

બીજા શિષ્યની માગણી કરી. દિલ્હીનો જાટ ધર્મસિંહ આવ્યો. એના પણ એ જ હાલ થયા. સભામાં ખળભળાટ થયો. કેટલાકે એમની માતાને પુત્રને વારવા વીનવ્યાં, કેટલાકે પોબારા ભણ્યા. છતાં ત્રીજા, ચોથા, પાંચમા સુધી એમ થયું. એમાં અછૂત ને રંગારો પણ હતા.

પાંચ બલિદાનોથી ભીની બનેલ તલવારે ગુરુ ફરીથી તંબૂમાં ગયા ને થોડી વારે બહાર આવ્યા. ત્યારે પાછળ પેલા પાંચે ય જીવતાજાગતા આવતા હતા. એટલું જ નહિ, એમણે નવાં વસ્ત્રો ધારણ કર્યાં હતાં, માથે પાઘડી બાંધેલી હતી, કમરબંધ, કચ્છ ને કમરે ઝૂલતી તલવારથી એ શોભતા હતા.

એમાં ચમત્કાર નહોતો. લોકોના પ્રતિનિધિઓને એમણે જોડેનો તંબૂ જોવા મોકલ્યા. ત્યાં પાંચ બકરા વધેરાએલા પડ્યા હતા.

પછી એમણે એક વિધિ કરી: સાકર-પાણીમાં બેધારી કટાર ફેરવતાં ફેરવતાં પદો ગાઈને 'અમૃત' તૈયાર કર્યું. એ પેલા પાંચેયને પીવડાવીને દીક્ષિત કર્યા ને એમને 'પંજ પ્યારા' તરીકે જાહેર કર્યા. પછી પોતે એમની આગળ હાથ જોડીને ઊભા રહ્યા. માગ્યું: 'મને શિષ્ય બનાવશો?' એ વાત નવી હતી. એમણે સમજાવી: કોઈ ગુરુ નથી, નથી કોઈ શિષ્ય. નાનામોટાનો ભેદ પણ ટાળવો જોઈએ. એમ કહી ગુરુએ શિષ્યો પાસે દીક્ષા લીધી! નવી બિરાદરી સ્થાપી. એ રીતે હજારો દીક્ષિતો બન્યા. એ સૌને એમણે 'શુદ્ધ'–'ખાલસા' કહ્યા. એ શુદ્ધિ ઈશ્વરનું આધિપત્ય સ્વીકારવામાં હોય, અન્યાયનો સામનો કરવા સદા ય સજ્જ રહેવામાં હોય, જરૂર પડ્યે શસ્ત્ર વાપરવાની ક્ષમતામાં હોય, દેહ ને મનની નિરામયતામાં—નિર્મળતામાં–હોય. એ શુદ્ધિનાં પાંચ પ્રતીકો તે શીખોના દેહ પરનાં પંચ ક-કાર: કડું, કેશ, કંગી, કૃપાણ ને કચ્છ.

એમણે શીખોને નાતજાતથી પર રહી એક સર્વવ્યાપી પરમેશ્વરમાં શ્રદ્ધા રાખવા કહ્યું. ત્યાગ પર ભાર મૂક્યો. 'દેગ' ('સાથે જમીએ', જમાડીને જમીએ, ત્યાગીને ભોગવીએ), 'તેગ' ('સાથે પરાક્રમ કરીએ'), 'સિંહ' (ઈશની શક્તિનો અંશ છે વ્યક્તિ, તે શ્રદ્ધા રાખીએ, માનવમાત્રને એવો ગણીએ), 'ખાલસા' (આંતર્-બાહ્ય શુચિતા જાળવીએ), અને 'ફતેહ' (ધાર્યું ધણીનું થાય છે, વિજય એનો જ છે, 'સત્યમેવ જયતે')–એ પાંચ પ્રથા પાછળના સિદ્ધાન્તો સ્પષ્ટ કરી, તેને ખાતર જ પેલી પ્રથાઓ અપનાવવા કહ્યું. આ દસમા શીખગુરુએ ગુરુપ્રથાનો ય અંત આણ્યો. 'ગુરુ' શબ્દ હવેથી ઈશ્વરવાચક બન્યો એ જમાનાને અનુરૂપ વાણીમાં એમણે લોકોને નિષેધ કર્યો–'કોઈ વ્યક્તિને પરમેશ્વર કહેશો નહિ':

જે મુજને પરમેશ્વર કહેશે તે નર નરકુંડમાં પડશે,
હું તો પરમ પુરુષનો દાસ ખેલ જગતનો જોવા ખાસ.

સરહદના રાજાઓએ મોગલો સામે નમતું જોખ્યું ને ગુરુને હરાવવા મોગલ પેદેખાં–દીનબેગ આવ્યા, ત્યારે રાજાઓ એમની સાથે ભળી ગયા. આ વખતે ગુરુને દ્વંદ્વનું કહેણ આવ્યું. પહેલો ઘા પેદેખાંને કરવા ગુરુએ આગ્રહ કર્યો; એમાં એ નિષ્ફળ ગયો, ત્યારે એને હણ્યો. દીનબેગ તો વચમાંથી જ દ્વંદ્વ પડતું મૂકીને, ઘાયલ થઈ, નાઠો. ત્યારે રાજાઓએ મળીને ગુરુના સૈન્ય પર હુમલો કર્યો. ભીમચંદનો પુત્ર રાજા અજમેરચંદ એમનો સેનાનાયક હતો. સૌએ આનંદપુર ઘેરી લીધું. છતાં યુદ્ધમાં ગુરુની જીત થઈ. એમાં ગુરુપુત્ર અજિતે અસાધારણ શૌર્ય દાખવ્યું. અનેક દાવપેચો છતાં અજમેરચંદ હાર્યો અને ગુરુ સાથે સુલેહ કરી.

પછી તો બીજાં પણ યુદ્ધો થયાં. પ્રત્યેક યુદ્ધની અનેક રસભરી વાતો છે. યુદ્ધો જીતવા છતાં એમની ચિત્તસ્થિતિ તો આવી જ હતી: મુખમાં હરિ, હાથમાં તેગ.

ધન્ય જિયો તહકો જગમેં મુખ તે હરિ, ચિત્તમેં જુદ્ધવિચાર.
(જીવ્યું ધન્ય જગતમાં–જેને મુખ હરિ, ચિત્તે યુદ્ધવિચાર.)

સૈયદખાંનો હુમલો થયો ત્યારે, વચમાં આનંદપુર છોડ્યું, પણ પાછું જીત્યું. અજમેરસિંહની ફરિયાદથી ઔરંગઝેબે વજીરખાંને સૈન્ય સાથે મોકલ્યો. એ યુદ્ધને એક પ્રસંગે બન્ને પક્ષના ઘવાએલાઓને પાણી પાતા શીખ કન્હૈયાની વિરુદ્ધ ગુરુ પાસે ફરિયાદ આવી. ગુરુએ એને પૂછ્યું: 'દુશ્મનને પણ તું પાણી પાય છે તે સાચું?' એ કહે: 'આપે જ માણસ-માણસ વચ્ચે ભેદ ન પાડવા કહ્યું છે.' ગુરુએ એની પ્રશંસા કરી.

આનંદપુરનો આ વખતનો ઘેરો સાત માસ ચાલ્યો. અંતે ગુરુને આનંદપુર છોડવું પડ્યું (૧૭૦૪). પત્ની અને બે પુત્રો ગંગુ નામે એક શિષ્યને હવાલે કર્યા. એણે દ્રોહ કર્યો: એ ત્રણેને એણે, નામબેરીના નવાબને ત્યાં લઈ જઈ એને હવાલે કરી દીધા. બે માસૂમ બાળકોને માતાના દેખતાં રિબાવવામાં આવ્યા; 'બોલો, જીવવું છે? તો ઈસ્લામ સ્વીકારો.' કાં ધર્માંતર, કાં મોત, એ બે વચ્ચે પસંદગી કરવાની હતી. પણ એ તો હતા વીરબંદા, મેઘાણીએ આવા જ એક વીર માટે કહ્યું છે તેમ આ પણ

અડગ રહીને મર્યા વીર, નવ-વદ્યા 'અરર' તલભાર.

ને માતાએ પણ ત્યારે, ઘડીભર હૈયાના વાત્સલ્ય પર મોટો મણિકો મૂકીને એ જ આદેશ આપ્યો હશે:

'જય જય ગુરુનો જપો બેટડા! ભય નવ કરજે, તાત!'

–કારણ કે પુત્રની શહીદી પછી તરત જ એમણે પ્રાણ ત્યાગ્યો.

પિતા ત્યારે ચામકોરના યુદ્ધમાં હતા. ત્યાં બીજા બે પુત્રો અપૂર્વ પરાક્રમ દાખવી ખપી ખૂટ્યા. ચામકોરના કિલ્લામાં અલ્પસંખ્ય શીખો જ રહ્યા. હારની અણી હતી. સૌએ ગુરુને કિલ્લો છોડી ચૂપચાપ ચાલ્યા જવા સમજાવ્યા. ગુરુ એમ શાના માને? છેવટે શિષ્યોએ એમની જ દલીલનો ઉપયોગ કર્યો: 'અમેય તમારા ગુરુ ખરા કે?' 'ખરા. કેમ નહિ?'

'તો, અમારો આદેશ છે: તમે જાઓ.' ને ગુરુને દુશ્મન સેનાની વચ્ચેથી જ, મુસ્લિમ મિત્રો હેમખેમ દૂર લઈ ગયા. કુટુમ્બ મળ્યું ત્યારે ચારે ય પુત્રોની ને પત્નીની શહીદી વિષે પૂરી ખબર પડી. એક જણે ચાર પુત્રોના મૃત્યુ વિષે અફસોસ વ્યક્ત કર્યો. ત્યારે એમણે, પોતાની આસપાસના શીખોને બતાવીને જવાબ આપ્યો:

'આ પુત્રોના શીશ ઉપર મૈં વારી દીધા સુત ચાર;
ચાર મુઆ તો થઈ શું ગયું? જીવિત કંઈ હજાર.'

પછી એ ક્યાંય ઠરીઠામ રહી શક્યા નહિ. ગણ્યાગાંઠ્યા શિષ્યોની સાથે બધે ફરતા રહ્યા. એમનો આશય સ્થળે સ્થળે લોકોને જાગ્રત કરવાનો પણ

હતો. દક્ષિણ તરફ પ્રયાણ કરતાં એમણે ઔરંગઝેબને પત્ર લખ્યો. તે 'ઝફરનામા' નામે જાણીતો છે. પરદેશી શાસન સામે, જુલ્મ સામે, મુક્તિનો રાષ્ટ્રનિર્ધાર નિર્ભય રીતે રજૂ કરતા રાજકીય પત્રોમાં એને મહત્ત્વનો ગણવો પડે એવો એ છે. એમાં જ પેલી જાણીતી પંક્તિઓ છે:

ચૂકાર અઝ હમઃ હીલતે દર ગુઝશ્ત
હલાલસ્ત બુર્દન બ શમશીરે દસ્ત.
(ઉપાયો સૌ ખૂટી જાતાં, અસિ છેલ્લો સહારો છે.)

કહે છે કે એ પત્ર મળ્યા પછી ઔરંગઝેબમાં પણ પરિવર્તન થએલું. એ બન્નેની પરસ્પરને મળવાની ઇચ્છા પણ હતી, પણ તે પહેલાં ઔરંગઝેબનું મરણ થયું.

બહાદુરશાહ સાથે મનમેળ થવામાં હતો ત્યાં એક દિવસ એક પઠાણ ગુલેરખાંએ, દગાથી એમના પર જીવલેણ ઘા કર્યો. ઘા કરનારને તો એમણે જીવતો જવા ન દીધો; પણ પોતાને થએલા ઘાના ટાંકા થોડા દિવસ પછી તૂટી ગયા. ખૂબ સ્વસ્થતાથી એમણે મૃત્યુને આવકાર્યું. શિષ્યોને છેલ્લી શીખ દીધી ને સમાધિસ્થ થઈ પ્રાણ છોડચો. ઈ. ૧૭૦૮ના ઑક્ટોબરની સાતમીએ બેતાળીસ વર્ષનું શૌર્યપૂર્ણ સંતજીવન પૂરું થયું. પોતાના ઉત્તરાધિકારી તરીકે કોઈ વ્યક્તિ નહિ, 'ગ્રંથસાહેબ'ને ગણવાનો આદેશ એ આપતા ગયા; કારણ કે, ભર્તૃહરિએ કહ્યું છે તેમ, શબ્દે ન પરોવાયો હોય તેવો કોઈ પ્રત્યય (અનુભવજન્ય જ્ઞાન) આ સંસારમાં નથી અને તેથી જ

अनुविद्धमिव ज्ञानं सर्वं शब्देन भासते।

અન્યાય સામે સતત ઝૂઝનાર આ વીર, સ્વભાવે શબ્દના સાધક ને અંતરથી વિરક્ત સંત હતા. એક વાર નદી તટે બેઠેલા, ત્યાં કોઈ ધનિક શિષ્ય આવ્યો. સુવર્ણમુદ્રા ભેટ ધરી. એમણે તરત જ એ જળમાં ફેંકી દીધી. પેલો એ લેવા પાણીમાં પડચો ને પૂછ્યું: 'ગુરુદેવ, પેલી મુદ્રા ક્યાં નાખી એ બતાવશો?' પોતાની આંગળીએ જે એકમાત્ર મુદ્રા હતી તે તરત કાઢીને પાણીમાં નાખતાં ગુરુ કહે: 'જો, પણે.'

વીર, શાન્ત, કરુણ ને અદ્ભુત રસના અનેક પ્રસંગોથી સભર એમનું જીવન છે. એમણે જ એને 'વિચિત્ર નાટક' કહ્યું છે—એ નામે આત્મકથાત્મક આખ્યાનમાં. અન્યાયની સામે તેગ ઉઠાવનાર આ સંતની દૃષ્ટિમાં તો સમત્વ હતું. એમણે વારંવાર ઉપદેશ્યું છે:

દહેરું તે જ મસીદ, પૂજા તે નમાજ જાણો;
માનવ સર્વે એક, જૂજવા પ્રભાવ જાણો. □

રંગપૂરણી હરીફાઇ (૨)નું પરિણામ

'કુમાર'ના ગયા ઑગસ્ટ અંકમાં અપાએલી બીજી રંગપૂરણી હરીફાઈના 'અ' વિભાગમાં કુલ ૨૩૨ ચિત્રો મળેલાં, પણ તેમાં સમજપૂર્વક રંગ ભરનારા માત્ર ત્રણચાર વિદ્યાર્થીઓ જ હતા. તેમનાં ચિત્રોમાં યે દોષ રહી ગયા છતાં જે બે જણ સૌથી આગળ આવ્યા તેમનાં નામ ક્રમવાર નીચે પ્રમાણે છે: પહેલું ઈનામ: યાસિન હાસમભાઈ વૈદ્ય-નડિયાદ; બીજું: યજ્ઞેશકુમાર શામજીભાઈ કવૈયા-નડિયાદ.

વડોદરાની એક સાત વર્ષની બાળા કુ. સોનાલી ૨. મહેતાએ પણ રંગ ભરીને ચિત્ર મોકલેલું. નિયમાનુસાર હરીફાઈમાં તો તેનો સમાવેશ શક્ય નથી, પણ વયના પ્રમાણમાં તેણે વિવિધ રંગોનો જે યોગ્ય પ્રયોગ કર્યો છે તે નોંધપાત્ર છે.


વિભાગ 'બ'માં જે ૧૫ જણે ભાગ લીધો, તેમાં યે રંગોની સર્વ તરાહો સાચવનારું એકે ચિત્ર મળ્યું નથી. છતાં ગુણકક્ષા પ્રમાણે નીચે દર્શાવેલા બે જણને ઈનામ આપ્યું છે: પહેલું ઈનામ: બાલકૃષ્ણ શાંતિલાલ પંચાલ-હાલોલ; બીજું ઈનામ: કાન્તિલાલ રામજીભાઈ રાણા-વડોદરા.

નાના વિદ્યાર્થીઓ દશ્યચિત્રો ભાગ્યે જ ચીતરી શકે છે, પણ રંગસૃષ્ટિ તેમની નજર બહાર ન હોઈ શકે. દશ્યમાત્રમાં આકાશના તેજ પ્રમાણે જ પૃથ્વી પરના પદાર્થો રંગ પામે છે. સૂર્ય-ચંદ્રનો પ્રકાશ ન હોય ત્યારે કંઈ દેખાતું નથી. પણ આકાશમાં જરા પણ પ્રકાશ આવે ત્યારે પ્રથમ પાણી પર તે પ્રતિબિંબ પામે છે. આકાશમાં રંગ હોય તે જ રંગ પાણીની સપાટી પર પણ જોવા મળે. પદાર્થો પર જ્યાંથી તેજ આવતું હોય તે બાજુ વધુ પ્રકાશિત હોય છે. જમીન પર ઊગેલા ઘાસ કરતાં મોટાં વૃક્ષોનો લીલો રંગ વધુ ઘેરો હોય છે. રંગને લીધે જ વિવિધ આકારો એકબીજાથી અલગ દેખાય છે. દૂરના પદાર્થો, વચ્ચે હવાનો થર આવી જતાં આછા દેખાય છે. આકારો ઉપર પ્રકાશ પડે છે ત્યારે તે રંગીન દેખાય છે, પણ પ્રકાશ પાછળ હોય તે ઘનઘેરા લાગે છે. દશ્યચિત્રના આલેખન અને રંગપૂરણી અંગે આ કેટલાંક સૂચનો છે. પુસ્તકોમાંથી આંખ ખેસવીને આસમાની દુનિયા જોતાં શીખવવા માટે જ આ રંગપૂરણી હરીફાઈ યોજાય છે. સ્પર્ધા માટેનાં ચિત્રો મોકલતાં પહેલાં આપેલી છાપનું ટ્રેસિંગ કરીને સાચવશો તો ભવિષ્યમાં તેનાં પર ખાનાં આંકીને કે એમ ને એમ મોટાં કદનાં ચિત્ર કરવાનો મહાવરો વધી શકશે. ભવિષ્યમાં એકસાથે આ ચિત્રોના રંગીન નમૂના આપવાનો પણ ઈરાદો છે.

૨. મ. રા.

ભારતીય પદ્ધતિના નિયમોવાળો કોયડો-૭

આપણે ગયા અંકમાં એક એવો કોયડો જોયો કે જેમાં સામા પક્ષે રાજા અને પ્યાદાં સિવાયનું એક પણ મ્હોરું ન હોય તો મ્હાત ન થઈ શકે. આ વખતના કોયડામાં તો સામે પક્ષે મ્હોરું ન હોય તો શેહ પણ ન અપાય એવી શરત છે. તે ઉપરાંત, અહીં પણ મ્હાત ચોખાનામાં જ કરવાની અને કાળાના એક પણ પ્યાદાને ન મારવાની શરત પણ છે.



1 B-K5ch, K-R1; 2 B-N7ch, B×B; 3 R-K8 ch, B-B1; 4 K-B7! અત્યાર સુધીમાં આપણે જોએલા ભારતીય પદ્ધતિના કોયડામાં કાળાની દરેક ચાલ ફરજિયાત હતી, પણ અહીં કાળા પાસે બે વિકલ્પ છે.

1) 4..., P-K6; 5 B-Q4, P-K7; 6 P-N5, P-K8 કે P×N (=Q); 7 P-N7 mate.

2) 4..., K-R2; 5 B-Q4ch, K-R1; 6 P-N6, P-K6; 7 P-N6 mate.

બંને વિકલ્પમાં સફેદની ચાલ એક સરખી જ રહે છે એ વાત લક્ષ ખેંચે તેવી છે.

મ્હાત વખતે ઊંટ અણુરોઠ હોઈ સફેદ પ્યાદાને મારી શકતો નથી. આવા મ્હાતને Pin-mate કહેવાય છે. પહેલા વિકલ્પમાં 6 P×N (=Q) પછીની મ્હાત તો model mate પણ છે.

સુરેશ મોદી

ઋણ સ્વીકાર

ઑક્ટોબર અંકના મુખચિત્ર તરીકે છપાએલા શ્રી શ્યાવક્ષ ચાવડાના રંગચિત્ર 'નૃત્ય'ના બ્લૉકો 'સમર્પણ' પાક્ષિક (ભારતીય વિદ્યાભવન-મુંબઈ)ના સૌજન્યથી અમને છાપવા મળેલા તેના ઋણસ્વીકાર કરીએ છીએ.


ટપાલટિકિટની કથા

બ્રિટને પહેલી ટપાલ ટિકિટો બહાર પાડયા પછી બે વર્ષે ન્યૂ યૉર્કની એક ખાનગી પેઢીએ પોતાની ટિકિટો બહાર પાડી તે અમેરિકાની પહેલી ટપાલટિકિટ હતી. તેના પર જ્યૉર્જ વૉશિંગ્ટનનું રેખાચિત્ર હતું. પણ સમગ્ર યુનાઈટેડ સ્ટેટ્સ માટેની એક સરખી ટપાલટિકિટો તો ઈ. ૧૮૪૭માં બહાર પડી જેમાંની એક પર બેન્જામિન ફ્રૅંકલિનની અને બીજી પર જ્યૉર્જ વૉશિંગ્ટનની છબિઓ હતી.



ડાબી બાજુ અમેરિકાની પહેલી ટપાલ-ટિકિટ અને જમણી બાજુ ઝુરિખની ટિકિટ

આ અરસામાં ઝુરિખ (સ્વિટ્ઝર્લૅન્ડ)-માંથી ૪ અને ૬ રૅપનની કિંમતની બે ટિકિટો બહાર પડી જેમાં કિંમતનો આંકડો જ એના આલેખનનું મુખ્ય અંગ હતો. એ પછી જિનીવામાંથી એક નવતર ટિકિટ નીકળી. નિયત કરતાં વધુ વજનના કાગળ પર આખી, પણ નિયત વજનના કાગળ પર એને ફાડીને અર્ધી ટિકિટ ચોડવાની હતી. સંગ્રાહકો એને 'ડબલ જિનીવા' નામે ઓળખે છે.



'ડબલ જિનીવા' અને 'બાલ ડવ'

ઈ. ૧૮૪૫ જુલાઈમાં બાલ મુકામેથી બહાર પડેલી ટિકિટ દુનિયાની પહેલી બહુરંગી ટિકિટ હતી. તેના પર. ચાંચમાં પત્ર લઈ ઊડતા કબૂતરની ઉપસાવેલી છાપ પાછળ લાલ પશ્ચાદ્‌ભૂમિ હતી અને ચારે ખૂણે આસમાની રંગની છાપ. ટિકિટની કિંમત વગેરે લખાણ કાળા રંગે છપાએલું. પેલા કબૂતરને લીધે એ ટિકિટ 'બાલ ડવ' (બાલનું કબૂતર)નામે જાણીતી છે.

આજે આ બધી ટિકિટો લગભગ સવા સદી વટાવી ચૂકી હોઈ ઘણી રીતે એ અતિ મૂલ્યવાન બની રહી છે. □



અર્ઘ્યુઝરી

ડૂબશું મઝધારમાં પણ નાવને તારી જશું,
કોઇને ખાતર મરીને મોતને મારી જશું;
ભોમિયા ભૂલા પડે એવા અગોચર પંથમાં
કો નવી પગદંડીએ વણઝાર હંકારી જશું!
—'વિશ્વરથ'

સ્વ. માનવતાવાદી ડૉ. ભાસ્કરરાવ બી. યોધ

માનવસેવાની ઉત્તમ તક સાથે સંકળાએલા સેવાપ્રવર તબીબી વ્યવસાયમાં પણ આજે જ્યારે વ્યાપારી દૃષ્ટિએ કાર્ય થતું જોવા મળે છે તેવા સમયમાં જે કોઈ વિરલ વ્યક્તિઓએ વ્યવસાયની સાથે લોકસેવાને પણ જીવનમાં સમાન મહત્ત્વથી અપનાવી છે તેમાં મુંબઈના જાણીતા તબીબ ડૉ. ભાસ્કરરાવ યોધનું સ્થાન ગૌરવભર્યું રહેશે. માત્ર મુંબાઈમાં જ નહિ પણ દૂર વિદેશ સુધી પોતાની સદ્‌પ્રવૃત્તિ અને પોતાનાં જ્ઞાનપ્રતિભાથી એમણે આગવી પ્રતિષ્ઠા મેળવી હતી. ગઈ ૩૧મી ઑક્ટોબરે હૃદયરોગના હુમલાથી એમનું એકાએક અવસાન થતાં માત્ર તબીબી ક્ષેત્રે જ નહિ, સેવાક્ષેત્રે પણ એક અભિજાત વ્યક્તિની ખોટ પડી છે.

અમદાવાદમાં એક સામાન્ય સ્થિતિના પણ સંસ્કારી સાઠોદરા નાગર કુટુંબમાં ઈ. ૧૮૯૮ની ૧૫મી ડિસેમ્બરે એમનો જન્મ. વડોદરા, અમદાવાદ અને મુંબાઈમાં શિક્ષણ લઈ લેડી ચિનુભાઈની શિષ્યવૃત્તિ મેળવી ઇંગ્લંડ જઈને ૧૯૨૩માં એલ. આર. સી. પી. ને એમ. આર. સી.પી. થઈ, એ જ વર્ષે 'ડિપ્લોમા ઑાવ ટ્રૉપિકલ મેડિસીન ઍન્ડ હાઇજિન' પણ મેળવ્યો.

પરદેશથી પાછા ફરીને આરંભમાં, એ કાળે નવી સ્થપાએલી મુંબઈની આજની જાણીતી હરકિસનદાસ ઑાસ્પિટલનું સાતેક મહિના સંચાલન સંભાળી એને વિકાસના માર્ગ પર મૂકી; અને તે પછીથી છેક સુધી ત્યાં માનાર્હ સેવાઓ આપેલી. એ ઉપરાંત બીજી ઇસ્પિતાલો અને તબીબી શિક્ષણસંસ્થાઓમાંની એમની કામગીરીની યાદી પણ લાંબી છે, એટલું જ નહિ યશસ્વી ને ઉજ્જ્વળ પણ છે. મુંબાઈ, વડોદરા અને ગુજરાતની યુનિવર્સિટીઓને પણ એમનાં જ્ઞાન ને સેવાનો લાભ મળ્યો છે, ને આ બધી વિદ્યાપીઠોના તબીબી અભ્યાસક્રમોના તથા તબીબી વિદ્યાર્થીઓના યોગ્ય ઘડતર પર ડૉ. યોધની યોજનાઓ, સૂચનો ને માર્ગદર્શનનો ઊંડો પ્રભાવ રહ્યો છે.

પરદેશથી આવ્યા ત્યારે આ દેશમાંની અપૂરતી સગવડના કારણે ક્ષયરોગના દર્દીઓ ઘેર બેઠા પણ અસરકારક સારવાર લઈ શકે એવી એક આગવી પદ્ધતિ એમણે યોજીને એનો સફળતાથી પ્રસાર કર્યો હતો. ધીકતા વ્યવસાયમાંથી યે વખત કાઢી એમણે કરેલાં નાનાંમોટાં અનેક



સંશોધનોમાં 'ધનુર' વિષેનાં એમનાં સંશોધનોએ પરદેશમાં પણ એમને પ્રતિષ્ઠા અપાવી હતી. આ ઉપરાંત, એમના અભ્યાસપૂર્ણ નિબંધો અને વ્યાખ્યાનો પણ એમની પ્રતિભા અને ભાવનાનાં દ્યોતક રહ્યાં છે. એમની એ પ્રતિભાને 'રૉયલ ઍકૅડમી ઑાવ ફિઝિશિયને' એમને પોતાના માનાર્હ સભ્ય બનાવીને નવાજી હતી. ઈ. ૧૯૧૭માં પ્રથમ વિશ્વયુદ્ધ વખતે ઇન્ડિયન ડિફેન્સ ફોર્સમાં પણ તેઓ જોડાએલા. ૧૯૨૧ થી '૨૬ સુધી 'ઇન્ડિયન ટેરિટોરિયલ ફોર્સ'માં યુનિ. ટ્રેઇનિંગ કોરનું કમિશન એમણે મેળવેલું. ૧૯૨૧માં પ્રિન્સ ઑાવ વેલ્સના આગમન વખતે મુંબાઈમાં જાગેલાં તોફાનો વેળા એમણે લેફ્ટેનન્ટ તરીકે માનાર્હ સેવાઓ પણ આપેલી. પોતે પશ્ચિમી તબીબી શાસ્ત્રની વ્યક્તિ હોવા છતાં આયુર્વેદ અને પૂનાની વૈદિક વિજ્ઞાન પ્રત્યે પણ તેમની દૃષ્ટિ સહૃદયી રહેલી અને આ ક્ષેત્રની કેટલીક સંસ્થાઓમાં પણ તેઓ અગ્રણીપદે સક્રિય ભાગ લેતા રહેલા.

તબીબી એમનો વ્યવસાય હતો અને એમાં એ નિષ્ણાત હોવા ઉપરાંત ઘણા સહૃદયી હતા અને પરિણામે સેંકડો દર્દીઓને માટે તો એ ફરિસ્તા સમા બની રહે એ સ્વાભાવિક છે. પોતાની

એ પ્રવૃત્તિને એમણે કેવળ વ્યવસાયની દૃષ્ટિથી જોઈ જ નહોતી. એ ઉપરાંત જીવનનાં અન્ય પાસાંઓમાં પણ એમણે એવો જ રસ દાખવ્યો હતો. સ્વ. સાક્ષરશ્રી. બ. કેશવલાલ હ. ધ્રુવના એ જમાઈ, સંગીતના શૉખીન, મિતાહારી, મિતભાષી, હસમુખા, ઉદાર, વિનમ્ર, વિદ્વાન અને ઠરેલ શાંત પ્રકૃતિના ડૉ. ચોધે વ્યવસાયમાં જે સુવાસ પ્રસારી છે અને તેની પાછળની સેવાભાવનાને જે રીતે ચરિતાર્થ કરી બતાવી છે એ ભૂલી શકાશે નહિ.

થોડા સમય પહેલાં એમના ઉપર હૃદયરોગનો હુમલો થએલો. તે પછી એમણે પોતાનું સેવાકાર્ય જારી રહે અને શરીરની પણ જાળવણી થઈ રહે એ રીતે પોતાની દિનચર્યા ઘડી કાઢેલી. પણ અવસાનના બે દિવસ પહેલાં અપંગ બાળકોના પ્રશ્નને લગતી એક ખાસ સંસ્થાની સમિતિની કાર્યવાહીમાં લાંબે સુધી રોકાઈ એમણે ભાગ લીધો, ને ઘેર આવ્યા બાદ પણ એના અનુસંધાનમાં મંત્રણાઓમાં વ્યસ્ત રહી ઠીક શ્રમ ખેંચ્યો; પરિણામે જમ્યા પછી રાત્રે હૃદયરોગનો ભારે હુમલો થયો જે જીરવી શકાયો નહિ. એમના જવાથી એક પરમ માનવતાવાદી તબીબ અને અભિજાત સજ્જનની ભારે ખોટ પડી છે.

મૂળા: ટૉનિક અને ત્રિદોષહર

લીલાંછમ પાનવાળા, દૂધ જેવા ધોળા કંદવાળા, કુમળા મૂળા બજારમાં વેચાતા થયા છે. સામાન્ય રીતે મૂળામાં દેહને અને ખાસ કરીને હાડકાનાં બંધારણમાં ઉપયોગી ચૂનો, લોહીની તાકાત જાળવનાર લોહ, ચક્ષુષ્ય અને રોગપ્રતિકારક વિટામિન 'એ', દેહના કોષોનું સંઘટન કરનાર પાચક અને દીપક વિટામિન 'સી' સારા પ્રમાણમાં છે. તે ઉપરાંત બીજાં ખનિજ વિટામિન પણ છે; આમ તો આપણી બધી લીલોતરી ભાજીમાં ઉપર જણાવેલાં ખનિજ વિટામિન હોય છે, પણ ગરીબોના શાક મૂળામાં વધારે ખનિજ વિટામિન હોય છે, એટલું જ નહિ, પણ એમાંનો ચૂનાનો ક્ષાર બીજી ભાજીઓ કરતાં સુપાચ્ય છે. આથી પશ્ચિમના ખોરાકશાસ્ત્રની દૃષ્ટિએ મૂળા ટૉનિક છે, અને આયુર્વેદની દૃષ્ટિએ વાતપિત્તકફનું શમન કરનાર એટલે ત્રિદોષનાશક છે.

આયુર્વેદની દૃષ્ટિએ પથ્ય મનાતી તાંદળજાની ભાજીમાં સારા પ્રમાણમાં ને મેથીની ભાજીમાં થોડા પ્રમાણમાં ચૂના સાથે ઑક્ઝૅલિક ઍસિડ નામનું દ્રવ્ય પણ છે. આ ઍસિડ એમાંના ચૂનાને પચવામાં અંતરાયરૂપ થઈ પડે છે. એ અપાચ્ય ચૂનો દેહમાં પથરી પેદા કરે એવો યે સંભવ છે. આથી જેના દેહમાં પથરી પેદા થવાનું વલણ હોય કે પથરી બંધાયેલી હોય તેને આ તાંદળજા, મેથી અને પાલખની ભાજી પણ દાક્તરો ખાવાની મના કરે છે. મૂળાનો ચૂનો ઑક્ઝૅલિક ઍસિડથી મુક્ત હોવાથી તે સુપાચ્ય છે, એટલું જ નહિ પણ મૂળાના પાનના રસમાં કોઈક એવું દ્રવ્ય છે જે મૂળા ખાનારના દેહમાંની પથરી ઓગાળી પિશાબ દ્વારા બહાર કાઢી નાખે છે. લોહ થોડું ઓછું છે, પણ એ બીજી ભાજીઓના લોહ કરતાં સુપાચ્ય છે.

આપણા અન્ન-કઠોળના મુખ્ય ખોરાકમાં ખાસ કરીને વિટામિન 'એ' ઘણું ઓછું છે. વળી પાચક 'સી' વિટામિન આખા ચણામાં નામનું છે, ને તે સિવાયના અન્ન-કઠોળમાં નથી. અન્ન-કઠોળ ખાનારને આ બંને વિટામિન ભાજીઓમાંથી અને ખાસ કરીને મૂળામાંથી વધારે મળે છે, આ દૃષ્ટિએ જણ દીઠ જે દિવસે ૨૫ ગ્રામ એટલે એક અધોળ મૂળાનાં પાન ખોરાકમાં મળે તે દિવસે 'એ' વિટામિન પૂરતાં મળી રહેશે.

સામાન્ય રીતે મૂળાનાં લીલાં પાન કરતાં એનો કંદ પૌષ્ટિક મનાય છે, ને પાન કરતાં કંદ ખાવામાં પસંદ કરાય છે. પણ મૂળાના વિશ્લેષણ ઉપરથી જણાયું છે કે કંદમાં એનાં પાનને મુકાબલે ખનિજ વિટામિન ઘણાં ઓછાં હોય છે. સારા પ્રમાણમાં લીલાં પાનવાળા, કુમળા પણ પાકટ થયા ન હોય તેવા મૂળા સુપાચ્ય અને વધારે પૌષ્ટિક દ્રવ્યોવાળા હોય છે, આયુર્વેદ પણ મૂળાના ગુણદોષ વિષે કહે છે કે કુમળા મૂળા તીખા, ઉષ્ણ, રુચિ પેદા કરનાર, પચવામાં હલકા, ત્રિદોષહર, અવાજ ખુલ્લો કરનાર, તાવ અને ઉધરસ મટાડનાર અને નાક, ગળું તથા આંખના રોગ મટાડનાર છે, પશ્ચિમના વિજ્ઞાન પ્રમાણે 'સી' વિટામિનના જેવો દીપન-પાચક ગુણ તથા આંખના રોગ મટાડનાર ચક્ષુષ્ય 'એ' વિટામિનનો ગુણ એમાં છે, તે પશ્ચિમ અને પૂર્વના આરોગ્યવિજ્ઞાનની એકવાક્યતા દર્શાવે છે.

પાકા મૂળા લૂખા, ઉષ્ણ, ભારે અને ત્રણે દોષ કોપાવે છે, પણ તેલમાં રાંધીને ખવાય તો ત્રિદોષહર બને છે. ભૂખ્યા પેટે મૂળા ખાવાથી પિત્ત અને દાહ થાય છે, પણ ભોજન સાથે તે હિતકારક અને બળપ્રદ છે. લીલા મૂળા બારે માસ મળતા નથી આથી આયુર્વેદમાં મૂળાની સૂકવણી કરી તેનો ઔષધ તરીકે ઉપયોગ કરવાનાં વિધાન છે. ચરક સૂકા મૂળાને બાફીને દુઃખતા હરસ પર પોટીસ મૂકવાનું, ઝાડામાં મૂળાનો સૂપ કરી પાવાનું, સોજા પર તેનો રસ ગરમ કરી ચોપડવાનું અને હેડકી તથા દમ પર પણ મૂળાનો યૂષ આપવાનું કહે છે. સોળ ગણા પાણીમાં મૂળા ઉકાળીને એક ભાગ પાણી રહે તે યૂષ કહેવાય છે. સુશ્રુત કાનના ચસકામાં મૂળાનાં ગરમ ટીપાં નાખવાનું સૂચવે છે. મૂળાનો યૂષ પથરીમાં, અર્શમાં, પેટની વેદનામાં હૃદયરોગ અને શૂળમાં ઉપયોગી મનાયો છે.

જ્યાં સુધી મૂળા મળતા હોય ત્યાં સુધી અઠવાડિયામાં બેત્રણ દિવસ રોજની રસોઈમાં મૂળાનું સંયોજન કરીએ. મૂળા સમારી રોજની દાળમાં નાખી શકાય, મૂળાની કઢી બનાવી શકાય, મૂઠિયાં અને ઢેબરાં બનાવવામાં વાપરી શકાય, કઠોળમાં ભેળવીને ગોળ-આમલી અને મસાલા નાખી 'ખાટ' બનાવી શકાય, રાયતા-કચૂંબર તરીકે પણ ખોરાકમાં વિવિધતા રૂપે વપરાય. મૂળાની વિવિધ નવી રોચક, પોષક અને સ્વાદિષ્ટ વાનીઓ ઉત્સાહી બહેનો બનાવે ને તેનો પ્રચાર કરે તો એક સમાજસેવાનું ઉપયોગી કામ થશે.

(ગુજરાતમિત્ર) —જ. ઓ. કાનૂગા

ગણિતગમ્મત

સપ્ટેમ્બર ૧૯૭૦ના 'કુમાર'નાં અંક નં. ૫૬૧માં પાંચ અંકી વર્ગસંખ્યાનો એક વિશિષ્ટ પ્રકાર બતાવેલો છે તેવો જ એક પ્રકાર ક્રમિક સંખ્યાના સરવાળાથી બમણી રકમનો નીચે મુજબ છે:

૨૭૫૬ = ૨ (૧+૨+૩+૪+...+૫૨) = ૫૨ × ૫૩

~~૨~~૭૫૬ = ૨ (૧+૨+૩+........૨૭) = ૨૭ × ૨૮

~~૨~~~~૭~~૫૬ = ૨ (૧+૨+૩+૪+૫+૬+૭) = ૭ × ૮

~~૨~~~~૭~~~~૫~~૬ = ૨ (૧+૨) = ૨ × ૩


આ પ્રકારમાં પ્રથમ ચાર અંકી સંખ્યા છે તેમાંથી ડાબી તરફનો એક અંક કાઢી નાખીને ત્રણ અંકી બીજી સંખ્યા બનાવી છે. પ્રથમની ચાર અંકી સંખ્યામાંથી ડાબી તરફના બે અંક કાઢી નાખીને બે અંકી ત્રીજી સંખ્યા બનાવી, ને એ જ રીતે પ્રથમની ચાર અંકી સંખ્યામાંથી ડાબી તરફના ત્રણ અંક કાઢી નાખી છેવટે એક અંકી સંખ્યા બનાવી. આમ એકમાંથી જુદીજુદી ચાર સંખ્યાઓ એક જ પ્રકારની જણાઈ આવે છે.

વાચકો બીજી આવી સંખ્યાઓ શોધવા પ્રયત્ન કરશે તો આનંદ આવશે. —એમ. એન. ખત્રી

સુધારો

પૃ. ૪૯૩ના છેડેનું શ્રી જયંતીલાલ આચાર્યને શ્રી નંદબાબુએ સ્મૃતિભેટ તરીકે આપેલું ચિત્ર સરત-ચૂકથી અમુક નકલોમાં ઊંધું છપાઈ ગયું છે તો તેને ઊલટાવીને જોવા વિનતિ છે.—સં.

ભારત-પાકિસ્તાનનાં યુદ્ધ-વિમાનો



ભારતનાં યુદ્ધ-વિમાનો (અક્રમે) નૅટ, હંટર, એચ.એફ.-૨૪, મિગ-૨૧, સુખોય-૬ અને કૅનબેરા

દરેક યુદ્ધવિમાન માટે એની આગવી કામગીરી નિશ્ચિત થએલી હોય છે. અને એને લક્ષમાં રાખીને જ એની રચના અને આકાર ઘડાયાં હોય છે. આનાથી એના વિવિધ પ્રકારો અને એ થકી એનું આગવું વ્યક્તિત્વ સર્જાય છે. ભારત અને પાકિસ્તાન પાસેનાં મુખ્ય વિમાનોનાં આકાર-પ્રકારની આછી સમજ સાથે ઉડ્ડયન વખતે નીચેથી એ કેવાં દેખાય છે તેની આકૃતિઓ આપી છે. આ ઉપરાંત અન્ય પ્રકારનાં વિમાનો પણ બંને દેશો પાસે છે.

ભારતનાં મુખ્ય યુદ્ધ-વિમાનો

નૅટ: ફાઈટર પ્રકારનું, ૩૧ ફીટ લાંબું અને ૬૬૫૦ રતલનું ભારતમાં જ બનેલું આ યુદ્ધવિમાન બે તોપ અને બે ૫૦૦ રતલી બૉમ્બ અથવા ૧૨ રૉકેટ સાથે ૬૯૫ માઈલની ઝડપે એક જ ઉડ્ડયનમાં ૧૨૪૦ માઈલ સુધી ઊડી શકે છે. નીચી સપાટીએ ઊડવાની અને તીવ્ર વળાંક લઈ શકવાની એની ક્ષમતા વડે એણે મેળવેલી સિદ્ધિ તો હવે જાહેર છે.

હંટર: ફાઈટર ૪૬. ફૂ. લંબાઈ, ૨૪,૬૦૦ રતલ વજન, વેગ કલાકે ૭૧૫ માઈલ, ઉડ્ડયન-મર્યાદા ૯૮૦ માઈલ. ચાર તોપ, બે ૧૦૦૦ રતલી બૉમ્બ અને ૨૪ રૉકેટો લઈ જઈ શકે છે.

એચ. એફ. ૨૪: ફાઈટર. ૫૨ ફૂટ લંબાઈ, ૨૪૨૫૦ રતલ વજન. ચાર તોપ, ચાર ૧૦૦૦ રતલી બૉમ્બ અને ૧૯ રૉકેટો સાથે ૭૯૦ માઈલના વેગે ૮૪૦ માઈલ સુધી એકધારું ઊડી શકે છે.

મિગ-૨૧: ફાઈટર. લંબાઈ ૪૯ ફૂટ, વજન ૧૯૫૦૦ રતલ. એક તોપ, બે વિમાનવિરોધી રૉકેટો અગર ૧૯ નાનાં રૉકેટો સાથે ૧૩૨૦ માઈલની ઝડપે એકધારું ૧૨૬૦ માઈલ ઊડી શકે છે.

સુખોય-૭: ફાઈટર. લંબાઈ ૫૫ ફૂટ, ૩૦૫૦૦ રતલ વજન. ઝડપ ૧૦૫૬ માઈલ, ઉડ્ડયન મર્યાદા ૧૩૭૦ માઈલ. બે તોપ, બે ૧૧૦૦ રતલી બૉમ્બ અને ૧૯ રૉકેટ લઈ જવાની ક્ષમતા.

કૅનબેરા: બૉમ્બર. લં. ૬૬ ફૂટ, ૫૫૦૭૦ ર. વજન, વેગ ૫૧૮ મા. ઉડ્ડયન-મર્યાદા-૩૭૯૦ મા. ૧૦૦૦ રતલી છ બૉમ્બ લેવાની ક્ષમતા.

પાકિસ્તાનનાં મુખ્ય યુદ્ધ-વિમાનો

સેબર: ફાઈટર. ૩૭½ ફૂટ લંબાઈ, ૧૧,૧૨૫ રતલ વજન, ૬૭૮ મા. વેગ અને છ મશિન ગન, બે રૉકેટ તથા બે ૧૦૦૦ રતલી બૉમ્બ સાથે ૧૫૦૦ માઈલની ઉડ્ડયન-મર્યાદા.

મિગ-૧૯: ફાઈટર. ૪૧ ફૂટ લંબાઈ. ૧૮૬૦૦ રતલ વજન, ૯૦૨ માઈલનો વેગ અને ત્રણ તોપ તથા બે મોટાં રૉકેટ સાથે ૧૩૬૫ માઈલના એકધારા ઉડ્ડયનની ક્ષમતા.

એફ-૧૦૪: ફાઈટર. ૫૫ ફૂટ લંબાઈ, ૨૮૮૦૦ રતલ વજન. ૧૩૨૦ મા. વેગ અને ૧૩૮૦ માઇલની ઉડ્ડયન-મર્યાદા સાથે એક તોપ તથા ૪૦૦૦ રતલ જેટલાં અન્ય શસ્ત્રો વહન કરવાની ક્ષમતા.

મિરાજ-૩: ફાઈટર. લંબાઈ ૪૫ ફૂટ, વજન ૨૯૭૬૦ રતલ, વેગ ૧૩૮૬ માઇલનો અને ઉડ્ડયન-મર્યાદા ૮૪૦ માઈલ. બે તોપ, બે રૉકેટ અને અન્ય ૮૮૦૦ રતલ દારૂગોળો વહેવાની શક્તિ.

ઈલ્યુશિન-૨૮: બૉમ્બર.૫૮ ફૂટ લંબાઈ,૪૬૩૦૦રતલ વજન,વેગ ૪૯૭મા., ઉડ્ડયન-મર્યાદા ૧૩૫૫ મા. શસ્ત્રો: બે તોપ ને ૬૬૦૦ દારૂગોળો.

બી-૫૭: બૉમ્બર. ૬૫ ફૂટ લંબાઈ, ૫૫૦૦૦ રતલ વજન, ૫૮૨ માઇલનો વેગ અને ૨૨૦૦ માઈલની ઉડ્ડયન-મર્યાદા. શસ્ત્રો : આઠ મશિન-ગન અને ૮૦૦૦ રતલ દારૂગોળો.

પ્રાપ્ય આંકડા પ્રમાણે ભારત પાસે ૬૩૫ વિમાનોમાં પાંચ પ્રકારનાં ૫૮૫ ફાઈટર અને એક પ્રકારનાં ૫૦ બૉમ્બર છે; જ્યારે પાકિસ્તાન પાસે ૩૬૩ વિમાનોમાં ચાર પ્રકારનાં ૩૦૫ ફાઈટર અને બે પ્રકારનાં ૫૮ બૉમ્બર છે. ભારતની સરખામણીમાં પાકિસ્તાન પાસે વધુ ભારે અને વધુ ઝડપી વિમાનો છે અને તેમની ઉડ્ડયન-મર્યાદા પણ વધુ માઇલોની છે, પણ એમની કાર્યક્ષમતા અને વાયુસેનાનીઓનું યુદ્ધકૌશલ કેટલું છે તેના પર એની સફળતાનો આધાર છે. છેલ્લા અનુભવોએ આપણને હવે એનો ઠીકઠીક કયાસ મળી ચૂક્યો છે.



પાકિસ્તાનનાં યુદ્ધ વિમાનો (અનુક્રમે) સેબર જેટ, મિગ-૧૯, એફ-૧૦૪, મિરાજ-૩, ઇલ્યુશિન-૨૮, અને બી-૫૭

હવાઇ હુમલા અંગે

પૂર્વ તૈયારી

● 'હુમલા'ની અને 'સબ-સલામત'ની સંજ્ઞા આપતી સ્થાનિક વ્યવસ્થાની સમજ ઘરમાં સૌને આપી રાખો.

● જરૂર પડ્યે કામ લાગે એ માટે તમારા વૉર્ડનનું, નજીકના ટેલિફોનનું, પ્રાથમિક સારવારના મથકનું, ફાયર બ્રિગેડનું અને પાણી મેળવવાનું સ્થાન ક્યાં છે તે ખયાલમાં રાખો.

● બારીબારણાંના કાચ ફૂટીને વાગી ન બેસે તે સારુ તેના પર બને તો ઝીણી જાળી ને અગર પૂઠાં યા જાડા કાગળ લગાવો.

● સળગી ઊઠે તેવો માલ ઘરમાં એક જ સ્થળે ખડકી કે સંઘરી ન રાખો. કાતરિયામાંથી સળગી ઊઠે તેવી ચીજો દૂર કરી દો.

● ઘરમાં હમેશાં પીવાનું પાણી, પ્રાથમિક સારવારનાં સાધનો, બૅટરી, થોડી મીણબત્તીઓ અને બને તો એકાદ મજબૂત લોખંડી સળિયો, પાવડો ને દોરડું રાખી મૂકો.

● જરૂરત વેળા જવાબદારી સંભાળી શકે એ વયનાં ઘરનાં સૌને ભાગે બચાવને યોગ્ય પગલાંના કામની ફાળવણી કરી રાખો.

● ઘરની બહાર નીકળવાના માર્ગમાં, પરસાળમાં, સીડી કે દાદર ઉપર બધે પૂરતી મોકળાશ રાખો.

હુમલો આવે ત્યારે

● કંઈ જ આશ્રયસ્થાન ન હોય તો જમીન પર સપાટ સૂઈ જઈ, કાનમાં રૂનાં પૂમડાં ભરાવી દઈ તેના ઉપર હાથ દાબી પડી રહો. મોંમાં દાંત વચ્ચે રૂમાલ કે કાપડનો ડૂચો દાબી રાખો. કુતૂહલવશ થઈ ઊંચે નજર કરશો જ નહિ.

● બની શકે તો નજીકના મકાનની દીવાલની આડશે અને શક્ય હોય તો અંદરની દીવાલનો આશરો લેવો. રેલવેના ડબામાં હો તો બારી-બારણાં બંધ કરી બેઠકનીચે પેસી જાઓ. વાહનમાં અને માર્ગ પર હો તો સ્થાનિક ટ્રાફિકનાં સૂચનોનું પાલન કરો.

● સિનેમાગૃહમાં હો તો બેઠક પર જ શાંત બેસી રહો. બહાર કરતાં ત્યાં વધુ સલામતી છે.

હુમલા પછી

● જો પાણીનો પૂરવઠો કપાઈ ગયો હોય તો તે પાણી પૂરી કરકસરથી વાપરો. વીજળીનું જોડાણ કપાઈ ગયું હોય તો વૉર્ડનને જાણ કરો. ગટરની નીકોને નુકસાન થયું હોય તો ત્યાં જંતુનાશક દવા છાંટવી અને ગંદવાડને દાટી કે બાળી નાખવો.

● ઈજા પામેલાંની તુરત સંભાળ લેવી. તેને પ્રાથમિક ઉપચારના મથકે લઈ જવાં કે સારવાર-ટુકડીની રાહ જોવી. દરદીના શરીરની હૂંફ જાળવવા પ્રયત્નો કરવા ને તેનાં નાક, કાન કે મોંમાં ભરાએલી ધૂળ-માટી સાફ કરવી; વહેતું લોહી બંધ કરવા પ્રયત્ન કરવો; જરૂર લાગે તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

● પડી ગએલા કાટમાળમાં કોઈ ફસાઈ પડ્યું હોય તો એના બચાવ માટે ગભરાયા કે હાંફળાફાંફળા થયા વિના પ્રથમ પરિસ્થિતિને પૂરેપૂરી સમજી લેવી. વીજળીના તૂટેલા કે ખુલ્લા તારને કદી અડવું નહિ. પડેલા ભંગારને વગર વિચાર્યે ઉથલાવવો નહિ. ભંગાર નીચે ફસાએલાને બચાવવા જતાં પૂરતી કાળજી રાખી બધું ખસેડવું અને ઊડતી ધૂળમાટીથી અંદર ફસાએલાનો શ્વાસ ન રૂંધાય કે તેના પર વધુ કોઈ ચીજ ન પડે તેનો ખયાલ રાખવો.

● હવાઈ હુમલાથી લાગેલી આગ જો પ્રથમ તબક્કામાં હોય તો પાણી ને માટીથી ઠારવી. કોઈ વ્યક્તિનાં વસ્ત્રો સળગ્યાં હોય તો તેના પર ધાબળો કે ગોદડું વીંટાળીને એને જમીન પર લેટાવી આળોટાવવી. આગ લાગેલા મકાનમાં એકલા પ્રવેશ ન કરવો અને કાટમાળ ખસેડતાં સાવચેતી રાખવી.

● તમારા વિસ્તારના નાગરિક-સંરક્ષણ-કેન્દ્ર પરથી આ અંગે જરૂરી બધી માહિતી મેળવી રાખવી. બને તો નાગરિક સંરક્ષણ દળમાં પોતાને ફાવે તે શાખામાં જોડાઈને તાલીમ લેવી અને હમેશાં તમારી જાત અને સંબંધીઓ ઉપરાંત અન્ય વ્યક્તિઓની સલામતીની કાળજી રાખવા જેટલી માનવતા પણ કદી ચૂકવી ન જોઇએ, એ કહેવાની જરૂર ખરી?

મૂઢ મારનાં અકસીર ઔષધો

લોકભાષામાં જેને માટે 'મૂઢ માર', 'પછાડ', 'વાગવું' વગેરે શબ્દો વપરાય છે તે માટે આયુર્વેદમાં 'અભિઘાત' શબ્દ છે. રમતાંરમતાં બાળકો પડી જાય, ઝાડ મકાન કે વાહન ઉપરથી પડી જવાય વગેરે કારણે મચકોડ આવવાથી હાથ-પગ કે શરીરનાં બીજાં અંગો પર સોજો આવે છે અને તત્ક્ષણ સારવાર ન મળે તો પીડા ખૂબ વધી જાય છે. શરીરની અંદર લોહી વહી રહ્યું હોય તો આંતરિક નુકસાન પણ થાય છે.

એટલે ગમે ત્યારે અચાનક થતા આ અકસ્માત માટેના સારા નિર્દોષ, સોંઘા અને તાત્કાલિક ઈલાજ દરેક નાગરિકે જાણી લેવા જરૂરી છે.

મૂઢ મારથી જે અંગ પર વાગ્યું હોય તે અંગને ખાસ (અને દરદીને પણ) આરામ આપવો. દરદીને સુખ થાય તે સ્થિતિમાં સુવરાવી દેવો.

વાગ્યું હોય તે અંગ પર કળ ઊતરે ત્યાં સુધી પાણીની ધાર કરવી.

તલતેલ, સરસિયું, દીવેલ કે તે ન મળતાં સીંગતેલમાં હળદર અને મીઠું નાખી, ગરમ કરી તેની ધાર કરવી કે તેનો પાટો બાંધવો.

હળદર અને મીઠું પાણીમાં ગરમ કરી તેનો લેપ કરવો.

ગૂગળ ગરમ કરી તેનો લેપ કરવો.

વગડામાં પુષ્કળ થતી આવળનાં પીળાં ફૂલ અને ડોડવાં વાટી, તેમાં મીઠું અને હળદર મેળવી તેનો પાટો બાંધવો કે ખુલ્લો લેપ કરવો.

ગાંધીની દુકાનેથી 'રસવંતી' કે 'રસાંજન' નામની દારૂ હળદરમાંથી બનાવેલી તૈયાર દવા ઘણી સોંઘી અને સઘળે મળે છે, તે લાવી રાખવી અને તેને પાણીમાં ખદખદાવી ગરમ લેપ કરવો. તેનાથી લોહીનો જમાવ વિખરાઈ જાય છે, સોજો ઊતરી જાય છે અને પીડા મટી જાય છે.

દવાખાનાં અને દવાની પેટીઓમાં 'દોષઘ્ન' કે 'દશાંગ' લેપ આપવામાં આવે છે. તેનો ખાટી છાશમાં ગરમ લેપ કરવાથી તાત્કાલિક રાહત અનુભવાય છે. સારી રીતે ચોંટાડવા માટે તેમાં ગૂગળ પણ ઉમેરી શકાય.

'અસ્થિ સંધાનક' નામનો લેપ બધી ફાર્મસીઓમાં વેચાય છે. દવાખાનાં અને ઔષધપેટીઓમાં પણ તે હોય છે. તેને ગરમ કરી લેપ કરતા રહેવાથી ચમત્કારિક પરિણામ આવે છે. હાડકું ભાંગ્યું કે ઊતરી ગયું હોય તેમાં આ લેપ અકસીર છે.

મૂઢ મારના દરદીને ખાવાની દવામાં યોગરાજ ગૂગળ, મહા યોગરાજ ગૂગળ, જેઠીમધ ચૂર્ણ, અશ્વગંધા ચૂર્ણ વગેરે આપી શકાય. અશેળિયાનો શીરો, પીપરીમૂળની રાબ વગેરે ખોરાક વિશેષ આપવો જોઈએ. ગંભીર મૂઢ મારમાં નાળિયેરનું પાણી તુરત પાઈ દેવાથી હૃદયબળ સચવાઈ રહે છે.

(સંદેશ) —પ્રત્યુષ

ગુજરાતનું ઢાકા: સરખેજ

બંગાળા અને ગુજરાત-અમદાવાદનો સંબંધ તો છેક શાહી જમાનાથી જાણીતો છે. ત્યારે ભારતભરમાં એકમાત્ર બંગાળા જ રેશમના ઉત્પાદનમાં અગ્રેસર ગણાતું. બંગાળના એ રેશમનું તારમાં રૂપાંતર કરી, વિવિધ કાપડ તૈયાર કરી જગતના બજારમાં તેને અજોડ અને અણનમ પદ અમદાવાદે અપાવ્યું હતું. એક તવારીખી નોંધ મુજબ, કાસિમબજાર (બંગાળ)માં લગભગ ૨૨,૦૦૦ રેશમની ગાંસડીઓ તૈયાર થતી, જેમાંથી આશરે ૧૦,૦૦૦ ગાંસડીઓ માત્ર ગુજરાતમાં જ આવતી! ગુજરાતમાં ત્યારે રેશમ, કસબ ને સૂતરકામમાં અમદાવાદ-સૂરત મોખરે ગણાતાં. એ ગુજરાતનાં બે શહેરોની, બંગાળી રેશમમાંથી વિવિધ ખાસ પ્રકારનું કાપડ બનાવવાના પોતાના કલા-કૌશલ્ય માટે જગતભરમાં નામના હતી. અમદાવાદની વિશેષ ખૂબી મેઘધનુરંગી કાપડમાં હતી. અમદાવાદનું રેશમી કાપડ તેની રંગ-કુમાશ માટે દરિયાપારના દેશોમાં અજોડ ગણાતું હતું. તેનાં વિવિધરંગી ફૂલવેલ ને બુટ્ટા ઉપર તો ઈરાન, તુરાન, રૂમ (તુર્કસ્તાન) અને શામ (સિરિયા)ના વાસીઓ વારી જતા.

રેશમ તેના ઉત્પાદન માટે જગતનાં બજારોમાં જેમ બંગાળા જાણીતું હતું તેમ એનું એક શહેર તેના સર્વોત્તમ મલમલ માટે પણ વિશ્વ-વિખ્યાત હતું, જેનો આખોય તાકો આંબાની એક ગોટલીમાં છુપાઈ જાય, અને તેમ છતાં કોઈ ગોટલીમાં જગ્યા રહે! અને ફૂલગુલાબી કે ઘનસ્યામ બદન પર જેનાં અઢાર અઢાર પડ વિંટાળવામાં આવે છતાં બદનના રંગને જરાય ઝાંખપ ન લાગે એવા ઢાકાના શ્વેત મુલાયમ અને અતિ બારીક પારદર્શક મલમલનાં થાન મેળવવા અખિલ આલમની રૂપસુંદરીઓ, હરઘડી તત્પર રહેતી. એવા મલમલ-મશહૂર ઢાકાનો ઈલકાબ અમદાવાદથી ત્રણ ગાઉ દૂર આવેલા એક ગામ સરખેજને મળ્યો હતો. એકબીજા જ ઉદ્યોગ માટે તે ગુજરાતનું ઢાકા-બંગાળા કહેવાતું.


એ ઉદ્યોગ તે ગળીનો. સરખેજ ત્યારે યુરોપીય દેશોમાં તેના ગળીના ઉદ્યોગ માટે ખૂબ જાણીતું હતું. ભારતનું તો એ મુખ્ય ગળી-ઉત્પાદક કેન્દ્ર ગણાતું હતું. યુરોપીય પ્રદેશોમાં ગળીની ખૂબ જ માગ હતી. અંગ્રેજ અને ડચ વેપારીઓ મોટા જથ્થો ત્યાંથી પરદેશ નિકાસ કરતા. ત્યારે સરખેજની ગળી ભૂકા રૂપે નહિ પણ ટીકડી બનાવી મોકલવામાં આવતી. ચૌદમા સૈકામાં ત્યાં ગળિયારાનાં ૭૦૦ ઘર હતાં. આજે પણ ત્યાં કેટલાંક ખેતરો ગળીખંડિયાં અને કેટલાક કૂવા ગળિયારાના કૂવા તરીકે ઓળખાય છે. ગળીઉદ્યોગના કેન્દ્ર તરીકે સરખેજનો મોટો વિસ્તાર હશે, પણ પડતી આવતાં કારખાના-વિસ્તારો ખેતરોમાં ફેરવાઈ ગયા હશે.

(જનસત્તા) —ચંદ્ર પરમાર

દુનિયાનું સૌથી મોટું રેડિયો-દૂરબીન

પશ્ચિમ જર્મનીમાં ઇફેલ્સબર્ગ નજીક ઇફેલ પહાડીઓમાં છેલ્લાં ત્રણ વર્ષની કામગીરી પછી હવે થોડા વખતમાં દુનિયાનું મોટામાં મોટું રેડિયો-દૂરબીન કામ કરતું થશે. એના અદ્વિતીય કાર્યની પેઠે એનું કદ પણ અજોડ ગંજાવર છે. એના પરાવર્તક ગોળાર્ધનો વ્યાસ ૩૨૮ ફૂટ અને એના કેન્દ્ર પરની કૅબિન ૩૨૧ ફૂટ ઊંચી છે. આ ઊંચાઈ એ વિસ્તારની ટેકરીઓથી પણ વધુ છે. ખરી રીતે તો અવકાશમાંથી મળતા રેડિયો સંકેતો ઝીલવા–સાંભળવાનું તેનું કાર્ય હોઈ એને દૂરબીન કરતાં 'કાન' કહેવું વધુ સાર્થ છે. દૂરબીનો કરતાં આના વડે અવકાશમાંની અતિગણા ઊંડેની કે દૂરની—એટલે કે અબજો માઈલ, આશરે ૧,૦૦,૦૦૦લાખ પ્રકાશવર્ષ દૂરની માહિતી પણ મળી શકશે! (સરખામણીમાં કહીએ કે પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર આઠ પ્રકાશ–મિનિટનું જ છે.)

રેડિયો-ખગોળ એ અતિશય ચોકસાઈ માગી લેતું વિજ્ઞાન છે. ૩૦૦૦ ટન વજનના આ જંગી પરાવર્તકને એક મિલીમીટર જેટલી સૂક્ષ્મ ચોકસાઈએ ફેરવવું–ગોઠવવું ને નિરીક્ષણ માટેના તારા પર કેન્દ્રિત કરવું એ



મહા વિકટ પ્રશ્ન છે. વળી, દિવસ અને રાતના ઉષ્ણુતામાનના તફાવતમાં તેના ધાતુના માળખાના ફુલાવા-સંકોચાવાથી તથા આ પરાવર્તકને ત્રાંસું ગોઠવતાં એના પોતાના વજનથી થતા ઝોળાને પરિણામે પડતો એકાદ મિલીમીટર જેટલો ફેર પણ સંશોધનમાં ઘણી અસર પાડે; એટલે આવી બધી શક્યતાઓની ગણતરી કરીને તેને નિશ્ચિત બિંદુએ કેન્દ્રિત કરવા માટે ખાસ કૉમ્પ્યુટરની વ્યવસ્થા કરવામાં આવી છે.

અતિ દૂર ઊંડેની આપણી આકાશગંગાથી અતિરિક્ત અન્ય વિશ્વ-રચનાઓ, એ આકાશીય પદાર્થોની રચના, એના ઉદ્‌ભવ અને વિલય, તથા વિશ્વ અનંત છે કે સાન્ત, એનો આકાર વગેરે, અનેક પ્રશ્નોના ઉકેલ મેળવવામાં આ રેડિયો-દૂરબીન કામ આપી શકે. આ સમગ્ર વિશ્વના આદિ આરંભનો જે મહાવિસ્ફોટ થયો હશે તેના પડઘા હજી યે અવ-કાસમાં ગણગણાટ સમા પડઘાઈ રહ્યા છે. તેને માપવાનો પણ આ દૂર-બીન દ્વારા પ્રયાસ થશે. અન્ય તારીખો પરથી પ્રસરતા રેડિયો-સંકેતોને આના વડે વધુ ચોકસાઇથી આંતરી શકાશે તથા કદમાં માત્ર ૬ થી ૧૨ માઈલના વ્યાસના પણ આપણા સૂર્ય જેટલી ઘનતા ધરાવતા 'પલ્સાર્સ' વિષે પણ આના વડે વધુ માહિતી મળશે. તારાના જન્મ-મરણનાં સંશોધનો દ્વારા અણુનાં ઉદ્‌ભવ ને તાસીર, આકાશમાં 'બ્લૅક હોલ્સ' તરીકે ઓળખાતા કેટલાક શૂન્યવત્ ગાળાઓ વિષેની વધુ માહિતી, ક્વાસાર્સની નિહારિકાઓની મહાશક્તિના સ્રોતની તપાસ, આ અને આવા અન્ય અનેક પ્રશ્નો છે જેના ઉત્તરો માટે આ રેડિયો-દૂરબીન દ્વારા થએલાં સંશોધનોથી ખગોળશાસ્ત્રમાં અનેક નવી માહિતીઓ ઉમેરાશે.

આ માસ (ડિસેમ્બર) ઇતિહાસમાં

તા. ૩, ૧૮૮૪ સ્વાધીન ભારતના પ્રથમ રાષ્ટ્રપ્રમુખ બાબુ રાજેન્દ્રપ્રસાદનો જન્મ.

તા. ૪, ૧૮૨૯ હિંદુસ્તાનમાંથી સતી થવાનો રિવાજ બંધ થયો.

તા. ૬, ૭૧૫ પોતાના ધર્મના રક્ષણ અર્થે સ્વદેશ છોડી હિજરત કરી આવેલા પારસીઓ હિંદના કિનારે સંજાણ બંદરે આવી પહોંચ્યા. અને ત્યારથી આજ સુધી આ કોમ દૂધમાં સાકર ભળે તેમ આ દેશની પ્રજામાં ભળી રહી છે. હિંદની ચારીમાંથી મુસ્લિમો જે ચૂકી ગયા તે એકતા સાધી તેઓએ જે પ્રગતિ કરી છે તે વિદિત છે.

તા. ૧૧, ૧૯૧૧ પહેલી હિંદી બૅંક–'સેન્ટ્રલ બૅંક ઑવ ઇંડિયા'ની સ્થાપના.

તા. ૧૪, ૧૩૯૮ એક તુર્ક ગુલામમાંથી અંતે તુર્કસ્તાનનો શાહ બનનાર તૈમુર લંગે 'હિંદોસ્તાંના કાફરોને, તેમનાં મૂર્તિ-મંદિરો તોડી, મુસ્લિમ બનાવી 'ગાઝી'નું બિરુદ હાસિલ કરવાની મુરાદથી ચડાઈ કરીને દિલ્હીના સુલતાન મહમદ તઘલખને હરાવી દિલ્હી સર કર્યું. અને ત્યાં ખૂનખાર કત્લ ચલાવી.

તા. ૧૬, ૧૯૧૧ આમુંડ સેને દક્ષિણ ધ્રુવ સર કર્યો જે સાહસની સિદ્ધિ મેળવતાં અકલ્પ્ય



હાડમારીઓ અને અસહ્ય યાતનાઓ વેઠી અંતે મોતને ભેટવા બદલ કૅપ્ટન સ્કૉટ અને એના સાથીઓનાં નામ આજે જગતની જીભે રમે છે, પણ એમની યે પહેલાં એ દક્ષિણ ધ્રુવ પર પહોંચવાનું સાહસ આમુંડસેને એટલી સરળતાથી સિદ્ધ કર્યું હતું કે એમાં જાણે એણે કંઈ સાહસ જ ન ખેડ્યું હોય એવું લાગે. ૧૯૧૦માં એ નોર્વેથી ઊપડી આટ્લાંટિક વીંધી, દક્ષિણ ધ્રુવ સોંસરો નીકળી પાસિફિક પાર કરી, બેરિંગની સામુદ્રધુનીમાં આવી, અને પછી બને તો ઉત્તર ધ્રુવની પણ આરપાર નીકળી એ પાછો ફરવા ધારતો હતો. પણ એની પાસે એ પૂરતાં સાધનો નહોતાં. એટલે એ રૉસ સમુદ્રમાં આખો શિયાળો ગાળી ત્યાંથી બરફગાડીની એક જ ઝડપી મજલ કાપી એ છેક દ. ધ્રુવ પર જઈ પહોંચ્યો. એના આ સહેલા વિજયને લીધે એને સ્કૉટ જેટલી ચાહના કદાચ ન મળી, પણ સફર માટેનાં અવનવાં સાધનો યોજવામાં, પોતાના સાથીઓ અને માણસોનો વિશ્વાસ જીતી લેવામાં તથા અણીને અવસરે સૌને જોખમોમાંથી પાર ઉતારવામાં એની અજોડ પ્રતિભા એના વિજયોને સફળ બનાવી દે એ સ્વાભાવિક હતું.

તા. ૧૭, ૧૭૯૦ હિંદુ મૂર્તિપૂજાની વિરુદ્ધમાં નિબંધ લખી રાજા રામમોહન રાયે બંગાળી ગદ્ય-સાહિત્યનો પ્રારંભ કર્યો.

તા. ૧૮, ૧૮૬૯ યુરોપ-એશિયાના જલમાર્ગને સાંધતી સુએઝની નહેર ખુલ્લી મુકાઈ.

વ્યક્તિવિશેષ : સર રિચર્ડ આર્કરાઈટ



ટાંચાં સાધનો અને સારા સૂતરની ખેંચને કારણે ૧૮મી સદીમાં ઇંગ્લૅંડ જ્યારે સુતરાઉ કાપડની બાબતમાં પરાવલંબી હતું ત્યારે સ્પિનિંગ ઉદ્યોગની સ્થાપના અને ઉત્તરોત્તર સારા ઉત્પાદન વડે ઇંગ્લૅંડના રૂના વેપાર અને કાપડ ઉદ્યોગના વિકાસને મોટો વેગ આપનાર સર રિચર્ડ આર્કરાઈટને અંજલિ આપવા સાથે ઇંગ્લૅંડે આ વર્ષે પોતાના કાપડઉદ્યોગની દ્વિશતાબ્દી ઊજવી.

પ્રિસ્ટન (લૅંકેશાયર)માં ઈ. ૧૭૩૨ની ૨૩મી ડિસેમ્બરે રિચર્ડનો જન્મ થયો. ગરીબ વાળંદ કુટુંબનું એ તેરમું સંતાન હોઈ પૂરતા શિક્ષણથી વંચિત એણે બાપીકો ધંધો શીખી બૉલ્ટનમાં પોતાની દુકાન માંડી. પણ એને તો હજી વધુ આગળ વધવું હતું. જે કંઈ સૂઝે એમાં ભેજું લડાવતા જતાં એને સારા સૂતરની ખેંચ ધ્યાનમાં આવી અને તાજેતરમાં હારગ્રેવે શોધેલા એક યંત્ર કરતાં યે ઘણું કાર્યક્ષમ યંત્ર શોધવા પાછળ એ મચી પડ્યો. એમાં ઊઠતા યાંત્રિક પ્રશ્નો હલ કરવા એણે જ્હૉન કે નામના એક ઘડિયાળીની સહાય પણ લીધી. એમની આ ઘેલછા જેવી પ્રવૃત્તિ છોડાવવા રિચર્ડની પત્નીએ એમણે તૈયાર કરેલા નમૂનાઓ બાળી નાખવા માંડતાં એ પત્નીને છોડી રિચર્ડે યંત્ર પાછળ વધુ ધ્યાન આપવા માંડ્યું. અને અંતે ઈ. ૧૭૬૮માં સૂતર કાંતવાના પોતાના યંત્ર માટે આર્કરાઈટે પેટંટ મેળવ્યું.

હવે સવાલ આ યંત્રને કામે લગાડવાનો હતો એ માટે બહારથી આર્થિક મદદ મેળવી નોટિંગહામમાં પહેલું કારખાનું નાખ્યું. તેમાં યંત્રો ચલાવવા જોડેલા ઘોડાઓને બદલે જલશક્તિનો ઉપયોગ સરળ અને સસ્તો હોઈ તેણે ઈ. ૧૭૭૧-માં ડર્બિશાયરમાં ક્રૉમ્ફર્ડ મુકામે પહેલી મિલ નાખી. આ સાહસને સારી સફળતા મળી. આર્કરાઈટના યંત્રોએ વધુ સારું સૂતર પેદા કરવા માંડ્યું. એથી માગ વધતાં રૂનો વેપાર પણ ખીલ્યો અને સારું સુતરાઉ કાપડ બનતું થયું.

પણ એણે આરંભેલા ઉદ્યોગની સફળતાની ઈર્ષ્યાથી તથા એના દ્વારા દેશના ઊજળા ભાવિને નહિ ઓળખી શકનારાઓએ એનાં કારખાનાંમાં આગ લગાડી, પણ આર્કરાઈટ ન ડગ્યો. હિંદુસ્તાનના સુતરાઉ કાપડ પરનો કર સરકારે આર્કરાઈટના સુતરાઉ કાપડ પર પણ લગાડ્યો તે પણ તેણે લડીલડીને દૂર કરાવ્યો. એના પેટંટની ચોરી કરી હરીફોએ પોતાનાં કારખાનાં ઊભાં કર્યાં તેથી યે એ હિંમત ન હાર્યો. અદાલતમાં એના પેટંટ હક્કની અવગણના પણ એને ડગાવી ન શકી. આ બધાં સામે એણે વધુ સારાં યંત્રો અને એના વડે વધુ સારું સૂતર પેદા કરી મબલખ સમૃદ્ધિ મેળવી, અને ઉમરાવપદ પણ પામ્યો. વહેલી પરોઢથી મોડી રાત સુધી સતત કામ ખેંચવા સાથે રાત્રે એ પોતાનું વ્યાકરણ, લેખન અને જોડણી સુધારવા મથતો. પોતાના કામદારો માટે એણે બાંધેલાં ઘરો આજે પણ નમૂનારૂપ લેખાય છે. ઈ. ૧૭૯૨ની ૩જી ઑગસ્ટે એનું અવસાન થયું.

તા. ૨૮, ૧૯૨૩ દેશની રાંક વસતિના આધાર 'અખિલ ભારત ચરખા સંઘ'ની સ્થાપના.

તા. ૩૦, ૧૯૨૨ રશિયામાં સોવિએટ લોકસત્તાની સ્થાપના થઈ.

તા. ૩૧, ૧૭૫૦ લોકોએ ખંડણી ભરવાની ના પાડતાં પોર્ટુગીઝોએ પ્રભાસપાટણને આગ લગાડી.

સિદ્ધિની સીડીના એકે પગથિયા પર કોઈ કદી નથી કાપ મૂકવાનો, તિરસ્કાર, તળેનાનો કરનારો ટોચ તણું દર્શન કદી ન પામનારો.

અમેરિકન સાગરકાંઠા ઉપર એક પ્રચંડ વંટોળ ફરી વળ્યો હતો ત્યારે, એ કાંઠાના રક્ષક કૅપ્ટન પૅટ એથરિજ પર દસ માઈલ દૂરના એક વહાણ પરથી બચાવ-મદદ માટે સંદેશો આવ્યો. કૅપ્ટને લાઈફબોટને તત્કાલ નીકળી પડવાનો હુકમ કરતાં લાઈફ-ગાર્ડે કહ્યું: 'કૅપ્ટન, આપણે આ ભીષણ વાવાઝોડામાં નીકળીશું તો ખરા પણ કદાપિ પાછા નહિ અવાય.' કૅપ્ટને કહ્યું: 'બચ્ચાઓ, આપણે પાછા આવવાનું જ નથી!'

∞

કહેવતોના અર્થ—'શૅાક્યનું રોવું ને નેસ્તીનું સોવું': બંને ખોટાં ને દંભી. શૅાક્યને પોતાની હરીફ ગયાનો તો આનંદ જ હોય, માત્ર લોક-લાજે રોતી હોય; નેસ્તી (મોદી) પોતાનો માલ (અનાજ કરિયાણું વગેરે) દેખાડો કરવા જેટલું જ ઝાટકે કે સાફ કરે;–એને જેમ કચરો વધારે તેમ વજનમાં નાણાં વધુ ઊપજે.

ગણિત-ગમ્મત

કોઈ પણ પાસપાસેની બે પૂર્ણ સંખ્યાઓનો ગુણાકાર લઈ, તેમાંથી એ બે સંખ્યાઓનો સરવાળો બાદ કરી, જે આવે તેમાં એ જ બે સંખ્યાઓનો તફાવત ઉમેરી, જવાબને ઉપરની બે સંખ્યાઓમાંની નાની સંખ્યાએ ભાગતાં જે આવે, તેમાં એક ઉમેરશો તો જે રકમ આવશે તે રકમ તમારી પાસપાસેની લીધેલી સંખ્યામાંની નાની રકમ હશે —કાન્તિ મ. જોષી

∞


અનેકાર્થી શબ્દ: **દમ**=શ્વાસ; શ્વાસનો એક રોગ–હાંફણ, ઍસ્થ્મા; જીવ કે પ્રાણવાયુ; ધૂમ્રપાનનો સડાકો; સત્ત્વ, શક્તિ કે પાણી; ધમકી કે શેહ; ક્ષણ, એક વાર શ્વાસ લેવામાં લાગતો વખત; કચરો, ગાળ, કાદવ; ધીમા તાપ નીચે રસોઈને પકાવીને–દમ કરવું; આંગીરસ નામનો દેવ; મરુત રાજાનો પૌત્ર; ભીમક રાજાનો પુત્ર—દમયંતીનો ભાઈ.

∞


વૈજ્ઞાનિકોએ પૂર્ણવિરામનું વજન કર્યું છે. અતિ સૂક્ષ્મ વસ્તુઓ જોખવાના કાંટા પર તેમણે કોરા કાગળનો એક ટુકડો મૂકી તેનું વજન કર્યું અને પછી તેના પર ટાઈપથી પૂર્ણવિરામ છાપીને તેનું વજન કર્યું, તો પૂર્ણવિરામનું વજન •૦,૦૦,૦૦,૦૦૩૫ ઔંસ થયું હતું.

∞

એક રતલ (૧૬ ઔંસ) પાંઉ (ડબલરોટી)-માં લોટનું વજન માત્ર ૧૨ ઔંસ જ હોય છે.



નિષ્ણાતો કહે છે કે વાંદરાં સિવાયનાં લગભગ બધાં જ પ્રાણી વિવિધ રંગો જોઇ શકતાં નથી. તેઓ સફેદ અને કાળા રંગની દુનિયામાં જ જીવતાં હોય છે. ભૂખરા રંગની ઓછીવત્તી ઝાંય કેટલાંક પ્રાણીઓ પારખી શકે છે. પક્ષીઓ સામાન્યતઃ પીળો, લાલ, લીલો ને નારંગી રંગ જોઈ શકે છે. માછલીઓ અને ઉચ્ચ વિકાસ પામેલાં બીજાં જંતુઓની રંગ-પરખ પણ સારી હોય છે.



એક પુલ નીચેથી જતા રેલ્વેના પાટાના આ દૃશ્યમાં આ બાજુ જે બે એકલા છેડા જણાય છે તે નરી આંખે દેખાય છે તેમ બહારના પાટાના નહિ પણ અંદરના પાટાના છે. દૃષ્ટિભ્રમનો એક વધુ નમૂનો.

∞

મુરઘીના ઇંડા કરતાં પણ મોટા કદનો, ૭૭૦ કૅરેટ વજનનો દુનિયાનો જંગી હીરો સીએરાલીઓન બે લાખ પૌંડ (૩૬ લાખ રૂપિયા)ની કિંમતનો ગણાય છે.

∞



પહેલી ડિસેમ્બરથી ચલણ-માં મુકાયેલી પોસ્ટકાર્ડ સિવાયની ટપાલ પર ફરજિયાત લગાડવાની પાંચ પૈસાની 'શરણાર્થી સહાય' ટિકિટ.




ચીનના બે સિક્કાઓ: એક મોટામાં મોટો છે, બીજો નાનામાં નાનો (મૂળ કદમાં)

∞

મુંબાઈ જેવા શહેરનાં ભેજવાળાં સ્થાનો–ચોકડી, મોરી, રસોડાં, દાદર વગેરેમાં તિરાડો આદિમાંથી સંખ્યાબંધ અળસિયાં નીકળી પડી ઉપદ્રવ કરે છે. તે તે તિરાડો–સ્થાનોમાં આખું કરકરું મીઠું ભભરાવવું. અળસિયાં મરી જશે અને પ્રયોગ ચાલુ રાખવાથી ફરી નવાં દેખાશે નહિ. એ મોટે ભાગે રાત્રે નીકળતાં હોઈ સૂતાં પહેલાં મીઠું ભભરાવી દેવું.

∞

કીમતી ગાલીચા ઉપર શાહી ઢળે તો તુરત દૂધ ને દળેલા મીઠાની ઘાટી રાબડી બનાવી તે પર લગાડી દેવી. સુકાઈ ગયે ખંખેરી નાખવાથી ડાઘ તેની સાથે જ નીકળી આવશે.



કલાકણિકા: હેરાત (અફઘાનિસ્તાન)ની જામી મસ્જિદનું રંગબેરંગી ઓપદાર લાદીનું આ શોભન મુસ્લિમ સ્થાપત્યશોભનમાં અનોખું સ્થાન ધરાવે છે. આ તો ત્યાંના શોભનખચિત વિશાળ ઘુમ્મટનો એક નાનો શો ખંડમાત્ર છે, પણ તે એની કલાસમૃદ્ધિનો ખયાલ આપવા પર્યાપ્ત છે.

કુમાર

ઈ. ૧૯૭૧
જાન્યુઆરીથી ડિસેમ્બર
સળંગ અંક
૫૬૫થી ૫૭૬
વર્ષ ૪૮માનું

વાર્ષિક સાંકળિયું

જીવનચરિત્ર


વાર્તા અને વાર્તાન્તરો

લઘુકથા

લેખો ઇતિહાસ, ભૂગોળ, પુરાતત્ત્વ

વિભાગીય લેખો

સાહિત્યસંપર્ક અવલોકનો, લેખો



આકાશદર્શન ૧ · ડિસેમ્બર-જાન્યુઆરીનું આકાશ

રાત્રે ૯ થી ૧૧ વાગ્યાના ગાળામાં ઉત્તર તરફ મોં રાખી આ નકશો માથા પર ધરીને જોશો તો તેમાં દર્શાવ્યા મુજબના તારાઓ આકાશમાં જોવા મળશે. નકશામાં કેટલાક તારાઓને જોડતી તૂટક રેખાઓ વડે અમુક આકારો કરેલા છે. એ આકારોમાં અમુક આકૃતિઓ કલ્પીને ખગોળ-શાસ્ત્રીઓએ જે તે તારામંડળનાં નામ નિશ્ચિત કરેલાં છે. તારાના નામ સાથે નકશામાં એ નામ કૌંસમાં દર્શાવ્યાં છે. ડિસેમ્બરના પાછલા અને જાન્યુ-આરીના આરંભના દિવસોમાં દેખાતા તારાઓ અહીં આપ્યા છે. પણ તમે જોશો કે આજે અમુક સ્થાને દેખાએલો તારો બીજે દિવસે સહેજ પશ્ચિમ તરફ ખસેલો જણાશે. બીજી રીતે કહીએ તો આજે એક તારો જે સ્થાન પર દેખાય છે તે જ સ્થાન પર બીજે દિવસે એ ચારેક મિનિટ વહેલો દેખાશે. બીજું તમે એ પણ જોશો કે આ તારાઓ પૂર્વમાંથી ઉદય પામી મધ્યાકાશે પહોંચતાં દક્ષિણ તરફ ખસેલા ને તે પછી ફરી થોડા ઉત્તર તરફ ખસી પશ્ચિમમાં અસ્ત પામતા હશે. ટૂંકમાં એ બધા ધ્રુવ તારાને કેન્દ્રમાં રાખી તેની આસપાસ ફરતા જણાશે. આનું કારણ પૃથ્વી-ની ધરીનો ઉત્તર છેડો સદા ધ્રુવ તરફ અને સૂર્યના આકાશમાર્ગથી સહેજ ત્રાંસો છે તે છે. આકાશમાં તારાઓ નકશામાં છે તે જ સ્થાને કદાચ ન લાગે, પણ એથી તારાની ઓળખ મુશ્કેલ નહિ બને. આપણો ઉદ્દેશ હવે પછી દર માસે આ અને અન્ય તારાઓનો થોડો વિગતથી પરિચય પામ-વાનો છે. એની પૂર્વ તૈયારી રૂપે આ નકશાના આધારે તમે હાલમાં જોવા મળતા આ તારાઓને નામથી ઓળખી રાખશો. ગુજરાતમાં તો અંધાર-પટને કારણે આકાશમાં એ વધુ સ્પષ્ટ દેખાશે. ખગોળમાં રસ ન હોય તો યે એના ભવ્ય સૌન્દર્યને નીરખવાની આ એક ઉમદા તક છે. (ચાલુ)